View metadata, citation and similar papers at core.ac.uk
brought to you by CORE
provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Bhoraniya, Jagjivan C., 2010, *"A Psychological study of emotional Maturity, Mental Health & Adjustment of Adolcent staying in Orthan House"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/367

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# A PSYCHOLOGICAL STUDY OF EMOTIONAL MATURITY, MENTAL HEALTH & ADJUSTMENT OF ADOLCENT STAYING IN ORTHAN HOUSE

## ''અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ''

THE THESIS TO BE SUBMITTED TO

SAURASHTRA UNIVERSITY, RAJKOT

FOR THE

**DEGREE OF DOCTOR OF PHILOSOPHY**

IN

**PSYCHOLOGY**

UNDER THE FACULTY OF ARTS


✤ PRESENTED BY ✤

**MR. JAGJIVAN C. BHORANIYA**

(M.A., B.Ed. Psychology )

Lecturer - Department of Psychology

Shrimati J.A. Patel Mahila College,

Morbi (Gujarat)

✤ GUIDED BY ✤

**Dr. RANJITSINH G. PARMAR**

M.A., Ph.D. (Psychology)

Head Dept. of Psychology

Shree Jasani Arts and Commerce College

RAJKOT



**AUGUST - 2010**

Registration No: 3499 Date : 31st July, 2006

# DECLARATION

*I hereby declare that the Research work presented in this thesis is prepared by me after studying various references. The descriptions and narrations found there in are entirely original. Moreover I am responsible for the opinions and the other details found in this thesis.*

*Date : 30-08-2010*

*Place : Rajkot*

**MR. JAGJIVAN C. BHORANIYA**
(M.A., B.Ed. Psychology )
Lecturer - Department of Psychology
Shrimati J.A. Patel Mahila College,
Morbi. (Gujarat)

# CERTIFICATE

*This is to certify that work embodied in this thesis entitled "A Psychological Study of Emotional Maturity, Mental Health & Adjustment of Adolcent Staying in Orthan House" has been carried out by Mr. Jagjivan C. Bhoraniya under my direct guidance and supervision. I also declare that the work done and presented in this Thesis is Original and Independent.*

*Date : 30-08-2010*
*Place : Rajkot*

Dr. RANJITSINH G. PARMAR
M.A.Ph.D. (Psychology)
*Head Dept. of Psychology*
*Shree Jasani Arts and Commerce College*
*RAJKOT*

# આભાર દર્શન

ગ્રીક તત્ત્વચિંતક  એરીસ્ટોટલ સમાજને સતત પરિવર્તન પામતી પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. ચાર્લ્સ ડાર્વિને એના ઉત્ક્રાંતિના નિયમ દ્વારા આજ વાતને સમજાવી છે. અર્થાત પ્રત્યેક સમાજ કયારેક ધીમા કે કયારેક ઝડપી પરિવર્તનમાંથી પસાર થતા હોય છે. એથી જ સંશોધન માટે સમાજ તથા સમાજના વિવિધ ઘટકો ઉત્તમ વિષય બની  રહે છે.

સંશોધન કાર્ય ખૂબ જટીલ કાર્ય છે  જે  માત્ર કામ કરવાથી જ પૂર્ણ થતુ નથી, તેમાં વડીલોનાં આર્શીવાદ,પથદર્શકોનું માર્ગદર્શન અને મિત્રોનો સહકાર પણ જરુરી છે. મારુ સંશોધન કાર્ય પૂજય પિતાશ્રી તથા માતૃશ્રીનાં આશિર્વાદ થકી હું  મારુ કાર્ય પૂર્ણ કરી શકયો છું  જે માટે હુ  તેઓશ્રીનો આભાર માનુ  છું.મારા કાર્યમાં ડગલે પગલે સહકાર આપવા બદલ મારા પૂજનીય માતા–પિતા, મારી ધર્મપત્ની મીના, મારો પુત્ર જય, પુત્રી ભૂમિ, તેમજ ભાઈશ્રી રમણીકભાઈ દુલર્ભજીભાઈ શાંતિલાલ ભોરણીયા તેમજ સર્વે ભોરણીયા પરિવારના મારા આદરણીય કુટુંબીજનોનો આ તકે આભાર વ્યકત કરું છું.

મારા કાર્યમાં પ્રત્યેક ક્ષણે પ્રેરણા અને માર્ગદર્શન પુરુ પાડનાર મારા માર્ગદર્શક શ્રી ડૉ. રણજીતસિંહ જી. પરમાર સાહેબનો આભાર માનું છું.

મારા અભ્યાસને પ્રોત્સાહકબળ પુરૂ પાડનાર  કોલેજના પ્રિન્સિપાલશ્રી વી. કે. પાંચોટીયા સાહેબ તેમજ કોલેજ સ્ટાફના સર્વે પ્રાધ્યાપક મિત્રો અને ગાંધીધામ (આર્યસમાજ) ભૂજ, અંજાર (જમતીય ઉલમા), સુરેન્દ્રનગર, માધાપર (એસ.ઓ.એસ.) જૂનાગઢ (શીશુમંગલ) રાજકોટ (કાઠીયાવાડ બાલાશ્રમ) શહેરના અનાથ આશ્રમનાં સર્વે કર્મચારીગણ અને સંચાલક મિત્રો તેમજ ગુજરાત રાજય, સમાજ સુરક્ષા ખાતા અંતર્ગત અનાથ આશ્રમ તેમજ બાળકલ્યાણ વિભાગનાં સર્વે કર્મચારી મિત્રો અને અનાથ આશ્રમના તરૂણો તેમજ તરૂણીઓનો  હું આ તકે અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરું છું. તેમજ મારા આ સંશોધન કાર્યને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયેલ મિત્રોનો હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

મારા  શુભેચ્છક  મોરબી શહેરના ડો. મણીયાર સાહેબ (સાયકયાટ્રીક) તથા શ્રી રમેશભાઈ તેમજ નવીનભાઈ  (સોનાર કોમ્પ્યુટર) અને આ કાર્યને આકર્ષક રૂપ બનાવવામાં અતિ હૃદયપૂર્વક આભાર માનું છું.

**– જગજીવન સી. ભોરણીયા**

# * અનુક્રમણિકા *


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | વિષયપ્રવેશ | 1-77 |
| 2 | સંશોધન સાહિત્યની સમીક્ષા | 78-124 |
| 3 | સંશોધન યોજના, પ્રક્રિયા અને પૃથ્થકરણ પદ્ધતિ | 125-163 |
| 4 | સંશોધન પૃથ્થકરણ અને પરિણામ ચર્ચા | 164-257 |
| 5 | સંશોધન સારાંશ, તારણો અને સૂચનો | 258-286 |

## * અનુક્રમણિકા *


| ક્રમ નંબર | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | **પ્રકરણ – 1**<br>**વિષય પ્રવેશ** | |
| 1.1 | પ્રસ્તાવિક | 01 |
| 1.2 | અનાથ આશ્રમ અંગેનું વિવેચન | 03 |
| 1.3 | આવેગાત્મક પરિપકવતા અંગેની સમજૂતિ | 20 |
| 1.4 | માનસિક સ્વાસ્થ્ય અંગેની સમજૂતિ | 29 |
| 1.5 | સમાયોજન અંગેની સમજૂતિ | 44 |
| 1.6 | સંશોધનનું સમસ્યા કથન | 54 |
| 1.7 | સંશોધનનાં હેતુઓ | 57 |
| 1.8 | સંશોધનનાં પરિવર્ત્યો | 58 |
| 1.9 | ઉત્પકલ્પનાની સમજૂતિ | 60 |
| 1.10 | સંશોધનની ઉત્કલ્પનાઓ | 64 |
| 1.11 | આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચેનો સંબંધ | 72 |
| 1.12 | સંશોધનનાં સાધનોની સામાન્ય સમજૂતિ | 74 |
| 1.13 | સંશોધનની આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ | 75 |
| 1.14 | સંશોધનનું પ્રકરણ આયોજન | 75 |
| 1.15 | પ્રસ્તુત સંશોધનની અગત્યતતા | 77 |

| ક્રમ નંબર | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | **પ્રકરણ - 2**<br>**સંશોધન સાહિત્યની સમીક્ષા** | |
| 2.1 | પ્રસ્તાવિક | 78 |
| 2.2 | પૂર્વ સંશોધનના મહત્વ સંદર્ભનું વિવેચન | 80 |
| 2.3 | આવેગાત્મક પરિપકવતા અંગે થયેલા પૂર્વ સંશોધનો | 84 |
| 2.4 | માનસિક સ્વાસ્થ્ય અંગે થયેલા પૂર્વ સંશોધનો | 93 |
| 2.5 | સમાયોજન અંગે થયેલા પૂર્વ સંશોધનો | 107 |
| | **પ્રકરણ - 3**<br>**સંશોધન યોજના, પ્રક્રિયા અને પૃથ્થકરણની પદ્ધતિ** | |
| 3.1 | પ્રસ્તાવિક | 125 |
| 3.2 | સામાજિક સંશોધનનું વિવેચન | 126 |
| 3.3 | સંશોધન યોજના | 128 |
| 3.4 | સંશોધન યોજનાના પ્રકારો | 132 |
| 3.5 | પ્રસ્તુત સંશોધન અંગેની સંશોધન યોજના | 136 |
| 3.6 | પ્રસ્તુત સંશોધન અંગેની નિર્દશ પસંદગી | 138 |
| 3.7 | સંશોધનમાં સમષ્ટિ અંગેનું વિવેચન | 140 |
| 3.8 | સંશોન ગુંથણીમાં આયોજનની અગત્યતા | 142 |
| 3.9 | સંશોધનમાં નિર્દશ પસંદગીનું વિવેચન | 145 |
| 3.10 | પ્રસ્તુત સંશોધનમાં નમૂનાની પ્રક્રિયાનું પૃથ્થકરણ | 153 |
| 3.11 | પ્રસ્તુત સંશોધનનાં સાધનો | 154 |
| 3.12 | આંકડાકીય પ્રયુક્તિઓ | 162 |
| 3.13 | પ્રસ્તુત સંશોધનનું માહિતીનું એકત્રીકરણ | 163 |

| ક્રમ નંબર | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | **પ્રકરણ – 4**<br>**સંશોધન પૃથ્થકરણ અને પરિણામ ચર્ચા** | |
| 4.1 | પ્રસ્તાવિક | 164 |
| 4.2 | સંશોધનમાં સમાવેશ થયેલ સ્વતંત્ર પરિવર્ત્યોની વિભાજિત કક્ષાઓ અને સંખ્યા દર્શાવતી માહિતી | 166 |
| 4.3 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વ્યકિતગત પરીબળોનું ટકાવારી મુજબ પૃથ્થકરણ | 167 |
| 4.4 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વ્યકિતગત પરીબળો અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય | 186 |
| 4.5 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વ્યકિતગત પરીબળો અને માનસિક સ્વાસ્થ્ય નું ટી–મૂલ્ય | 203 |
| 4.6 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વ્યકિતગત પરીબળો અને તંદુરસ્તી સમાયોજનનું ટી–મૂલ્ય | 219 |
| 4.7 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વ્યકિતગત પરીબળો અને સામાજિક સમાયોજનનું ટી–મૂલ્ય | 236 |
| 4.8 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચેના સહસંબંધો | 253 |

| | **પ્રકરણ – 5**<br>**સંશોધન સારાંશ, તારણો અને સૂચનો** | |
|---|---|---|
| 5.1 | પ્રસ્તાવિક | 258 |
| 5.2 | સંશોધનનાં સારાંશ | 259 |
| 5.3 | સંશોધનનાં તારણો | 261 |
| 5.4 | સંશોધનની મર્યાદા | 270 |
| 5.5 | ભવિષ્યમાં સંશોધન માટેના સૂચનો | 271 |
| 5.6 | સંશોધનનાં સૂચિતાર્થો | 273 |
| | – સંદર્ભસૂચિ | 275 |
| | – પ્રશ્નાવલીનો નમૂનો | |

# પ્રકરણ–1

# * અનુક્રમણિકા *


| ક્રમ નંબર | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | **સારાંશ** | |
| 1 | પ્રસ્તાવિક | 01 |
| 2 | સંશોધનનું સમસ્યાકથન | 02 |
| 3 | સંશોધનના હેતુઓ | 05 |
| 4 | સંશોધનના પરિવર્ત્યો | 06 |
| 5 | સંશોધનની ઉત્કલ્પનાઓ | 07 |
| 6 | સંશોધનની યોજના | 15 |
| 7 | સંશોધનની નિર્દશ પસંદગી | 17 |
| 8 | સંશોધનની માહિતી એકત્રીકરણના સાધનો | 17 |
| 9 | સંશોધનની માહિતીએકત્રીકરણની પ્રક્રિયા | 18 |
| 10 | આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ | 19 |
| 11 | સંશોધનની અગત્યતતા | 19 |
| 12 | સંશોધનમાં પ્રકરણનું આયોજન | 20 |
| 13 | સંશોધનના તારણો | 22 |
| 14 | સંશોધનની મર્યાદાઓ | 32 |

# A PSYCHOLOGICAL STUDY OF EMOTIONAL MATURITY MENTAL HEALTH AND ADJUSTMENT OF ADOLCENT STAYING IN ORTHAN HOUSE

# અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ

## 1.1 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં સમાજિક વ્યવસ્થાઓની રીતભાત બદલાય રહી છે. એવા સમયમાં સમાજને અને તેમાં રહેલા વ્યકિતઓને સમજવાને ખૂબ જ જરૂરી બન્યું છે. માનવીને સમજવા માટેનાં ઉદેશ્યથી વિવિધ સમાજવિજ્ઞાનો અસ્તિત્વમાં આવ્યા છે. તેનો ઉદેશ્ય માનવીનું વર્તન, માનવ સમાજ વગેરેને સમજવાનો છે. માનવ જીવનમાં સમાજ અને ઘરનું મહત્વ તરૂણો માટે ખૂબ જ અગત્ય છે. કુટુંબની અંદર તરૂણો પ્રેમ અને લાગણીનું સર્વ પ્રથમ અનુભવ કરે છે. જે તરૂણો કુટુંબમાં માતા–પિતા સાથે રહીને પોતાનું બાળપણ વિતાવે છે. તેવા તરૂણોમાં લાગણી, શિસ્તપાલત, નિયમિતતા જેવા ઘટકો જોવા મળે છે. જે તરૂણો માતા–પિતાની દુર થયું હોય તેવા તરૂણો સામાન્ય તરૂણો કરતાં વ્યકિતત્વનાં લક્ષણો જુદા પડે છે. એનો અર્થ એ થાય છે કે તરૂણો જયારે માતા–પિતાથી દૂર થાય છે. તે સમયની અંદર વ્યકિતનાં અસામાન્ય લક્ષણોનું પ્રમાણ વધે છે. તેનામાં આક્રમકતા, ચિડિયાપણું સજાનો અહેસાસ જેવા લક્ષણોનું પ્રમાણ વધે છે. સંશોધનોમાં એવું પણ જોવા મળેલ કે વાલીઓનાં અપેક્ષાત્મક વલણ દ્વારા તરૂણોમાં આક્રમકતા જેવા લક્ષણો વધારો થાય છે. અનાથ તરૂણો, સામાન્ય તરૂણોથી આવેગાત્મકતા શકિત, ઘ્યાનાત્મકતા, તાલબઘ્ધતા જેવા ઘટકોમાં સામાન્ય તરૂણોથી જુદા પડે છે. ઉપરોકત બધા જ અભ્યાસ પરથી કહી શકાય કે તરૂણો જયારે માતા–પિતાથી દૂર થાય છે. ત્યારે તેમનું વ્યકિતત્વ સામાન્ય વ્યકિતથી અલગ પડે છે.

વર્તમાન સમયમાં સમાજમાં આવા કેટલાય તરૂણો જોવા મળે છે કે જેઓ પોતાના માતા–પિતા દ્વારા તરછોડાયેલા કે અનાથ આશ્રમમાં રહેતા હોય છે. આવા તરૂણોની સંખ્યાનો ચોકકસ આંક મેળવો મુશ્કેલ છે. છતાં મોટી સંખ્યામાં તરછોડાયેલા તરૂણોનાં કિસ્સાઓ આપણી સમક્ષ આવતા હોય છે. આવા તરૂણો પોતાના જીવન નિર્વાહ ચલાવવા માટે જુદા જુદા માર્ગો અખત્યાર કરે છે. એક સર્વે મુજબ અનાથ અને ભિખારી તરૂણોમાં ૮૩% તરૂણો માતા–પિતાની ગેરહાજરી, કુટુંબીજનો દ્વારા તરછોડાયેલા જોવા મળે છે. આવા તરૂણો ધીમે ધીમે ગુનાહિત પ્રવૃતિઓ તરફ ધકેલાય છે. અને સમાજ સામે વિવિધ પ્રશ્નો ઉભા કરે છે. કોઈપણ તરૂણોને જયારે કૌટુંબિક સહારો ન મળે એવા સમયે તેની પાછળ જુદા જુદા કારણો જવાબદાર હોય છે. પરંતુ તેની અસર તરૂણો પર સૌથી વધારે થાય છે. આવા તરૂણોમાં બીજાની સહાનુભૂતિની આવશ્યકતા વધારે રહેલી હોય છે અને જયાં સહાનુભૂતિનો અનુભવ કરી શકે ત્યાં સ્થાય બને છે.

તરૂણાવસ્થા એ એવો સમય છે, જેમાં શારીરિક, માનસિક અને સામાજિક પરિપકવતા આવે છે. તરૂણાવસ્થા એ બાલ્યાવસ્થાયી પુખ્તતા વચ્ચેનો સમય છે. તરૂણાવસ્થા એ અત્યંત નાજુક અવસ્થા છે, કે જેમાં તરૂણોની નથી તો બાળક તરીકેની ગણતરી થતી કે નથી પુખ્ત વ્યકિત તરીકે ગણતરી થતી. પરિણામે, તરૂણો હતાશા અને માનસિક તંગદીલી અનુભવે છે. આવા સમયે તેને સતત માતા–પિતાની હૂંફની જરૂર હોય છે. અને તેમાં વ્યવસાય કરતી માતા વ્યવસાયને કારણે પોતાના સંતાનો માટે પૂરતો સમય ફાળવી શકતી નથી. જેની અસર તરૂણોની હતાશા અને સમાયોજન પર પડે છે. તેમજ તરૂણોના માનસિક સ્વાસ્થ્ય પર પણ તેની અસર થાય છે. આમ, માતા–પિતાના વ્યકિતત્વ લક્ષણોની તરૂણોના વિકાસ પર અસર થાય છે. જીવનમાં મુશ્કેલીઓ અને આફતો સામાન્ય હોય છે. પ્રત્યેક વ્યકિતના જીવનમાં કંઈક ને કંઈક મુશ્કેલીઓ આવતી જ હોય છે. પરંતુ આવેગિક રીતે પરિપકવ વ્યકિત આવી મુશ્કેલીઓનો સરળતાથી સામનો કરતી હોય છે. પરંતુ જેનું આવેગિક સમાયોજન નબળું હોય તેવી વ્યકિત આવી મુશ્કેલીમાં જલ્દીથી ભાંગી પડતી હોય છે.

મનોવૈજ્ઞાનિકોના મંતવ્ય પ્રમાણે તરૂણાવસ્થાને અત્યંત નાજુક અવસ્થા છે. આ અવસ્થાનો સમયગાળો મનોવિજ્ઞાનના સર્વસાર સંગ્રહમાં કુમારો માટે ૧૫ થી ૨૧ વર્ષ અને કન્યાઓ માટે ૧૫ વર્ષથી ૨૧ વર્ષ સુધીનો દર્શાવ્યો છે. કેટલાક વિકાસાત્મક મનોવિજ્ઞાનીઓ આ અવસ્થાના વિસ્તારને ૪ તબકકામાં વહેચે છે. અધ્યયન અધ્યાપનનું મનોવિજ્ઞાનમાં કર્ટ લેવિનના અધ્યયન અનુસાર નીચે પ્રમાણે છે.

| અવસ્થા | છોકરીઓ વય–વિસ્તાર | છોકરાઓ વય–વિસ્તાર |
|---|---|---|
| પૂર્વ તરૂણાવસ્થા | ૧૧ થી ૧૨ | ૧૩ થી ૧૪ |
| પ્રારંભિક તરૂણાવસ્થા | ૧૩ થી ૧૪ | ૧૫ થી ૧૬ |
| મધ્ય તરૂણાવસ્થા | ૧૫ થી ૧૭ | ૧૭ થી ૧૮ |
| ઉતર તરૂણાવસ્થા | ૧૮ થી ૨૧ | ૧૯ થી ૨૧ |

આ અવસ્થા અત્યંત નાજુક છે. કારણ કે આ સમયે તરૂણોમાં વિવિધ શારીરિક ફેરફારો થાય છે. જેવા કે, ઉંચાઈની દ્રષ્ટિએ તરૂણોની સરેરાશ ઉંચાઈ ૧૬ વર્ષની વયે ૬૭.૫" ઈંચ અને તરૂણીઓની ઉંચાઈ ૬૪.૬" ઈંચની હોય છે, ત્યારબાદ ઉંચાઈ અટકી જાય છે. વજનમાં પણ આવો જ તફાવત જોવા મળે છે. મગજનો વિકાસ તરૂણાવસ્થા દરમિયાન ચાલુ રહે છે. પાચનશકિતમાં વધારો થાય છે. કારણ કે તેના અવયવોનો વિકાસ ઝડપી થાય છે. પ્રજનન અવયવો પરીપકવ થાય છે, પુરૂષો સ્વપ્ન દોષનો અનુભવ કરે છે, કન્યાઓને માસિક આવવા લાગે છે, નિતંબમાં વૃદ્ધિ થાય છે. તરૂણોને દાઢી–મૂંછ ફૂટે છે, તેમજ અવાજ ઘોઘરો બને છે.

## 1.2 અનાથ જીવન અંગેનું વિવેચન

કુટુંબએ બળકનાં વિકાસ માટેની મૂળભૂત સંસ્થા છે. તરૂણ જન્મથી કુટુંબ સાથે જોડાયેલ હોય છે. આચાર–વિચાર અને વર્તનનાં પ્રારંભિક પાડો. તરૂણ પોતાના કુટુંબમાંથી શીખે છે. તરૂણ સૌ પ્રથમ, કુટુંબનાં સભ્યો ખાસ કરીને માતા–પિતા સાથે

વધુ સંપર્કમાં આવે છે. કુટુંબમાં તરૂણોનું તેઓ પુખ્ત ઉંમરના થાય ત્યાં સુધી માતા–પિતા તરફથી ભરણપોષણ અને લાલનપાલન થાય છે. બાલ્યાવસ્થા દરમ્યાન માતા–પિતા તરૂણનાં પાલન પોષણ અને સામાજીકરણ માટે જવાબદાર છે. તરૂણ તેના માતા–પિતા ઘ્વારા ટેવો,રિતિઓ, રિવાજો અને સંસ્કૃતિથી પરિચિત થાય છે. કોઈપણ સમાજની સંસ્કૃતિએ તરૂણનાં વ્યકિતત્વ વિકાસ માટેનું મહત્વનું પાસું છે. સંસ્કૃતિએ આખરે તો સમાજમાં રહેતી વ્યકિતઓની જીવનશૈલીનો નિર્દેષ કરે છે. તેનું વ્યકિતત્વ આ રીતે કુટુંબમાં રહીને વિકસે છે. અને તેમાં સવાર્થ, ત્યાગ, ઉમદા ચારિતા, સહનશીલતા, સહિષ્ણુતા, શિસ્ત અને સંયમ વગેરે ગુણોનો વિકાસ થાય છે. કુટુંબમાં રહીને તરૂણની માતાપિતા ઘ્વારા સલામતી, સવીકૃતિ, સહાનુભૂતિ વગેરે મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો પૂરી થાય છે. આ સંદર્ભમાં ડો. મહેરસિંહ નાણાંવટી કહે છે કે, "તરૂણનાં વિકાસમાં કુટુંબ કેન્દ્ર સ્થાને છે તરૂણનાં સર્વેગી વિકાસ માટે સ્નેહ, સંરક્ષણ અન્ય સગવડો સાથે પારિવારીક સ્થિરતા આપે છે."

જયારે કુટુંબ સંયુકત હતું ત્યારે કેટલીક પેઢીઓ સુધી બધાં એક જ સ્થાને રહેતાં હતાં. જીવનું ઉપાર્જન સાથે મળીને કરતાં. તરૂણ કુટુંબમાં પેદા થતાં. બધી પેઢી તરૂણો એક સાથે રહેતા. આથી સામાજીકરણની પ્રક્રિયા પણ સ્વાભાવિક થતી હતી. સામાજીકરણની જવાબદારી કુટુંબનાં બધાં સભ્યો ઉપર રહેતી. કુટુંબમાં રહીને પ્રેમ, સહાનુભૂતિ, હુંફ વગેરે મળતાં. બધી જરૂરિયાતો કુટુંબમાં પૂરી થતી. કુટુંબનાં સભ્યોનાં કોઈપણ પ્રકારનાં તરૂણને કુટુંમાં જ સુરક્ષા મળી રહેતી. પછી તે તરૂણ અપંગ હોય કે માનસિક ક્ષતિવાળા હોય. કે માતા–પિતા વિહોણાં હોય આવા પ્રકારનાં બધાંજ તરૂણોને સમાજમાં જ સમાવી લેવામાં આવતાં. પરંતુ આજે કુટુંબ સંસ્થા નબળી પડી રહી છે. જેવી તરૂણને કુટુંબનો પૂરેપૂરો લાભ મળતો નથી. ગામડામાંથી કેટલાંય લોકો જીવનનાં ઉપાર્જન માટે શહેરમાં આવીને રહે છે. શહેરોમાં કેટલીકવાર માતા–પિતા બંને નોકરી અથવા કામ પર જાય છે. આવી સ્થિતિમાં તરૂણોને માતા–પિતાનો પૂરેપૂરો લાભ મળતો નથી. અને તેનાં પાલન પોષણ, શિક્ષણ, પ્રેમ, સહાનુભૂતિથી દિવસનાં મોટાભાગનાં સમય માટે વંચિત રહી જાય છે.

પરંતુ એવાં તરૂણોની સ્થિતિ વધારે દયનીય થઈ જાય છે કે જેઓ માતા–પિતાનાં મૃત્યુનાં કારણે માતા–પિતાનાં લાભથી વંચિત રહી જાય છે. આવાં તરૂણોને અનાથ કહેવામાં આવે છે.

❖ **અનાથ તરૂણો :**

અનાથ તરૂણ એટલે કે તરૂણ કે જોનાં માતા–પિતા બંનેનું અવસાન થયું છે. જેને આપણે સંપૂર્ણ અનાથ કહી શકીએ. અથવા તો ફકત માતાનું અવસાન કે ફકત પિતાનું અવસાન થયું હોય તેવા તરૂણોને અનુક્રમે માતાવિહીન અનાથ કે પિતાવિહીન અનાથ કહેવાય.

અનાથ તરૂણની પરિભાષા જોતાં જણાય છે કે અનાથ તરૂણ ત્રણ પ્રકારનાં હોય છે. આ અનાથની સ્થિતિ જુદી જુદી હોય છે.

૧. માતા–પિતા બંનેનું અવસાન થયું હોય તેવાં તરૂણો.

૨. માત્ર પિતાનું અવસાન થયું હોય તેવાં તરૂણો.

૩. માત્ર માતાનું અવસાન થયું હોય તેવાં તરૂણો.

ઉપર્યુકત પરિભાષા પરથી એ પણ સમજી શકાય કે બાળ–ઉછેરમાં માતા–પિતા બંનેનું મહત્વનું સ્થાન છે. તેમાંથી કોઈપણ નાં અવસાનની સ્થિતિએ તરૂણ માટે અનાથ સ્થિતિ જ છે. જન્મથી માંડીને સમગ્ર જીવનનાં ગાળા દરમ્યાન તરૂણ વિવિધ પ્રકારની જરૂરિયાતો અનુભવે છે.

જયારે માતા–પિતા બંનેનું અવસાન થઈ જાય છે. તો તરૂણ માટે આ એક ખુબ ગંભીર સ્થિતિ હોય છે. કારણ કે આવી સ્થિતિમાં તરૂણનું પાલનપોષણ, સામાજીકરણ વગેરેની જવાબદારી બીજાં પર આવે છે. એ એવા લોકો કે જેનાં હ્દયમાં તે તરૂણો માટે માતા–પિતા જેવી પ્યાર–સહાનુભૂતિની ભાવના નથી હોતી પરંતુ તેનાથી વિપરીત તે તરૂણોનું કેટલીકવાર શોષણ થતું હોય છે. જો માતા–પિતા

બંનેમાંથી કોઈ એક જીવિત રહે. તો એ સંભાવના રહે છે કે તરૂણ ને માતા–પિતા જેવાં થોડાઘણાં લાભ પ્રાપ્ત થઈ જાય તો માતા પિતાનું સ્થાન પણ લઈ લે છે. પરંતુ જો તરૂણ માતાનાં લાભથી વંચિત રહી જાય. તો પિતા તરૂણને માતાનો પૂરેપુરો લાભ દઈ શકતાં નથી.

તરૂણ કઈ ઉંમરમાં અનાથ થયો છે તે પણ અનાથ તરૂણનાં વિકાસમાં એક મહત્વપૂર્ણ પાસું છે. જો તરૂણ નાની ઉંમરમાં એટલે કે શિશુકાળમાં અનાથ થયો હોય તો તરૂણ માટે આ ગંભીર સ્થિતિ છે. આ કાળમાં તરૂણ સંપુર્ણ રીતે માતા–પિતા પર નિર્ભર રહે છે. તેમાં વિશેષરૂપથી માતા પર નિર્ભર રહે છે. જો શિશુકાળમાં તરૂણ માતાથી વંચિત થઈ જાય. તો તરૂણનું જીવન પણ સંકટમાં મુકાઈ જાય છે. તરૂણની જો પૂરી દેખભાળ ન થાય તો તરૂણનું જીવીત રહેવું કઠિન થઈ જાય છે.

પુર્વબાલ્યાકાળ અવસ્થામાં તરૂણનો સામાજિક વિકાસ ઝડપી બનતો હોવાથી, માતા–પિતાથી વંચિત રહી જતાં તરૂણનું સામાજીકરણ માતા–પિતા ધ્વારા ન થતાં. કુટુંબનાં સભ્યો ધ્વારા થતું હોય છે. તે આ સમયગાળા દરમ્યાન જે કાંઈ શાળે છે. અનુભવે છે. તેની અસર તેના સમગ્ર જીવન પર પડે છે. આથી આ અવસ્થામાં તરૂણ માતા–પિતા થી વંચિત રહી જતાં તેનો સામાજિક વિકાસ યોગ્ય પણે થતો હોય છે.

પશ્ચાતબાલ્યકાળ અવસ્થામાં તરૂણમાં પરિપકવતા વિકસિતથતી હોય છે. આ ગાળા દરમ્યાન માતા–પિતાનું મૃત્યુ થતાં જે જે સંકટો આવી પડે છે. તેને સહન કરવાની શકિત તેનામાં ઉત્પન્ન થયેલી હોય છે. કારણ કે તેનામાં સમાજ અંગેની સમજણ વિસ્તૃત બની હોય છે. કુટુંબનાં બીજા સભ્યો સાથે જલ્દી સમાયોજન સાધી શકતા નથી. આથી વિવિધ બચાવપ્રયુકિતઓનાં સહારે તે સંતોષ પ્રાપ્ત કરે છે.

આમ, તરૂણની વિવિધ અવસ્થાઓ દરમ્યાન જુદા જુદા વિકાસનાં તબકકા અનુસાર અનાથ તરૂણ પોતાની પરિસ્થિતિને અનુભવે છે. સમજે છે અને તેનો સામનો કરે છે તો વળી કયારેક પ્રતિક્રિયા કરી પોતાનાં જીવનમાં રહેલ અભાવને પૂર્ણ કરવા

માટે સતત પ્રયત્ન કરે છે. આ બધાની અસરને પરિણામે તેનામાં વિશિષ્ટ પ્રકારનાં વર્તનો જરૂરિયાતોને સંતોષવાની રીતો વગેરે પ્રદર્શિત કરે છે. અને તેનાથી અનાથ તરૂણ અન્ય સામાન્ય તરૂણથી કેટલેક અંશે અલગ તરી આવે છે.

## ❖ અનાથ તરૂણનું સામાજીક જીવન અને પડતી મુશ્કેલીઓ :

અનાથ તરૂણને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડતી હોય છે. તરૂણને પોતાની બાલ્યાવસ્થા દરમ્યાન દૂધ કે અન્ય શારીરિક જરૂરિયાતો ઉપરાંત માતૃત્વની વધારે જરૂર હોય છે.

ઝો બેન્જામિનનાં મંતવ્ય અનુસાર "તરૂણનાં જીવનનો પ્રારંભિક પ્રેમએ એનાં ભાવિજીવનની મહત્વની કેડી છે. પ્રેમ તરૂણને સુરક્ષિતતા આપે છે. પોતાનામાં અને બીજામાં વિશ્વાસની લાગણી ઉત્પન્ન કરે છે. હિંમત અને સાહસની ભાવના વિકસાવે છે. પ્રેમ તરૂણને શરમાળ, આક્રમક બનાવતું નથી. પ્રેમાળ તરૂણ પોતાની આસપાસ સારા સામાજિક સંબંધો વણે છે. તેનું વ્યકિતત્વ સમતોલ બને છે. સંઘર્ષ અને ખોટાં ભયથી તે વિમુખ રહે છે."

આમ, તરૂણનાં સમગ્ર વ્યકિતત્વના વિકાસનાં પાયામાં પ્રેમ રહેલ છે. પ્રેમથી તરૂણને હૂંફ, સુરક્ષિતતા અને સલામતીની લાગણી અનુભવવા મળતી હોય છે. પરંતુ અનાથ તરૂણને બાલ્યાવસ્થામાં આ પ્રેમથી વંચિત રહી જતાં અનેક સંકટો સહન કરવા પડતાં હોય છે.

માતાના અવસાનથી તરૂણનાં પાલન પોષણનો પ્રશ્ન મુખ્ય રહે છે. સાથે સાથે અનેક સામાજિક સંકટો પેદા થાય છે. માતા વિહોણાં તરૂણ તરફ ઉપેક્ષા પૂર્ણ વર્તન કરવામાં આવતું હોય છે. કુટુંબમાં તેનું કોઈ સ્થાન રહેનું નથી. તેનો ઉછેર પિતા હોવાં છતાં ખુબ ખરાબ રીતે થતો હોય છે. પિતા પણ તરૂણનો ઉછેર કરવા માટે લાચાર હોવાથી કૌટુંબિક જે કાંઈ પરિસ્થિતિ હોય છે. પિતાની ભૂમિકા કુટુંબને માત્ર આર્થિક મદદરૂપ થવાની જ રહે છે. માતાનાં અવસાનને કારણે તરૂણનું સામાજિકપણે શોષણ

થતું જોવા મળે છે. તેની અસહાય સ્થિતિમાં અનેક સંકટો સહન કરવા પડતાં હોય છે. પિતાનાં અવસાનની સ્થિતિમાં માતાના ઉપર કૌટુંબિક જવાબદારીઓ વિશેષ આવી પડતી હોય છે. જેનાં કારણે તરૂણ પરત્વે પૂરતી દેખરેખ રાખી શકતા નથી. આર્થિક પ્રસંગે એક ગંભીર પ્રશ્ન બની રહે છે. જેને કારણે પ્રાથમિક જરૂરિયાતો માંડ માંડ સંતોષાતો હોય છે. તેનું પરિણાામ એ આવે છે કે તેનાં જીવનમાં હરહંમેશ કોઈ પણ વસ્તુ પ્રત્યે અસંતોષનો ભાવ પ્રગટ થાય છે તેનું શિક્ષણ કથળે છે.આમ, તેનું ભાવિ જીવન જોખમાય છે. કુટુંબ સાથે રહેતાં હોય તો પિતાવિહોણાં તરૂણને વિશેષ ભોગવવું પડતું હોય છે. માતાને પણ ઘણું સહન કરવું પડતું હોય છે. કુટુંબમાં બીજા તરૂણોને મળતી સગવડો કે સંતોષાતી જરૂરિયાતોની સરખામણીમાં આવાં માતાવિહીત કે પિતાવિહીન તરૂણને ઘણી જ ઓછી મળતી હોય છે. .પરથી તેને કુટુંબમાં નાના—મોટાં કાર્યોનું ભારણ વિશેષ રહેનું હોય છે. તે ઉપરાંત કુટુંબનાં આ પ્રકારનાં વ્યવહારને કારણે તેમનાં શૈક્ષણિક, સામાજિક, માનસિક વિકાસ પર બહુ મોટી અસર પડે છે.

બિલ્કુલ અનાથની સ્થિતિ એટલે કે માતા—પિતા બંનેના અવસાન બાદ તરૂણની સ્થિતિ વધુ વિકટ પ્રશ્નો ધારણ કરે છે. આ સ્થિતિ 'નિરાધાર' પણ કહી શકાય. જેમાં પાલન પોષણથી માંડીને તરૂણનાં વ્યકિતતવ વિકાસ સુધીનાં પ્રશ્નો ઉભા થાય છે. તરૂણની સ્થિતિમાં માતા—પિતાના અવસાન સમયના સંજોગો વધુ મહતવનો ભાગ ભજવે છે. બંનેમાંથી અવસાનનો ક્રમ પણ જાણવાથી તરૂણને અવસાન સમયે લાગેલ આઘાતની સ્થિતિ તેનાં ઘડતરને આધારે જોવા મળે. જેમકે માતાનું મૃત્યુ પ્રથમ થયું હોય અને ત્યારબાદ પિતા મૃત્યુ પામે તો બે સંભાવના રહેલી છે. એક તો એ કે માતાનું મૃત્યુ પ્રથમ થયુ હોવાથી વધારે આઘાતજનક લાગે વળી તરૂણનાં વિકાસ માટે માતાની જરૂરિયાત વિશેષ છે. થોડાં સમય બાદ પિતાનું મૃત્યુ થવાથી તેને હવે બિલ્કુલ સહારો ન રહેતાં. ખૂબ વ્યથિત થઈ જાય તેવી સંભાવના રહેલી છે. અથવા તો માતાના મૃત્યુ સમયે તેને એટલો ગણો આઘાત લાગ્યો હોય કે, ત્યાર પછી તેની કોઈપણ કઠિન પરિસ્થિતિમાં તે અત્યંત ઘડાઈ જાય છે. જેથી થોડા સમય બાદ પિતાનું મૃત્યુ થવાથી તેને કોઈ ખાસ આઘાત લાગતો નથી. પરિસ્થિતિ સાથે સમાયોજન તુરત જ કરી લેશે.

પરંતુ માતા–પિતા બંનેનાં સાથે આકસ્મિક અવસાનથી તરૂણ અત્યંત બે સહાય કઠિન પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. તેનાં કારણે તેનો જે કોઈ પરિસ્થિતિમાં ઉછેર થાય છે. તેની તેના જીવન પર અત્યંત વિપરીત અસર પડતી હોય છે. જેની અસર તેનાં સામાજિક અને માનસિક વ્યવહારનાં વર્તન પર જોવા મળે છે.

અનાથ તરૂણને કુટુંબમાં વાલીઓ સાથે જીવન વ્યતિત કરતાં જે કાંઈ મુશ્કેલીઓને સહન કરવી પડતી હોય છે. તે મુશ્કેલીઓને સહન કરવાની સમગ્ર પ્રક્રિયા તરૂણનું વ્યકિતત્વ જાહેર કરે છે. વાલીનાં વિવિધ વ્યવહારો અંગે જ પ્રશ્નો પુછવામાં આવ્યા છે. તેનાં પ્રત્યુત્તરરૂપે ઉતરદાતાએ જે ઉતરો આપ્યા છે તે જાણવાથી તરૂણની પારિવારિ જીવન સાથે સમાયોજન કરવાની શકિત કેવી અને કેટલી છે તે સ્પષ્ટપણે જાણી શકાય તેમ છે. તેના પરથી તે તરૂણનું વ્યકિતતવ જાણી શકાય.

દરેક વ્યકિતના મનની અંદર અનેક ઈચ્છાઓ, લાલસાઓ, ઉત્તેજનાઓ, રૂચિઓ, વ્યવહાર વગેરે હોય છે. તેમ અનાથ તરૂણનાં મનની અંદર પણ અને ઈચ્છાઓ, લાલસાઓ, ઉત્તેજનાઓ, રૂચિઓ વ્યવહાર વગેરે હોય છે. એટલું જ નહિં બલ્કે વિશેષ પ્રમાણમાં હોય છે. કારણ કે તેને આ અનાથની સ્થિતિમાં હંમેશા કોપણ વસ્તુનાં અભાવની અનુભૂતિ જ સતત થયાં કરતી હોય છે. આથી તેની સામે જે જે પ્રશ્નો આવે છે તેને તે સહન તો કરી શકતો નથી. પરંતુ સાથે સાથે લાચાર સ્થિતિમાં તેને ઉપાડી પણ શકતો નથી. એટલે કે તે પોતાનાં મનની સાથે ગમે તે પ્રકારે સમાધાન કરવા વિવિધ પ્રયુકિતઓ શોધી કાઢે છે. અને તે ઘ્વારા તે આત્મ સંતુષ્ટિ પ્રાપ્ત કરે છે. જેમકે વાલીનાં તરૂણોને રમતાં જોઈને કે બીજાં તરૂણો કે નવા કપડાં પહેરતાં તેમનાં પ્રત્યે ઈર્ષ્યા પ્રગટ કરી સંતોષ પ્રાપ્ત કરી લેતા. તે જ પ્રમાણે ખાવાની બાબતમાં પણ પુરતું ખાવાનું ન મળતાં ભૂખ્યા રહેતાં કે રડી લેતાં કે પડોશમાંથી ખાઈ લેતાં વગેરે પ્રતિક્રિયા તે તરૂણની એ સામાજિક સ્થિતિ સમક્ષનો વર્તાવ પ્રગટ કરે છે.

સામાજિક રીતે એકલાં–અટુલાં દેખાતાં બધાં જ તરૂણો સમાન વ્યવહાર કે લક્ષણ ધરાવતાં નથી. તેઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

૧. જેઓને બીજાઓમાં રસ ન હોય તેવાં તરૂણો.

૨. તદ્દ્ન અંતર્મુખ તરૂણો.

૩. સામાજિક ર્દષ્ટિએ તદ્દ્ન બિનઅસરકારક તરૂણો.

## ૧. <u>જેઓને બીજાઓમાં રસ ન હોય તેવા તરૂણો :</u>

આવા અનાથ તરૂણો શાંત, ઓછાબોલાં અને અંગત સંબંધોમાં શરમાળ હોય છે. આવાં તરૂણો પ્રત્યાયોજિત હોતા નથી. તેમને સામાજિક સંબંધોમાં શરમાળ હોય છે. આવાં તરૂણો પ્રત્યાયોજિત હોતા નથી. તેમને સામાજિક સંબંધો અને વ્યવહારો ગમતાં નથી.

## ૨. <u>તદ્દ્ન અંતર્મુખ તરૂણો :</u>

આવાં તરૂણો એક તરફથી અનાથ ગણાવીને તિરસ્કારને પણ બનતાં હોય છે. તેમનાં આવા અંતર્મુખ વ્યકિતત્વને કારણે સમાજમાં મીઠા તરીકે ગણોવાય છે. આવાં તરૂણોનો વ્યવહાર અત્યંત ગુઢ આત્મરત અને બીજા સાથે ખપજોગો વ્યવહાર હોય છે.

## ૩. <u>સામાજિક રીતે બિનઅસરકારક તરૂણો :</u>

આવાં તરૂણોનું સમાજમાં કોઈ ધ્યાન ન હોવાને કારણે તેઓ સામાજિક બનવા વલખાં મારે છે. પરંતુ બીજાઓ સાથે કેવી રીતે વર્તવું તે બાબતમાં તેની અનાવડત અને ઉણપોને કારણે તેઓ સ્વીકૃતિ પામતાં નથી. આવું તરૂણો આંતરિક રીતે અસલામતી અનુભવતાં હોવાથી તેમના વ્યવહારમાં અતિક્રિયા કરે છે. તેઓ વધારે પડતાં ઘોંઘાટિયા, ધમાલિયા, બડાઈખોર વર્તન કરતાં થઈ જાય છે. આવાં કેટલાંક ઉદાહરણે સંશોધકો સંસ્થાનાં ગૃહપતિ તરફથી પ્રસંગો સાથે જાણવા મળેલ છે.

## ❖ <u>માનસિક વ્યવહાર પર અસર :</u>

જે તરૂણ કુટુંબમાં માબાપનો દેહ, પ્રેમ, હુંફ અને માનનો અનુભવ કરે છે. અને સહવાસ પામે છે. અને જવાબદારીનો પોતાને લાયક ભાર ઉપાડે છે. તે તરૂણ બહાર પોતાનાં પિતા અને સંબંધીઓ તરફ મૈત્રી અને સહકારભર્યું વલણ દર્શાવે છે. તેથી વિપરીત સ્થિતિ માતાપિતાના સ્નેહથી વંચિત રહેલાં તરૂણોમાં બીજાં પ્રત્યે ક્રોધ અને ઈર્ષ્યાની લાગણી જન્માવે પોતાની અણઆવડતને કારણે કે અશકિતમાન હોવાને કારણે અનુભવવી પડતી લાચારી કે સ્વમાનભંગની સ્થિતિમાં વારંવાર ક્રોધિત થઈ જાય છે. આવાં તરૂણોને પાલક કુટુંબી વડીલ સભ્યો પરસ્પર વિરોધી આદેશો આપતાં હોય છે. તેઓને એક તે એક કામ કરવું ગમે કે ન ગમે આવડે કે ન આવડે તો પણ કરવાની ફરજ પાડવામાં આવતી હોવાથી તેમનામાં ગુસ્સો પેદા થાય છે.

અનાથ તરૂણોમાં ઈર્શ્યા પણ વધુ જન્મતી હોય છે. પરાધિનતા અને લઘુતાની લાગણી સાથે ભય, ક્રોધ અને સ્નેહનાં આવેગોનો સંયોગ થતાં તે ઉદ્‌ભવતી હોય છે. અનાથ તરૂણનો પોતાનાં કુટુંબમાં અન્ય સભ્યો ધ્વારા ઉછેર થયો હોવાથી. માબાપનો સ્નેહ આદરભાવ તેમજ તેઓના પ્રશંસા પારિતોષિકોનો સમગ્ર અભિષેક, કુટુંબનાં અન્ય તરૂણો ઉપર જ થતો જુનું છે. આવી સ્થિતિમાં જયારે જયારે તે ઈચ્છિત વ્યકિતનો સ્નેહ સપૂર્ણત : કે અંશત : ગુમાવે છે, ત્યારે એકાએક તેનામાં બીજાં તરૂણ પ્રત્યો ઈર્ષ્યા ભભૂકી ઉઠે છે. તેનો આ ભાવે કયારેક ક્રોધયુકત પણ હોય છે.

અનાથ તરૂણોમાં આઘાતાત્મક અનુભવોની સ્મૃતિરૂપે ચિંતા પેદા થતી હોય છે. અને ભવિષ્યમાં કલ્યનાત્મક વિચારો વધુ ચિંતામાં મૂકે છે.

ક્રોધ, ભય, ઈર્ષ્યા, ગુસ્સો વગેરે માનસિક આવેગો ઉપરાંત અનાથ તરૂણ સતત લઘુતાગ્રંથિથી પીડાતો હોય છે. તે હરહંમેશ કોઈપણ કામ માટે અસમર્થતાની લાગણી અનુભવી છે. આમ ઉપર્યુકત વિવિધ માનસિક તાણની અસરો અનાથ તરૂણનાં વ્યવહારમાં વિવિધ વર્તનો ધ્વારા પ્રગટ થયાં વગર રહેતી નથી.

❖ <u>સેવાની જરૂરત :</u>

અનાથ તરૂણો સહન કરવા પડતાં વિવિધ સંકટો જોતાં અનાથ તરૂણની સામાજિક, માનસિક સ્થિતિ ધુંધળી જણાય છે. આપણા સમાજમાં આવાં કેટલાંય અનાથ તરૂણો રખડતાં કે નિરાધારની સ્થિતિમાં આમ–તેમ પ્રેમ, હુંફ, સલામતી માટે વલખાં મારતાં હશે. તરૂણને પોતાની પ્રાથમિક જરૂરિયાત તો સંતોષપ્રદ હોવી જ જોઈએ. કોઈપણ સંજોગો કે પરિસ્થિતિમાં દરેક તરૂણનો સમાન ઉછેર થાય એ જરૂરી છે. કારણ કે આજના બળક આવતી કાલનો નાગરિક છે. બીજાં સામાન્ય તરૂણોની જેમ અનાથ તરૂણોની અસ્તિત્વતાનો ખ્યાલ પણ સમાજે રાખવો જોઈએ. અનેક સંકટો સહન કરવાની સ્થિતિમાં આવાં તરૂણનાં વ્યકિતત્વનું ઘડતર બીજાં તરૂણ કરતાં વધુ ઘડાયેલું હોઈ શકે છે. અનાથ તરૂણોમાં પણ અનેક શકિતઓ પડેલી છે. તેમનાં પ્રત્યે દુર્વ્યવહાર થતાં, તેવી શકિતઓ ગેરમાર્ગે વળે છે. અને સમાજ સામે તેનો ક્રોધ કે તિરસ્કારરૂપી અવાજ ઉઠાવી સમાજને અનિચ્છિત એવા વ્યવહારોનો સહારે લઈ પોતાનાં જીવન પ્રત્યે સંતોષની લાગણી અનુભવે છે. આવી સ્થિતિમાં જ અનાથ તરૂણો સાથે સામાન્ય તરૂણોની જેમ વ્યવહાર કરી તેનું પણ સમાજમાં એક આગવું વ્યકિતત્વ છે. તેમને પણ સ્વમાનભેર જીવવાનો હકક છે. તેવું પ્રતિયાદિત કરવું જ રહયું.

અનાથ તરૂણો માટેની વિભિન્ન સેવાઓ સમાજમા અસ્તિત્વમાં તો છે જ. કુટુંબએ પણ એક સામાજિક સંસ્થા છે. કુટુંબનાં સભ્યો જ આવા અનાથ તરૂણને સ્વીકારે અને તેનો સારી રીતે ઉછેર કરે તે જરૂરી છે. કુટુંબમાં રહીને જ તરૂણનો શારીરિક, માનસિક, સામાજિક તેમજ શૈક્ષણિક વિકાસ વધુ સારી રીતે થતો હોય છે.

ભારતનું સામાજજીવન સ્વાતંત્રય પ્રાપ્તિ પહેલાં પ્રમાણમાં સ્થિરાત્મક હતું. પરંતુ પછી ગત્યાત્મક બનતું જાય છે. વાતાવરણનાં નવા પરિબળોને કારણે ભારતમાં કૌટુંબિક, આર્થિક, સામાજિક મુલ્યો. વિચારસરણીઓ વચ્ચે ઘણું ઘર્ષણ શરૂ થયું છે. આધુનિક વર્તમાન પરિસ્થિતિમાં સંયુકત પરિવારનાં ભંગાણ થતાં જોવા મળે છે. ખજાની આ પરિસ્થિતિ બદલાતાં અનાથ તરૂણનાં ઉછેર અને તમનાં વિકાસનો

પ્રશ્ન વિકટ છે. ત્યારે તરૂણનાં વ્યકિતત્વ વિકાસ અને બાળ કલ્યાણની દ્રષ્ટિએ સંસ્થા આવાં અનાથ તરૂણોની જવાબદારીનો સ્વીકાર કરે છે. આપણે જાણીએ છીએ કે સમાજકલ્યાણનાં ક્ષેત્રમાં તરૂણો માટે સંસ્થાત્મક સેવાઓનો વિકાસ વ્યાપક થઈ રહેલો જોવા મળે છે. શરૂઆતમાં આવી સંસ્થાગત સેવાઓની શરૂઆત નિરાશ્રિત તરૂણો માટે અનાથાશ્રમો જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી.

### ❖ અનાથ તરૂણો માટે સેવાઓનો વિકાસ :

મોટે ભાગે અનાથ–આશ્રમોની ભિન્નતા અને વ્યવસ્થા સાંપ્રદાયિક તથા જાતિગત આધાર ઉપર જ થતી હતી. સાંપ્રદાયિક તથા અસાપ્રદાયિક સંસથાઓ સિવાય બીજાં એવા પણ અનાથાલયો હતાં. જે તરૂણોનાં વિભિન્ન વિશિષ્ટ વર્ગો અથવા વિભિન્ન સામાજિક વર્ગો જેવાં કે નીચો સૈનિક અને જહાજી વગેરેના અનાથ તરૂણો માટે બન્યા હતાં.

સૌથી પ્રથમ અનાથાલયની સ્થાપના અમેરિકામાં ન્યુ આલિયન્સમાં ઉસુલાઈન કન્વેન્ટ ધ્વારા સ્થાપાઈ હતી. જેનાં ૧૭૨૯ માં નેટસેજન ભારતીયો ધ્વારા માર્યા ગયેલા લોકોના તરૂણોને રાખવામાં આવતાં હતાં. સન ૧૭૪૦માં સવાજામાં બીજું અનાથાલય ખુલ્યું. જેની સ્થાપના મશહુર અંગ્રેજ પ્રચારક શ્રી જયોર્જ વ્હાઈટ ફીલ્ડે કરી હતી. આ બને સંસ્થા વ્યકિતગત હતી. પરંતુ સન ૧૭૯૦માં દક્ષિણ કેરોલિનામાં સર્વપ્રથમ અનાથાલય હતું.

સન ૧૮૦૦ પહેલાં તરૂણો માટે અન્ય કેટલીક સંસ્થાનો પ્રારંભ થયો. પરંતુ અનાથાલયોની સંખ્યામાં અભૂતપૂર્વ વૃદ્ધિ ૧૯ મી શતાબ્દીમાં થઈ જો કે રાજકીય સહાયતાથી ચાલતાં અનાથાલયોની સંખ્યા ખૂબ જ ઓછી હતી. સને ૧૯ મી સદીનાં અંતમાં પાલનગૃહોમાં દેખભાળની પદ્ધતિનો પ્રારંભ થઈ ગયો હતો. તે ઉપરાંત વ્યકિતગત દાનથી ચાલતી સંસ્થાઓએ આ ક્ષેત્ર ઉપર એટલો કબ્જો જમાવી રાખેલ કે રાજકીય અનાથાલયો માટે વધારે કોઈ ગુંજાઈશ ન હતી.શ્રી લાલા લજપતરાયે હિંદુ

અનાથ તરૂણો ખ્રિસ્ત ન થઈ જાય અને હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિનો લાભ લેવા ભાગ્યશાળી બને તે માટે આવાં અનાથાશ્રમો સ્થાપવાની ઘોષણાા કરી હતી. છપ્પનીયાનાં દુષ્કાળની કારમી સ્થિતિનો લાભ લઈને ઘણા હરિજનોને ખ્રિસ્તી બનાવ્યાં હતાં. આ વટાલ પ્રવૃતિથી હિંદુ ધર્મનું બળ ઘટયું હતું. મુસલમાનોની પ્રણ આવી પ્રવૃતિથી હિંદુઓને બચાવવા માટે આર્ય સમાજમાં પ્રણેતા સ્વામી શ્રી દયાનંદ સરસ્વીતી, સ્વામી શ્રી શ્રધ્ધાનંદજી, પંડિત લેખરામજી વગેરેએ પ્રબળ પુરૂષાર્થ કર્યો છે. ક્રમશઃ અનાથ તરૂણોને નવજીવન આપવા માટે સમાજમાંથી અનેક નેતાઓ અને બીજા મહાપુરૂષોએ પુરૂષાર્થ કર્યો.

આ સમગ્ર સંસ્થાઓ તરૂણનાં કલ્યાણ માટે શિક્ષણ વ્યવસાયિક માર્ગદર્શન, પ્રશિક્ષણ મનોરંજન અને અન્ય કલ્યાણકારી સેવાઓ આપે છે. પરિણામે તરૂણ પ્રારંભિક સામાજિક સમાયોજનની મુશ્કેલીઓ ઉપર વિજય મેળવી શકે. ત્યજાવેલાં અનાથ–નિરાધાર તરૂણો માટે સેવા આપતી પ્રત્યેક સંસ્થા ગૃહમાતા કે ગૃહપિતાની વ્યવસ્થા રાખે છે. જેવી તેમનાં સુખ દુઃખ મુશ્કેલીઓ માટે પરસ્પર મદદ કરતાં કરતાં પ્રેમ–સહાનુભૂતિ સ્નેહ અને મૈત્રીનાં વાતાવરણમાં તરૂણનાં સ્વાસ્થ વ્યકિતતવનો વિકાસ સંભવી શકે. તેમ છતાં સંસ્થાઓની કેટલીક મર્યાદાઓ હોઈ શકે છે. આ મર્યાદાઓ અનેક કારણોસર હોઈ શકે. આ અંગેનાં ગુણ–દોષો હવેનાં સંસ્થાકીય અભિગમમાં કરીશું.

## ❖ અનાથ તરૂણોની સેવાઓનો અભિગમ :

વિવિધ સામાજિક પ્રશ્નો વિસમતાઓ પ્રત્યેની માનવતા દાખવવા પૈકી અનાથ તરૂણો પ્રત્યેની પણ માનવતા દાખવવી જરૂરી છે.અનાથ તરૂણો પણ આપણું સમાજનું અંગ છે. અને તેમનાં રક્ષણ અને શિક્ષણનો પ્રબંધ કરવો એ સમાજની ફરજ છે. માતૃત્વનાં ભૂખ્યાં અન્નનાં ભુખ્યા અને પ્રેમ–પ્રેમ ઝંખતાં નિર્દોષ આ તરૂણો જયારે રસ્તાઓ ઉપર રઝડતાં–ભટકતાં જોવા મળે છે. ત્યારે 'હાય' નાં ઉદ્દગારો નીકળી

જાય છે. હુંફાળી ગોદને અભાવે જેઓ અકાળે કરમાઈ જાય છે. તેમને પ્રેમભરી હુંફ આપવાનું કામ તે તરૂણનાં કુટુંબનું અથવા તો અનાથાશ્રમનું રહે છે.

અનાથ તરૂણોનાં જીવનમાં સ્થિરતા લાવવા માટે બે અભિગમો છે. જે નીચે મુજબનાં છે.

૧. સંસ્થાકીય અભિગમ

૨. બિન–સંસ્થાકીય અભિગમ

**૧. સંસ્થાકીય અભિગમ :**

સંસ્થાકીય અભિગમ એટલે કે જેમાં અનાથ તરૂણનો ઉછેર સંસ્થામાં રહીને થાય છે. આવી સંસ્થાઓમાં અનાથ તરૂણને કુટુંબનાં અન્ય સભ્ય દાખલ કરી જતાં હોય છે. તો વળી કેટલાંક તરૂણો રખડતાં રઝકતાં સંસ્થાનાં કાર્યકર્તાઓને કે સંસ્થાની પરિચિત એવી વ્યકિતઓને મળી આવતાં, સંસ્થામાં દખલ કરી દે છે. સંસ્થાગત વાતાવરણમાં તરૂણને સમુદાય અને કુટુંબમાં વાતાવરણથી અલગ કરી દેવામાં આવે છે.

સંસ્થામાં રહેતા તરૂણોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. તેમને એક સારા અને સન હેઠળ પ્રશિક્ષિત કરવામાં આવે છે. તેમને વ્યાવસાયિક શિક્ષણ આપવામાં આવે છે. અને સાર્થિક દષ્ટિએ પુનઃ સ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે. આ પ્રકારે અનાથ તરૂણનાં જીવનમાં નવી અપેક્ષાઓ નવી મહત્વાકાંક્ષાઓ અને પ્રેરણાઓ જીવંત કરવામાં આવે છે. અનાથ તરૂણને કૌટુંબિક વાતાવરણ પુરૂં પાડી સામાજિક, શૈક્ષણિક, વ્યાવસાયિક, અધ્યાત્મિક તથા મનોરંજનની સહાયતા સંસ્થા ધ્વારા આપી શકાય છે.

સંસ્થાકીય અભિગમનાં આ બધાં હકારાત્મક પાસાંઓ આજે સમાજ કલ્યાણ પ્રવૃતિ વેગવંતી બની છે તેને કારણે છે. પરંતુ પ્રાચીન સમયમાં જે આશ્રમો સ્થપાયાં હતાં તે વ્યકિતગત હતાં. એટલે કે આવી સંસ્થાઓનું આર્થિક પાસું અત્યંત નબળું હતું. આથી સંસ્થામાં રહેતાં તરૂણોના પાલન પોષણ અને ઉછેર મટે જરૂરી ચીજ–વસ્તુઓ તરૂણો પાસેથી બહારથી ભીખ મંગાવી પ્રાપ્ત કરી લેતાં. આવા તરૂણોને જુદી જુદી નાટકીય રીતો કરી ભીખ માંગવાં બહાર જઉં પડતું હતું. અનાથ તરૂણોની આ દયનીય સ્થિતિને ઘ્યાનમાં ન લેતાં. સમાજ આવાં તરૂણોને તિરસ્કારવા લાગ્યા હતા. તેમને એક તુચ્છ દ્રષ્ટિથી જોવામાં આવતાં. અને આથી કોઈ ધાર્મિક પૂણ્ય–દાનની વૃતિથી પ્રેરાઈને તેમને વિવિધ રીતે મદદ કરતાં. જે આજે પણ કયાંક જોવા મળે છે ખરૂં આ રીતે તે સમયે આ સંસ્થાકીય અભિગમ યોગ્ય લાગતો ન હોતો. પરંતુ આજે વર્તમાન સ્થિતિમાં આવી બાળ કલ્યાણની દરેક સંસ્થાઓને સરકારનું સારૂં એવું પીઠ બળ પ્રાપ્ત થયું છે. જેને કારણે આર્થિક સંકળામણ રહેતી નથી. વળી, આજે આવી સંસ્થાઓમાં કામ કરવા માટે યોગ્ય તાલીમ પામેલાં સમાજકાર્યકર્તાઓ હોય છે. આથી તેઓ વૈજ્ઞાનિક ઢબે તરૂણનાં માનસને સમજીને. તેમની જરૂરિયાતોનાં સંદર્ભમાં સેવાઓ આપી રહયાં છે. તેમ છતાં સંસ્થાકીય અભિગમ તરૂણનાં વિકાસ માટે ઉપયોગી નીવડતો નથી.

માતા–પિતાનાં અવસાનથી તરૂણ પોતાનાં જીવનમાં પ્રારંભિક વર્ષો સંસ્થામાં રહીને વ્યતિત કરે છે. સંસ્થામાં તેનું જીવન નિયંત્રિત થતું હોય છે. આ બાલ્યાવસ્થામાં તેને ખુલ્લાં તેમજ મુકત વાતાવરણમાં રહેવાનું વિશેષ ગમતું હોય છે. તેને બદલે, આ સંસ્થાકીય જીવનમાં તેને બંધ વાતાવરણમાં રહેવું પડે છે. ત્યારે તેને સમુદાય સાથે સમાયોજન કરવાનું કઠિન બની જાય છે. કારણ તે સંસ્થાનાં અનુશાસન હેઠળ બંધાઈ ગયો હોય છે. આથી તેમના પુનઃસ્થાપનનાં અનેક પ્રશ્નો ઉભા થાય છે. સંસ્થામાં તરૂણને એક નિયમિત–નિશ્ચિત પ્રકારનાં વાતાવરણમાં રહેવું પડતું હોવાથી તેમને પોતાની

ઘણી અંગત ભાવનાઓને, ઈચ્છાઓને દબાવી દેવી પડે છે. જેનાથી તેનાં વ્યકિતત્વમાં ભાવનાત્મક પુખ્તતા આવતી નથી. સંસ્થામાં રહેતાં અનાથ તરૂણોની જુદી જુદી જરૂરિયાતો હોઈ શકે છે. સંસ્થામાં મોટી સંસ્થામાં તરૂણો રહેતાં હોવાથી વ્યકિતગત જરૂરિયાતો સંતોષાતી શકાતી નથી. આથી, સંસ્થામાં દરેક તરૂણ પ્રત્યે સમાન વ્યવહાર કરવામાં આવે છે. આથી અનાથ તરૂણને ઘણી બધી ભાવનાત્મક મુશ્કેલીઓ સહન કરવી પડે છે. અને પોતાની ભાવનાઓનું દમન કરવું પડે છે. સંસ્થાકીય વાતાવરણમાં વ્યકિતગત સ્વતંત્રતા અને સુવિધાઓ પ્રાપ્ત થતી નથી.

ઉપર્યુકત નકારાત્મક પાસાઓ હોવા છતાં. બિલ્કુલ નિરાધાર સ્થિતિમાં તરૂણને જયારે કોઈનો સહાઓ ન હોય ત્યારે આવી સંસ્થાઓ જ તમનાં માટે પોતાનું કુટુંબ બની રહે છે.

### ૨. બિન–સંસ્થાકિય અભિગમ :

બિન–સંસ્થાકીય અભિગમ એટલે કે અનાથ તરૂણનો ઉછેર તેમનાં જ કૌટુંબિક તેમજ સામુદાયિક વાતાવરણ  થાય છે. વર્તમાન સમયમાં આ અભિગમ ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. અનાથ તરૂણને પોતાનાં કુટુંબમાં રહીને ગમે તેટલી મુશ્કેલીઓ સહન કરવી પડતી હોય. તેમ છતાં પણ તેમનાં વિકાસ માટે સંસ્થાકીય વાતાવરણ કરતાં આ સામુદાયિક વાતાવરણ વધારે સારૂ ગણાય છે. કારણ કે તેનાથી અનાથ તરૂણમાં કુટુંબ સાથેના સંબંધો પડોશી સાથેનાં સંબંધો શિક્ષણ સંસ્થાઓ વગેરેની સાથેનાં સંબંધોને વિશેષરૂપથી મજબુત બનાવવાની શકિત વિકસે છે.

અનાથ તરૂણનો ઉછેર તેનાં કુટુંબી સગાં સંબંધીઓ ધ્વારા થાય તો તેનાં વ્યકિતત્વનો વિકાસ યોગ્ય રીતે થાય. તે સંભવી શકે છે. પરંતુ કેટલાંક અનાથ તરૂણો એવાં હોય છે કે જેમને પોતાના કુટુંબી વ્યકિત કહી શકાય તેવાં કોઈ જ

હોતાં નથી. અથવા હોય તો તેઓ તરૂણનાં ઉછેરની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. હોતાં. જો કે આની પાછળ માત્ર સામાજિક કારણ જ ન ગણાવતાં બીજી કેટલીક એવી આર્થિક પરિસ્થિતિને કારણે તેમજ અન્ય કારણોસર જવાબદારી ઉપાડતા નથી હોતા. તેવાં તરૂણો માટે સમુદાયમાં કેટલીક એવી સેવાઓ અસ્તિત્વમાં છે. કે જે તરૂણને કુટુંબનુ વાતાવરણ પુરૂં પાડેછે. આ સેવાઓ નીચે મુજબ છે.

❖ **પાલક કુટુંબ સેવા :**

આ સામાજિક સંસ્થા ધ્વારા અનાથ તરૂણને કુટુંબનું વાતાવરણ પુરૂં પાડવામાં આવે છે. આ માટે અનાથ તરૂણને પાલનગૃહોમાં રાખવામાં આવે છે. જયાં એ બાબત ખાસ સંભાળ રાખવામાં આવે છે કે તેને પર્યાપ્તપણે કૌટુંબિક વાતાવરણ મળી રહે. અનાથ તરૂણને પાલન ગૃહોમાં રાખતી વેળાએ તેનાં કેસ વર્કર તરૂણની શારીરિક તપાસ માનસિક તપાસ તેમ જ સામાજિક સાંસ્કૃતિક પરિસ્થિતિ કુટુંબની વ્યકિતઓ સાથેનાં સંબંધો શાળા સાથેનાં સંબંધો પડોશી સાથેનાં સંબંધો વગેરેને જાણે છે. આથી પાલન–ગૃહોમાં દરેક તરૂણની વ્યકિતગત દેખરેખ રાખવામાં આવે છે. અને તેમની વ્યકિતગત જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં આવે છે. પાલક માતા–પિતા તરૂણની શૈક્ષણિક, આધ્યાત્મિક અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખે છે. પાલક માતામાં વ્યાવસાયિક કુશળતાઓ વિશેષ જોવા મળે છે. કારણ કે તેમણે અનાથ તરૂણોની ભાવાત્મક બૌદ્ધિક તેમજ શારીરિક જરૂરિયાતોને પહોંચી વળવાનું હોય છે. આ પાલકે કુટુંબોને અનાથ તરૂણની શારીરિક સંભાળ તેમજ શિક્ષણ માટેની જવાબદારી ઉઠાવવાની હોય છે. કેસવર્કર તરૂણ અને પાલક માતા–પિતા સાથેનાં સંબંધો અને સમાયોજનમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવામાં મદદરૂપ થાય છે.

## ❖ દત્તક (Adoption)

દત્તક ગૃહો એ પાલન ગૃહો કરતાં જુદાં પ્રકારની સામુદાયિક સેવા છે. અનાથ તરૂણને દત્તક લેનાર માતા–પિતા કોઈપણ પ્રકારની આર્થિક ચુકવણી વગર કુટુંબનાં એક કાયમી સભ્ય તરીકે સ્વીકારે છે. દત્તકવિધિ એ સમાજીક, માનસિક તેમજ કાયદાકીય રીતે તરૂણને કૌટુંબિક વાતાવરણ પુરૂં પાડવા માટેની સેવા છે. મોટેભાગે અનાથ તરૂણો સગાં સંબંધીઓ ધ્વારા દત્તક લેવામાં આવતાં હોય છે. દત્તક એ કાયદાકીય વિધિ મુજબ કોર્ટ ધ્વારા અનાથ તરૂણોને સ્વીકાર કરનાર વ્યકિત સાથે માતા–પિતાનાં સંબંધો સ્થાપે છે. આવાં માતા–પિતાને અનાથ તરૂણનાં ઉછેર માટેની સમગ્ર જવાબદારીઓ રહેલી હોય છે.

## ❖ વાલીપણું (Guardiamship)

અનાથ તરૂણની સંભાળ માટે વાલીપણું એ કાયદાકીય રક્ષણ આપનાર છે. વાલી પણું કાયમ રહેતું નથી. પરંતુ તરૂણ પુખ્ત બને કે તેનાં લગ્ન થઈ જાય ત્યાં સુધી જ વાલીપણું કરી કે છે. પિતાનાં અવસાનની સ્થિતિમાં માતા વાલી ગણાય છે. આ વાલીઓ અનાથ તરૂણોની કોર્ટ ધ્વારા નોંધવામાં આવે છે. અનાથ તરૂણનાં ભરણ–પોષણ અને મિલકત માટે પણ કાયદાકીય જોગવાઈઓ આ હેઠળ કરવામાં આવી છે.

આમ અનાથ તરૂણોને કૌટુંબિક સામુદાયિક સેવાઓ સંસ્થાકીય વાતાવરણ હેઠળ આવકારી સમાજમાં સ્વમાનભેર જીવવાલાયક બનાવી દેવાં સમાજે કટિબધ્ધ રહેવું જરૂરી છે

## 1.3 આવેગિક પરિપકવતા અંગેની સમજૂતિ :

### ❖ આવેગ (Emotion) એટલે શું?

આવેગ એ શારીરિક અને માનસિક એમ બંને પ્રકારના તીવ્ર અનુભવ છે. વ્યકિતને આવેગની જે અસર થાય છે તે મનોશારીરિક પ્રકારની હોય છે. એટલા માટે જ Woodworth આવેગ માટે કહયું છે, "Emotion is a stirred up state of the idividual."

આવેગને અંગ્રેજીમાં "Emotion" કહે છે. આ અંગ્રેજી શબ્દ લેટીન શબ્દ "Emovere" પરથી આવેલો છે. જેઓ અર્થ 'ઉત્તેજીત કરવું' કે ક્ષુબ્ધ કરવું થાય છે. એટલા માટે F. L. Ruch જણાવે છે કે "જો વ્યુપ્તતિની રીતે જોઈએ તો 'આવેગ' નો અર્થ તીવ્ર લાગણી કે ઉશ્કેરાટ થાય છે". પણ આવો ઉશ્કેરાટ સુખદ કે દુઃખદ પણ હોઈ શકે.

આવેગોનું વ્યકિતના જીવનમાં ઘણું મહત્વ છે. આવેગ વગર વ્યકિતની કલ્પના કરવી અશકય છે. આવેગ વ્યકિતના જીવનમાં રંગીનતા પ્રેરે છે. જો આવેગોનું અસ્તિત્વ ન હોય તો સમગ્ર માનવ જીવન શુષ્ક, યાંત્રિક અને વેઠરૂપ બની જાત.

આવેગો વ્યકિતના જીવનની કટોકટીની પળે ખૂબ જ ઉપયોગી થાય છે. એટલા માટે તો Burn Heart આવેગોને "કટોકટીનું સાધન" (Emergency Equipment) કહેલ છે. આવેગના મુખ્ય બે પ્રકાર છે. વિધાયક આવેગ અને નિષેધક આવેગ. સુખ, હર્ષ, આનંદ અને પ્રેમ જેવા સારા વિધાયક આવેગો વ્યકિતના વર્તનને સુયોગ્ય કે સમાયોજિત દિશામાં વાળે છે. જયારે ક્રોધ, ઈર્ષ્યા, ભય કે શોક જેવા નિષેધક આવેગો વ્યકિતના જીવનમાં પ્રતિકૂળતા સર્જે છે. જેથી વ્યકિતનું વર્તન કુસુમાયોજન તરફ ફંટાઈ જાય છે. પરંતુ દરેક આવેગ યોગ્ય પ્રમાણમાં હોય તે જરૂરી છે. એટલે કે આવેગિક પરિપકવતા ખાસ જરૂરી છે. ટૂંકમાં આવેગ અંગે Horace English કહે છે કે,

"Emotion is a complex way of behaving in which the various component are integrated about the internal reaction."

## ❖ આવેગાત્મક પરિપકવતા (Emotional Maturity) નો અર્થ

વ્યકિતના સ્વસ્થ આવેગ વિકાસ માટે આવેગાત્મક પરિપકવતા હોવી જરૂરી છે. મનો વિજ્ઞાનમાં આવેગાત્મક પરિપકવતાને અંગ્રેજીમાં Emotional Maturity કહે છે. તે વિશે લોકોમાં ભ્રામક માન્યતા પ્રવર્તે છે. જે વ્યકિત મધ્યમ માર્ગ ગ્રહણ કરીને પોતાના આવેગને પ્રદર્શિત કરે તેનામાં આવેગાત્મક પરિપકવતા છે એમ માનવું બરાબર નથી. Horace English સાચું જ કહયું છે કે "આવેગાત્મક પરિપકવતાનો અર્થ એવો થતો નથી કે બધી નૈસર્ગિક લાગણી અને તેની અભિવ્યકિતનું દમન કરવું. કોઈ માણસ ખૂબ શાંત, ઉદાસીન, આજ્ઞાંકિત અને શિસ્તવાળા હોય એટલે તે આવેગાત્મક રીતે પરિપકવ છે એમ ન કહી શકાય."

વળી કોઈ વ્યકિત આવેગોને અનિયંત્રિત રીતે વ્યકત કરે અથવા લાગણીને બાલિશ રીતે સંતોષવા પ્રયત્ન કરે તો તેને પણ આવેગાત્મક પરિપકવતા ન કહી શકાય. આવેગાત્મક પરિપકવતા અંગે સમજૂતી આપતા H. B. English કહે છે કે, 'જયારે આવેગની અભિવ્યકિત મર્યાદિત ક્રમશઃ અસરકારક અને સમાયોજિત રીતે થાય ત્યારે તેને આવેગાત્મક પરિપકવતા કહેવાય.'

Sorenson & Mam's નું આવેગાત્મક પરિપકવતા વિશેનું માનવું એવું છે કે, 'જે વ્યકિત પોતાની જાતનો અને પોતાને પ્રાપ્ત થયેલી તકોનો પોતાના માટે ઉત્તમ ઉપયોગ કરી શકે તેને આવેગાત્મક રીતે પુખ્ત કહી શકાય.'

સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે બાળકો આધારિત હોય છે પરંતુ તે પગભર થતા શીખે એ પરિપકવતા સૂચવે છે.આવેગાત્મક રીતે પરિપકવ વ્યકિત જરૂર પડે ત્યારે બીજાની સલાહ કે માર્ગદર્શન મેળવવામાં ભોંઠપ કે સંકોચ અનુભવતી નથી.

આવેગ પરિપકવતાનો અર્થ એ નથી કે વ્યકિતમાં જલ્દી સુધારણા થઈ જાય આવેગાત્મક પરિપકવતાને લીધે વ્યકિતમાં ધીરે ધીરે પરિસ્થિતિ સાથેનું સમાયોજન વિકસવા માંડે છે. F. L. Ruch કહે છે, 'પરિપકવ વ્યકિત આવેગો તરફ નફરત સેવ્યા સિવાય, સમજ પૂર્વક આવેગો નિયંત્રિત કરે છે. તેથી તેનું આરોગ્ય જળવાઈ રહે છે, પુરતો આરામ મેળવી શકે છે, અનુકૂળ કાર્ય અને પરિસ્થિતિની પસંદગી કરી શકે છે. બિનજરૂરી દબાણ દૂર કરી શકે છે. અને વિનોદ વૃત્તિ કેળવી શકે છે.'

આવેગાત્મક પરિપકવતા ધરાવતી વ્યકિત આત્મવિશ્વાસુ હોય છે અણગમતી આવેગાત્મક તાણ દૂર કરવાના તંદુરસ્ત માર્ગો શોધી કાઢે છે, અને વિવિધ અભિરૂચિઓ, શારીરિક કાર્ય અને રમતગમત તરફ યોગ્ય મનોવલણ કેળવે છે, વિકસાવે છે. આ બધી બાબતો વ્યકિતના આવેગમય જીવનમાં ખૂબ રાહતરૂપ નીવડે છે.

## ❖ આવેગાત્મક પરિપકવતાની વ્યાખ્યા અને ઐતિહાસિક ભૂમિકા

આવેગાત્મક પરિપકવતાની કોઈ એક ચોકકસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. કારણ કે આવેગો ખૂબ જ જટિલ અને વ્યકિતગત હોય છે. વળી તેનું મૂલ્યાંકન સમય, સ્થળ અને પરિસ્થિતિ અનુસાર કરવાનું હોય છે. આથી કોઈ એક વર્તન કોઈ એક વ્યકિત માટે જે તે સમય, સ્થળ અને પરિસ્થિતિ પ્રમાણે પરિપકવ ન હોય તો બીજી વ્યકિત માટે તે કદાચ પરિપકવ અને યોગ્ય હોઈ શકે છે.

વળી, મનોવૈજ્ઞાનિકો આવેગાત્મક પરિપકવતાની વ્યાખ્યાની બાબતમાં વિરોધાભાસ ધરાવે છે. કેટલાક મનો વૈજ્ઞાનિકો તેની સમજૂતી રૂપ વ્યાખ્યા આપે છે. તો બીજા કેટલાક તો આવેગાત્મક પરિપકવતા એ બે શબ્દને જ વિરોધાભાસી ગણે છે. તેમના મત પ્રમાણે આવેગો પરિપકવ થતાં નથી તેઓ હંમેશા વિસ્ફોટ પામે છે. આમ છતાં જે કેટલાક મનો વૈજ્ઞાનિકોએ તેની સમજૂતી રૂપ જે વ્યાખ્યા આપી છે તે મનોવિજ્ઞાન ક્ષેત્રે આજે સ્વીકાર્ય છે.

વ્યાખ્યા સમજતાં પહેલા તેની ઐતિહાસીક ભૂમિકા સમજીએ.

## ❖ આવેગાત્મક પરિકપકવતાની ઔતિહાસીક ભૂમિકા

પૂર્વ મનોવૈજ્ઞાનિક કાળની અંદર જુદા જુદા પ્રકારની સૌમ્ય અને તીવ્ર મનોવિકૃતિઓ ધરાવતા લોકો પ્રત્યે અમાનવીય વ્યવહાર કરવામાં આવતો હતો. આવા સંજોગોમાં ઈંગ્લેંડની એક ડોસયથી નામની શિક્ષિકાએ અમેરિકા, કેનેડા અને બ્રિટનના રાજયોમાં ૩૨ જેટલી મેન્ટલ હોસ્પીટલોની સ્થાપના કરવા માટે પોતાનો ભાગ આપ્યો. આમ આવેગિક રીતે જે લોકો અસ્થિર હતા કે જેઓ જુદી જુદી પ્રકારની વર્તન વિકૃતિઓ તથા મનો વિકૃતિઓ ભોગવતા હતા, તેવા લોકોના માનસિક સ્વાસ્થય અંગે વિચાર કરનારાઓ માટે યોગ્ય ભૂમિકા તૈયાર કરી આપી.

શરૂઆતનાં તબકકામાં Emotion (આવેગ) ની સાથે જુદા જુદા પરિવર્ત્યોને સાંકળીને તેનો અભ્યાસ કરવામાં આવતો હતો, જેવા કે Emotional Insecurity, હતાશા, વ્યકિતત્વ લક્ષણો અને આવેગાત્મક પરિપકવતા વગેરે પાસાઓ પર આવેગની અસર તપાસવામાં આવતી હતી. પરંતુ જેમ જેમ મનો વિજ્ઞાનનો વિકાસ થતો ગયો તેમ તેમ આ અભ્યાસોમાં પણ ધીરે ધીરે પરિવર્તનો થવા લાગ્યા.

Craig A. Smith, Phoebe. G._Ellsworth (1987)સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના આવેગ અને પરીક્ષામાં સિધ્ધિ અંગેના અભ્યાસો કર્યા. Amy. G. Halberstand (1986) એ આવેગાત્મક પ્રતિક્રિયા અને કૌટુંબિક સામાજીકરણનો અભ્યાસ કર્યો હતો. Samuel H. Blumberg અને Carrol. E. lzard (1986) એમણે બાળકોની માનસિક અવસ્થા અને માનસિક ખિન્નતા અંગે પ્રયોગો કર્યા હતા. આમ વિવિધ પરિવર્ત્યોને સાથે સાંકળીને આવેગોના અભ્યાસો થઈ રહયા હતા. ત્યારે વર્તમાન સ્થિતિમાં આવેગાત્મક પરિપકવતાના સંદર્ભમાં અભ્યાસો થવા લાગ્યા છે. આવેગ અને જુદા જુદા પરિવર્ત્યો સાથેના અભ્યાસો જોવા મળ્યા. તેમાં Amy. G. Halberstand (1986), Craig A. Smith (1987), Samuei H. Blumberg and Carrol. E. lzard (1986) ના અભ્યાસો ઉલ્લેખનીય છે.

## ❖ આવેગિક પરિપકવતાની વ્યાખ્યાઓ

આવેગાત્મક પરિપકવતાને જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

આવેગો ભલે પરિપકવ ન થતા હોય, પરંતુ આવેગયુકત વર્તન તપાસીએ અને સરખાવીએ તો નાના બાળકોની તુલનામાં મોટા બાળકોનું વર્તન કંઈક સ્થિર જોવા મળશે. આવેગ પ્રદર્શિત કરવાની રીતમાં થયેલા આ ફેરફારને આવેગાત્મક પરિપકવતા તરીકે ઓળખાવીએ છએ. "આવેગિક પરિપકવતા એટલે આવેગોનો આવિષ્કાર કરવાની રીતની પરિપકવતા."

Volter D. Smithson (1947) ના મત મુજબ "આવેગાત્મક પરિપકવતા એ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યકિતત્વ વધુ અને વધુ આવેગિકતા જાળવવાનો સતત પ્રયાસ કરે છે. આ સ્વાસ્થ્યમાં આંતરવૈયકિતક અને આંતર મનોવૈજ્ઞાનિક બન્ને પરિબળોનો સમાવેશ થાય છે. ટૂંકમાં આવેગાત્મક પરિપકવતાને આત્મ અથવા અહમના માધ્યમ દ્વારા આવેગ અભિવ્યકિતની નિયંત્રણની પ્રક્રિયા કહી શકાય."

"આવેગિક રીતે પરિપકવ ફકત મોટી ઉંમરના વ્યકિતને જ ન કહી શકાય પરંતુ દરેક વ્યકિતની પોતાની શારીરિક ઉંમર પ્રમાણે તેના આવેગિક વર્તનના અમુક ધોરણો હોય છે. અને તે પ્રમાણે વર્તન કરે તો તે વ્યકિત Emotional Maturity ધરાવે છે તેમ કહી શકાય." - (Leonard Carmail - 1946)

Mitrano (૧૯૩૯) જણાવે છે કે "બાળકો જેમ ઉંમરે વધે છે તેમ તેના વર્તનમાં જુદા જુદા પરિવર્તનો આવે છે જે તેની આવેગિક પરિપકવતા ગણાવી શકાય."

એટલે કે નવજાત શિશુનું વર્તન એકદમ અસ્પષ્ટ, ધુંધળું અને વ્યાપક હોય છે. તે માત્ર હલન ચલનથી પ્રતિક્રિયા કરે છે. અને ઉંમર વધતાં તેના વર્તનોમાં વિવિધતા

આવી જાય છે. જેવા કે હાથપગ પછાડવા, રડવું, વગેરે. આમ ઉંમર વધે તેમ તેની Maturity પણ વધતી જાય છે.

Durea (1937) પોતાનો અભ્યાસો પરથી તારવ્યું છે કે સમાન ઉંમરના બાળકોમાં જે નોર્મલ (સાધારણ) બાળકો છે તેમનાં કરતા જે માનસિક રીતે ક્ષુબ્ધ છે તેવા બાળકોમાં આવેગાત્મક પરિપકવતાનું પ્રમાણ ઓછું હોય છે.

એટલે કે જે બાળકો સામાન્ય હોય છે તેઓનું માનસિક સ્વાસ્થ્ય સારૂં હોય છે. અને તેથી તેમની વિકાસની તકો બધી જ ખુલ્લી હોય છે, પરંતુ જે માનસિક રીતે ક્ષુબ્ધતા ધરાવે છે, જેને ફિબલ માઈન્ડેડ ગણવામાં આવે છે તેવા લોકોની આવેગાત્મક પરિપકવતા સામાન્ય બાળકો કરતાં ઓછી હોય છે.

H. L. Hollingworth (1928) જણાવે છે કે આવેગિક રીતે પરિકપકવ વ્યકિત નીચેની બાબતો ધરાવતો હોય છે.

૧. આવેગિક રીતે પરિપકવ વ્યકિત સર્વ અથવા શૂન્ય પ્રમાણે વર્તન કરતી નથી. પરંતુ પોતાના આવેગિક પ્રતિચાર પર નિયંત્રણ રાખી શકે છે.

૨. આવેગિક રીતે પરિપકવ વ્યકિત તત્કાલિક પ્રતિક્રિયા કરવાને બદલે પોતાની પ્રતિક્રિયાઓને સંજોગો અનુસાર થોડા સમય માટે મુલત્વી રાખે છે.

૩. આવેગિક રીતે પરિપકવ વ્યકિત "સ્વ" પ્રત્યેના દયાભાવને નિયંત્રણમાં રાખી શકે છે.

ઉપરોકત ત્રણેય બાબતો એમ સૂચવે છે કે જે વ્યકિતમાં આવા પ્રકારનું વર્તન હોય તેને આવેગિક પરિપકવ કહેવાય. એટલે કે જે વ્યકિત પોતાના આવેગને એટલે કે પ્રતિક્રિયાને કાંતો સંપૂર્ણપણે આપે અને કાંતો આપે જ નહિ તેના કરતાં પણ તેઓ સંજોગો પ્રમાણે ચોકકસ પ્રતિક્રિયા આપે છે અને અમુક પરિસ્થિતિમાં તમને તે રોકી

પણ શકે છે, અને તેનાથી અમુક બાબતોમાં ખોટું થતું હોય તો બીજા લોકો પોતાની જાત પ્રત્યે જે દયાભાવ દર્શાવે છે તેમ તે પોતાની જાતને દયાભાવથી નથી જોતા પણ તે તટસ્થાતાથી મૂલ્યાંકન કરે છે.

Call (1944) ના મત મુજબ "આવેગિક પરિપકવતા એટલે તનાવ સહન કરવાની શકિત." Soule (1957) કહયું કે આવેગાત્મક પરિપકવતાના ખ્યાલને આપણા સમયનો મુખ્ય ખ્યાલ કહેવાય છે. તે લગભગ આધુનિક મનોચિકિત્સાનો મહત્વપૂર્ણ ફાળો છે. Frank (1963) કહયું કે ખરેખર આવેગાત્મક પરિપકવતાઓ પુનઃસમાયોજનની પ્રક્રિયા છે. કોઈ પણ બાળક માતા–પિતાની દેખરેખ હેઠળ શીખે જેમ કે આવેગાત્મક અસરો માટે મંજુરીપૂર્વક મનોવૈજ્ઞાનિક પ્રતિક્રિયા કે જેને આપણે આવેગ કહીએ એ સંસ્કૃતિ દ્વારા રજૂઆત અને પુનઃદબાણની કબુલાતની હાજરીમાં ભાત પડે છે.

Bernard (1954) આવેગાત્મક પરિપકવતાના મૂલ્યાંકન માટે નીચેના માપદંડો સૂચવ્યા છે.

1) નિષેધક આવેગની પ્રત્યક્ષ અભિવ્યકિત પર નિયંત્રણ
2) વિધાયક આવેગોનો વિકાસ
3) અરૂચિકરણ પરિસ્થિતિઓ માટે ઉચ્ચ સહન શકિતનો અભાવ.
4) સામાજીક રીતે સ્વકૃત પ્રતિક્રિયામાંથી વધતો સંતોષ.
5) ક્રિયાઓનું વધતું જતું સ્વતંત્રપણુ.
6) પસંદગી કરવાની શકિત અને અન્ય પસંદગીઓની ગૂંચવણમાંથી મુકિત.
7) અતાર્કિક ભયમાંથી મુકિત.
8) મર્યાદાઓના સંદર્ભમા સમજણ અને કાર્ય.
9) અન્યની શકિત અને સિધ્ધિ અંગેની જાણકારી.

10) અપમાનિત થવાની લાગણી વગર ચિંતા કરવાની શકિત.

11) નિરાશાજનક પરિસ્થિતિમાંથી પાછા ફરવાની શકિત.

12) આવેગના સંતોષને સહન કરવાની શકિત.

13) રોજીંદા જીવનમાં આનંદ.

Carmiole (1968) ના મત મુજબ આવેગાત્મક પરિપકવતા એટલે તીવ્ર આવેગો ઉપર નિયંત્રણ અથવા તેમને દબાવી દેવાની ક્ષમતા એવું અર્થઘટન પૂરતું નથી. તેના બદલે આવેગાત્મક પરિપકવતાના અર્થઘટન માટે વ્યકિત પોતાના આવેગાત્મક સ્ત્રોતોનો કેટલી સ્વસ્થ અને યોગ્ય રીતે ઉપયોગ કરી શકે છે? તેના સંદર્ભમાં સમજૂતી આપવી જોઈએ. અને આ ખ્યાલ પ્રમાણે પરિપકવ આવેગિક વર્તન તેને કહેવાય જે નીચેની વ્યાખ્યા દ્વારા સમજાશે.

"The mature adult is not one who necessarily has resolved all conditions that aroused anxiety and hostility but is continuosly in process of seeing himself in clearedr perspective and continuousıly involved in a struggle to gain a healthy integration of feeling, thinking and action."

આવેગોનું તદ્દન સ્પષ્ટ વર્ગીકરણ ખૂબ મુશ્કેલ છે. પુખ્ત ઉંમરની વ્યકિતના આવેગો પણ તદ્દન સ્પષ્ટ રીતે ઓળખી શકાતા નથી. મેઘધનુષના રંગોની છાયા જેમ અદ્રશ્ય રીતે એકબીજામાં ભળી જાય છે તેવી રીતે આવેગોની સૂક્ષ્મથી સુક્ષ્મ છાયાઓ એકબીજામાં ભળી જાય છે. તેને અલગ અલગ તારવી ન શકાય તેવી રીતે ભળી જાય છે. ભય, ક્રોધ, આનંદ અને હર્ષ તથા ઉલ્લાસ જેવા ઘણા આવેગો વચ્ચે વચગાળાના મિશ્રિત આવેગો અસ્તિત્વ ધરાવે છે. અને તેથી એક જ વ્યકિત ભયથી ક્રોધિત છે કે ક્રોધના કારણે ભયભીત છે. અથવા ભયમુકત ક્રોધ અનુભવે છે કે કેમ? એવું સ્પષ્ટ વિધાન કરી શકાતું નથી.

H. B. English (1929) જણાવે છે કે ચોકકસ રંગને વટાણા જેવો લીલો કહેવાય કે પોપટી એવી માથાકુટ થી કંટાળી જેમ રંગોના નામ આપવાને બદલે રંગો માટે મનસ્વી રીતે નંબરો નકકી કરવામાં આવ્યા છે તેવી રીતે આપણે પણ ચોકકસ પ્રકારનો આવેગ હર્ષ કે ઈર્ષ્યા સૂચવવા આવેગભાત નં.૫૨ કે આવેગભાત નં.૧૮ જેવા આંકડા નકકી કરવાનો સમય પાકી ગયો છે.

ઉપરોક્ત જુદા જુદા મનોવૈજ્ઞાનિકોની સમજ પરથી એમ કહી શખાય કે આવેગાત્મક પરિપકવતા એ કોઈ ચોકકસ એક જ પ્રકારની પ્રતિક્રિયા આપવાથી ઓળખાઈ જતી નથી. પરંતુ તે ખૂબ જ ગૂંચવણ ભરેલી છે.

## ❖ આવેગિક પરિપકવતા માટે યોગ્ય પ્રમાણમાં આવેગ નિયંત્રણના સૂચનો

એક વસ્તુ સ્પષ્ટ છે કે વ્યકિતને આવેગશીલ બનાવે તેવી પરિસ્થિતિ કયારેક તો ઉપસ્થિત થવાની જ. આવેગના પ્રસંગોને કંઈ દફનાવી શકાતા નથી છતાં એ પણ સાચું છે કે આવેગશીલ પરિસ્થિતિ પર આવેગ નિયંત્રણના જ્ઞાન દ્વારા પ્રભુત્વ સ્થાપી શકાય છે. આવેગો ન જ અનુભવવા કે આવેગોની અસર સાવ મંદ પાડી દેવી એમ કોઈ કહેતું નથી. એમ કરવું એ સાચુ આવેગ નિયંત્રણ પણ નથી. આવેગાત્મક પરિપકવતા પ્રાપ્ત કરવાથી આવેગજનક પરિસ્થિત કાબુ હેઠળ લાવી શકાય છે.

1) જે પરિસ્થિતિ વ્યકિતમાં આવેગ પ્રેરે તેને દૂર કરવી.

2) આવેગનો જવાબ આવેગથી ન આપવો.

3) સુખ, શાંતિ અને આનંદના આવેગો જન્મે તેવી તકો સર્જવી.

4) અભિરૂચિ વિકસાવી, કુશળતાઓ અને શોખો ખીલવવા.

5) વ્યકિતએ આવેગોનું ઉર્ધ્વીકરણ કરવું.

6) ખુલ્લી હવામાં કસરત, રમતો રમવી.

7) Jarsild & Homes માને છે કે વ્યકિતના આવેગ નિયંત્રણ માટે ભયજનક પરિસ્થિતિ પર કાબુ રહે તે જરૂરી છે. તથા આવેગનું વિરચન જરૂરી છે.

8) ભયના આવેગ પર નિયંત્રણ લાવવા ભયજનક પરિસ્થિતિનો મુકાબલો કરવાની તાલીમ આપવી એમ Act & Frances Homb પ્રયોગોથી સાબિત કર્યુ છે.

Horace English ક્રોધ નિયંત્રણના માર્ગો સૂચવ્યા છે.

1) ઓછી તીવ્રતાથી ક્રોધ વ્યકત કરતાં શીખવું. બને ત્યાં સુધી શબ્દો દ્વારા વ્યકત થવા દેવો.

2) અવરોધ ઉત્પન્ન કરનારી પરિસ્થિત તરફથી વ્યકિતનું લક્ષ્યાંતર કરવું. કાંતો બીજી પ્રવૃત્તિ તરફ ધ્યાન દોરવું.

ટૂંકમાં આવેગનું યોગ્ય પ્રમાણમાં નિયંત્રણ અને આવેગોનો વિધાયક વિકાસ આવેગાત્મક પરિપકવતામાં અગત્યનો ભાગ ભજવે છે.

## 1.4 માનસિક સ્વાસ્થ્ય અંગેની સમજૂતિ :

માનસિક સ્વસ્થતાનો ખ્યાલ જટિલ છે. માનસિક રીતે સ્વસ્થ વ્યકિત કોને કહેવી તે જાણ્યા વિના અસ્વસ્થ વ્યકિતનો ખ્યાલ મેળવવો મુશ્કેલ છે. કોઇપણ જાતની પીડા, દુઃખ કે બિમારી વિના વ્યકિત પોતાનો વ્યવસાય હાથ, પગ કે શરીરના અન્ય અંગો વડે કર્યા કરે છે તો તેને આપણે શારીરિક રીતે સ્વસ્થ માનીએ છીએ. શારીરિક સ્વસ્થતા પારખી શકાય છે. તેટલી ઝડપથી માનસિક સ્વસ્થતા પારખી શકાતી નથી. બાહ્ય રીતે સ્વસ્થ દેખાતી વ્યકિત આંતરીક રીતે અસ્વસ્થ પણ હોય. સંપૂર્ણ માનસિક સ્વાસ્થ્ય ધરાવનારી વ્યકિત ભાગ્યે જ જોવા મળે પણ તેનો અર્થ એમ નથી કે, જગતની કોઇ વ્યકિત માનસિક સ્વસ્થતા ધરાવતી નથી.

માનસિક સ્વાસ્થ્યનું મહત્વ ઘણા જૂના સમયથી સ્વીકારવામાં આવ્યું છે. માનસિક સ્વાસ્થ્યનો ઈતિહાસ ઘણો પ્રાચિન છે. પ્રાચિન સમયમાં માનસિક રોગને દૈવી પ્રકોપ, ભૂતપ્રેત અથવા દુષ્ટાત્માઓ દ્વારા ઉત્પન્ન થતો માનવામાં આવતો હતો. જે કે આજે પણ આપણા દેશમાં ગ્રામ્ય અને પછાત વિસ્તારની ઘણી આદિવાસીઓ જ્ઞાતિઓ એવામાં માને છે. તેમાંથી મોટા ભાગની વ્યકિતઓ માનસિક સ્વાસ્થ્યનો ઉપચાર ધાર્મિક વિધિઓ અને અન્ય રીતો દ્વારા જ કરે છે.

અવૈજ્ઞાનિક ઉપચારો કે ઊંટવૈદક આજે પૂર્ણતઃ અટકયું છે એવું કહી શકાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ નથી. ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું આગમન ઈ.સ. 1600 માં થયું તે પહેલા માનસિક રોગીઓ માટેની સારવારનાં કોઈ એંધાણ મળતા નથી. જો કે હવે ભારતીય દર્દીઓ સારવાર લેતા હોય છે. જુના ઉલ્લેખોમાં માંડુની નજીક ઈસ્પિતાલમાં મૌલાના ફઝલુર હકીમ સારવાર આપતા હતા. ગોવામાં ૧૭મી સદીમાં પોર્ટુગીઝોએ પણ આવા દવાખાનાઓ શરૂ કરેલા પણ આજે આપણે જે માળખા પર રચાયેલા ચિકિત્સાલયો જોઈએ છીએ તે તો વસ્તીથી દૂર સૈનિકોની બેરેકો જેવા હતાં. જે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના સૈનિકો માટે ઉભા કરેલા હતા.

17મી સદીની રાજકીય પરિસ્થિતિ ડામાડોળ હતી. અલબત્ત 16મી સદીના અંત સુધીમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વેપાર સિવાયના ક્ષેત્રનું સંચાલન પોતાને હસ્તક લઈ લીધું હતું. તેની તરફથી 1795ના એપ્રિલની 17મી તારીખે બિહારનાં મોઘીરમાં પોતાના સૈનિકો માટેની હોસ્પિટલ શરૂ કરી.

કંપનીએ 1821માં પટનામાં પણ માત્ર અંગ્રેજ સૈનિકો તથા કંપનીએ 1821 માં પટનામાં પણ માત્ર અંગ્રેજ સૈનિકો તથા અફસરો માટે હોસ્પિટલ શરૂ કરી હતી. આમ જૂના સમયમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જે ખ્યાલ પ્રવર્તે છે તે મુજબ પહેલા મનોવિકૃતિઓના દર્દીઓના પ્રત્યે માનવીઓ ભાગ્યે જ માનવતા દાખવતા. તેના પ્રત્યે ક્રુર અને અમાનુષી વર્તાવ દાખવવામાં આવતો. આ બાબત પ્રત્યે સૌથી પ્રથમ ધ્યાન

દોરનાર ઈંગ્લેન્ડની શિક્ષિકા ડોરાથી ડીકસ હતી. ડીકસના પ્રયત્નોએ માનસિક સ્વાસ્થ્યની દિશામાં વિચાર કરનારાઓ માટે સુયોગ્ય ભૂમિકા તૈયાર કરી આપી.

અમેરિકામાં માનસિક સ્વાસ્થ્યનું સૌથી પ્રબળ ચળવળ કિલફોર્ડ બિયર્સ (1879-1943) નામની વ્યકિતએ શરૂ કરેલું. બિયર્સ ગ્રેજયુએટ થયા પછી ઉન્મત, ખિન્ન તીવ્ર મનોવિકૃત, બિમારી લાગુ પડી તેણે માનસિક ઋગ્ણાલયમાં દાખલ થવું પડેલું. તેને ત્યાનાં અધિકારીઓ અને કર્મચારીઓનું વર્તન એવું બેહુદુ જોયુંને વેઠયું. સાજો થયો પછી હોસ્પિટલમાંથી બહાર નીકળ્યા પછી તેને માનસિક સ્વાસ્થ્ય સંબંધી પોતાના વિચારો રજૂ કર્યા અને તેના પરિણામ સ્વરૂપ 1908 માં માનસિક સ્વાસ્થ્યની રાષ્ટ્રીય સમિતિની સ્થાપના કરી. બિયર્સે 1908 માં **'અ માઈન્ડ ધેટ ફાઉન્ટઈટ સેલ્ફ'** નામના પુસ્તકમાં હોસ્પિટલના અધિકારીઓ અને કર્મચારીઓનું બેહુદુ અને અમાનુષી વર્તાવનું વર્ણન કરેલું. રોક ફાઉન્ડેશને આર્થિક સહાયથી માનસિક સ્વાસ્થ્યની રાષ્ટ્રીય સમિતિ સ્થપાઈ તેણે માનસિક રોગીઓને આપવામાં આવતી સગવડોનો સંશોધન કર્યો. બિયર્સે પોતાના વિચારોને બળ આપવા **'મેન્ટલ' હાઈજીન'** નામની એક ત્રિમાસિક પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું. આથી અમેરિકા સિવાય બીજા દેશોમાં પણ માનસિક સ્વાસ્થ્યની ચળવળ ફેલાઈ અને સને. 1919 માં માનસિક સ્વાસ્થ્ય વિજ્ઞાનની આંતર રાષ્ટ્રીય સમિતિની સ્થાપના થઈ અને તેનું પ્રથમ અધિવેશન સને. 1930 માં વોશિંગ્ટનમાં મળ્યું. તેમાં ૫૩ રાષ્ટ્રોએ ભાગ લીધો હતો. આ અધિવેશન પછી આખી દુનિયામાં માનસિક સ્વાસ્થ્ય સંબંધી કાર્યો માટે આંતરરાષ્ટ્રીય સહયોગનો સ્વીકાર કરવામાં આવ્યો. અને તે માટેના સક્રિય પ્રયત્નો હાથ ધર્યા છે.

બીજા વિશ્વયુધ્ધ પછી સંયુકત રાષ્ટ્ર સંઘની સ્થાપનાની સાથે સાથે સને. 1978 માં માનસિક સ્વાસ્થ્ય માટે એક વિશ્વસંઘ (World Federation of Mental Hygene) ની સ્થાપના થઈ. અમેરિકામાં સને. 1946 માં રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્યનો કાયદો ઘડવામાં આવ્યો.

માનસિક સ્વાસ્થ્યની ચળવળમાં પરિણામે આ વિષય અંગે સંશોધનો શરૂ થઈ ગયાં છે. ઈ.સ. 1943 માં ભારતમાં **"ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ હ્યુમન રિલેશન"** રાખ્યું. આમ ભારતમાં માનસિક સ્વાસ્થ્યની એક વૈજ્ઞાનિક શાખાનો પ્રારંભ થયો.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના 1947 ના અહેવાલમાં માનસિક દ્રષ્ટિએ રોગી ગણાય અને જેમને હોસ્પિટલની સારવારની જરૂર પડે તેવા લોકોની સંખ્યા આખા દેશમાં આશરે 15 લાખની છે. તેવો અહેવાલ આપ્યો. મંદમનોવિકૃતિના દર્દીઓની સંખ્યા લગભગ 30 લાખ જેટલી મુકેલી. આની સરખામણીમાં સમગ્ર ભારતની બધી જ હોસ્પિટલમાં માનસિક રોગોના દર્દીઓની પથારીઓની સંખ્યા ફકત 15000 જેટલી જ છે. શિક્ષિત અને તાલીમ પામેલા તબીબી મનોપચારોકોની સંખ્યા લગભગ 175 જેટલી છે. તેઓ વગર તાલીમે પણ આ ક્ષેત્રમાં કામ કરે છે. તેમની કુલ સંખ્યા લગભગ 1000 જેટલી થવા જાય છે.

માનસિક દ્રષ્ટિએ ક્ષતિ ધરાવતા અને શારીરિક અને માનસિક રોગનો ભોગ બનેલા દર્દીઓ માટે કુલ 27 સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે.

1967ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ પ્રમાણે ભારતમાં કુલ લગભગ 32 જેટલી હોસ્પિટલોમાં લગભગ આશરે 16000 જેટલા દર્દીઓની સગવડ કરી શકાય તેમ છે.

ભારતમાં 1987 માં માનસિક દર્દીઓની સારવાર કરતી કુલ 27 હોસ્પિટલો હતી. જે નીચે પ્રમાણે દર્શાવેલ છે.

(આ આંકડા મેન્ટલ હોસ્પિટલ ઈન ઈન્ડિયા સંપાદન શ્રીધર શર્મા ડિરેકટર ઓફ હેલ્થ સર્વિસીસ ન્યૂ દિલ્હી, 1990 નાં આધારે)

આ 45 હોસ્પિટલોમાં 1900 પલંગોની વ્યવસ્થા છે. તદુપરાંત શિક્ષણની સંસ્થાઓ સાથે જોડાયેલા ચિકિત્સાલય વિભાગોમાં બીજા 1200 થી 1500 પલંગોની વ્યવસ્થા છે. આ સંખ્યા અપુરતી છે. ભારતની કુલ

| | | |
|---|---|---|
| આંધ્રપ્રદેશ – 2 | કર્ણાટક – 2 | પંજાબ – 1 |
| આસામ – 1 | કેરાલા – 3 | રાજસ્થાન – 2 |
| બિહાર – 3 | મધ્યપ્રદેશ–2 | તામિલનાડુ–1 |
| ગોવા–1 | મહારાષ્ટ્ર–5 | ઉત્તરપ્રદેશ–4 |
| ગુજરાત–6 | નાગાલેન્ડ–1 | પશ્ચિમ બંગાળ–7 |
| જમ્મુ કાશ્મીર–2 | ઓરિસ્સા–1 | દિલ્હી–1 |

વસ્તીની ગણતરીએ 40,000 ની વસ્તી વચ્ચે એક પલંગ આવે. આપણી જનરલ હોસ્પિટલો અને માનસિક હોસ્પિટલો બહારના દર્દીઓ માટેની સુવિધા પણ નિભાવે છે. વિવિધ હોસ્પિટલોમાં વરસે દહાડે 60,000 માનસિક રોગીઓ પ્રવેશ મેળવે છે. ઉપરાંત સાઈકેટ્રીક વોર્ડમાં દર વર્ષે 15,000 બહારના દર્દીઓની સારવાર થઈ શકે છે. આપણા દેશમાં 1500 જેટલા મનોપચારકો એમની ખાનગી પ્રેકટીસમાં દર્દીઓને તપાસી ઉપચાર સૂચવે છે. પણ આપણી જરૂરિયા 68 લાખ દર્દીઓ સુધી પહોંચવાની છે. 1995 માં એક સર્વેક્ષણ થયું હતું. તેમાં માત્ર 24 પાગલખાનામાંથી ઉત્તરો મળ્યા હતાં. એ સર્વેક્ષણ મુજબ માનસિક દર્દીઓને 6 અઠવાડિયામાં રજા આપી દેવાની હોય છે. પણ સર્વેક્ષણમાં જણાયું હતું કે બે વર્ષથી વધુ સમય જેમણે હોસ્પિટલમાં વિતાવા પડયા હોય એવા 43 ટકા દર્દીઓ હતા. કુલ 19,000 ખાટલાની સગવડ છે. અને દેશની હોસ્પિટલોમાં દાખલ થતા દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં લઈએ તો એક પલંગ ચાર દર્દીઓ વચ્ચે વહેંચાય જાય.

સાધારણ રીતે માનસિક રોગીઓની સંખ્યા આપણા દેશમાં કેટલી છે. એના વિશ્વસનીય આંકડા મળતા નથી. કારણ હોસ્પિટલમાં નિદાન માટે કે સારવાર માટે

જેમને લઈ જવામાં આવે છે એની જ નોંધણી થાય છે. મનોરોગીઓનો જે કોઈ પ્રમાણિત આંકડા મળે છે

દર્દીઓની સંખ્યા સતત વધતી રહી છે અને દર્દીઓ સારવાર લઇને સાજો થઇને હોસ્પિટલો ની બહાર પણ જઇ શકે છે. વળી મૃત્યુનું પણ પ્રમાણ ઘટયુ છે. સામાન્ય અંદાજ એવો છે કે અમેરીકા મા માનસિક બિમારી નુપ્રમાણ 25% જેટલુ છે. જેમા હળવી અને ગંભીર,મનોવિકૃતિઓ બન્ને પ્રકારની માંદગી આવી જાય છે. આપે ત્યા આ પ્રમાણ 20% થવા જાય છે.બાકી ઘરઘરાઉ દર્દીઓને સમાવેશ આ આંકડા માં થતો નથી.

જયપુરમાં મળેલ ઇન્ડીયન સાઈકયાટ્રીશ સોસાયટી ના 38 માં વાર્ષિક સંમેલન માં માનસિક દર્દીઓની સંખ્યા 80 લાખ ધારવામા આવી છે.તદઉપરાંત ૨૨ મિલીયન ક્ષતિવાળા લોકો અને 30 મીલીયન હળવા પ્રકારની માનસિક માંદગી માં સપડાયેલા લોકો છે.

કોઇ પણ સમાજનો વિકાસ અને સુખનો સાચો આધાર તેના માનસિક સ્વાસ્થ્ય પર આધારીત છે.વ્યકિતને શકિત વારસામાં મળે છે.પરંતુ તેનો વિકાસ એનો વ્યકિતના પ્રયત્નો અને સામાજિક વાતાવરણ પર આધારીત છે.હર્બટ કરોલ ના મત પ્રમાણે કોઇ પણ સમાજનું માનસિક સ્વાસ્થ્ય ત્યારે જ સારૂ હોય જયારે તેનુ શારીરિક સ્વાસ્થ્ય સારૂ હોય ટુકમા માનસિક સ્વાસ્થ્ય વિકાસ અને તેની જાણવણીની કળાને જ માનસિક સ્વાસ્થ્ય કહેવાય છે. અમેરીકાની ઘણી ઉચ્ચ વર્ગ ની સ્કુલો માં CATCH PHRASE ના અભ્યાસક્રમો શિખવાડવામાં આવે છે.અને જો અગાઉ થી જ સારવાર કરવામાં આવે તો વ્યકિતની માનસિક બિમારીઓને અટકાવી પણ શકાય. આ જ વિષય આરોગ્ય સંસ્થા (WHO), શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાસ્કૃતીક સયુકત રાષ્ટ્રોની સંસ્થા (UNESCO), તેમજ વિશ્વ માનસિક સંસ્થા (WFMH) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે વ્યવસાયરત છે.

આ ઉપરાંત અમેરીમા માં અનેક સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ કરતી રહેલી છે.

1. માનસિક સ્વાસ્થ્યની સંસ્થા
2. માનસિક સ્વાસ્થ્યનું રાષ્ટ્રીય સંગઠન
3. માનસિક વિકલાંગ તંદુરસ્તી માટેનો માનસિક સમુહ આપેલી છે.તેમજ ગુજરાત માં બી.એમ ઇન્સ્ટિટયુટ ઓફ મેનટલ હેલ્થ.
4. યોગ એન્ડ સેલ્ફ ડેવલોપમેન્ટ અકાદમી
5. મેન્ટલ હેલ્થ એજયુકેશન એન્ડ રીર્સચ ટ્રસ્ટ

જેવી સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય જાળવવા માં અને માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિઓ કરે છે.

માનસિક સ્વસ્થતાનો પ્રશ્ન એ આધુનિક યુગનો પ્રશ્ન છે. માનવી ખરેખર સુખી અને સરળ બનવા માગતો હશે તો તેણે સ્વસ્થ રહેવાની કળા શીખવી પડશે. માનસિક રીતે સ્વસ્થ વ્યકિત પોતાની જાતને ઓળખી શકે છે, સમજી શકે છે અને ભાવી પરિણામો કેવા આવશે તે તારવી શકે છે. તેને પોતાની જાત માટે આત્મવિશ્વાસ હોય છે.દેખીતી રીતે કોઇ રોગથી પીડીત ન હોય તેવી વ્યકિતને સ્વસ્થ કહેવાય તેવી એક સમજ સામાન્ય રીતે મોટા ભાગના લોકોમાં જોવા મળે છે. આ ગેરસમજને ટાળતી સ્વાસ્થ્યની વ્યાખ્યા વિશ્વ આરોગ્ય સંસ્થાએ ઘણા સમય પહેલા આપી છે તે પ્રમાણે " કોઇ રોગ કે ખોટનું ન હોવુ માત્ર સ્વસ્થતા કે આરોગ્ય નથી પરંતુ શારીરિક, માનસિક અને સામાજિક રીતે સ્વસ્થ હોવું તે ખરી સ્વસ્થતા છે." છેલ્લા થોડા વર્ષોમાં આ વ્યાખ્યામાં આધ્યાત્મિક સ્વાસ્થ્યનો ઉમેરો કરવામાં આવ્યો છે. આમ, સ્વાસ્થયની સમજનો વ્યાપ વધુને વધુ બહોળો બનતો જાય છે. સ્વાસ્થ્ય વિશેની સાચી સમજ કેળવ્યા પછી જો આપણી વિચારસરણીને લંબાવીએ તો એવું લાગ્યા વગર રહે નહી કે સ્વાસ્થ્યનો વ્યાપ ખરેખર બહુ વિશાળ છે. તેમાં ધર્મ, સમાજ વ્યવસ્થા, રહેણીકરણી

વગેરેનો પણ સમાવેશ થઇ જાય છે. સ્વાસ્થ્યનાં મુખ્ય ચાર ઘટકોમાં માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં રહે છે. જેનું સ્થાન આગવું છે. બીજા ત્રણ ઘટકો તેના પર આધારીત છે.

માનસિક સ્વાસ્થ્યનો બહુ ટૂંકો અર્થ થાય સ્વસ્થ મન.

પરંતુ માનસિક સ્વાસ્થ્યના ખ્યાલની સૌ પ્રથમ રજૂઆત બિયર્સે 1908 માં કરી. ત્યારથી આજ સુધી થયેલા સંશોધનોએ માનસિક સ્વાસ્થ્યની વિવિધ વ્યાખ્યાઓ આપી છે. જેમાંથી કેટલીક નીચે પ્રમાણે છે.

- "માનસિક સ્થાસ્થ્ય એટલે વ્યકિત અને સમાજ સંયોજન પર અસર કરતાં સમગ્ર પરિબળોનો સંશોધન અને તે સંશોધનના પરિણામોનો ફાયદાકારક ઉપયોગ."

  **ડી. બી. કલાઇન (1956)**

- "માનસિક સ્વાસ્થ્ય એટલે લોકોમાં વ્યકિતગત તેમજ સામાજિક દ્રષ્ટિએ એ પ્રકારનાં વર્તનનો વિકાસ કે જે કોઇપણ પ્રકારની માનસિક બિમારીને નિહાળવા માટેની ઉચ્ચ્તમ શકિત ધરાવતો હોય."

  **હેડલી (1958)**

- "માનસિક સ્વાસ્થ્યમાં માનસિક બિમારી અટકાવવાના વહેલાસર સારવારના પગલાનો સમાવેશ થાય છે અને તે દ્વારા માનસિક સ્વાસ્થ્યમાં વૃધ્ધિ થાય છે."

  **વોલ્ટર જે કોવિલે (1958) ઈ**

- " માનસિક સ્વાસ્થ્ય એટલે તંદુરસ્ત વ્યકિતત્વ વિકાસ અને માનસિક રોગના હુમલાથી બચવા માટેનો વ્યવસ્થિત વૈજ્ઞાનિક પ્રયત્ન."

  **જે. સી. કોલમેન (1962)**

- 'માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યકિત–વ્યકિત વચ્ચે એકરૂપ અને સુમેળભર્યા સંબંધો સ્થાપી શકવાની કળા."

  **વિશ્વ આરોગ્ય સંસ્થા**

❖ "માનસિક સ્વાસ્થ્ય એટલે જેમાં આવેગિક સ્થિરતા હોય પ્રમાણમાં ચિંતામુકત સ્થિતિ હોય અને જયાં જીવનની સામાન્ય માગણીઓ અને મનોભાર સાથે સમાયોજીત થવાનું સામર્થ્ય હોય તેવી સ્થિતિ."

**લોગમેન (1984)**

❖ "માનસિક સ્વાસ્થ્ય એટલે તમામ આવેગોને આત્મ ગૌરવમાં સ્થિર ભાવોમાં સંકલિત કરવા તે."

**બર્ન હાર્ટ(1989)**

❖ "માનસિક સ્વાસ્થ્ય એટલે વધુમાં વધુ આનંદથી અને અસરકારકતાથી અન્યને અનુકૂળ થવાની કળા."

**કાર્લ મેનીન્જર (1988)**

❖ "માનસિક સ્વાસ્થ્ય એટલે પ્રેમપૂર્વક વ્યવસાય કરવું."

**ફ્રોઇડ**

આમ, માનસિક સ્વાસ્થ્ય એટલે પરિપકવતા, સ્થિરતા અને વાસ્તવિકતા, પરોપકારવૃત્તિ, સામાજિક જવાબદારીઓનું ભાન યોગ્ય વ્યવસાય પધ્ધતિ અને માનવીય સંબંધોમાં અસરકારકતા. માનસિક સ્વાસ્થ્ય એ માનસિક વિકૃત્તિના ઉપચારના સંબંધમાં બંધાયેલ ખ્યાલ નથી. પરંતુ તે વ્યાપક અર્થ ધરાવે છે.

## ➢ માનસિક સ્વાસ્થ્યના પાસાઓ :–

### • વાસ્તવિકતાનું પ્રત્યક્ષીકરણ :–

વાસ્તવિકતાનું પ્રત્યક્ષીકરણ એટલે બનાવ કે હકીકતનું યથાર્થ અને વસ્તુલક્ષી,પ્રત્યક્ષીકરણ.જે વ્યકિત વાસ્તવિકતાથી દુર ભાગતી નથી પરંતુ તેનો સ્વીકાર કર્યા બાદ એમા ફેરફાર થઇ શકતો હોય તો એ કરવાનો પ્રયત્ન કરે છે.પોતાની શકિતઓનું અને ક્ષતિઓનુ ભાન હોય છે.આવી વ્યકિત વાસ્તવિક

નબળાઇઓને ઢાકવાનો બદલે વસ્તુલક્ષી અભિગમ દ્વારા પોતાના માનસિક સ્વાસ્થ્ય ને સુધારવામાં વધુ ઉચ્ચ પ્રાંપ્તાક મેળવનાર અસંતોષકારક અને નબળુ માનસિક સ્વાસ્થ્ય સુચવે છે.

- **સુગ્રથિત વ્યકિત્વ :–**

સુગ્રથિત વ્યકિતત્વ એટલે વ્યકિતની અંદર રહેલા મનોશારિરીક તંત્રો જે વાતાવરણ સાથે સંતોષપ્રદ સમાયોજના નકકી કરે છે. તેવુ ગતિશીલ સંગઠન મહદ અશે આવી વ્યકિત આવેગ ની દ્રષ્ટિએ સ્થિર અને સંમતોલ હોય છે.જે વાસ્તવિકતા અને જવાબદારીની ભાવના પ્રત્યે સભાન અને જીદગી પ્રત્યે વિધાયક વલણની વૃતિવાળી હોય છે. સુગ્રથિત વ્યકિતત્વના પાસા પર ઉંચા પ્રાપ્તાંક મેળવનાર સંતોષકારક અને નીચા પ્રાપ્તાક મેળવનાર નબળુ માનસિક સ્વાસ્થ્ય સુચવે છે.

- **વિધાયક સ્વમુલ્યાંકન :–**

વિધાયક સ્વમુલ્યાંકન એટલે વ્યકિતનો પોતાના વ્યકિતત્વના સારા,નબળા, વિકસીત,અવિકસિત પાસાઓના શકય તેટલો સાચો અને વાસ્તવિક પરિચય કેળવવા માટેનો વિદ્યાયક અભિગમ, પરિસ્થિતિનું સાચુ મૂલ્યાંકન કરવા માટે દરેક પરિસ્થિતિનાં વિચાર વાણી વર્તન ઉપર ટીકા થાય તો એ એને વધારે સારી રીતે પચાવી શકે. મુલવી શકે છે. ટીકા સાચી હોય તો એ સ્વીકારી લે છે. પોતાની ખામીઓ દૂર કરવા બનતા બધા જ પ્રયાસો કરી છુટે છે. આમ છતાં એમાં નિષ્ફળ જાય તો પણ પોતાની દ્રષ્ટિમાં પોતાના સ્વખ્યાલોને નીચે લઈ જઈને લઘુતાગ્રંથિ અનુભવતો નથી. વિધાયક સ્વમૂલ્યાંકનના પાસાઓ ઉપર ઉંચા પ્રાપ્તાંકો મેળવનાર અસંતોષકારક અને નબળું માનસિક સ્વાસ્થ્ય સૂચવે છે.

- **જૂથલક્ષી /જુથઅભિલક્ષી વલણોઃ–**

જૂથ અભિમુખ વલણો એટલે જુથના સભ્યો સાથે તાદાત્મ્ય સાધવાની વૃત્તિ કે અપેક્ષા જૂથના સભ્યો પ્રત્યે નિષ્ઠા અને આત્મિયતાના સંબંધો બાધવા,જુથના ધ્યેયો નકકી કરવા જૂથમાં આગેવાની લેવાની વૃત્તિ અને જૂથના સભ્યો જેવી સમાન લાગણી અને વિચારસરણી ધરાવવાની અપેક્ષા વૃત્તિ જૂથ અભિમુખના પાસા પર ઉચા પ્રાપ્તાંક મેળવનાર અસંતોષકારક અને નબળુ માનસિક સ્વાસ્થ્ય સુચવે છે.

- **પર્યાવરણ પર પ્રભુત્વ :–**

પર્યાવરણ પર પ્રભુત્વ વ્યકિતને પોતાની નવી નવી પરિસ્થિતી અને સારી રીતે પહોચી વાળવા માટે પોતાની શકિતઓનુ યથાર્થ દર્શન છે.વ્યકિતના જ્ઞાનાત્મક ભાવાત્મક અને ક્રિયાત્મક પાસા પર આજુબાજુના પર્યાવરણ ની જે અસર થાય છે તેનુ મુલ્યાકન કરીને વસ્તુલક્ષી નિર્ણય લેવાની આવડત આ પાસામા ઉચા પ્રાપ્તાંકો સંતોષપ્રદ અને સારૂ પર્યાવરણ પ્રભુત્વ સુચવે છે જયારે નીચા પ્રાંપ્તાકો મેળવનાર અસંતોષ કારક અને નબળુ માનસિક સ્વાસ્થ્ય સુચવે છે.

- **માનસિક સ્વાસ્થ્ય ના લક્ષણો :–**

સંશોધની પોતાના સંશોધન પરથી સારા માનસિક સ્વાસ્થ્યના લક્ષણોમા જવાબદારીનું ભાન,આત્મનિર્ભરતા દિશાનુ ભાન કેટલાક ચોકકસ વ્યકિતગત મુલ્યો અને વૈયકિતકતાનો સમાવેશ કરે છે આ લક્ષણોનુ પ્રમાણ જેમ વ્યકિતમાં વધુ તેમ તેનું માનસિક સ્વાસ્થ્યના સારૂ હોય છે આવેગિક સ્થિરતા બૌદ્ધિક અને સામાજિક અસરકારકતા પણ માનસિક સ્વાસ્થ્યના લક્ષણો ગણી શકાય શારીરિક તંદુરસ્તી સ્વસ્થ સામાજીક સંબંધી જીવનનુ તત્વજ્ઞાન,સમસ્યા ઉકેલની આંતરસુઝ સામાજીક જવાબદારીઓનુ ભાન વગેરે પણ સારા માનસિક સ્વાસ્થ્યના લક્ષણો તરીકે ગણાવી શકાય.

વ્યવસાય પરિસ્થિતીના સંદર્ભમા વ્યવસાય સાથે અને વ્યવસાયિક વાતાવરણ સાથે સ્વાસ્થ્ય સમાયોજન સહકર્મચારીઓ સાથેના સમજણભર્યા સંબંધો વ્યવસાયનુ વ્યવથિત આયોજન, ભુમિકા ભજવણી વિશેની સ્પષ્ટ માહિતી,પુરતા વ્યવસાયસંતોષ વગેરે બે લક્ષણોને માનસિક સ્વાસ્થ્યની નિશાનીઓ ગણી શકાય.

મરી જહોડા (1989) ના મત પ્રમાણે માનસિક બિમારી ન હોવી નમુનેદાર વર્તુણક હોવી વાતાવરણ સાથે અનુકુળતા વ્યકિતની આંતરીક પૂર્ણતા વગેરે પણ માનસિક સ્વાસ્થ્યના લક્ષણો તરીકે ઉલ્લેખનીય છે.

માનસિક સ્વાસ્થ્ય સારૂ હોય તેવી વ્યકિતઓ પોતાની જાતિને ઓળખી શકે છે ભાવિ પરિણામો વિશે જ્ઞાન ધરાવે છે તેનામા મનોભાર નુ લઘુતમ પ્રમાણ હોય છે ઉચી હતાશા સહનક્ષમતા હોય છે,અને આવેગિક પરિપકવતા ધરાવે છે આ રીતે જુદા–જુદા વિજ્ઞાનો માનસિક સ્વાસ્થ્યના વિભિન્ન લક્ષણો બતાવે છે અને તે સંદર્ભમા માનસિક સ્વાસ્થ્યની સમજુતી આપે છે.

- **માનસિક અસ્વાસ્થ્યના લક્ષણો :–**

સંશોધનો પોતાના સંશોધન પરથી માનસિક અસ્વસ્થતાના લક્ષણોમા સબળ કારણ વગરની ચિંતા અને અશાંતી અસુખ,એકાગ્રતાનો અભાવ,નિંદ્રા પ્રેરક ઔષધ લેવુ પડે તેવી અનિંદ્રા તકલાદી નાજુક સ્વભાવમા ઘડીક ખુશ ઘડીમાં નાખુશ,હમેશા ઉશ્કરાયેલ અને કડવાશ ભરેલ નિત્યક્રમ તુટતા વ્યગ્ર થઇ જવુ પોતાની માન્યતામા દુરાગ્રહી હમેશા પોતાને જ સાચા માનનાર,અતડાપણું જેનુ કોઇ કારણ જ ન જડે તેવી શારીરિક તકલીફથી પીડાવુ વગેરે.

- **માનસિક સ્વાસ્થ્યને અસર કરતા પરિબળો :–**

મનૌવૈજ્ઞાનિક,સામાજીક અને વ્યકિતગત પરિબળોનો માનસિક સ્વાસ્થ્યને અસર કરતાં પરિબળો તરીકે ઉલ્લેખ કરી શકાય આ ત્રણેય ઘટકોની સમજુતી નીચે પ્રમાણે આપવામા આવે છે.

## (A) મનોવૈજ્ઞાનિક પરિબળોઃ–

મેરીજહોડા (1989) એ માનસિક સ્વાસ્થ્યના ખ્યાલને સંગઠિત કરીને તેને અસર કરતા પરિબળો આ પ્રમાણે દર્શાવ્યા છે.

- **વ્યકિતત્વનુ સગ્રથન :–**

વ્યકિતત્વ અનેક લક્ષણોનુ બનેલુ છે આ લક્ષણો એકબીજા સાથે સંગઠિત થઇને એકમ તરીકે પ્રતિક્રિયા કરે તો તે ઉતમ માનસિક સ્વાસ્થ્યની નિશાની છે ઓલપોર્ટના મતે આવા સંગઠન માંથી દરેક વ્યકિતમાં પુખ્યવયે એક ચોકકસ વિચારસરણી ઘડાય છે આ વિચારસરણી જેટલી ઉચી હોય તેટલુ તેનુ માનસિક સ્વાસ્થ્ય સારૂ હોય.

- **સ્વ આવિષ્કાર :–**

જયારે વ્યકિતની મોટા ભાગની સામાન્ય જરૂરીયાતો હોય ત્યારે તે સ્વઆવિષ્કારની વિકાસકારક જરૂરીયાત અનુભવે છે જો આવી સ્વઆવિષ્કારની પ્રેરણા માટે વ્યકિત વર્તન ન કરે તો તેનુ માનસિક સ્વાસ્થ્ય નબળુ કહી શકાય.

- **વ્યકિતની સ્વાયતતા :–**

વ્યકિત સ્વાવલંબી રહે સ્વતંત્ર નિર્ણયો કરી શકે અને સામાજિક પર્યાવરણના સપર્કમાં આવતી બાબતોનો ઉકેલ લાવી શકે  તે માનસિક રીતે સ્વાસ્થ્ય છે તેમ કહી શકાય વારંવાર નાની–નાની બાબતોમા પણ અન્યની સલાહ પ્રમાણે વર્તવુ તે માનસિક અસ્વસ્થતાની નિશાની છે.

- **વ્યકિતના પોતાના જાત પ્રત્યેના મનોવલણો :–**

જે વ્યકિત પોતાની જાત વિશે તંદુરસ્ત વલણો ધરાવેછે પોતાની શકિત મર્યાદાઓનો ખ્યાલ રાખી વાસ્તવિકતાનો સ્વીકાર કરવાનુ વલણ ધરાવેછે તેનુ

માનસિક સ્વાસ્થ્ય ઉતમ હોય છે આવી વ્યકિત પોતાની જાત પ્રત્યે આત્મ ગૌરવ અનેઆત્મવિશ્વાસ હોય છે.તેથી તે પોતાના સાર્મથ્ય પ્રમાણેની જ આકાંક્ષાઓ રાખે છે માટે તેમા નિષ્ફળ જવાની શકયતા બહુ નહિવત હોવાથી જરૂરી માનસિક સંતોષ મળી રહે છે.

- **વાસ્તવિકતાનું પ્રત્યક્ષીકરણ કરવાની વ્યકિતની રીત :–**

યર્થાથ પ્રત્યક્ષીકરણ માનસિક સ્વાસ્થ્યનુ અગત્યનુ ઘટક છે પોતાની જરૂરીયાત પૂર્વગ્રહો મનોવલણોમાથી વિકૃત્ત ન થયેલા પ્રત્યક્ષીકરણને યથાર્થ પ્રત્યક્ષીકરણ કહે છે તેમા વ્યકિત પોતાની અપેક્ષાઓ અને વાસ્તવિક હકીકતો વચ્ચેનો ભેદ બરાબર સમજી શકે છે અને એને અનુરૂપ વર્તન કરે છે .

- **પર્યાવરણ પર પ્રભુત્વ અને નિયંત્રણ :–**

સામાજિક અને કુદરતી પર્યાવરણમાં વ્યકિતઓ અને વસ્તુઓ પર પ્રભુત્વ મેળવવાની શકિત એ માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરીછે તેમા પ્રેમ આપવાની અને પ્રાપ્ત કરવાની શકિત વ્યવસાય તથા રમતગમતમા સામર્થ્ય,સમસ્યા ઉકેલમા વ્યવસાય ક્ષમતા,આંતર વૈયકિતક સંબંધોમા યર્થાથતા અને પર્યાવરણ સાથે સમાયોજન સાધવાના સામર્થ્યનો સમાવેશ થાય છે.

## (B) સામાજિક પરિબળો :–

વિવિધ સંશોધનો દ્વારા માનસિક સ્વાસ્થ્ય પર સામાજિક પરિબળોની શી અસર પડે છે ને પણ તપાસાઇ છે તેમાના કેટલાકનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરી શકાય છે .

- **કુટુંબજીવન :–**

કોલમેનના મંતવ્ય પ્રમાણે કૌટુબિક જીવન રૂચિકર અને સ્થાયી સામજિક સંબંધો માટેના દ્વાર ખુલ્લા કરે છે જેનાથી એકલતાની લાગણી દુર થાય છે કુટુંબમા

વ્યકિતની,વિવિધ જરૂરીયાતો સંતોષાય છે આ જરૂરીયાતો જે મહંદઅંશે પૂર્ણ થઇ જવાય તો માનસિક સ્વસ્થતા જાળવી શકે છે અને જીવનની સમસ્યાઓમા સ્વસ્થતાવર ઉકેલ શોધી શકે છે જેનુ કુટુંબ જીવન ખરડાયેલુ કલેશ અને કંકાશથી ભરેલુ હોય તે અપવાદ રૂપે જ સ્વસ્થ રહી શકે.

- **પર્યાવરણ પર પ્રભુત્વ અને નિયંત્રણ :–**

ભાઇ ભાંડુ વચ્ચે વૈમનસ્ય ધરાવતા ન હોવા જોઇએ સારા સમાયોજીત સંબંધો,પરસ્પર સહકાર, સ્નેહ અને નિકટતાની ભાવના હોય તો વ્યકિતના માનસિક સ્વાસ્થ્ય સારૂ વિકાસ પામી શકે માતાપિતા વારંવાર સંતાનોની શકિતઓને અરસપર સરખાવ્યા કરે,કોઇ સંતાનોને ઉતારી પાડે.કોઇકને બિરદાવ્યા કરે તો પણ કયારેક સંતાનોનુ માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે

- **સ્વસ્થ સામાજિક સંબંધો :–**

વ્યકિત,સમાજના સભ્યો સાથેની આંતરક્રિયા દરમિયાન સ્વસ્થ સમાયોજીત સંબંધો સ્થાપી શકેને માનસિક સ્વાસ્થ્ય દરમિયાન સ્વાસ્થ્ય માટે જરૂરી છે અન્ય વ્યકિતઓના સારા–નરસા પાસાઓને વાસ્તવિક રીતે જોવાની શકિત ધરાવતા હોય અને અન્ય પાસેથી,કેવા વર્તનની અપેક્ષા રાખવી પોતે અન્ય સાથે કેવું વર્તન કરવુ તે દરેક બાબતો જે વ્યકિત,સ્વસ્થતાથી વિચારી શકે તેનું માનસિક સ્વાસ્થ્ય સારૂ હોય. વ્યકિતને પોતાની બુદ્ધિકક્ષા અતિયોગ્યતા અને લાયકાત પ્રમાણે વ્યવસાય મળે તો જ તે માનસિક સંતોષ ધરાવી શકે છે પોતાની શકિત પ્રદર્શન કરવાની બિલકુલ તક ન હોય અથવા શકિત,બહારનું વ્યવસાય કરવાનુ હોય તો વ્યકિત માનસિક રીતે ભાંગી પડે છે.આ ઉપરાંત સંસ્થાનુ વાતાવરણ,વ્યવસાયનુ સ્વરૂપ વગેરે પણ માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે.

## (C) વ્યકિતગત પરિબળો :–

ઘણા મનોવૈજ્ઞાનિકો એમ માને છે કે શારીરિક સ્વાસ્થ્ય બુદ્ધિકક્ષા વગેરે જેવા વ્યકિતગત,પરીબળો પણ કેટલેક અંશે માનસિક સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે જેમકે ખામી ભર્યા વારસો,માનસિક અને શારીરિક રોગો થવા,માટે ફળદ્રુપ વાતાવરણ પુરૂ પાડે છે અને વ્યકિતની, વિસંવાદિતા માટે સાનુકુળતા ઉભી કરે છે. સતત શારિરીક માંદગી,ધરાવતી વ્યકિત,સતત લાંબા સમય સુધી યોગ્ય માનસિક સ્વાસ્થ્ય જાળવી શકતી નથી મંદબુદ્ધિ ધરાવતી વ્યકિતઓનું માનસિક સ્વાસ્થ્ય પણ નિમ્નકક્ષાનું હોય છે તે જાણીતી હકીકત છે.

## 1.5 સમાયોજન અંગેની સમજૂતિ

કોલમેન નામના અમેરિકન મનોવૈજ્ઞાનિકે આધુનિક યુગને 'ચિંતાગ્રસ્તતાના યુગ' તરીકે ઓળખાવેલ છે. પોતાની જાતને અદ્યતન માનતો માનવી ચિંતા અને તંગદિલીમાં ચોતરફથી ઘેરાઈ ગયો છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા લોકો માનસિક સ્વાસ્થતા અને સમાયોજનનાં જ્ઞાનનાં અભાવે હતાશા અને સંઘર્ષ અનુભવી રહયા છે. પોતાના અને બીજાના વર્તનની સમજણના અભાવે આજે મનુષ્ય બેચેની અને ખિન્નતા અનુભવી રહ્યો છે. આધુનિક માનવીની મનોવૈજ્ઞાનિક સમસ્યાની સમજણ આપતા ફ્રોઈડ પછીના મહાન મનોવૈજ્ઞાનિક એરિકફ્રોમે 'શાણો સમાજ' નામના પુસ્તકમાં કહ્યું છે કે, આધુનિક માણસ પોતાની જાત સાથે કેમ વર્તવું અને અર્થપૂર્ણ રીતે સમય કેમ વ્યતિત કરવો એ જાણતો નથી.

માનવી સામાજિક પ્રાણી હોવાથી સમાજની વચ્ચે રહે છે અને મૃત્યુ પામે છે. જો માનવીને માટે સમાજમાં રહેવું અનિવાર્ય જ હોય તો, અન્ય સાથે સમાયોજિત થઈને જ રહેવું આવશ્યક છે. વર્તમાન જગતમાં જીવતો માનવી જીવનના વિવિધ ક્ષેત્રે કામ કરતાં જોવા મળે છે. કુટુંબ, શાળા, કોલેજ, ભિન્ન ભિન્ન વ્યવસાયો અને લગ્ન જીવન આમ અનેક ક્ષેત્રોમાંથી આજે માનવીને પસાર થવાનું હોય છે.

એ બધા ક્ષેત્રોમાંથી સરળતાપૂર્વક પસાર થવાનું મોટાભાગના લોકોના નસીબમાં લખાયું હોતું નથી. જુદા–જુદા કાર્યક્ષેત્રોમાં કામ કરતા કરતા માનસિક સંઘર્ષ અને હતાશા અનુભવવા પડે છે. માનવીને અનુભવ થાય છે, કે જિંદગી એ માત્ર ગુલાબની સેજ નથી, કાંટા પણ તેની સાથે જોડાયેલાં છે. પોતાના જીવનના પ્રશ્નો અને તેમાં સફળતા ન મળવાથી માનવી તનાવની અસર નીચે જીવે છે.

જીવનની આવી કસોટીની પળે વ્યકિતને જો કોઈ ઉગારી શકતું હોય તો, તે 'સમાયોજિત વ્યકિતત્વ' છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ વધેલા અમેરિકા જેવા દેશ પાસે રોટીની કોઈ અછત નથી. અતિશય સમૃધ્ધિમાં આળોટતા એ દેશનાં લોકો મોટા પ્રમાણમાં માનસિક બિમારી અનુભવે છે. અમેરિકામાં દર ૧૦ માણસોમાંથી એક માણસ માનસિક અસ્વસ્થતાનો કે મનોવિકૃતિનો ભોગ બનેલો જોવા મળે છે.

કોર્નેલ વિદ્યાપીઠના સમાજશાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓએ ૧૯૬૧ માં એક સેમ્પલ સર્વે કરેલો, જેમાં જણાયું છે, કે ફકત ૧૮.૫ ટકા અમેરિકનો જ માનસિક રીતે સ્વસ્થ રહી શકે તેવા છે. ૫૮.૧ ટકા અમેરિકનો સૌમ્ય મનોવિકૃતિથી પીડાય છે અને ૨૩.૪ ટકા અમેરિકનો તીવ્ર મનોવિકૃતિથી પીડાય છે. આના પરથી સમજી શકાશે, કે સાંપ્રત યુગ કેવી માનસિક કટોકટી ભરેલી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. અમેરિકાની હોસ્પિટલોમાં લગભગ અડધો અડધ પથારીઓ મનોવિકૃતિથી પીડાતા જોવા મળે છે. સંશોધનોમાંથી જાણવા મળ્યું છે કે અમેરિકામાં દર ૧૨ માણસોમાંથી સરેરાશ ૧ માણસ તેનાં જીવનકાળ દરમિયાન કયારેક પણ તીવ્ર મનોવિકૃતિનો ભોગ બને છે. કોલમેન જણાવે છે કે અમેરિકામાં ૮૦ લાખ માણસો હળવી મનોવિકૃતિથી પીડાય છે. પરિસ્થિતિ જયારે આટલી હદ સુધી વણસી ગઈ છે, ત્યારે આવી હળવી કે મંદ મનોવિકૃતિ તીવ્ર મનોવિકૃતિનું સ્વરૂપ ધારણ ન કરે તે માટે તેનું ઉગતા જ ડામી દેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આમ, જયારે કોઈ પણ વ્યકિત માનસિક રોગનો ભોગ બને છે, ત્યારે આવી માનસિક બિમારી કંઈ રાતોરાત વિકસી હોતી નથી. તેનાં મૂળ બાલ્યાવસ્થામાં પડેલા

હોય છે. આપણે જોઈએ છીએ, કે જયારે કોઈ વ્યકિત પોતાની જરૂરિયાત, લાગણી અને આવેગને કોઈ કારણોસર સંતોષી શકતી નથી ત્યારે, હતાશાનો અનુભવ કરે છે. આવા હતાશાના અનુભવો અને સંઘર્ષોને કારણે વ્યકિત માનસિક રોગનો ભોગ બને છે. આમ વ્યકિતમાં જન્મેલી હતાશાનું કારણ માનસિક સંઘર્ષ છે. સંઘર્ષ વ્યકિતને હતાશા તરફ દોરી જાય છે. હતાશ થયેલી વ્યકિત અવરોધો પર નિયંત્રણ કરવા શકિતમાન બનીશકતી નથી. વ્યકિતની જરૂરિયાત સંતોષવા માટે, કે સમસ્યાને હલ કરવા માટેનો પ્રયત્ન, જયારે કામયાબ નિવડતો નથી ત્યારે, વ્યકિત હતાશાની લાગણીનો અનુભવ કરે છે. હતાશા વ્યતિને ખલેલ પહોચાડે છે. જવાબદારીમાંથી છટકવા પ્રેરે છે અને બૌદ્ધિકતાને નુકશાન પહોંચાડે છે. જે વિઘ્ન કે પરિસ્થિતિને કારણે હતાશા ઉત્પન્ન થઈ હોય તેને દૂર કરવાનો જો પ્રયત્ન કરવામાં ન આવે તો, સંઘર્ષોનું પ્રમાણ વધતું જાય છે : માટે હતાશાને હલ કરવાનું કાર્ય વ્યકિતગત સમાયોજનનું એક મહત્વનું પાસું છે.

જયારે સમાયોજન અંગે ચર્ચા કરવામાં આવી છે ત્યારે એક બાબત મહત્વની છે, કે તરૂણોમાં હતાશા અને સમાયોજનમાં માતાના વ્યવસાયની શી અસર પડે છે. પશ્ચિમી જગતમાં વ્યવસાય કરતી સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે : પરંતુ, ભારતમાં પરંપરાગત રીતે સ્ત્રીઓનું કામ ઘરની ચાર દિવાલો વચ્ચે રહેલું છે. તેઓ મુખ્યત્વે ઘરકામ કરતી જોવા મળે છે, જયારે પુરૂષો પર કુટુંબના આર્થિક નિર્વાહની જવાબદારી ગણાય છેઃ પરંતુ હવે યુગ બદલાયો છે, આજે આપણે જોઈએ છીએ કે, સ્ત્રીઓ ઘરની ચાર દિવાલો છોડીને જુદા–જુદા વ્યવસાયોમાં જોડાય છે અને આર્થિક ઉપાર્જન કરીને પોતાના કુટુંબને મદદરૂપ થવા પ્રયત્ન કરે છે. આજે એવો વખત આવ્યો છે, કે માત્ર પુરૂષની આવક પર ઘરના બે છેડા આર્થિક રીતે ભેગા કરવામાં મુશ્કેલી પડે છે, એટલે તેમાં મદદરૂપ થવા માટે સ્ત્રીઓએ પણ કમાવા માટે બહાર હોય ત્યારે, તેની અસર તેમના તરૂણ સંતાનો પર થાય છે. સીગે (૧૯૯૭) માતાની વ્યાવસાયિક સ્થિતિના સંદર્ભમાં તરૂણોનાં કેટલાક વ્યકિતત્વલક્ષણોનો અભ્યાસ કર્યો હતો, તેમાં જોવા મળ્યુ કે, વ્યવસાયી માતાના તરૂણો આવેગિક રીતે વધારે સ્થિર, હિંમતવાળા,

સ્વતંત્રપણે નિર્ણય લેનાર અને અન્ય સાથે જલદીથી ભળી જનાર જોવા મળ્યાં, જયારે બિનવ્યવસાયી માતાનાં તરૂણો આવેગો અને લાગણીથી ભળી જનાર જોવા મળ્યાં, જયારે બિનવ્યવસાયી માતાનાં તરૂણો આવેગો અને લાગણીથી તરત ઉશ્કેરાઈ જનારા જોવા મળ્યાં, આમ માતા જયારે વ્યવસાય માટે બહાર જાય છે ત્યારે તરૂણ પર તેના આજુબાજુના વાતાવરણની અસર પણ થતી હોય છે.

મનોવિજ્ઞાન માનવવર્તનનો અભ્યાસ કરે છે, તેથી તેમાં થતાં સંશોધનો માનવવર્તનને વધુ સારી રીતે સમજવા માટે થતાં હોય છે. આજના યુગમાં વ્યકિતની શારીરિક કરતા માનસિક સમસ્યાઓ વધુ જોવા મળે છે. વધતી જતી આકાંક્ષાઓ અને જરૂરિયાતોને પ્રાપ્ત કરવા જતાં વ્યકિતએ હતાશા, ચિંતા અને વ્યકિતત્વ પર ઘેરી અસર કરે છે. જેના પરિણામે વ્યકિતત્વ–વિકૃતિની સ્થિતિ સર્જાયા છે.

## ❖ સમાયોજનનું સ્વરૂપ

વ્યકિતનાં જીવન દરમિયાન અનેક જરૂરિયાતો ઉદભવે છે. દરેક તબકકે જુદી–જુદી જરૂરીયાતો સંતોષવા માટેના પ્રયાસ કરતો હોય છે. આજ જરૂરિયાતને કારણે સમાયોજનની પ્રક્રિયા ઉદભવે છે, વ્યકિતએ વારંવાર સમાયોજન સાધવું પડે છે, દરેક વ્યકિતમાં દરેક પરિસ્થિતિમાં સમાયોજન સાધવાની બાબતમાં ભિન્નતા રહેલી છે. વ્યકિતગત સમાયોજન સરળ છે, પરંતુ સામાજિક સમાયોજન સાધવું થોડું મુશ્કેલ છે, તેવી રીતે સૌમ્ય મનોવિકૃતિ અને તીવ્ર મનોવિકૃતિ ધરાવતી વ્યકિતઓનું સમાયોજન સ્વાભાવિક રીતે જ સામાન્ય વ્યકિતઓથી જુદું તરી આવે છે.

## ❖ સમાયોજનનો અર્થ

સામાન્ય લોકો સમાયોજન શબ્દને વિવિધ અર્થોમાં પ્રયોજે છે. કેટલાક લોકો અનિવાર્ય પરિસ્થિતિના સ્વીકારને સમાયોજન કહે છે. બીજા કેટલાકના મતે સમાયોજન એટલે ટેવાઈ જઈને અનુકૂળ થઈ જવું. વળી, અમુક લોકો એમ માને છે, કે સમાયોજનમાં પોતાનો વિરોધ છોડી અન્યના અભિપ્રાયને સ્વીકારી લેવાનો હોય છે.

બોરિંગ લેંગફીલ્ડ (૧૯૯૦) ના મતે 'સમાયોજન એક એવી પ્રક્રિયા છે કે જેના વડે વ્યકિત પોતાની જરૂરિયાતો અને જરૂરિયાતો તૃપ્તિ પર અસર કરનાર સંજોગો વચ્ચે સમતુલા સ્થાપે છે' તો વળી કેટલાક એમ માને છે, કે સમાયોજન એટલે સમાધાનકારી વલણ દાખવવું. અમુક લોકો વળી એમ કહે છે કે, જે પ્રતિકૂળ છે. તેમાંથી કંઈક માર્ગ કાઢવો તેનું નામ સમાયોજન. સમાયોજનને જીવન જીવવાની કલા પણ કહેવામાં આવે છે.

સામાન્ય લોકોના ખ્યાલમાં 'સમાયોજન'વિશેના જે વિચારો છે તે મનોવૈજ્ઞાનિક પ્રકારના ન હોવાથી અસ્વીકાર્ય છે, 'સમાયોજન' વિશે મનોવૈજ્ઞાનિકો તેમજ સામાન્ય લોકોના ખ્યાલોનો મેળ મળતો નથી. જુદા–જુદા મનોવૈજ્ઞાનિકોએ સમાયોજનનાં ખ્યાલને જુદી–જુદી રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. સોરેન્સન અને મામ(૧૯૯૦) નામના મનોવૈજ્ઞાનિકો 'સમાયોજન' શબ્દનો અર્થ સમજાવતા કહે છે કે, ''સમાયોજન'' એમ જોવાની પ્રક્રિયા છે કે વ્યકિત અને તેના વાતાવરણ વચ્ચે સુમેળ છે કે કેમ? કહેવાનું તાત્પર્ય એ છે કે, ધ્યેય અને વાતાવરણ વચ્ચે જયારે સુમેળ સધાય ત્યારે તેને સમાયોજન કહેવામાં આવે છે.

સમાયોજન એ જીવનમાં ક્ષણેક્ષણમાંથી શીખવાની અને મેળવવાની બાબત છે. એ સમગ્ર જીવન સાથે સંકળાયેલી હોવાથી તેનો કદી અંત આવતો નથી. લેહનર અને કયુબ (૧૯૯૦) ના મતે આ સંદર્ભમાં સમાયોજન આંતરક્રિયાની એક પ્રક્રિયા છે. એ સતત પ્રક્રિયા હોવાથી કદી પૂરી થતી નથી. એ પ્રક્રિયામાં કાર્ય–કારણ સંબંધો જોઈ શકાય છે, એટલે કે, ફકત મૃતશરીર માટે સમાયોજનનો પ્રશ્ન હોતા નથી. વળી, મનુષ્યની એક જરૂરીયાત તૃપ્ત થાય તો તરત જ બીજી જરૂરિયાત જન્મે છે. દરેક ક્ષણે નવી જરૂરિયાત તૃપ્ત થાય તો તરત જ બીજી જરૂરિયાત જન્મે છે. દરેક ક્ષણે નવી જરૂરિયાત જન્મે છે. જેની તૃપ્તિ મેળવવા માટે સમાયોજનની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. માનવીની જરૂરીયાતો અનેક હોવાથી તેમને સંતોષવા માટે સતત સુસમાયોજિત થવુ પડે છે. દરેક જરૂરિયાત ચોકકસ પ્રકારની અનુકૂળ પરિસ્થિતિમાં જ સંતોષી શકાય છે, એ અનુભવમાંથી સમજાય છે. એટલા માટે આવી અનુકૂળ પરિસ્થિતિમાં જ સંતોષી

શકાય છે, એ અનુભવમાંથી સમજાય છે. એટલા માટે આવી અનુકૂળ પરિસ્થિતિમાં સતત પ્રયાસ કરવો પડે છે. અંત તે એ શોધમાં સફળ થાય છે. આમ વ્યકિત અને વાતાવરણ વચ્ચે સેતુબંધ રચાઈ જાય છે, સમાયોજનમાં કોઈની શરણાગતિ કરવાની નથી. પણ અન્ય લોકો સાથે સુમેળ સાધવાનો હોય છે.

સમાયોજન એટલે અનુરૂપતાં નહી. અનુરૂપતા એકપક્ષી ક્રિયા છે, જયારે સમાયોજન દ્વિપક્ષી ક્રિયા છે, અનુરૂપતામાં કોઈએ બીજાના અભિપ્રાયને તાબે થઈને તેને પોતાનો અંગત ખ્યાલ છોડીને અનુસરવાનું હોય છે, સમાયોજનમાં બંતે પક્ષોએ બાંધછોડ કરી સમાધાનકારી વલણ દાખવવાનું હોય છે. સમાયોજનમાં આંધળુ અનુકરણ કરીને સત્યને છેહ દેવાનો નથી હોતો.

સમાયોજનનો એવો અર્થ નથી થતો કે એમાં કોઈ કાયમને માટે સુખી જ હોય સમાયોજિત વ્યકિતને પણ અકસ્માતો નડે છે. બીમારી આવે છે, નૈસર્ગિક વિપત્તિઓ સતાવે છે, અને તેની આશાઓ, ઝંખનાઓ કે યોજનાઓ બીજા સાથે ટકરાય છે કયારેક તેને પણ નિરાશા થાય છે.

સમાયોજન સતત સુખની ખાતરી ન આપી શકતું હોય તો પણ, સુખ મેળવવા માટેનો એ જ રાજમાર્ગ છે, ઉત્તમ સાધન છે. આ બધી ચર્ચામાં સમાયોજનના કેટલાક લક્ષણો જોવા મળે છે. આ લક્ષણોની ચર્ચા નીચે મુજબ છે. જીવનમાં કોઈ જરૂરિયાત ન હોય તો સમાયોજન સાધવાની કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય નહી પરંતુ વ્યકિત તો જરૂરિયાતોનું પોટલું હોવાથી તેમને સંતોષવા માટે સમાયોજનની મદદ અનિવાર્ય રીતે લેવી પડે છે.

સમાયોજનમાં વ્યકિત પોતાની પ્રવૃતિનો પોતાના આસપાસના સામાજિક વાતાવરણ સાથે મેળ બેસાડવા માટે સક્રિય બનતી જોવા મળે છે.

સમાયોજન સાધવાની રીત દરેક વ્યકિતની એકસરખી હોતી નથી, તેમાં વ્યકિતગત તફાવત જોવા મળે છે.

એક રીતે જોઈએ તો સમાયોજનનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે તે જીવનનાં પ્રારંભથી માંડીને અંત સુધીના વ્યકિતના સમગ્ર સામાજિક સાંસ્કૃતિક વાતાવરણને આવરી લે છે. મનુષ્યનાં પ્રત્યેક વર્તન પાછળ કોઈ ધ્યેય રહેલું હોય છે. કોઈક પ્રકારની પ્રેરણાથી પ્રેરાઈને વ્યકિત વર્તન કરે છે. વર્તન પાછળ પડેલી પ્રેરણાને સંતોષવા માયે સમાયોજન સાધવામાં આવે છે, વ્યકિતના સમાયોજનમાં સાતત્ય જોવા મળે છે. કારણ કે તેની જરૂરિયાતોનો કદી અંત આવતો નથી, એટલે સમગ્ર જીવનપર્યત વ્યકિત પોતાની વિભિન્ન જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ રહે છે. આમ સમાયોજનનાં વિવિધક્ષેત્રો નીચે દર્શાવ્યા છે.

## ❖ સમાયોજનનાં ક્ષેત્રો

### (A) કૌટુંબિક સમાયોજન

બાળકનો જન્મ, ઉછેર અને વિકાસ કુટુંબમાં થાય છે કુટુંબમાં બાળકે માતા–પિતા, ભાઈ–ભાંડુઓ તથા સ્વજનો સાથે રહેવાનું હોય છે. બાળકની પ્રથમ આંતરક્રિયા માતા સાથે થતી હોવાથી તેના સામાજિક જીવનનો પ્રારંત માતા સાથેના સામાજિક સંબંધોથી થાય છે. બાળકે કુટુંબમાં પ્રથમ સમાયોજન માતા–પિતા સાથે સાધવુ પડે છે, દરેક બાળકે પોતપોતાના કુટુંબની જીવનપ્રણાલી સાથે સમાયોજિત થવાનું હોય છે, બાળકનું ઉત્તમ કૌટુંબિક સમાયોજન તેને કહેવાય કે, જેમાં બાળક આત્મનિર્ભર રહેતા શીખે છે અને ભાવિ પ્રશ્નોને ઉકેલવા માટેની કુનેહ અને સૂઝ સહજતાપૂર્વક પ્રાપ્ત કરે. બાળકના કૌટુંબિક સમાયોજનમાં વિક્ષેપ નાખતા પરિબળોમાં માતા–પિતા વચ્ચેના ઝઘડા કે છુટાછેડા, નબળી આર્થિક સ્થિતિ કે બેકારી, ભાઈ–ભાંડુઓ સાથેની સ્પર્ધા વગેરેનો સમાવેશ કરી શકાય.

**(B) શાળા કોલેજમાં સમાયોજન**

શાળાએ બાળક માટે તદ્દન નવો અનુભવ બની રહે છે, શાળામાં બાળકે શિક્ષકો, સહાધ્યાયીઓ અને અભ્યાસ સાથે સમાયોજન સાધવું પડે છે, શાળામાં બાળકને વિશાળ જગતનો અનુભવ થાય છે, જેથી સમાયોજનની ક્ષમતા વધારવાનું શીખે છે. શાળાના નિયમો અને ધારા ધોરણ સાથે પણ સમાયોજીત થવાની ફરજ પડે છે. ઘરમાં પાણી માંગતા દૂધ મળતું હોય તે પરિસ્થિતિ હવે શાળામાં રહી નથી. અહીં બાળકે સંયમી વર્તન કરતા શીખવું પડે છે. શાળાકીય જીવનમાંથી કોલેજ જીવનમાં વય વૃધ્ધિમાં જીવનમાં પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે વધુ વિસ્તૃત ક્ષેત્ર ખુલે છે. અહીં વ્યકિતએ માત્ર અભ્યાસ સાથે જ સમાયોજિત થવાનું નથી. પરંતુ તેની સાથે સાથે વિજાતિય આકર્ષણ, સાહસ, કંઈક કરી બતાવવાની વૃત્તિ તથા જવાબદારી સાથે સમાયોજન સાધવા તત્પર રહેવું પડે છે.

**(C) વ્યાવસાયિક સમાયોજન**

વ્યકિતનું શૈક્ષણિક જીવન પુરૂં થયા પછી કોઈને કોઈ વ્યવસાય અપનાવવા તરફ ગતિ કરવી પડે છે. વિદ્યાભ્યાસ કરતા નોકરી ધંધા સાથે કરવું પડતું સમાયોજન વિશિષ્ટ પ્રકારનું હોય છે. અભ્યાસકાળ દરમિયાનની સ્વતંત્રતા અને બિનજવાબદારીભર્યું વર્તન નોકરી ધંધામાં ચાલી શકતુ નથી, વ્યકિતએ અહીં વધુ સંયમપૂર્ણ સમાયોજિત વર્તન કરવાનું શીખવું પડે છે.

**(D) લગ્નજીવનમાં સમાયોજન**

જયારે વ્યકિત પોતાના વ્યવસાયમાં બરાબર ગોઠવાઈ જાય એટલે પોતાના જીવનના એક વધુ ગંભીર અને પ્રેમપૂર્ણ પ્રશ્ન તરફ દ્દષ્ટિ દોરવી પડે છે અને તે છે લગ્ન જીવનનો પ્રશ્ન. સુખી લગ્નજીવનમાં મહત્ત્યવની બાબત

જીવનસાથીની પસંદગી છે. પ્રતિકૂળ જીવનસાથી સમાયોજનનાં અનેક પ્રશ્નો ઉભા કરે છે. લગ્નજીવનનાં પ્રશ્નોમાં માત્ર પસંદગી, પ્રેમ, જાતીય સંતોષ, મતભેદ અને મનભેદ, બાળઉછેર વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

## (E) વૃધ્ધાવસ્થામાં સમાયોજન

સમાયોજનનો પ્રશ્ન એટલો વિશાળ છે કે તે શિશુ અવસ્થાથી માંડીને વૃધ્ધાવસ્થા સુધીના સમગ્ર જીવનવ્યવહારને આવરી લે છે. વૃધ્ધાવસ્થા સાથે વ્યકિતના વ્યાવસાયિક જીવનનો અંત આવે છે પરંતુ તેની સમક્ષ સમાયોજનનાં નવા પ્રશ્નો આવે છે, જેમાં જૂની નવી પેઢી વચ્ચેના સંઘર્ષ, આર્થિક મુશ્કેલીઓ, મનોશારીરિક શકિતઓની ક્ષીણતા, નિરૂપયોગી જીવન,કુટુંબમાં થતી અવહેલના, જૂના મિત્રોની ચિરવિદાય વગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે. વૃધ્ધાવસ્થામાં સમાયોજન સાધવાની ઉત્કંઠા સેવતી વ્યકિતએ તેની પૂર્વ તૈયારી યુવાવસ્થાથી જ કરવી જોઈએ, જેથી સુસમાયોજિત થઈ શકાય.

સમાયોજનનાં પાંચ વિશાળ ક્ષેત્રો જોયાં, પરંતુ એ ઉપરાંત પણ સમાયોજનનાં ક્ષેત્રો છે, જે નીચે મુજબ છે.

## (F) સામાજિક સમાયોજન

અન્ય વ્યકિતઓને સમજવામાં અને તેમની સાથેના વ્યવહારોમાં પરસ્પર લક્ષ્યો સિધ્ધ કરવામાં સામાજિક ક્ષમતા આવશ્યક છે, હેરી સ્ટેક સુલીવાનના (૧૯૭૫) ખ્યાલ મુજબ માનવશાસ્ત્રનાં આંપરહ્વા સંબંધ વચ્ચેનો સંબંધ આપણા સમાજની દ્રષ્ટિએ કહીએ તો એમ કહી શકાય કે 'સાથે મળીને જીવવાની પ્રક્રિયા' એટલે સામાજિક સમાયોજન. બધા સાથે મળીને જે આગળ વધે એવી વ્યકિત સુસમાયોજિત વ્યકિત ગણી શકાય. આવી વ્યકિત ખુશમિજાજી, સૌને પ્રભાવિત કરે એવી તેમજ સામાજિક રીતે કુશળ વ્યકિત ગણાય છે.

'માનવી એ એક સામાજિક પ્રાણી છે અને બીજાઓ સાથેના વ્યવહારમાં તેની સફળતા તેના જીવન અને તેના અનુભવોમાંથી મળતા સંતોષ પર મહત્ત્યવની અસર જન્માવે છે.' –જેમ્સ સી.કોલમેન (૧૯૯૬).

કોઈ એક વ્યકિતનું સમાયોજન તે મોટા ભાગે કોના સંપર્કમાં આવે છે તેના ઉપર આધારિશત છે. બીજા લોકો, કુટુંબો, સ્કૂલ, કામ કરવાનું સ્થળ, સમાજ–જ્ઞાતિ અને જનસમુદાય આ બધા પરિબળો વ્યકિતને આડકતરી રીતે અસરકર્તા છે, આમ કર્નર કમીશને (૧૯૭૫) કોમી હુલ્લડો ઉપર રિપોર્ટ આપતા જણાવે છે કે શેરીઓમાં થતા હુલ્લડો એ સામાજિક પરિસ્થિતિ અને હિંસા વચ્ચેનો સંબંધ છે. મેસેલ અને ફ્રોમ (૧૯૭૫) એ માને છેકે માનવ સ્વભાવ મૂળભૂત રીતે સારા હોય છે, પરંતુ ખામીયુકત સામાજીક પરિસ્થિતિઓ વ્યકિતને દુર્ભાગ્યપૂર્ણ વર્તન કે ઘટના તરફ દોરી જાય છે.

## (G) આવેગિક સમાયોજન

આપણા વ્યકિતગત અનુભવનું એક પરિણામ આવેગ છે. આપણે જીવનમાં વિવિધ સુખદ અને દુઃખદ લાગણીઓ તેમજ આનંદ, ઉત્સાહ, પ્રેમ, ભય, ક્રોધ, ચિંતા વગેરે આવેગો અનુભવીએ છીએ. જેમ્સ સી. કોલમેન (૧૯૯૬) ના મતે 'આવેગાત્મક સામર્થ્ય કે ક્ષમતા મુખ્યત્વે ચોકકસ સંદર્ભમાળખા પર અને સર્વતોમુખી પરિપકવતા પર આધાર રાખે છે.' આપણે આવેગોને અનુભવવાની સાથે સાથે આવેગોને સમજીને અભિવ્યકત કરીએ છીએ. વ્યકિતના આવેગાત્મક અનુભવ ભાતના મુખ્ય ત્રણ ઘટકો છે. (૧) લાગણીની તીવ્રતા (૨) લાગણીનો વ્યાપ (૩) વિધાયક કે નિષેધક ઉન્મુખતા.

કેટલાક લોકો તીવ્ર લાગણીઓ અને આવેગો અનુભવે છે, જયારે કેટલાક બંધારણીય મર્યાદા અથવા બચાવપ્રયુકિત શિક્ષણને લીધે એવી તીવ્ર લાગણીઓ

નથી અનુભવતા, મોટા ભાગના સામાન્ય માપસો આ બે અંતિમ કક્ષાની વચ્ચે હોય છે. વ્યકિત જો એમ માનતી હોય કે તેને જીવનમાં નિષેધક આવેગો અનુભવવા જ ન જોઈએ તો તેનો અભિગમ અવાસ્તવિક છેઃ પરંતુ, જો વ્યકિતના જીવનમાં નિષેધક આવેગોનું પ્રભુત્વ હોય તો તે વ્યકિત પ્રતિ અનુકૂલિત છે, તેમ કહી શકાય. ઘણીવાર વ્યકિત પોતાના આવેગોને છૂપાવવામાં સફળ થાય છે. થોડીક મિનિટો સમાજમાં હરતો ફરતો કે હસતો ચહેરો પોતાના આવેગોને છૂપાવીને બેઠો હોય છે પરંતુ, અમુક ક્ષણ વીત્યા બાદ આત્મહત્યા કરી બેસે છે. આ બધું પરિસ્થિતિ ઉપર એટલો આધાર રાખતી નથી જેટલો મનોવલણ અને મૂલ્યો ઉપર આધાર રાખે છે.

અમુક અંશે આવેગોની મુકત અભિવ્યકિત સારૂ સમાયોજન સૂચવે છે, આવેગોની વધુમાં વધુ મુકત અભિવ્યકિત બાળપણમાં છતી થતી હોય છે, નાના બાળકો પોતાની લાગણીઓ અને આવેગોને સ્વેચ્છાથી સ્વયંસ્ફૂરિત રીતે અભિવ્યકત કરે છે, જેમ જેમ વ્યકિતની વય વધે છે તેમ તેમ આવેગો ઉપર નિયંત્રણ મૂકતા શીખે છે અને સમાજસ્વીકૃતરીતે તેની અભિવ્યકિત કરે છે.

આમ, સમાયોજનનાં આવા વિવિધ ક્ષેત્રો છે, જેમાં આંતરવૈયકિતક સંબંધો, પ્રેરણા અથવા જરૂરિયાત, સંઘર્ષ અને હતાશા, બચાવપ્રયુકિતઓ, વર્તનની વિકૃતિઓ, માનસિક સ્વાસ્થ્ય અને માનસોપચાર. આમ એક રીતે જોઈએ તો સમાયોજનનાં ક્ષેત્રમાં માનવીના સમગ્ર જીવનનો સમાવેશ કરી શકાય

## 1.6 સમસ્યા કથન

માનવી અન્ય સજીવની જેમ જ વૃદ્ધિ પામે છે. વિકાસ થવા અથવા 'મોટા થવું' એ દરેક વ્યકિતની સામાન્ય તેમજ પાકૃતિક પ્રક્રિયા છે. દરેક જીવધારી અનેક પ્રકારના આંતરીક તેમજ બાહ્ય પરિવર્તનો વચ્ચેથી પસાર થાય છે જે ખૂબ સામાન્ય તેમજ

પ્રાકૃતિક વિકાસ પ્રક્રિયા છે. આ પ્રાકૃતિક ઘટનાઓમાંની એક એટલે તરૂણાવસ્થામાં પ્રવેશ.

તરૂણાવસ્થા અથવા કિશોરાવસ્થા અથવા 'એડોલેસન્સ' (Adolescence) લેટિન ભાષાના શબ્દ 'એડોલીસીમા' માંથી લેવામાં આવ્યો છે. મૂળ એડોલિમીસનો અર્થ વિકસીત થવુ છે. દરેક વ્યકિતમાં આ ઉંમરે વિકાસ થાય છે. પ્રત્યેક વ્યકિત વિકાસની પાંચ અવસ્થાઓ – શૌશવાસ્થા, બાલ્યાવસ્થા, તરૂણાવસ્થા, પુખ્તાવસ્થા અને વૃદ્ધાવસ્થામાંથી પસાર થાય છે. તરૂણાવસ્થા નો સમયગાળો ખૂબ ટૂંકો હોય છે. વિકાસવાદી મનોવૈજ્ઞાનિકો આશરે ૧૩ થી ૧૮ વર્ષની વ્યકિતને તરૂણ માને છે. WHO ના મત પ્રમાણે ૧૦ થી ૧૯ વર્ષની વયનો ગાળો એટલે તરૂણાવસ્થા. આમ, તરૂણાવસ્થાએ બાલ્યાવસ્થાથી પુખ્તતા વચ્ચેનો સમય છે. જેમાં શારીરિક, માનસિક, જાતિય અને સામાજિક પરિપકવતા આવે છે અને સ્વતંત્રતા.બૌદ્ધિક વિકાસ, ભાષા, વિકાસઘ જ્ઞાન તેમજ જિજ્ઞાસાના રૂપમાં ઝળકે છે. પ્રસ્તુત પંકિતમાં પણ તારૂણ્યનું પ્રતિબિંબ જોવા મળે છે.

" ઘટમાં ઘોડા થનગને આતમ વિંઝે પાંખ
અણદીઠેલી ભૌમ પર યૌવન માંડે આંખ"

તરૂણાવસ્થામાં વ્યકિતના વિકાસમાં કુટુંબ, સમાજ અને બીજા ઘણા માઘ્યમો ભાગ ભજવે છે. તરૂણોમાં સમાજમાં રહેવા માટે સામાજિક કૌશલ્યનો વિકાસ પણ અગત્યતા ભજવે છે. વ્યકિતની આદાન પ્રદાન ક્રિયાઓ, તેમના વ્યવહારો, સંબંધો વિકસાવવાની રીતો, તેમના વર્તનો પણ સમાજને અનુરૂપ અને માન્યતા ધરાવે એ પ્રકારના હોવા જરૂરી છે. આઘાતજનક ઘટનાઓ કે સમસ્યારૂપ પરિસ્થિતિઓમાં વ્યકિતનો સામનો કરવાની ક્ષમતા આ બધી બાબતો વ્યકિતના વિકાસમાં ઘણી અગત્યતા ધરાવે છે. જેટલો સામાજિક કૌશલ્યોનો વિકાસ સારો એટલું વ્યકિતનું જીવન સમાયોજન વાળું અને સંતોષપ્રદ બને છે. આ ઉપરાંત વ્યકિતના વિકાસમાં કુટુંબ પણ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. કુટુંબ એ સામાજિકરણના પાયાના એકમરૂપે ભાગ

ભજવે છે. માતા–પિતાના વલણોની બાળકોના વિકાસપર ખૂબ અસર પડે છે. માતા–પિતાના વર્તનો જોઈ તેનું અનુકરણ કરવાનું કાર્ય બાળક કરી દે અને એ પ્રમાણે વર્તન કરવા પ્રેરાય છે તેમના વિચારો, ટેવો, વર્તનભાતો આ બધાની અસર તેમના બાળકો પર પડે છે. ઘરના વાતાવરણમાં અતિશય કડકાઈ કે છૂટછાટ આપવામાં આવે તો એને કારણે તરૂણો અનેક પ્રકારની સમસ્યાઓનો ભોગ બને છે અને આ સમસ્યાઓ અપરાધી વર્તન તરફ પણ દોરવાઈ શકે છે.

માતા–પિતા કે કૌટુંબિક સહકાર કે પ્રેમથી વિમુખ તરૂણોમાં વધુ પડતા સંવેદનશીલ અને નકારાત્મક લાગણીશીલતા જેવા ઘટકો જોવા મળે છે. આવા તરૂણો અન્ય વ્યકિતઓ સાથે ઝડપથી સંબંધો બાંધી શકતા નથી. તરછોડાયેલા તરૂણો, શાળાકીય સમાયોજનમાં પણ ઘણી સમસ્યાઓ ઉભી કરે છે. માતા–પિતા કે કૌટુંબિક સહકાર કે પ્રેમથી વિમુખ તરૂણોમાં આધારીત પણું વધારે હોય છે. તેમનામાં હતાશાનું પ્રમાણ પણ વધારે હોય છે.

ઉપરોકતના બધા જ અભ્યાસોએ બાબતનું સુચન કરે છે. તરૂણો જયારે આવી પરિસ્થિતિમાં આવે છે. ત્યારે તેમનામાં કેટલાક એવા લક્ષણો વિકસે છે જે એમનાં વિકાસને રૂંધે છે. જેઓ સમસ્યાને મનોવૈજ્ઞાનિક સામાજિક અને વ્યવહારિક દ્રષ્ટિકોણનાં આધારે સમજવામાં આવે તો આ ક્ષેત્રમાં એક મહત્વનું પ્રદાન આપી શકાય . પ્રસ્તુત સંશોધનનો ઉદ્દેશ્ય તરૂણોનાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજનનો અભ્યાસ કરવાનો છે.

## A PSYCHOLOGICAL STUDY OFEMOTIONAL MATURITY MENTAL HEALTH AND ADJUSTMENT OF ADOLCENT STAYING IN ORTHAN HOUSE

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ

## 1.7 સંશોધનના હેતુઓ :–

સંશોધનને પોતાના ચોકકસ હેતુઓ હોય છે. પરંતુ સંશોધનનો મુખ્ય હેતું વૈજ્ઞાનિક પધ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉતરો શોધવાનો છે. તેનો મુખ્ય હેતુ સત્ય શોધવાનો છે. જે છુપાયેલું છે, ગુપ્ત છે, રહસ્ય છે, જેના વિષે લોકોને કંઇ જ ખબર નથી તેને શોધવાનો, તેનાથી લોકોને જ્ઞાન કરાવવાનો છે. આ બાબતને ઘ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ નકકી કરવામાં આવ્યા છે.

(૧) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો આવેગિક પરિપકવતા અંગેનો અભ્યાસ કરવો.

(૨) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ કરવો.

(૩) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો સમાયોજન અંગેનો અભ્યાસ કરવો.

(૪) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો જાતિના સંદર્ભમાં આવેગિક પરિપકવતા અંગેનો અભ્યાસ કરવો.

(૫) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો જાતિના સદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ કરવો.

(૬) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો જાતિના સંદર્ભમાં સમાયોજન અંગેનો અભ્યાસ કરવો.

(૭) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો ઉમરના સંદર્ભમાં આવેગિક પરિપકવતાનો અભ્યાસ કરવો.

(૮) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો ઉમરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ કરવો.

(૯) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના ઉમરના સંદર્ભમાં સમાયોજન અંગેનો અભ્યાસ કરવો.

(૧૦) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગિક પરિપકવતા અંગેનો અભ્યાસ કરવો.

(૧૧) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ કરવો.

(૧૨) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં સમાયોજન અંગેનો અભ્યાસ કરવો.

## 1.8 સંશોધનના પરિવર્ત્યો :–

સંશોધન સમસ્યામાં સમાયેલા વિવિધ પરિવર્ત્યોને ઓળખવા અને વ્યવહારિક વ્યાખ્યાયિત કરવા અને સંશોધનનું અગત્યનું સોપાન છે. જેમાં મૂલ્યની દ્રષ્ટિએ પરિવર્તન કરી શકાય તેવા ઘટકને પરિવર્ત્ય કહે છે. પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના પરિવર્ત્યોનો સંશોધન કરેલ છે.

### 1.8.1 સ્વતંત્ર પરિવર્ત્ય :–

સ્વતંત્ર પરિવર્ત્ય એ એક એવું ઘટક છે કે જેને સંશોધક નિરીક્ષણની હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નકકી કરવા માટે પસંદ કરે છે, લાગુ પાડે છે કે માપે છે પ્રસ્તુત સંશોધનના સ્વતંત્ર પરિવર્ત્યો નીચે પ્રમાણે છે

(૧) જાતિ

(૨) ઉંમર

(૩) શૈક્ષણિક લાયકાત

(૪) અનાથ આશ્રમનો વિસ્તાર

(૫) સામાજીક સંકોચ અનુભવે તે પ્રત્યેનું વલણ

(૬) એકલાપણા પ્રત્યેનું વલણ

(૭) તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે.

(૮) તરૂણોની વિકલાંગતા

(૯) તરૂણોને અનાથ આશ્રમની સવલતો પ્રત્યેનુ વલણ

(૧૦) તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિત કે અધિકારીઓ પ્રત્યેનુ વલણ.

(૧૧) તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેનુ વલણ.

(૧૨) તરૂણોને પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા માનવાનુ વલણ.

(૧૩) તરૂણોએ લોકોને મળવાનુ પસંદ સંદર્ભનુ વલણ.

(૧૪) તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યેનુ વલણ.

## 1.9.2 પરતંત્ર પરિવર્ત્ય :–

પરતંત્ર પરિવર્ત્યોએ એવા ઘટક છે કે જેનું સ્વતંત્ર પરિવર્ત્યોની અસર તપાસવા માટે નિરીક્ષણ કરવામાં આવે છે અને માપવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનના પરતંત્ર પરિવર્ત્યો છે.

(1) તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા

(2) તરૂણોનુ માનસિક સ્વાસ્થ્ય

(3) તરૂણોમાં તંદુરસ્તીનુ સમાયોજન

(4) તરૂણોમાં સામાજીક સમાયોજન

## 1.8.3 નિયંત્રિત પરિવર્ત્ય :–

સંશોધન દરમ્યાન સ્વતંત્ર પરિવર્ત્ય ઉપરાંત પરિણામ પર જેની અસર થવાની સંભાવના હોય તેને નિયંત્રિત કરવા પડે છે. તેને નિયંત્રિત કરે છે. તેથી તે અસરહિન બને છે. તેથી તેની અસર તટસ્થ થાય છે. સંશોધક સંશોધન કરે છે એ દરમ્યાન અન્ય પરિવર્ત્યોની અસર પરિણામ પર ન થાય તેની કાળજી રાખે છે. આવા

અન્ય પરિવર્ત્યોની અસર પરિણામ પર ન થાય તેની કાળજી રાખે છે. આવા અન્ય પરિવર્ત્યોને નિયંત્રિત પરિવર્ત્યો કહે છે. નિયંત્રિત પરિવર્ત્યએ સ્વતંત્ર પરિવર્ત્યના જેવા જ પરિવર્ત્ય છે કારણ કે તે પણ પરિણામ પર અસર કરી શકે છે.

## 1.9 ઉત્કલ્પનાની સમજૂતી :–

સંશોધનની શરૂઆત કરવા માટે વૈજ્ઞાનિકે કોઈ પ્રશ્ન રૂપે વિધાન રચવું પડે છે અને આવા પ્રશ્નને આધારે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પધ્ધતિઓના દ્વારા પ્રશ્નનો ઉતર મેળવવાનો છે. આવા વિધાનોને ઉત્કલ્પના અથવા પરિકલ્પના કહેવામાં આવે છે.

કોઈપણ સંશોધનકાર જીવનના ગમે તે પ્રશ્નને સમસ્યા તરીકે સ્વીકારતો નથી. સમસ્યા સામાન્ય રીતે જરૂરિયાતમાંથી જન્મે છે. જરૂરિયાતએ શોધખોળની જનની છે. એમ કહેવાય છે. અહી સમસ્યા જન્મે છે. ઉદભવે છે. આવી સમસ્યાના સંદર્ભમાં સમસ્યાનું પૃથ્થકરણ કરવાની જરૂર ઉભી થાય છે. સમસ્યા વિશાળ અને સંકુલ હોય તો તેને પેટા વિભાગોમાં વહેંચી સમસ્યાનું ક્ષેત્ર મર્યાદિત કરવું પડે છે.

ઉત્કલ્પના કોઈપણ સમસ્યાને વધુ સચોટ અને સ્પષ્ટ બનાવે છે. સમસ્યા ઉકેલની દિશાઓ આપે છે. સંશોધકને પ્રાપ્ત કરવાની માહિતી અને સમજ આપી તેનું યોગ્ય સંકલન કરે છે. સમસ્યા સાથે કઈ માહિતી સંકળાયેલી છે? તે કયાંથી કેવી રીતે પ્રાપ્ત થઈ શકે વગેરે પ્રશ્નોના ઉકેલ ઉત્કલ્પના આપે છે.

➢ **ઉત્કલ્પનાનો અર્થ :–**

1. "ઉત્કલ્પના એક એવું કામ ચલાઉ સામાન્યીકરણ છે જેની યથાર્થતા ચકાસવી હજુ બાકી છે." – **વુન્ડ બર્ગ**

2. "ઉત્કલ્પના એવું એક વિધાન છે જે ચોકકસ પણે સાચુ છે કે ખોટું તે આપણે જાણતા નથી પરતું તેની સત્યતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે." – **બ્લેક**

➢ **ઉત્કલ્પનાનું મૂલ્યાંકન :–**

કોઇ એક ઉત્કલ્પના અન્ય ઉત્કલ્પનાં કરતા ચઢિયાતી છે તેશી રીતે નકકી કરવું. રચેલી બે કે બે થી વધુ ઉત્કલ્પનાઓમાંથી વધુ પ્રમાણભૂત અને વિશ્વસનીય ઉત્કલ્પના નકકી કરવી એટલે ઉત્કલ્પનાનું મૂલ્યાંકન કરવુ.

જે ઉત્કલ્પના સમસ્યા સાથે વધુ સંગીન હોય અને વધુ તાકિક હોય તેનો સ્વીકાર કરવો જોઇએ એટલું જ નહિ ઉત્કલ્પના એવી હોવી જોઇએ જેને કસોટીની એરણ પર ચકાસી શકાય.

## ➢ ઉત્કલ્પનાનાં પ્રકારોઃ–

## ➢ શુન્ય ઉત્કલ્પના / નિષેધ ઉત્કલ્પના

આ પ્રકારની ઉત્કલ્પના તફાવત નથી એવો નિદેશ કરે છે. સામાન્ય રીતે આંકડાશાસ્ત્રીઓ આવી ઉત્કલ્પના વધુ પસંદ કરે છે.

## ➢ વિકલ્પ ઉત્કલ્પનાઃ–

જ્યારે ઉત્કલ્પના ખોટી ઠરે તો તેવા સંજોગોમાં સ્વીકારાતી ઉત્કલ્પનાને વિકલ્પ ઉત્કલ્પના કહેવાય છે.

## ➢ શાસ્ત્રીય ઉત્કલ્પનાઃ–

દા.ત ઉચ્ચ અને નિમ્ન તક શકિતવાળા વિદ્યાર્થીઓની ગણિત વિષયની સિદ્ધિમાં કોઇ તફાવત નહી હોય.

➢ વ્યવહારીક ઉત્કલ્પના:–

દા.ત. ડૉ.સી. સી.પાઠક રચિત સમુહ તક કસોટી પરના પ્રાપ્તાંકોનાં વિસ્તરણનાં ઉપલા ચતુર્થભાગ અને નિચલા ચતુર્થ ભાગના વિદ્યાથીઓ ગણિત વિષયની સિદ્ધિ પ્રાપ્તાંકો માં તફાવત નહી હોય.

➢ **દિશા સુચક અને બિન દિશા સુચક ઉત્કલ્પનાઓ:–**

જયારે કોઇ ઉત્કલ્પના અમુક જુથ કરતા અન્ય કોઇ જુથ અમુક ચોકકસ બાબતમાં ચઢીયાતુ છે.એમ દર્શાવે તો તે ઉત્કલ્પના દિશાસુચક ઉત્કલ્પના કહેવાય.

દા.ત. નવમાં ધોરણના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની લેખીત અભિવ્યકિતમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓના વધુ પ્રાપ્તાકો હતા.આ જ ઉત્કલ્પનાં બિન દિશાસુચક ઉત્કલ્પનામાં નીચે પ્રમાણે ફેરવી શકાય.

વિધાર્થીઓ અને વિધાર્થીની ઓના લેખિત અભિવ્યકિતના પ્રાપ્તાકોમાં કોઇ તફાવત નહિ હોય.

➢ ઉત્કલ્પનાનાં લક્ષણો:–

**ગુડ અને હટે આપ્યા છે.**

1. ખ્યાલાત્મક સ્પષ્ટતા
2. અનુભવ જન્ય સંદર્ભ
3. ચોકસાઇ પૂર્ણ
4. ઉપલબ્ધ પ્રયુકિતઓ સાથે સંબંધિત
5. પૂર્વ સ્થાપિત સિંઘ્ધાંત સાથે સંબંધિત

જે ઘટકોમાથી ઉત્કલ્પનાઓ જન્મે છે તે કે ઉદ્ભવે છે એ ઘટકોને ઉત્કલ્પનાનાં સ્ત્રોત તરીકે ઓળખી શકાય.બીજી રીતે ઉત્કલ્પનાનાં ઉદ્ભાવક તત્વોને તેના સ્ત્રોત કહેવાય.

**ગુડ અને હટે આપેલા સ્ત્રોત.**

1. સામાન્ય સંસ્કૃતિ
2. વિજ્ઞાન
3. ઉપમાં–જુદા જુદા વિજ્ઞાનોની ઘટનાઓ વચ્ચે સામ્ય જોવા મળે છે.
4. વિજ્ઞાન વ્યકિતગત અનુભવો

## ➢ ઉત્કલ્પનાનાં કાર્યો અથવા ઉપયોગિતાઃ–

1. સંશોધનને માર્ગદર્શન પુરૂ પાડે છે.
2. સંશોધકને અનુભવજન્ય ચકાસણી તરફ દોરે છે.
3. સંશોધનનું ક્ષેત્ર નિર્ધારિત કરે છે.
4. સંશોધનની પ્રયુકિત નિર્ધારિત કરે છે.
5. સિધ્ધાંતની રચનામાં મદદરૂપ થાય છે.
6. પ્રસ્થાપિત સિધ્ધાંતની ચકાસણી કરે છે.
7. સિધ્ધાંત અને સંશોધન વચ્ચેની કડી બને છે.

## ➢ ઉત્કલ્પનાની મર્યાદાઓઃ–

1. સંશોધનમાં બે પરિવર્ત્યો વચ્ચેનો સંબંધ અન્ય સંશોધનોમાં પણ જોવા મળશે કે નહી તેની કોઈ ખાતરી નથી.
2. જે ઉત્કલ્પનાઓ કેવળ સંશોધનના આધારે રચેલી હોય તેવી ઉત્કલ્પનાઓનો સિધ્ધાંત સાથે કોઈ સંબંધ ઉભો થતો નથી.

- ઉત્કલ્પનાની મર્યાદાઓનું નિવારણ :–

1. જે ઉત્કલ્પનાઓ અન્ય શોધોમાંથી ઉદ્‌ભવે છે તે અમુક અંશે પ્રથમ મર્યાદામાંથી મુકત રહે છે.
2. જે ઉત્કલ્પનાઓ કેવળ અગાઉના સંશોધનની શોધ પર નહી પણ વિસ્તૃત સિધ્ધાંત પર રચાયેલી હોય છે તેવી ઉત્કલ્પનનો બીજી મર્યાદાઓમાંથી મુકત રહે છે.

## 1.10 સંશોધન અંગેની ઉત્કલ્પનાઓ

(1) અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(2) અનાથ અશ્રમમાં રહેતા ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના તરૂણો અને ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના તરૂણોનાં અનવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(3) અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચત્તર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચત્તર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં આવેગાત્મક પરિપકવતાનાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(4) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના આવેગાત્મક પરિપકવતાનાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહી.

(5) અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજીક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(6) અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતા પણું અનભવે છે અને એકલતા પણુ અનુભવતા નથી. તેવા વલણ ધરાવતા તરૂણોના આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(7) અનાથ આશ્રમમાં પાંચ વર્ષથી નીચેના સમયગાળાથી રહેતા અને પાંચ વર્ષથી વધુ સમયગાળાથી રહેતા તરૂણોના આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાથક તફાવત નથી.

(8) અનાથ આશ્રમમાં રહેતા વિકલાંગ અને બિનવિકલાંગ તરૂણોના આવેગાત્મક પરિપકવતાનાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(9) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ પ્રત્યેના તરૂણોના વલણનનાં આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(10) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમમાં વડિલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારૂ વલણ અને સામાન્ય વલણના આવેગાત્મક પરિપકવાતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(11) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાને મળતી સિધ્ધી પ્રત્યે સંતોષ એ અસંતોષ પ્રત્યેના વલણનો આવેગાત્મક પરિપકવાતાના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(12) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા ગણે છે અને ચઢિયાતા ગણાતા નથી તેવા વલણના આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(13) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ કરતા નથી તેવા વલણને આવગાત્મક પરિપકવાતાના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(14) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના વ્યવહાર થી સંતોષ છે. અને અસંતોષ છે. તેવા વલણના આવેગાત્મક પરિપકવાતના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક જોવા મળશે નહી.

(15) અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(16) અનાથ અશ્રમમાં રહેતા ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના તરૂણો અને ૧૮ વર્ષથી ઉપરની ઉમરના તરૂણોનાં માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(17) અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં પરિપકવતાનાં માનસિક સ્વાસ્થ્ય મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(18) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના માનસિક સ્વાસ્થ્ય નાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહી.

(19) અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજીક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(20) અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતા પણું અનભવે છે અને એકલતાપણું અનુભવતા નથી. તેવા વલણ ધરાવતા તરૂણોના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(21) અનાથ આશ્રમમાં પાંચ વર્ષથી નીચેના સમયગાળાથી રહેતા અને પાંચ વર્ષથી વધુ  સમયગાળાથી રહેતા તરૂણોના માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે  કોઈ  સાર્થક તફાવત નથી.

(22) અનાથ આશ્રમમાં રહેતા વિકલાંગ અને બિનવિકલાંગ તરૂણોના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(23) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ પ્રત્યેના તરૂણોના વલણનના માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(24) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં અનાથ આશ્રમમાં વડિલ વ્યકિતઓ કે અધિકારીઓ   પ્રત્યેનું સારૂ વલણ અને સામાન્ય વલણના માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોના મધ્યકો  વચ્ચે  કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(25) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાને મળતી સિધ્ધી પ્રત્યે સંતોષ એ અસંતોષ પ્રત્યેના વલણનો માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક  તફાવત  જોવા મળશે નહી.

(26) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા ગણે છે અને ચઢિયાતા ગણાતા નથી તેવા વલણના માનસિક સ્વાસ્થ્ય ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(27) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ કરતાં નથી તેવા વલણનેમાનસિક સ્વાસ્થ્ય ના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(28) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના   વ્યવહારથી સંતોષ છે. અને અસંતોષ છે. તેવા વલણના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક જોોવા મળશે નહી.

(29) અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં તંદુરસ્તી સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(30) અનાથ અશ્રમમાં રહેતા ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના તરૂણો અને ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના તરૂણોનાં તંદુરસ્તી સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(31) અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં તંદુરસ્તી સમાયોજન નાં  પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(32) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના તંદુરસ્તી સમાયોજન નાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહી.

(33) અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજિક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા તંદુરસ્તી સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો  વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(34) અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતા પણું અનભવે છે અને એકલતાપણું અનુભવતા નથી. તેવા વલણ ધરાવતા તરૂણોના તંદુરસ્તી સમાયોજનના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(35) અનાથ આશ્રમમાં પાંચ વર્ષથી નીચેના સમયગાળાથી રહેતા અને પાંચ વર્ષથી વધુ  સમયગાળાથી રહેતા તરૂણોના તંદુરસ્તી સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે  કોઈ  સાર્થક તફાવત નથી.

(36) અનાથ આશ્રમમાં રહેતા વિકલાંગ અને બિનવિકલાંગ તરૂણોના તંદુરસ્તી સમાયોજનનાં પ્રાપ્તાંકોના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(37) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ પ્રત્યેના તરૂણોના વલણનનાં તંદુરસ્તી સમાયોજનના પ્રાપ્તાંકોનાં મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(38) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમમાં વડિલ વ્યકિતઓ કે અધિકારીઓ  પ્રત્યેનું સારૂ વલણ અને સામાન્ય વલણના તંદુરસ્તી સમાયોજન ના પ્રાપ્તાંકોના  મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(39) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાને મળતી સિઘ્ધી પ્રત્યે સંતોષ એઅસંતોષ પ્રત્યેના વલણનો ના પ્રાપ્તાંકોનો મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા તંદુરસ્તી સમાયોજન મળશે નહી.

(40) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા ગણેછે અને ચઢિયાતા ગણાતા નથી તેવા વલણના તંદુરસ્તી સમાયોજનના પ્રાપ્તાંકોના  મઘ્યકો  વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(41) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ  કરતા નથી તેવા વલણનેતંદુરસ્તી સમાયોજન ના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(42) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના વ્યવહારથી સંતોષ છે. અને અસંતોષ છે. તેવા વલણના તંદુરસ્તી સમાયોજન ના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક જોવા મળશે નહી.

(43) અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં સામાજિક સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(44) અનાથ અશ્રમમાં રહેતા ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના તરૂણો અને ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના તરૂણોનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(45) અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચત્તર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચત્તર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં સામાજીક સમાયોજનનાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

(46) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના સામાજિક સમાયોજન નાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહી.

(47) અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજિક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(48) અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતા પણું અનભવે છે અને એકલતાપણુ અનુભવતા નથી. તેવા વલણ ધરાવતા તરૂણોના સામાજીક સમાયોજન ના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(49) અનાથ આશ્રમમાં પાંચ વર્ષથી નીચેના સમયગાળાથી રહેતા અને પાંચ વર્ષથી વધુ સમયગાળાથી રહેતા તરૂણોના સામાજીક સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

(50) અનાથ આશ્રમમાં રહેતા વિકલાંગ અને બિનવિકલાંગ તરૂણોના સામાજીક સમાયોજન નાં પ્રાપ્તાંકોના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(51) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ પ્રત્યેના તરૂણોના વલણનનાં સામાજીક સમાયોજનના પ્રાપ્તાંકોનાં મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(52) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમમાં વડિલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારૂ વલણ અને સામાન્ય વલણના સામાજીક સમાયોજનના પ્રાપ્તાંકોના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(53) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાને મળતી સિઘ્ધી પ્રત્યે સંતોષ એઅસંતોષ પ્રત્યેના વલણનો સામાજીક સમાયોજનના પ્રાપ્તાંકોનો મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક  તફાવત જોવા મળશે નહી.

(54) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા ગણે છે અને ચઢિયાતા ગણાતા નથી તેવા વલણના સામાજીક સમાયોજન ના પ્રાપ્તાંકોના મઘ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(55) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ  કરતા નથી તેવા વલણને સામાજીક સમાયોજન ના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

(56) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના વ્યવહારથી સંતોષ છે. અને અસંતોષ છે. તેવા વલણના સામાજીક સમાયોજન ના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક જોવા મળશે નહી.

(57) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચે કોઈ સાર્થક સહ સંબંધ નથી.

(58) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહ સંબંધ નથી.

(59) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષીણક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

## 1.11 આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચેનો સંબંધ

આધુનિક સમયમાં સામાજીક વ્યવસ્થાઓની રીતભાત બદલાય રહી છે. એવા સમયમાં સમાજને અને તેમાં રહેલા વ્યકિતઓને સમજવાને ખૂબજ જરૂરી બન્યું છે. માનવીને સમજવા માટેનાં સમજવા માટેનાં ઉદેશ્યોથી વિવિધ સમાજવિજ્ઞાનો અસ્તિત્વમાં આવ્યા છે. આમ મનુષ્યના જીવનમાં બે પ્રકારની બાબતો મહત્વનો ભાગ ભજવે છે. (1) બાળકનું કૌટુંબિક જીવનશૈલી (2) વ્યવસાય કે નોકરી ધંધાની પસંદગી મોટા ભાગની વ્યકિતઓ અભ્યાસ પૂરો કરી નોકરી ધંધામાં પ્રવેશે છે. વ્યકિતઓ પોતાનાં એક કુટુંબનાં નિર્વાણ માટે કોઈને કોઈ વ્યવસાયમાં દાખલ થવું પડે છે. વ્યકિતની આવેગાત્મક પરિપકવતાનાં સંદર્ભમાં પોતે સક્ષમ હોય તો તેઓનાં સામાજીક, કૌટુંબિક અને વ્યવહારિક સમન્વયએ યોગ્ય રીતે વિકાસ પામે છે. જેમાં વ્યકિતએ પોતાનાં કોઈપણ વ્યવહારિક કાર્યમાં ભાગ્યેજ કોઈ જ વ્યકિતઓ હશે કે જે એક અથવા બિન વ્યવસાયમાં દાખલ થયા વિનાં પોતાનો નિર્વાહ ચલાવી શકતી હોય વ્યકિતની શારીરિક માનસિક ક્ષમતાને તેમજ તેની અભિરૂચી મુજબ પોતાના કાર્યશૈલીમાં ઉપયોગ કરે તો તેમનો વ્યવહારિક અને સ્વવિકાસ ઉચ્ચકક્ષાનો જોવા મળી શકે છે. આમ બાલ્યવસ્થાથી લઈને તરૂણાવસ્થા સુધીનાં વ્યકિતનાં જો સામાજીક અને કૌટુંબિક પાસાઓને લઈને તેના વ્યકિતત્વ વિકાસ થાય છે તેમાં આવેગાત્મક પરિપકવતા એ ખુબજ મહત્વનો ભાગ ભજવે છે.

તરૂણાવસ્થા એ એવો સમય છે જેમાં શારીરિક, માનસિક અને સામાજીક પરિપકવતા આવે છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં ઓછાવત્તા પ્રમાણમાં માનસિક સ્વાસ્થ્યને સુદઢ બનાવનાર સ્ત્રોતો પ્રવર્તમાન છે. માનસિક સ્વાસ્થ્ય રહિત જીવન અશકય છે. વ્યકિતનાં વ્યવહારમાં થોડા ઘણા પ્રમાણમાં માનસીક રીતે દબાણ અને કાર્યરત રહે તો તેમની કાર્યશૈલીએ યોગ્ય રીતે

ચાલી શકે છે. પરંતુ આ માનસિક દબાણરૂપે સાધારણ કરતા વધી જાય તો તેની અસર વ્યવહારમાં પ્રગટ થાય છે અને તેમની ક્ષમતા ઘટે છે. દરેક ક્ષેત્રમાં માનસીક સ્વાસ્થ્ય જન્માવનાર આગવા સ્ત્રોતો હોય છે. સામાજીક જીવન તેમના વ્યવસાયિક ક્ષેત્રમાં માનસિક સ્વાસ્થ્યને અસર કેટલી ઘણી બાબતો હોય છે. જેમાં મુખ્યત્વે કૌટુંમ્બિક વાતાવરણ, શાળાકીય જીવન, માતા–પિતાની લાગણી, અન્ય સામાજીક–કૌટુંબિક સંબંધો તેમજ વ્યવસાયિક સંબંધો વગેરે વ્યકિતના માનસિક સ્વાસ્થ્યને સવિશેષ અસર પહોંચાડે છે. આ ઉપરાંત જરૂરી સાધન સામગ્રી ભૌગોલિક વાતાવરણ વગેરે જેવી ઘણી બાબતો વધતા ઓછા પ્રમાણમાં વ્યકિતના આવેગાત્મક પરિપકવતા, માનસીક સ્વાસ્થ્ય તેમજ સમાયોજન વગેરેને અસર કરે છે. આમ વ્યકિતનાં સુગ્રથિત વ્યકિતત્વવિકાસ માટે માનસીક સ્વાસ્થ્ય સુદઢ રહેવું જરૂરી છે.

આ અંગે જુદા–જુદા સંશોધનો દ્વારા ઉપરોકત પરિબળ આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કયો છે. જેમાં શર્મા (૧૯૯૭)નાં સંશોધનમાં આવેગાત્મક પરિપકવતા વધારે પ્રમાણમાં તેમ માનસીક સ્વાસ્થ્યની સમસ્યાઓ વધુ અને સમાયોજન ઓછો જોવા મળે છે. તેમજ પટનાયક (૧૯૯૫)નાં સંશોધનમાં માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળ્યો તેમજ વિવિધ મનોવૈજ્ઞાનિક સંશોધનોને આધારે કહી શકાય કે આવેગાત્મક પરિપકવતા એ એક મનોવલણ નથી અને વલણ સંગઠનમાંથી ઉત્પન્ન જટિલ માનસિક સ્થિતિ છે. સમાયોજન કોઈપણ લાગણીની જેમ સંતોષ ભાવાત્મક આવેગાત્મક પ્રક્રિયા ભાવ એ ગમા–અણગમાની લાગણી જે સ્પર્શે છે. તેથી માનસિક સ્વાસ્થ્ય એ વ્યકિતને તેના વ્યવહારમાંથી કેટલો વ્યવહારમાંથી ઉત્પન્ન થતી વિધાયક માનસીક સ્થિતી છે. આમ વિવિધ મનોવૈજ્ઞાનિક સંશોધનોને આધારે સ્પષ્ટ થઈ શકે છે. આવેગાત્મક પરિપકવતાની માનસીક સ્વાસ્થ્ય પર અસર જન્માવી શકે છે.

આમ વ્યકિતનાં પોતાનાં બાલ્યકાળથી લઈને તરૂણાવસ્થા દરમ્યાન સામાજીક–કૌટુંબિક અને વ્યવહારિક વિકાસ માટે આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન એ એકબીજા સાથે અંશત રીતે સમાંતરરૂપથી અસરકતા હોય છે. તેથી પ્રસ્તુત સંશોધનમાં

આવેગાત્મક પરિપકવતા, માનસીક સ્વાસ્થ્ય અને સમાયોજન એમ ત્રણેય ઘટકો વચ્ચે વિધાયક સંબંધ જોઈ શકાય છે.

## 1.12 સંશોધનનાં સાધનોની સામાન્ય સમજુતી

### (1) વ્યકિતગત માહિતીપત્રક :

સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને તરૂણોની ઉંમર, જાતિ, શૈક્ષણિક લાયકાત, સંસ્થામાં કયા વિશિષ્ટ પરીબળને કારણે પ્રવેશ મેળવેલ વગેરે જેવા પરિબળો અંગે માહિતી એકત્રિત કરવામાં આવી છે.

### (2) આવેગાત્મક પરિપકવતા તુલા :

રચયતા : ડો. ગંધર્વ જોષી અને ભટ્ટ રચના

વિધાન : ૪૦

અર્થઘટન : મેન્યુઅલ પ્રમાણે અર્થઘટન કરવામાં આવશે.

વિશ્વસનીયતા : ૦.૭૫

### (2) માનસિક સ્વાસ્થ્ય તુલા :

રચયતા : ડો. ડી. જે. ભટ્ટ અને શ્રી ગીડા

વિધાન : ૪૦

અર્થઘટન : મેન્યુઅલ પ્રમાણે

વિશ્વસનીયતા : ૦.૯૦

### (3) સમાયોજન તુલા :

બેલ દ્વારા રચિત સમાયોજન શોધનિકા દ્વારા અપરાધીઓનાં સમાયોજનનું માપન કરવામાં આવશે. જેના દ્વારા પાંચ પ્રકારનો સમાયોજનોનું માપન કરી શકાય છે આ કચેરી પણ વિશ્વકક્ષાએ પ્રસિદ્ધિ પામેલી છે. જે ઉંચી વિશ્વસનિયતા અને યથાર્થતા ધરાવે છે.

## 1.13 આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ :

પ્રસ્તુત સંશોધન કાર્યમાં એકત્રિત કરેલી માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવાથી ચોક્કસ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આંકડાકીય ગણતરીમાં સંપૂર્ણ સંશોધનનો ચિતાર પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને મેળવેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે નીચે મુજબની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(1) ટકાવારી

(2) મધ્યક

(3) પ્રમાણ વિચલન

(4) 'T' કસોટી

(5) 'r' સહસંબંધની પ્રયુક્તિ

### અધ્યયનનાં પ્રકરણોનું આયોજન :

સમગ્ર સંશોધન અહેવાલને પાંચ પ્રકરણમાં વિભાજન કરવામાં આવશે જેનું સંયોજન નીચે મુજબ રહેશે.

### પ્રકરણ–1 પ્રસ્તાવના :

આ પ્રકરણમાં પ્રસ્તાવના, અભ્યાસમાં સમાવિષ્ટ શબ્દોની સંકલ્પના, સંબંધિત સાહિત્ય, અધ્યયનના હેતુઓ, ઉત્કલ્પનાઓ અને પ્રકરણ સંયોજન જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રકરણ–2 પૂર્વસંશોધન :**

આ પ્રકરણમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજનનાં પૂર્વ થયેલા અભ્યાસોનો ઉલ્લેખ કરવામાં આવશે. અનાથ આશ્રમમાં રહેતા તરૂણો પર થયેલા વિવિધ સંશોધનને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

**પ્રકરણ–3 સંશોધન પ્રક્રિયા :**

આ પ્રકરણમાં સંશોધન પ્રક્રિયાનો સમાવેશ કરવામાં આવશે. જેમાં નિદર્શ, સાધનો, માહિતી એકત્રીકરણ પ્રક્રિયા,વિશ્લેષણ પદ્ધતિઓ જેવી બાબતો સમાવવામાં આવેલ છે

**પ્રકરણ–4 સંશોધનનું પૃથ્થકરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા :**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધન માટે એકત્ર કરવામાં આવેલી માહિતી સમજી શકાય એ રીતે વિવિધ કોઠાઓના સ્વરૂપમાં ટકાવારી રજૂ કરવામાં આવી છે. જેમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન પર વ્યકિતગત પરિવર્ત્ય જાતિ, શૈક્ષણિક લાયકાત, ઉંમર, રહેઠાણનો વિસ્તાર જેવા ઘટકોની અસર જાણવા માટે 2x2x2 ફેકટોરીયલ ડીઝાઈન કોષ્ટક દ્વારા રજૂઆત પરિણામ ચર્ચા તેમજ સ્વતંત્ર પરિવર્ત્યોનું 'ટી' કસોટીનું પૃથ્થકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા કરવામાં આવેલ છે. તેમજ ઘટકો વચ્ચેનો સહસંબંધનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**પ્રકરણ–5 સંશોધન સારાંશ :**

અધ્યયનના તારણો 'ટી' કસોટીના પૃથ્થકરણના આધારે મળેલા તારણો, વિચરણ પૃથ્થકરણના આધારે મળેલા તારણો, સંશોધન તારણોને આધારે સૂચનો, ભલામણો અને આગળ સંશોધન માટેના ભાવિ સૂચનો પણ રજૂ કરેલ છે.

અંતે સંદર્ભ સૂચિ, માહિતી એકત્રીકરણ માટેનાં સંશોધનનાં સાધનોના નમૂના રજૂ કરવામાં આવ્યા છે.

અંતમાં સંદર્ભસૂચિ, પ્રશ્નાવલીનાં નમૂના, ફોટોગ્રાફસ જેવી બાબતો રજા કરવામાં આવશે.

## 1.14 પ્રસ્તુત અભ્યાસની અગત્યતા :

૨૧મી સદીમાં અભ્યાસ કરતાં તરૂણો સમક્ષ અનેક પ્રકારની સમસ્યાઓ નવા સ્વરૂપે બહાર આવી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં અભ્યાસ કરતા તરૂણો અનેક પ્રકારની શૈક્ષણિક, સામાજિક અને કૌટુંબિક સમસ્યા અનુભવે છે ત્યારે તરૂણોના માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સમાયોજન, આવેગાત્મક પરિપકવતા, આવેગિક સમાયોજનની સમસ્યા વિશે માહિતી મેળવવાનું નક્કી કર્યું છે. જે ભવિષ્યમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાના સંચાલકો, શિક્ષણ બોર્ડના અધિકારીઓ, અનાથ આશ્રમના સંચાલકો તેમજ રાજય સરકારના સમાજ સુરક્ષા વિભાગ તેમજ સમાજ કલ્યાણ વિભાગ વગેરેને આ મનોવૈજ્ઞાનિક વિષયક સંશોધન ઉપયોગી બનશે.

પ્રસ્તુત અભ્યાસ દ્વારા અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતાને જાણી શકાશે. તેમનું સમાયોજન ક્ષમતા અને માનસિક સ્વાસ્થ્યને અસર કરતાં પ્રશ્નોને ઉકેલ મેળવવા માટે દિશાસૂચક બની રહેશે. આવેગાત્મક પરિપકવતાને અસર કરતાં ઘટકોને જાણી શકાશે. ઉપરાંત અભ્યાસક્રમ, ઘડતર તેમજ વિષયલક્ષી સંશોધનના આયોજન માટે તેમજ પ્રત્યક્ષ વ્યકિતને સલાહ સૂચન માટે પ્રસ્તુત અભ્યાસમાંથી મળી રહેશે. તરૂણોનો કેવા પ્રકારનું શિક્ષણ આપવું, પરિપકવતા સંદર્ભ તેમજ સમાયોજન સંદર્ભેનું માર્ગદર્શન પણ મળી રહેશે.

આજનું શૈક્ષણિક અને સામાજિક વાતાવરણ તરૂણો માટે ખૂબ જ અગત્યનું છે. તેમાં પણ જે તરૂણો અનાથાશ્રમમાં રહીને તેમનો વિકાસ થાય છે તેના વ્યક્તિત્વમાં પણ અમુક અંશે સામાજિક સંદર્ભે અચોક્કસ વર્તન જોવા મળે છે. જેવી અવનવી બાબતોએ અનાથાશ્રમમાં રહેતા તરૂણોના આવેગાત્મક અને માનસિક વિકાસ તેમજ સામાજિક સમાયોજન કેળવવામાં પણ મદદરૂપ થતા હોય છે. જેમાં આ અગત્યનું સંશોધન એ યોગ્ય માર્ગદર્શન આપવા પ્રેરી શકે છે. તેમજ ભાવિ સંશોધકો માટે માર્ગદર્શક બની રહેશે.

ટૂંકમાં પ્રસ્તુત સંશોધન ઘણા પાસાઓને સ્પર્શતુ હોવાથી ખૂબ જ મહત્વ ધરાવે છે.

# પ્રકરણ-2

# સંશોધન સાહિત્યની સમીક્ષા

## 2.1 પ્રાસ્તાવિક :

અગ્રવાલ જણાવે છે કે " સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધનને વ્યાખ્યાયિત કરવા માટે અને તેની મર્યાદા બાંધવા માટે ખૂબ જ જરૂરી છે "

કોઈ પણ સંશોધક સૂક્ષ્મમાં સૂક્ષ્મ અભ્યાસ કરવાનું વલણ ધરાવે છે. તો તેવો અભ્યાસ કરવાને પૂરી શકયતા રહેલી છે.

કોઈ પણ સંશોધકને સંદર્ભ સાહિત્યની અનિવાર્યતા એ હેતુથી ઉભી થાય છે કે આ સાહિત્ય દ્વારા તેને પોતાના અભ્યાસનો સ્પષ્ટ ચિતાર મળી રહે છે અને તેથી જ વ્યવસાય શરૂ કરતા પહેલાં પોતાના વિષયને લગતા વ્યવસાયોથી પરિચિત થવું આશીર્વાદ રૂપ થઈ પડે છે. કોઈ પણ સંશોધનની શરૂઆત તેના સંદર્ભ સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં તપાસવાથી આપણને જે તે વિષયમાં થયેલા સંશોધન અંગે માહિતી મળે છે. જેને સંશોધનની પરિભાષામાં "REVIEW OF RESEARCH" કહેવામાં આવે છે. દેસાઈ અને દેસાઈ જણાવે છે કે **"કોઈ પણ સંશોધન શૂન્યાવકાશમાં થતું નથી. બીજાની સંકલ્પનાઓ અને સિદ્ધાંતો આપણા માટે માર્ગદર્શક બને છે. "**

સંશોધક જે વિસ્તારમાં આ વ્યવસાય કરે છે તે વિસ્તારમાં આવા કોઈ સંશોધન થયા હોય તો બિનજરૂરી પુનરાવર્તન ન થાય તેની ખબર પડે છે. વળી, પુનરાવર્તનની જરૂર છે કે કેમ તેનો પણ ખ્યાલ આવે છે. વળી, આવા સંશોધનને લગતા વ્યવસાયમાં કોઈ ક્ષતિ રહેલી હોય તેને શોધી તે નિવારવા શકય પ્રયાસ હાથ ધરાય છે. પ્રયોજકને પોતાના અભ્યાસની દરેક પ્રક્રિયા માટે માર્ગદર્શન મળી રહે છે.

પૂર્વ થયેલાં સંશોધનનો સંશોધકને ઘણી રીતે માર્ગદર્શક થઈ પડે છે અને ઘણી રીતે સહાયક બને છે. સંશોધનમાં ઝુકાવનારા શીખાઉ સંશોધકો ઘણીવાર એવા ભ્રમમાં મહાલતા હોય છે કે પોતે તદ્દન મૌલિક અને અત્યંત અપૂર્વ કહેવાય તેવું સંશોધન વ્યવસાય હાથ ધરી રહયા છે. પણ સંદર્ભ સાહિત્યની તપાસ તેમની ભ્રમણાને ભાંગે છે. વળી, સાહિત્યની તપાસ નવા સંશોધકને સંશોધનની વિધિઓ

પ્રક્રિયાઓ અને પાસાઓ અંગે પ્રત્યક્ષ શિક્ષણ આપે છે. સંશોધનશાસ્ત્રની કેવળ બૌદ્ધિક માહિતી સંશોધન ઉપાડવા માટે પૂરતી માર્ગદર્શક બનતી નથી. સંશોધકે કયા પગલા ભરવાના હોય છે કેવી રીતે કેટલા તબકકે લેવા પડે છે ઘણી બધી સંભવ્ય ક્ષતિઓ અને ભૂલોથી સાવધ રહેવું પડે છે. તે બધાની ઉદાહરણ સહિત સમજ અને પ્રતિતી તેને પૂર્વ થયેલાં સંશોધનનોની સમીક્ષામાંથી સાંપડે છે.

પૂર્વ થયેલા સંશોધનની તપાસ સંબંધ પરિબળો અસંખ્ય પરિવર્ત્યો અને સંશોધનના વિશિષ્ટ તારણો પુષ્કળ માહિતી પૂરી પાડે છે. ઘણી વાર સંશોધનની વ્યાખ્યા એવી કરવામાં આવે છે કે "FILL IN THE GAPS IN PREVIOUS KNOW- LEDGE" એટલે એ દ્રષ્ટિએ પણ સંશોધકે કયા પરિવર્ત્યો વિષે કામ કરવું જરૂરી છે તેની જાણ પૂર્વ તપાસ તેને આપી શકે છે. ઘણીવાર આ સંબંધ સાહિત્યની સમીક્ષા સંશોધકને કયા પરિવર્ત્યો અંગે કેટલું ગહન અધ્યયન જરૂરી છે. તેની માહિતી વ્યકિતને વધુ ગહન અને અધતન, સઘન, અભ્યાસ માટેની પ્રેરણા પૂરી પાડે છે.

વળી,મનમાં ઉગતાની સાથે વિના ખર્ચે કોઈ સંશોધન થતું નથી તેના માટે શકિત નાણા અને સમયને ખર્ચવા પડે છે. એટલે એ ખર્ચ વ્યર્થ ન જાય તેની સંશોધકે કાળજી રાખવી પડે છે. પૂર્વ સાહિત્યની તપાસ કર્યા વિના સંશોધનમાં ઝૂકાવનારનું કાર્ય નિરર્થક પૂરવાર થાય છે એટલા માટે એવું નિરર્થક પુનરાવર્તન ટાળવા માટે પણ સંશોધકે પૂર્વ સંશોધનની તપાસ કરવી આવશ્યક છે.

સંશોધનકર્તા જયારે તેના સંશોધન વિષયનાં સંદર્ભ સાહિત્યનું અધ્યયન કરે છે. ત્યારે તેને તે વિષયમાં થયેલા સંશોધન વિષે માહિતી મળે છે. આ રીતે સંદર્ભ સાહિત્યનું વાંચન કરવાથી પોતાને સંશોધન કઈ દિશામાં કરવું તેનો ખ્યાલ આવે છે.

જે વિષય અંગે અગાઉ કંઈક ખેડાણ થયું હોય તેમાંથી જ નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય કોઈ પણ સંશોધન શૂન્યમાંથી શરૂ થતું નથી. પરંતુ ભૂતકાળમાં થયેલા સંશોધનોમાંથી જ ઉદ્‌ભવે છે. પૂર્વમાં થયેલા સંશોધનમાંથી જ ઉદ્‌ભવે છે. પૂર્વના

સંશોધનનું વાંચન, મનન અને ચિંતન એટલા માટે જરૂરી છે કે પ્રસ્તુત સંશોધનની વિભાવનાઓ અંગે અન્ય વિદ્વાનોએ આપેલા ખ્યાલની સ્પષ્ટતા થાય તેથી સંશોધકને પણ આ વિશેનો ખ્યાલ શુદ્ધ થઈને દ્રઢ બને તેથી તે વધારે ચોકસાઈથી સંશોધન કરી શકે.

કોઈ પણ સંશોધકને સંદર્ભ સાહિત્યની અનિવાર્યતા એ હેતુથી ઉભી થાય છે કે આ સાહિત્ય દ્વારા તેને પોતાના અભ્યાસનો સ્પષ્ટ ચિતાર મળી રહે છે અને તેથી કાર્ય શરૂ કરતા પહેલા પોતાના વિષયને લગતા કાર્યોથી પરિચિત થવું આર્શીવાદ રૂપ થઈ પડે છે.

## 2.2 પૂર્વ સંશોધનનાં મહત્વ સંદર્ભનું વિવેચન :

### 2.2.1પૂર્વ સંશોધનનો પડકાર :

વ્યકિતના નિર્ણયો ઉપર પણ સામાજિક ધોરણોનો પ્રભાવ પડયો હોય છે. **શેરિફ**ના એવુ તારણ આવ્યું હતું કે વ્યકિત જૂથમાં હોય ત્યારે તેના નિર્ણયો પર જૂથની અસર પડે છે. એશ. નામના સંશોધકને પડકાર ફેંકયો એશે સંશોધનની પ્રાયોગિક પ્રક્રિયા વિશે શુકા કરી તેણે જણાવ્યું કે પ્રસ્તૃત પ્રયોગમાં જૂથ કરતા પ્રયોગ વિધિની અસર હતી શેરીફના પ્રયાગમાં જે પરિવર્ત્યો રજૂ કરવામાં આવ્યા તે સંદિગ્ધ હતા. શેરીફે અંધકારમાં રાખેલ પ્રકાશ બિદુઓની ગતિશીલતા વિશે પ્રયોગપાત્રોએ નિર્ણય આપવાનો હતો. **'એશે'** જણાવ્યું કે પરિવર્ત્યો સંદિગ્ધ હતા તેથી વ્યકિતને નિર્ણય કરવામાં મુશ્કેલી જણાતી હતી. વ્યકિત સમક્ષ સ્પષ્ટ પરિવર્ત્યો રજૂ કરવામાં આવે તો તે જૂથને અનુરૂપ નિર્ણય આપે નહિં પરંતુ વ્યકિતગત નિર્ણય આપી શકે છે. **શેરીફ**ના આ સંશોધન સામે એશે પડકાર ફેંકયો હતો કે શેરીફના સંશોધનમાં પરિવર્ત્યો સ્પષ્ટ ન હતા વસ્તુ લક્ષી સંકેતો દ્વારા સંશોધન કરવામાં આવ તો પ્રયોગપાત્ર વ્યકિતગત નિર્ણય આપી શકે એશે વસ્તુલક્ષી સંકેતો આપીને ફલિત કર્યુ કે 0.66 નિર્ણય

પર જૂથની અસર ન હતી જયારે બાકીના 1.5 નિર્ણયો પર જૂથની અસર ચાલુ રહી હતી.

## 2.2.2 પૂર્વ સંશોધનમાં કાર્ય કરતી પ્રક્રિયાને વધુ સ્પષ્ટતા :

પૂર્વના સંશોધનની સમીક્ષા કરવાથી પરિણામોને પડકાર ફેંકવા કરંતા જે પ્રક્રિયાથી પરિણામો મેળવામાં આવ્યા હોય તે સ્પષ્ટ હોતી નથી તે પ્રક્રિયાની વધુ સમજૂતી આવશ્યક હોય છે. સંશોધનના પરિણામો પર વિવિધ ઘટકો એકબીજા સાથે સંકળાયેલા હોય છે. તેથી કયો ઘટક પરિણામ માટે જવાબદાર છે તે નકકી થતું નથી. આ પ્રકારની અસ્પષ્ટતા હોય છે. ત્યારે નવુ સંશોધન કરીને પરિણામો પ્રાપ્ત કરવાથી કયો ઘટક પરિણામ જવાબદાર છે તે શોધી શકાય છે.

## 2.2.3પૂર્વ સંશોધનનું પુનરાવર્તન કરી સમર્થન મેળવવું :

કોઈપણ સંશોધનનું પુનરાવર્તન થવું જોઈએ સામાજિક સંશોધનમાં પૂર્વગામી સંશોધનનું જે પુનરાવર્તન કરવામાં આવે છે, તે એના એ જ સ્વરૂપમાં હોતુ નથી પરંતુ થોડા ઘણા સુધારા સાથે પુનરાવર્તન કરવામાં આવે છે. પૂર્વના સંશોધનની પધ્ધતિ અને નિદર્શનનું કદ સમાન અથવા ફેરફાર કરી સામાજિક દષ્ટિએ  જે સમસ્યા વધારે મહત્વની ગણાય છે તેનું પુનરાવર્તન કરી ફરીથી સંશોધન  કરી શકાય છે. અને ત્યારે તે પૂર્વનું સંશોધન સાહિત્ય પછીના સંશોધનમાં ઉપયોગી બને છે.

## 2.2.4 એક ક્ષેત્રમાં જે પરિવર્ત્યો સંબંધો જોવા મળ્યા હોય તે સંબંધોની તપાસ કરતું સંશોધન :

અહીં સંશોધનનો હેતુ મુળ સંશોધનને સમર્થન આપવાનો તેની સ્પષ્ટતા કરવાનો કે તેમાં સુધારો કરવાનો હોતો નથી પરંતુ પૂર્વગામી સંશોધનના બંધારણમાં કે તેની વિગતોમાં પરિવર્તન લાવવામાં આવે તે તેની શી અસર થાય છે તે જાણવાનો હેતુ હોય છે. પહેલા સંશોધનમાં જે પરિવર્ત્યો સંબંધો જોવા મળતા હોય તે પરિવર્ત્ય સંબંધોની ચકાસણી કરવા માટે નવું સંશોધન કરવામાં આવે છે. એક સંશોધનમાં વિદેશી નાગરિકો અમેરિકામાં રહે છે. તેથી તેમના એમરિકનો પ્રત્યના મનોવલણમાંથી ફેર પડે છે કે કેમ ? તે તપાસવામાં આવ્યું હતુ. આ પ્રકારના સંર્પકથી વિદેશીઓના અમેરિકનો પ્રત્યેના મનોવલણમાં નોંધપાત્ર ફેર પડે છે.

## 2.2.5 અનઅપેક્ષિત પરિણામોના કારણો જાણવા માટે થયેલા સંશોધનો

કોઈપણ ઉત્કલ્પના કે સમસ્યા માટે જ પરિણામોની ધારણા કરેલી હોય તેમાં નિષ્ફળતા મળે છે. તેના પરિણામને લીધે નવા સંશોધનને પ્રેરણા મળે છે.

હાર્લો અને તેના સાથીદારોએ પ્રેમ વંચિતતાની વાનર બાળ પર શી અસર થાય છે તે જાણવા માટે પ્રાયોગિક સંશોધન કર્યુ હતું. પ્રસ્તૃત સંશોધનની ધારણા એવી હતી કે વાનર બાળને માતાના પ્રેમથી વંચિત રાખવામાં આવે તો તેઓ સૌમ્યમનોવિકૃતિનો ભોગ બનશે. બચ્ચાઓને બાલ્યકાળમાં પ્રેમવિહોણી કૃત્રિમમાતા સાથે ઉછરેવામાં આવ્યા હતા. છતા પણ હાર્લોની ધારણા પ્રમાણે તેઓ સૌમ્યમનોવિકૃતિનો ભોગ બન્યા ન હતા. આ પરિણામ હાર્લોની અપેક્ષા કરતા તદ્દ્ન જૂદુ હતુ. બીજા સંશોધનમાં વાનર બાળકોને જન્મથી જ અન્ય વાનરોના સંર્પકથી વિમુખ રાખવામાં આવ્યા હતા. આ સંશોધનની ધારણા

એવી હતી કે તેઓમાં વિકૃત વર્તન વિકાસ પામેશ પરંતુ આ બચ્ચાઓ જયારે પુખ્ત બન્યા ત્યારે તેઓમાં સૌમ્યમનોવિકૃતિના લક્ષણો જોવા મળ્યા હતા. આમ સંશોધનમાં આ બંને દ્રષ્ટાંતોમાં સંશોધનની અપેક્ષા કરતા પરિણામ તદ્દન જુદુ આવ્યુ હતે. આ નિષ્ફળતા નવા સંશોધનની પ્રેરણા પુરી પાડે છે. અને આ અંગે ઘણા નવા સંશોધનો પણ થયા છે.

## 2.2.6 એક સમસ્યામાં વિકાસ પામેલી સંશોધનની પ્રયુકિત બીજી જુદી સમસ્યામાં ઉપયોગમાં લઈ શકાય :

કોઈપણ એક પૂર્વગામી સંશોધનમાં વિશિષ્ટ પ્રયુકિતનો ઉપયોગ થયો હોય છે. આ પ્રયુકિતને બીજા સંશોધનમાં પ્રયોજી શકાય છે. **'એશ'** નામના મનવૈજ્ઞાનિકે જૂથના દબાણની નિર્ણય પર શી અસર થાય છે તેનો અભ્યાસ કર્યો હતો. તે પછી એ પ્રયુકિતને ઘ્યાનમાં લઈને અસંખ્ય અભ્યાસો થયા હતા.

આમ આદર્શ પરિસ્થિતિ તો એ છે કે, સંશોધકે પોતના કાર્યમાં આરંભે સંબધિત સાહિત્યની સમીક્ષા તૈયાર કરી લેવી જોઈએ તોજ પોતાના કાર્યનો આધારભૂત રસ્તો તૈયાર થાય.

આ ઉપરાંત સંશોધક સંદર્ભ સાહિત્યનું અઘ્યયન કરે છે ત્યારે તેને જે તે વિષય પર કેટલું ખેડાણ થયેલુ છે ? કયા સામાજિક કાર્યો પર અભ્યાસ કરવાની જરૂર છે એ અંગે સ્પષ્ટ દિશા મળી આવે છે. જેથી કરીને બિનજરૂરી મહેનત કરવાથી જે નિષ્ફળતા મળે તેની અગાઉથી જ જાણ થઈ જાય છે. માટે જેની વ્યવહારમાં વધારે જરૂર છે. તે પર વધારે ઘ્યાન રાખી તે સમસ્યાને નકકી કરી આગળ વધી શકાય છે અને સફળતા મેળવી શકાય છે.

જે કોઈ સંશોધન અઅગાઉ થયલા છે તેનું ક્ષેત્ર સીમિત હોય છે. આથી બીજા ક્ષેત્રમાં શરૂઆત પણ કરી શકાય છે. આ ઉપરાંત દેશ, કાળ, પરિસ્થિતિમાં સંશોધકો બદલાતા હોય છે. આથી સંદર્ભ સાહિત્ય આ માટેનું

મોડલ (ક્રિયાત્મક માળખું) નકકી કરવામાં મદદરૂપ બને છે. અને જે તે ક્ષેત્રમાં તે કાર્ય કરવુ જરૂરી છે કે નહિં તેમાં પૂર્વ સંબંધિત સાહિત્ય દ્વારા નકકી કરી શકાય છે. અને જરૂરી હોય તો ખુટતી માહિતી માટે જે કંઈ કાર્ય કરીએ તે માટે તેઓ કાર્ડિયોગ્રામ નકકી કરવામાં મદદરૂપ બને છે.

## 2.3 આવેગાત્મક પરિપકવતા અંગેના અભ્યાસો :

સંશોધિકાએ ઉપરોકત વિષયને ઘ્યાનમાં રાખીને અમદાવાદ તથા તપાસેલ તેમાં પરિણીત અપરિણીત વ્યવસાય મહિલાઓની આવેગાત્મક પરિપકવતાને લગતા અભ્યાસો ઘણા ઓછા પ્રમાણમાં જોવા મળેલ. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મનોવિજ્ઞાન ભવનમાં પણ આ વિષયને લગતા અભ્યાસો જોવા મળેલ નથી. તેમ છતાં આવેગાત્મક પરિપકવતાના અન્ય પરિવતર્યો સાથે થયેલા કેટલાક અભ્યાસો રજૂ કર્યા છે.

### 2.3.1

**હેતુ :** કુટુંબ અને સામાજિકરણમાં આવેગાત્મક પ્રતિક્રિયાઓ અને અશાબ્દિક પ્રતિક્રિયાઓ તથા આવડતનો અભ્યાસ કરવો.

**નિદર્શ :** સ્ત્રીઓ અને પુરૂષો પસંદ કરવામાં આવ્યા હતા.

**સાધનો:** વિગતવાળી  નો ઉપયોગ કરવામાં આવ્યા હતા.

**તારણો:** વ્યકિતગત રીતે જે લોકો પોતાના કુટુંબમાં આવેગ અભિવ્યકિત સારી રીતે કરી શકતા હતા, તેવા લોકો વ્યકિતગત રીતે કુટુંબમાં આવેગ અભિવ્યકિત ઓછી કરનાર જૂથ કરતા ઓછી કાર્ય કુશળતા ધરાવતા હતા.

## 2.3.2

**હેતુ :** સંસ્થામાં રહેતા વૃધ્ધોની આવેગિક સ્થિતિઓ જેવી કે ખિન્નતા, એકલતા, નિરાશા, હતાશાનો અભ્યાસ કરવો.

**નિદર્શ :** દિલ્હીમાં રહેતા કુલ વૃદ્ધો નમુના તરીકે પસંદ કરાયા હતા. જેમાં વૃધ્ધોશ્રમમાં રહેતા વૃધ્ધો હતા. નમુનામાં બંને જૂથમાં સમાન સંખ્યા પસંદ કરવામાં આવેલ હતી.

**તારણો :** કુટુંબમાં રહેતા વૃધ્ધો કરતાં વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધો એકલતા, ખિન્નતા અને નિરાશાની લાગણી વધુ પ્રમાણમાં અનુભવતા હતા. સ્ત્રીઓ પુરૂષો કરતાં વધારે પ્રમાણમાં એકલતા, ખિન્નતા અને નિરાશાની લાગણીનો અનુભવ કરતી હતી.

રહેઠાણના સ્થળની અને જાતિની એકલતા, ખિન્નતા, નિરાશાની આવેગિક સ્થિતિઓ પર કોઈ સાર્થક અસર જોવા મળતી ન હતી.

## 2.3.3

**હેતુ :** આવેગિક પરિપકવતાની જાતિગત ભિન્નતા તેમજ મનોભાવ ઉપર થતી અસર જાણવાનો હતો.

**સાધનો:** મનોભાર તુલા આવેગિક પરિપકવતા તુલા

**નિદર્શ :** છોકરીઓ અને છોકરાઓ મળીને કુલ પ્રયોજયોનો નિદર્શમાં સમાવેશ કર્યો છે.

**તારણો:** છોકરાઓ અને છોકરીઓ વચ્ચે આવેગાત્મક પરિપકવતાની બાબતમાં સાર્થક તફાવત નથી.

વધુ પ્રમાણમાં મનોભાર ધરાવતા છોકરાઓ ઓછો મનોભાર ધરાવતી છોકરીઓ કરતાં આવેગિક સ્થિરતા અને પીછે હઠની બાબતમાં ઉંચો સ્કોર ધરાવતા હતા.

ઉંચો મનોભાર ધરાવનાર છોકરાઓ આવેગાત્મક પરિપકવતાના તમામ પરિણામો ઉપર ઓછો મોનોભાર ધરાવનાર છોકરીઓ કરતા ઉંચો સ્કોર ધરાવતા હતા.

**2.3.4**

**હેતુ :** કોલેજ કક્ષાએ અભ્યાસ કરતાં અને રમતગમતમાં ભાગલેતા વિદ્યાર્થીઓમાં આવેગાત્મક પરિપકવતાની બાબતમાં જાતિગત ભિન્નતા છે કે કેમ તેના અંગેનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનો:** સિંધ અને ભાર્ગવની આવેગિક પરિપકવતાની તુલા.

**નિદર્શ :** આગ્રાની કોલેજમાંથી રમતગમતમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.

**તારણો :** આવેગિક પીછેહઠ, સામાજિક કુસમાયોજન અને સ્વતંત્રતાનો અભાવ આવેગિક પરિકવતાનાં આ ત્રણ પાસાઓની બાબતમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

છોકરીઓ આવેગિક પીછેહઠમાં ઉંચો સ્કોર ધરાવતી હતી. જયારે છોકરાઓ બાકીના બે પરિમાણોમાં ઉંચા સ્કોર ધરાવતા હતા.

## 2.3.5

**હેતુ :** કોલેજના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કક્ષાનો આવેગાત્મક પરિપકવતા સાથેનો સંબંધનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનો:** મોહસીન રચિત આવેગાત્મક પરિપકવતા તુલા

**નિદર્શ :** સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં ૧૫૦ વિદ્યાર્થીઓનો અભ્યાસમાં સમાવેશ કર્યો હતો.

**તારણો :** શૌક્ષણિક કક્ષા અને આવેગાત્મક પરિપકવતા વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળ્યો હતો.

અનુસ્નાતક વિદ્યાર્થીઓમાં સ્નાતક વિદ્યાર્થીઓ કરતાં સારી આવેગાત્મક પરિપકવતા જોવા મળી હતી.

## 2.3.6

**હેતુ :** શિક્ષકોમાં અસંતોષ જન્માવતી જુદી જુદી પરિસ્થિતિ જાણવાનો હતો અને તે દુર કરવા માટે પ્રવર્તમાન સંજોગોમાં ઉપયોગી સૂચનો સૂચવવાનો હતો. – **બી. એસ.આર. અજનીયૂલ્લું**

**નિદર્શ :** શાળાઓનાં શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

**સાધનો:** પ્રશ્નાવલી

મુલાકાત પધ્ધતી

આવેગિક પરિપકતાની માત્રા માપવા માટેનો ક્રમ માપદંડ

તારણો : સ્થાનિક સ્વરાજયની હકૂમત નીચેની શાળામાં કામ કરતા શિક્ષકોને રાજકારણીઓની દખલગીરી અને સામાજિક પ્રતિષ્ઠાનાં અભાવ સામે અસંતોષ હતો.

તમામ પ્રકારનાં શિક્ષકોમાં આગળ પ્રગતિ કરવાની તકનો અભાવ એક અસંતોષ જન્માવનાર પરિબળ હતું.

**2.3.7**

હેતુ : માધ્યમિક શાળાનાં શિક્ષકોની આવેગિક પરિપકવતા પરનો અભ્યાસ. **– કાંતીલાલ કે. પટેલ**

સાધનો: ખેડા જિલ્લાનાં માધ્યમિક શાળામાં શિક્ષકોનો નમૂનો પસંદ કર્યો હતો.

સાધનો: પ્રશ્નાવલી (આવેગિક પરિપકવતા તુલ)

તારણો : વિષયવસ્તુનું જ્ઞાન પૂરતુ હોય તો આવેગિક પરિપવતા વધુ પ્રાપ્ત થાય છે.

આવેગિક પરિપવતા ધરાવતી વ્યકિતમાં સહકારભર્યું અને લોકશાહી વાતાવરણ વધુ જોવા મળે છે.

તેમનામાં જ્ઞાનવૃધ્ધિની તકો વધુ હોય છે, તેમનો સામાજિક મોભો ઊંચો હોય છે.

2.3.8

હેતુ : કુટુંબ અને સામાજીકરણમાં આવેગાત્મક પ્રતિક્રિયાઓ અને અશાબ્દિક પ્રતિક્રિયાઓ તથા આવડતનો અભ્યાસ કરવો.

સાધનો: ૬૪ સ્ત્રીઓ અને ૬૯ પુરુષો પસંદ કરવામાં આવ્યા હતા.

નિદર્શ : ૯ વિગતવાળી Family Type Scale નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તારણો : વ્યકિતગત રીતે જે લોકો પોતાના કુટુંબમાં આવેગ અભિવ્યકિત સારી રીતે કરી શકતા હતાં, તેવા લોકો વ્યકિતગત રીતે કુટુંમાં આવેગ અભિવ્યકકિત ઓછી કરનારા જૂથ કરતા ઓછી કાર્યકુશળતા ધરાવતાં હતાં.

**2.3.2**

હેતુ : સંસ્થામાં રહેતા વૃઘ્ધોની આવેગિક સ્થિતિઓ જેવી કે ખિન્નતા, એકલતા, નિરાશા, હતાશાનો અભ્યાસ કરવો.

નિદર્શ : દિલ્હીમાં રહેતાં કુલ ૧૨૦ વૃઘ્ધો નમુના તરીકે પસંદ કરાયા હતાં. જેમાં ૬૦ કુટુંબમાં રહેતા અને ૬૦ વૃઘ્ધાશ્રમમાં રહેતા વૃઘ્ધો હતાં. નમુનામાં બંને જુથમાં સમાન સંખ્યા પસંદ કરવામાં આવેલ હતી.

સાધનો: (1) IPAT Depression Scale.

(2) UCLA Loneliness Scale.

(3) Gariatrics Scale of Hopelessness.

(4) Rosenzarig's Picture frustration Test.

તારણો : (૧) કુટુંબમાં રહેતા વૃઘ્ધો કરતાં વૃઘ્ધાશ્રમમાં રહેતા વૃઘ્ધો એકલતા, ખિન્નતા અને નિરાશાની લાગણી વધુ પ્રમાણમાં અનુભવતા હતાં.

(૨) સ્ત્રીઓ પુરુષો કરતાં વધારે પ્રમાણમાં એકલતા, ખિન્નતા અને નિરાશાની લાગણીનો અનુભવ કરતી હતી.

(૩) રહેઠાણના સ્થળની અને જાતિની એકલતા, ખિન્નતા, નિરાશાની આવેગિક સ્થિતિઓ પર કોઈ સાર્થક અસર જોવા મળી ન હતી.

2.3.10

**હેતુ** : આવેગિક પરિપકવતાની જાતિગત ભિન્નતા તેમજ મનોભાર ઉપર થતી અસર જાણવાનો હતો.

**સાધનો**: (૧) મનોભાર તુલા

(૨) આવેગિક પરિપકવતા તુલા.

**નિદર્શ** : ૩૦ છોકરીઓ અને ૩૦ છોકરાઓ મળીને કુલ ૬૦ પ્રયોજયોનો નિદર્શમાં સમાવેશ કર્યો છે.

**તારણો** : (૧) છોકરાઓ અને છોકરીઓ વચ્ચે આવેગાત્મક પરિપકવતાની બાબતમાં સાર્થક તફાવત નથી.

(૨) વધુ પ્રમાણમાં મનોભાર ધરાવતા છોકરાઓ ઓછો મનોભાર ધરાવતી છોકરીઓ કરતાં આવેગિક સ્થિરતા અને પીછેહઠની બાબતમાં ઉંચો સ્કોર ધરાવતા હતા.

(૩) ઉંચો મનોભાર ધરાવનાર છોકરાઓ આવેગાત્મક પરિપકવતાના તમામ પરિણાઓ ઉપર ઓછો મનોભાર ધરાવનાર છોકરીઓ કરતાં ઉંચો સકોર ધરાવતા હતા.

**2.3.11**

**હેતુ :** કોલેજ કક્ષાએ અભ્યાસ કરતાં અને રમતગમતમાં ભાગ લેતા વિદ્યાર્થીઓમાં આવેગાત્મક પરિપકવતાની બાબતમાં જાતિગત ભિન્નતા છે કે કેમ તેના અંગેનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનો:** સિંઘ અને ભાર્ગવની આવેગિક પરિપકવતાની તુલા.

**નિદર્શ :** આગ્રાની કોલેજમાંથી રમતગમતમાં ભાગલેતા ૨૨ વિદ્યાર્થીઓ અને ૧૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.

**તારણો :** (૧) આવેગિક પીછેહઠ, સામાજીક કુસમાયોજન અને સ્વતંત્રતાનો અભાવ આવેગિક પરિપકવતાનાં આ ત્રણ પાસાઓની બબતમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(૨) છોકરીઓ આવેગિક પીછેહઠમાં ઉંચો સ્કોર ધરાવતી હતી. જયારે છોકરાઓ બાકીના બે પરિમાણોમાં ઉંચાસ્કોર ધરાવતા હતા.

**2.3.12**

**હેતુ :** કોલેજના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કક્ષાનો આવેગાત્મક પરિપકવતા સાથેનો સંબંધનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનો:** મોહસીન ૧૯૬૦ રચિત આવેગાત્મક પરિપકવતા તુલા

**નિદર્શ :** સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં ૧૫૦ વિદ્યાર્થીઓનો અભ્યાસમાં સમાવેશ કર્યો હતો.

**તારણો :** (૧) શૈક્ષણિક કક્ષા અને આવેગાત્મક પરિપકવતાં વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળ્યો હતો.

(૨) અનુસ્નાતક વિદ્યાર્થીઓમાં સ્નાતક વિદ્યાર્થીઓ કરતાં સારી આવેગાત્મક પરિપકવતા જોવા મળી હતી.

## 2.4 માનસિક સ્વાસ્થ્ય અંગે થયેલા પૂર્વ સંશોધનો :–

### 2.4.1 શું ફુરસદી પ્રવૃત્તિની ભાગીદારી નારીના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ ઘટક છે?
**પોન્ડે માઈલીના પી. સાંતાના વિમલા એસ.(2000)**

**નિદર્શ** બ્રાઝીલના સાલ્વાડોર શહેરના નિર્ધન લત્તાના સમુદાયીક આડછેદી અભ્યાસમાં ઉપરોકત પ્રશ્નો અંગેની અટકળની તપાસ કરેલી. યદ્દચ્છ રીતે પસંદ કરેલા 470 પરિવારની પર પ્રોઢ મહિલા કાર્યકરોની મુલાકાત લીધેલી.

**સાધનો :–** માનસિક સ્વાસ્થ્ય સંદર્ભેની તુલાઓ.

**આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ :–** ટી–મૂલ્ય અને સહસંબંધ

**તારણો :–** અલ્પ પારિવારિક આવક અને કાર્ય સંતોષનો અભાવ સૂચવતી નારીમાં ફુરસદની પ્રવૃત્તિ અસરકર્તા જોવા મળી હતી. શકય છે કે ગંભીર આપત્તિરૂપ પ્રતિકૂળ સંજોગોમાં ફુરસદી પ્રવૃત્તિ માનસિક તંદુરસ્તીની જાળવણીમાં મદદરૂપ થાય છે.

### 2.4.2 કામદારોનાં માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સમર્થનના બંધારણનો અભ્યાસ.
**કટૌકે યાસુસી, સોજી ઈચીકો(Jan.2000)**

**નિદર્શ** : કામદારોના માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સમર્થનના પરિણામ અને પ્રકારો વચ્ચેના સંબંધોની પરિક્ષા કરી છે. (19 થી 59 વર્ષના) 477 પુરુષો અને 23 મહિલા કામદારને ઉત્તરદાતા તરીકે લીધા હતા.

તારણો :– સામાજિક સમર્થનના ચાર પ્રકાર (ભાવાત્મક સમર્થન, માહિતી સમર્થન, સાધન સામગ્રી સમર્થન અને વિશ્રાંતરૂપ સમર્થન)ની સાથે સમર્થનના ત્રણ પરિમાણ (સમર્થન ભૂખ, સમર્થન સંતોષ અને સમર્થનનો અમલ) પણ માપેલા પરિણામો દેખાડે છે કે (1) વિકૃત ચિંતા અને સમર્થનના અમલ અને સમર્થન સંતોષ વચ્ચે

નિમ્ન ઋણાત્મક સહસંબંધ જોવા મળેલો (2) સમર્થનની પ્રબળભૂખ વાળા પાત્રોને ઉચ્ચ ભાવત્મક સમર્થન પૂરું પાડવામાં આવે તો તે અસરકારક રીતે ખિન્નતા અને વિકૃત ચિંતાને ઘટાડે છે.

### 2.4.3 સમાજમાં વ્યકિતત્વ વિકારો. માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનો ઓસ્ટ્રલિયાના રાષ્ટ્રીય સર્વેનો અહેવાલ.

**જેકશન એચ.જે. બર્જસ પી.એમ. મેલ્બોર્ન ઓસ્ટ્રેલીયા(2000)**

તારણોઃ આ અભ્યાસના મુખ્ય ધ્યેય નીચે હતા.

1. રાષ્ટ્રમાં વ્યકિતત્વ વિકારોનો ફેલાવો નિર્ધારીત કરવો
2. નોંધાયેલા દર્દીની જાતિવાર સંખ્યા અને મનોવિકારના પ્રકાર નક્કી કરવા.
3. માનસિક વિકારો અને બિનમાનસિક વિકારોની શારીરિક દશાના સંબંધો તથા શારિરીક નબળાઈઓની જાણકારી મેળવવી. પધ્ધતિ : ૧૯૯૭ ના મે અને ઓગષ્ટ વચ્ચે કરાયેલા ઉપરોકત રાષ્ટ્રીય સર્વેક્ષણમાંથી માહિતી એકત્ર કરેલી.

સર્વેક્ષણ એકદંરે 10641 જણાનું કરેલું. પ્રત્યેક મુલાકાતા દાતાને GED10 વિકારોના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ 10ની ધોરણો અંગે સંબંધ પ્રશ્નાવલીનું જૂથોમાં 59 પ્રશ્નો હતા. તેમાં 704 જણાને એક મનોદર્દ હતું ભારીત ગણતા કરતા જાણવા મળ્યું કે 65% પ્રૌઢ વસ્તી જીવન દરમ્યાન એક યા બીજા પ્રકારના મનોદર્દની ભોગ બનેલી વળી મનોદર્દધારી ભોટે ભાગે યુવાન પરિણીત વ્યકિત હતી અને તેમને કયાં તો વિકૃતચિંતા કયાંક તો ભાવવિકાર કે નશાખોરીનો વિકાર કે પછી કોઈ શારિરીક બદહાલત હતી તેવી જ રીતે મનોવિકાર રહિતવાળા કરતા આ લોકો વધારે અશકિત ધરાવતા હતા.

**2.4.4 જાપાનમાં માનસિક સ્વાસ્થ ખિન્નતા અને વિકૃતચિંતા વિકારોની ઓળખ અને સારવાર.** **તાજીમાઓ સામુ**(2001)

તારણો : જાપાનમાં મનોચિકિત્સકી સેવાની ઉચ્ચ પ્રાપ્યતા શકય છે તેમ છતાં પશ્ચિમના સમાજમાં જે પ્રકારની, જેવી ગુણવતાવાળી સેવા અપાય છે તેની દષ્ટ્રિએ જાપાનની સેવા ઐતિહાસિક પરંપરામાં નબળી જ છે. જો કે જાપાની મનોચિકિત્સા સંકમણના ગળામાંથી પસાર થઈ રહી છે. માનસિક સારવારના પક્ષે કેટલાક ધરમૂળ ફેરફાર કરવામાં આવ્યા છે. નિદાન માટે આંતરરાષ્ટ્રીય ધોરણો સ્વીકારાયા છે. નવી ખિન્નતામારક દવાઓની પ્રાપ્યતા વધારી છે. તેમાં સેરેટોનીના પુર્નશોષણરૂપ અવરોધકોનો ખાસ ઉમેરો થયો છે. તેમજ અન્ય સામાજિક આર્થિક પરિમાર્જન વ્યવસ્થાઓ દાખલ થઈ છે. અને તે પણ ઘણા બધા દવાખાનામાં તે સુપ્રાપ્ય બનાવાઈ છે.

**2.4.5 ''રાજકોટ શહેરની કેન્સર હોસ્પિટલના દર્દીઓના માનસિક સ્વાસ્થય અંગનો અભ્યાસ''** **–નિલમ નકુમ**(1995)

નિદર્શ : રાજકોટ શહેરની કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે આવતા 100 દર્દીઓ પસંદ કરવામાં આવેલા હતાં જેમાં 50 સ્ત્રીઓ અને 50 પુરુષોનો સમાવેશ થતો હતો.

સાધનોઃ 1. વ્યકિગત માહિતી પત્રક

2. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

માહિતિવિશ્લેષણઃ પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ 't ' મૂલ્ય દ્વારા કરવામાં આવ્યું છે.

તારણોઃ 1. 54 વર્ષથી અને 54 વર્ષથી નીચે કેન્સરના દર્દીઓના માનસિક વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

2. કેન્સરના રોગને કારણે થોડા અને વધુ હતાશ દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી.

3. કેન્સરમાં પુરુષ દર્દીઓ અને સ્ત્રી દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

4. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા કેન્સરના દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

## 2.4.5 બાળકોના માનસિક સ્વાસ્થ્ય સ્તરનો અભ્યાસ

**પારથી ઉષા કે. અને વેગરમહિયા, એસ. આર. 1992**

**સંસ્થા** : આંધ્રપ્રદેશ એગ્રીકલ્ચર યુનિવર્સીટી કલૉજ એફ હોમ સાન્યસ, હૈદારબાદ

**સંશોધન પત્ર** : સામાજિક કાર્ય 1992 LIII(1) પેઈજ નં 17-22

તારણો : ચોકકસ વ્યકિતગત સામાજિક માતાના વ્યકિતત્વ પરિવર્ત્યો જેવા કે વ્યાવસાયિક સ્તરે, લગ્નનો વિસ્તાર, લગ્નને લગતો સંતોષ, વ્યકિતત્વ લક્ષણો, કુટુંબનો પ્રકાર અને વિવિધ પીછેહઠ પૃથ્થકરણ દ્વારા સામાજિક વર્ગ બાળકના માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે સંબંધિત છે તેનો અભ્યાસ વધારે મહત્વનો ભાવિ પરિવત્યો સામાજિક સ્તર છે. મિલ્કત સાથે સામાજિક વર્ગનું હકારાત્મક જોડાણ બતાવે છે કે સામાજિક વર્ગ બાળકના માનસિક સ્વાસ્થ્ય સ્તરનું પ્રાથમિક નિર્ણાયક બાબત છે. માનસિક સ્વાસ્થ્ય હિંસા સાથે વધારે

અનુવાદ જોડાણ બતાવે છે કે બાળકોને લાવણીશીલ સુદઢતા મળતાવળાપણું જરૂર પડે છે કે જેને યોગ્ય માર્ગદર્શન આપવા યોગ્ય હોય અને તેને કે તેણીની પરિપકવતા તરફ વધારો કરવામાં મદદ કરે છે.

માનસિક સ્વસ્થ્ય માત્ર યુવા, પ્રૌઢ કે વૃધ્ધજનો ને જ અસર કરંતુ પરિબળ નથી પંરતુ બાળકોને પણ અસર કરે છે હાઈ બી.પી.ના દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય બાળકોના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ જૂદો પડે છે.

### 2.4.6 તબીબી માનસિક સ્વાસ્થ્ય વિમાની સેવા પ્રાપ્ત કરનારાના સેવાના સંતોષ અને સેવાની અસરકારકતા વચ્ચેના સંબંધો

રોલેન્ડ બાર્બરા, લેંગ બેન ડગલાસ, આર રોરસ, (2000)

તારણોઃ–

1. અન્ય નિદાનવાળા કરતા વિરિચ્છન ચિત્વિકાર વાળા દર્દીના અહેવાલ પ્રગટ કરે છે કે તેમના સેવા સંતોષ અને એકંદર જીવન સંતોષ વધારે જોવા મળ્યા છે તેમજ તેમનું પોતાની માનસિક હાલતનું સ્વાગત ક્રમાંક ઉચું જોવા મળેલું.
2. વિચ્છિન્ન ચિત્તવિકાર, ભાવવિભોર અને મનમેળ રૂપવિકાર ધરાવનાર દર્દીના કિસ્સામાં તેમના સેવા સંતોષ અને જીવન સંતોષનું નીરીક્ષણ કરેલું પણ વિકૃતચિંતા વાળાનું એવુ અવલોકન નહોતું કર્યૂ.
3. માનસિક સ્વાસ્થ્ય આજ રીતે હાઈ બી.પી. ના દર્દીને પણ પોતાનું બી.પી. જાળવવા મદદરૂપ થાય છે.

### 2.4.8 તરૂણના માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિ અને મનોવિકરોનું નિવારણ સુયોગ્ય છે ખરૂ ?

કઈલ્તી આલા, હઈનો, રીટા કેરટ, રીમ્પાલે અર્જા, (1999)

તારણો : કેન્સરના અને હૃદયની ધમની રોગ જેવા નિવારણની લાંબી પરંપરાની તુલનામાં મનોવિકારના નિવારણનો ખ્યાલ થોડોક જોવા મળે છે. અને માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિનો ખ્યાલ એના કરંતા પણ વધારે તાજો છે. આ લેખ આ બંને ખ્યાલોની ચર્ચા કરે છે અને માનસિક વિકારના નિવારણ તથા માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિ અંગેના પ્રર્વતતમાના સાહિત્યની ખાસ કરીને તરુણોના સંદર્ભમાં સમિક્ષા કરે છે. પોતાના વિકાસાત્મક પડકાર અને મનોવિકારના ઉંચા જોખમ ધરાવતી તરુણાવસ્થા એ બંને માટે ઈષ્ટતમ ગાળો પૂરી પાડે છે. કેમ કે તે બાળકની વિકાસલક્ષી હાડમારીના ઉકેલની શકયતાઓ દર્શાવે છે.

ખિન્નતા, આહાર વિકાર, વિકૃતચિંતા અને સમાજ વિરોધી વર્તન જેવા રોગના પ્રત્યક્ષ ઉદાહરણોના આધાર પર પ્રસ્તૃત સમીક્ષાએ ગાળાના મનોસામાજિક જોખમી ઘટકો અને હસ્તક્ષેપોની વાતને કેન્દ્રમાં રાખી પ્રાધાન્ય આપે છે.

### 2.4.9 બેકાર ચીની મજુરનું માનસિક સ્વાસ્થય

વુ હોરાન, જીઆંગ લોંગ, ગ્યુઆન હેંગીયોગ. (2001)

તારણો : 1. ચીનના બેકાર કામદારોના માનસિક સ્વાસ્થયની શોધખોળ કરી છે. 400 બેકાર અને 100 નોકરિયાતની SEL-CO EPR, LES વગેરે દ્વારા માપણી કરેલી

2. 20 ટકા બેકારની માનસિક દશા સારી પેઠે સ્થાનભ્રષ્ટ હતા તેમની સૌથી સામાન્ય વિકારોમાં ખિન્નતા, ચિંતા અને મનઃ શરીરી વિકારો હતા. શિક્ષણ અને કામના સમસ્યાંક EPQ ના P સામે N અને મુલાકાતની રીતોમાં નિષેધક મુકાબલા પ્રાપ્તાંક નિયંત્રિત જૂથ કરતા સારી પેઠે ઉંચા હતા. જયારે સામાજિક સમર્થનતુલા અંગથેના એકંદર સર્મથનાક નિયંત્રિત પાત્રો કરતા સંગીનરૂપે નીચા હતા. સહસંબંધ અને નિયતસંબંધ પૃથ્થકરણ દેખાડે છે કે બેકારની

માનસિક હાલતને અસર કરનારા મુખ્ય કે ઘટકોમાં જાતિ, નિષેધક વર્તાવ સૌમ્ય મનોવિકારી વ્યકિતત્વ અને જીવનના પ્રસંગોને સમાવેશ થાય છે.

3. પ્રસ્તૃત અભ્યાસમાં પણ જાતિગત ભેદ દેખાય છે. માનસિક પ્રમાણમાં ખિન્નતા સ્ત્રી અને પુરુષ બન્નેમાં જોવા મળે છે.

**2.4.10 શહેરી અને ગ્રામ્ય વિદ્યાર્થીઓ વચ્ચેના માનસિક સ્વાસ્થ્ય સ્તરનો તુલનાત્મક અભ્યાસ.**

**રેડી. એસ. વિશ્વનાથ અને નાગર નથમ્મા બી.** (1995)

તારણો : આ અભ્યાસનો હેતુ શહેર અને ગ્રામીણ વિદ્યાર્થીઅઓના વચ્ચેના જે માનસિક સમસ્યાનું વલણ ધરાવે છે. તે તપાસવાનો હતો. આ અભ્યાસ માટે હાઈસ્કુલના 400 વિદ્યાર્થીઓને નમૂનામાં પસંદ કરવામાં આવ્યા હતા. (જેમાં 200 છોકરા) અને (200 છોકરીઓ) જેનું પરિણામ જોતા જણાય છે કે ગ્રામીણ અને શહેરી વિદ્યાર્થીઓનો માનસિક સ્વાસ્થ્યમા કોઈ ફેરફાર નથી. (2) છોકરાઓ અને છોકરીઓના માનસિક સ્વાસ્થ્ય સ્તરમાં આ સાથે મહત્વપૂર્ણ રીતે અલગ પર) છોકરાઓ અને છોકરીઓના માનસિક સ્વાસ્થ્ય સ્તરમાં આ સાથે મહત્વપૂર્ણ રીતે અલગ પાડયા હતા (3) સામાજિક આર્થિક સ્તરની માનસિક માનસિક સ્તરમાં કોઈ રહેલી નહોતી.

**2.4.11 વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેની જાતિયતા, રહેઠાણ, વિસ્તાર તેમજ કૌટુંબિક પરિસ્થિતિની કેવી અસર પડે છે, તે જાણવાનો હતો.**

**Terman અને Merril (1937)**

નિદર્શ : જુદી–જુદી શાળાના આઠથી બાર ધોરણના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

સાધનો : 1. વ્યકિતગત માહિતીપત્રક

2. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલી

તારણો : 3. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેના રહેઠાણ વિસ્તારની સર સાર્થક જોવા મળે છે.

4. છોકરા અને છોકરીઓમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે, તેવી જ રીતે કોટુંબિક પરિસ્થિતિની અસર જોવા મળતી નથી.

**2.4.12 સામાજિક આર્થિક પરિસ્થિતિની અસરો અને રાષ્ટ્રીય જીવન પ્રવાહથી અલગ એવી આદિવાસી ટોળીઓના માનસિક સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવવાનો . શ્રી નિવાસ અને વેદગીરી (1977)**

નિદર્શ : તામિલનાડુના કોઈમ્બતુરમાં પલામલઈ ટેકરીઓમાં વસવાટ કરતી ઈરૂલ આદીવાસી ટોળીઓના કુલ 147 કુટુંબ કબીલામાંથી પ્રસ્તુત સંશોધનમાં 70 કુટુંબ કબીલાનો નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાનાં 82 ટકા લોકો અભણ હતા અને 12 ટકા પ્રાથમિક કક્ષા સુધી ભણેલા હતા.

સાધનો : કાનહાઉઝર (1995) રચીત માનસિક સ્વાસ્થ્યના છ માપદંડ પ્રમાણ વ્યકિતગત મુલાકાત લઈને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જે આ પ્રમાણે હતી.

1. દેખીતી ચિંતા અને આવેગિક દબાણ સૂચિ.
2. વિધાયક વિરુધ્ધ લોકોના સ્વીકારમાં વિશ્વાસ સૂચી.
3. દુશ્મનાવટ વિરુધ્ધ લોકોના સ્વીકારમાં વિશ્વાસ સુચી
4. સામાજિકતા, મિત્રતા વિરુધ્ધ એકલતા સુચી
5. જીવન સાથે સમગ્રપણે સંતોષ સૂચી
6. વ્યકિતગત શિસ્ત, વિરુધ્ધ અનિયમિતતા, સામાજિક અતડાપણું અને નિરાશા સૂચી.

તારણો : 1. ઈરૂલા ટોળીના આદીવાસીઓના ચિંતા અને ઔદ્યોગિક દબાણ સામાજિકતા અને જીવન સંતોષના માનસિક સ્વાસ્થ્યના પાસાઓ ઉપર ઉંચા પ્રાપ્તાંકો હતા જે સાર્થક રીતે ઉંચા હતા.

2. ઈરૂલા ટોળના આદીવાસીઓના સ્વમાન, દુશ્મનાવટ અને વ્યકિતગત શિસ્તના માનસિક સ્વાસ્થ્ય પાસાઓ ઉપર સાર્થક રીતે નીચા પ્રાપ્તાંકો હતા.

**2.4.13 વિદ્યાર્થીઓના વિવિધ ઉંમરના જૂથોનું માનસિક સ્વાસ્થ્ય તુલના કરવાનો.**

**પ્રભાકરન** (1986)

**નિદર્શ :** અભ્યાસમાં 248 પ્રયોજનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અહિં અભ્યાસમાં બે જૂથો પાડવામાં આવ્યા હતા. 120 સામાન્ય વિદ્યાર્થી અને 128 શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓ હતા.

સાધનો : 1. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલી

તારણો : 2. બંને ગૃપના વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્યની દષ્ટ્રિએ ભિન્ન હતા. ઉપરાંત જેમ ઉંમર વીતી જાય તેમ તેમ માનસિક સ્વાસ્થ્ના પ્રમાણમાં વધારો થતો જાય છે.

3. 15 થી 20 વર્ષ કરતા 26 થી 30 વર્ષની વયના વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય સારા પ્રમાણમાં ઉંચુ હતુ તેમ છતાં પણ શારીરિક રીતે ક્ષતિ ધરાવતા બાળકોના માનસિક સ્વાસ્થ્ય તેની તુલનામાં ઘણુ નીચું હતુ

**2.4.14 ઔદ્યોગિક કર્મચારીઓના માનસિક સ્વાથ્ય, કાર્ય સામેલગીરી અને સંસ્થાકીય વાતાવરણો અભ્યાસ કરવો.**

રાણે (1993)

**નિદર્શ :** બોમ્બે અને વડોદરા સ્થિત બે રાસાયણિક કારખાનાઓમાં 400 કર્મચારીઓનો યદચ્છ નમૂનો પસંદ કરવામાં આવેલ હતો.

સાધનોઃ 1. માનસિક સ્વાસ્થ્યનો આવક, કાર્યસામેલગીરી અને સંસ્થાકીય વાતાવરણ અને સાર્થક સહસંબધ જોવા મળે છે.

2. ગુજરાતી કર્મચારીઓનું માનસિક સ્વાસ્થ્ય મહારાષ્ટ્રિયન કર્મચારીઓ કરતા સારુ જોવા મળ્યુ છે.

**2.4.15 ઔદ્યોગિક સંસ્થાના કર્મચારીઓની અસહાયતાની લાગણી, કાર્ય દબાણ, માનસિક સ્વાસ્થય અને સંગઠન પ્રતિબધ્ધતા વગેરે અંગેની જાણકારી મેળવવાનો હતો.**

**પટનાયક મિરા અને મિશ્રા (1993)**

સાધનો : 1. હેલ્પનેસનેસ પ્રશ્નાવલી

2. કાર્યદબાણ પ્રશ્નાવલી

3. માનસિક સ્વાસ્થય પ્રશ્નાવલી

4. સંગઠન પ્રશ્નાવલી

તારણો : 1. સુપરવાઈઝરોમાં લાચારીની અનુભૂતિ, માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અને કાર્ય દબાણ વધારે પ્રમાણમાં અને સંગઠન પ્રતિબધ્ધતા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

2. સર્વિસ યુનિટના અધિકારીઓમાં લાચારી તથા માનસિક સ્વાસ્થ્યની સમસ્યા સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

3. ઉત્પાદન કરનાર સુપરવાઈઝરમાં લાચારીની અનુભૂતિ, માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ વધુ પ્રમાણમાં તેમજ સંગઠન પ્રતિબધ્ધતા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

**2.4.16 માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનું તેમના સામાજિક દરજ્જાના સંદર્ભમાં સંશોધન**

**રાય અને યાદવનો અભ્યાસ (1993)**

સાધનો : 1. વ્યક્તિગત માહિતી પત્રક

2. માનસિક સ્વાસ્થ્ય તુલા

તારણો : 3. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ માનસિક રીતે વધુ સ્વસ્થતા ધરાવતી હતી.

4. શહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ માનસિક સ્વાસ્થ્યમાં અર્થ સૂચક રીતે જુદા પડે છે.

5. વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ ઉંમર વધતી જાય તેમ તેમ તેમનું માનસિક સ્વાસ્થ્ય પણ વધતું જાય છે.

## 2.4.17 શહેરી વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થય સ્થિતિનો તફાવત જાણવા

**રેડ્ડી અને નગરથાનમ્મા (1993)**

નિદર્શ : આંધ્રપ્રદેશની ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના 400 વિદ્યાર્થીઓને યદચ્છ વડે પસંદ કરવામાં આવ્યા હતા.

સાધનો : 1. માનસિક સ્વાસ્થય તુલા

2. સામાજિક આર્થિક દરજ્જો માપદંડ(1984)

તારણો : 1. શહેરી અને ગ્રામ્ય વિસ્તાર વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

2. છોકરાઓ અને છોકરીઓના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો.

3. સામાજિક રીતે ઉપલા અને નીચલા વર્ગના વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

**2.4.18** **રાજકોટ શહેરની કેન્સર હોસ્પિટલના દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ.**

**નીલમ નકુમ : (1995)**

**નિદર્શ :** રાજકોટ શહેરની કેન્સર હોસ્પિટલના સારવાર માટે આવતા કેન્સરના દર્દી ઓમાંથી 100 દર્દીઓ પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં 50 સ્ત્રીઓ અને 50 પુરૂષોનો સમાવેશ થતો હતો.

**સાધનો :** 1. વ્યકિગત માહિતી

2. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

**તારણો :** 1. 54 વર્ષની ઉપર અને 54 વર્ષથી નીચેના કેન્સરના દર્દીઓના માનસિક સ્વાસ્થય વચ્ચે સાર્થક તફાવત જલવા મળે છે.

2. કેન્સરના રોગના કારણે થોડા અને વધુ હતાશ દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી.

3. કેન્સરમાં પુરૂષ દર્દીઓ અને સ્ત્રી દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

4. શહેરી અને ગ્રામ્ય વિસ્તરમાંથી આવતા કેન્સરના દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**2.4.19** **"ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સામાજિક આર્થિક દરજ્જાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ"**

**દિલીપ આઘારા (1995)**

**નિદર્શ :** ઉચ્ચતર માધ્યમિક શાળામાં 300 વિદ્યાર્થીઓમાં 148 છોકરાઓ અને 152 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**સાધનો :** 1. સામાજિક આર્થિક દરજ્જાનો માપદંડ

2. માનસિક સ્વાસ્થય વિશ્લેષણ પ્રશ્નાવલી

તારણો : વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેમના સામાજિક આર્થિક દરજ્જાનો પ્રભાવ પડે છે. પરંતુ તેમની વિદ્યાશાખા કે જાતિયતા કે રહેઠાણની કોઈ સાર્થક અસર પડતી નથી.

**2.4.20 "રાજકોટ શહેરના અંધ અને બિનઅંધ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો અભ્યાસ"**

જે. એ. જારસણિયા (1996)

હેતુ : વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થય અને સમાયોજન ઉપર વિદ્યાર્થીનો પ્રકાર, જાતિ, ઉંમર અને રહેઠાણ કેવી અસર થાય છે તે જાણવાનો હતો.

નિદર્શ : રાજકોટ જિલ્લાની આવેલી અંધશાળાઓ અને બિનઅંધશાળાઓમાં અભ્યાસ કરતાં કુલ 240 વિદ્યાર્થીઓ પસંદ કર્યા છે. જેમાં 120 છોકરાઓ અને 120 છોકરીઓ હતી.

સાધનો : 1. વ્યકિગત માહિતીપત્રક

2. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

3. બેલ સમાયોજન સંશોધનિકા

તારણો : 1. વિદ્યાર્થીઓના (અંધ/બિનઅંધ) માનસિક સ્વાસ્થય અને સમાયોજન વચ્ચે સાર્થક સહસબંધ છે.

2. અંધ અને બિનઅંધ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થયનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

3. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થયના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

4. પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5. વિદ્યાર્થીઓના પ્રકાર અને તેની જાતિની સયુંકત તેના માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્તાંકો પર સાર્થક ભેદ સર્જ છે.

**2.4.21 "અપરણિત–પરણિત સ્ત્રી પુરૂષોની જાતિ, શિક્ષણ અને શારીરિક દેખાવના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ"**

બી.એન રાદડીયા (2002)

**હેતુ :** પરણિત–અપરણિત સ્ત્રી–પુરૂષોની જાતિ, શિક્ષણ અને શારીરિક દેખાવના સંદર્ભમાં કેવુ માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે તે માપન અંગેનો હતો.

**નિદર્શ :** જામકંડોરણા શહેરના 60 સ્ત્રી–પુરૂષોને યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યા હતા.

**સાધનો :** 1. વ્યકિતગત માહિતી પત્રક

2. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

**તારણો :** પુરૂષો અને સ્ત્રીઓના માનસિક સ્વાસ્થ્યમાં બહુ તફાવત જોવા મળતો નથી.

## 2.5 સમાયોજન અંગે પૂર્વે થયેલા અભ્યાસોઃ

વ્યકિતએ જીવનનાં દરેક ક્ષેત્રમાં સમાયોજન સાધવાનું હોય છે. સમાયોજનમાં વ્યકિત અને તેની પરિસ્થિતિ કે વાતાવરણ વચ્ચેનો સંબંધ અગત્યનો છે. વ્યકિતએ પોતાની પરિસ્થિતિ સાથે સમાયોજન સાધવાનું હોય છે. જો તે પરિસ્થિતિ સાથે અનુકૂલન ન સાધે તો માનસિક અસમતુલાનો ભોગ બને છે અને તેનાં કેટલા નકારાત્મક પરિણામો આવે છે. સમાયોજન અંગે વિવિધ પરિવતર્યોને લઈને વિવિધ અભ્યાસો થયા છે. વર્તમાન સમયમાં આ એક અગત્યનો પ્રશ્ન છે. સમાયોજન અંગે પૂર્વે થયેલા વિવિધ સંશોધનો નીચે પ્રમાણે છે.

### 2.5.1 ભટ્ટ કે.કે. (૧૯૭૧)

**હેતુ** : ઉચ્ચ સિધ્ધિ અને નિમ્ન સિધ્ધવાળા વિદ્યાર્થીઓની સમાયોજન સમસ્યાઓનો તુલનાત્કમક અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ હતો.

**નિદર્શ** : અમદાવાદ શહેરની ૬૦ શાળાઓમાંથી ૧૦૦ ઉચ્ચ સિધ્ધિવાળા અને ૧૦૬ નિમ્ન સિધ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પસંદ કરેલ હતાં.

**સાધનો** : ૧. દેસાઈ ભટ્ટની સુધારેલ બુધ્ધિકસોટી

૨. અપૂર્ણ વાકયપૂર્તિ કસોટી

**તારણો** : અપૂર્ણ વાકયપૂર્તિની બાબતમાં નિમ્ન સિદ્ધિવાળાઓમાં ઉચ્ચ સિદ્ધિવાળા કરતાં વધુ ઉચ્ચસ્તરનું સમાયોજન જોવા મળેલ હતું.

## 2.5.2 મેનેજીસ લિલયાન (૧૯૭૭) :

હેતુ : તરુણના સમાયોજનાં અનુસંધાને માતા–પિતા અને તરુણો વચ્ચેના આંતરવૈયકિતક સંબંધનો અભ્યાસ કરવાનો હેતુ હતો.

નિદર્શ : ૧૫ થી ૧૭ વર્ષના હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી કોમના ૪૦૬ યુવક–યુવતીઓ, મુંબઈની, નવ શાળામાંથી પસંદ કર્યા હતાં અને ૮૦૦ માતા–પિતાનો નિદર્શમાં સમાવેશ કરેલ હતો.

સાધનો :
૧. મોરો અને વિલ્સનનો કૌટુંબિક વાતાવરણનો માપદંડ.
૨. મુકત જવાબી પ્રશ્નાવલી (ચાર પ્રશ્નાવલી કુટુંબ અંગે).
૩. યુવા સમસ્યા સંશોધનિકા (ડો.મીસ મહેરુ બંગાલી)
૪. ડો.એ.એસ.પટેલ રચિત કુટુંબ સમાયોજન સંશોધનિકા.

તારણો :
૧. માતા–પિતાના વ્યવહારની કક્ષા અને યુવાનોના સમગ્ર સમાયોજન વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.
૨. બધી જ બાબતોમાં સાર્થક રીતે જ્ઞાતિભેદ જોવા મળે છે.

## 2.5.1 કીકાણી સચિન (૧૯૯૧) :

હેતુ : પ્રસ્તુત સંશોધનનો હેતુ અનાથાશ્રમના વિદ્યાર્થીઓના કુસમાયોજનનો અભ્યાસ કરવાનો હતો.

નિદર્શ : અનાથાશ્રમમાં ૩૦ વિદ્યાર્થીઓ અને ૬૪ વિદ્યાર્થીનીઓ, ઘરમાં ઉછરેલા ૫૬ વિદ્યાર્થીઓ અને ૪૪ વિદ્યાર્થીનીઓની સંખ્યા લેવામાં આવી હતી. કુલ ૧૯૪ સંખ્યા લીધી હતી.

સાધનો : ૧. વ્યકિતગત માહિતી પત્રક

૨. દેસાઈ અનુકૂલન સંશોધનિકા

તારણો : ૧. કુટુંબમાં ઉછરેલાં સામાન્ય વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીનીઓનાં કુસમાયોજન વચ્ચે સાર્થક તફાવત હતો.

૨. અનાથાશ્રમમાં ઉછરેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીની ઓમાં કુસમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત ન હતો.

### 2.5.4 સિંઘ વિદ્યાભૂષણ (૧૯૯૬) :

હેતુ : શાળાએ જતા વિદ્યાર્થીઓમાં સમાયોજન અને વર્તન મુશ્કેલીઓનાં સંબંધમાં અભ્યાસ કરવાનો હેતુ હતો.

નિદર્શ : પટના (બિહાર) શહેરની જુદી–જુદી શાળાઓમાંથી કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ, દશમાં ધોરણમાંથી, પસંદ કર્યા હતાં.

સાધનો : ૧. મોહસીન શમશેદની હિન્દીમાં રૂપાંતરીત કરેલી 'બેલ એડ્જસ્ટમેન્ટ ઈન્વેન્ટરી'.

૨. વિદ્યાર્થીઓની ઊંચી અને નીચી વર્તન મુશ્કેલી માટે શિક્ષકો પાસે બિહેવીયર ચેકલિસ્ટ ભરાવ્યું.

તારણો : ૧. ઊંચી અને નીચી વર્તન સમસ્યાનો સ્કોર ધરાવતું જૂથ જુદા જુદા પાંચ વિસ્તાર સાથે સમાયોજન માપનમાં સાર્થક તફાવત બતાવે છે.

૨. નીચી વર્તન સમસ્યાવાળા વિદ્યાર્થીઓનાં જૂથ કરતાં ઉંચી વર્તન સમસ્યાવાળું જૂથ બધા એરિયાનાં સમાયોજન અને કુલ સમાયોજનમાં પણ ઓછું સાર્થક બતાવે છે.

૩. ઊંચી વર્તન સમસ્યાવાળા વિદ્યાર્થીઓનાં જૂથમાં ઘર, સ્વાસ્થ્ય, સામાજિક, આવેગિક અને બીજી બધી સમાયોજન સમસ્યામાં નીચી વર્તન સમસ્યાવાળા જૂથ કરતાં વધારે સમાયોજિત જોવા મળે છે.

**2.5.1** : કોલેજના વિદ્યાર્થીઓનું ઘરનું વાતાવરણ અને સમાયોજનનાં સંબંધ અંગે જાણકારી મેળવવાનો આશય હતો.

**નિદર્શ** : કોલેજ સમાયોજનને ઉત્તેજન આપે તેવા ઘરનાં પરિબળોને શોધી કાઢવા પ્રયત્ન કરેલ, તેમાં ૧૨૧ કોલેજના વિદ્યાર્થીઓ (સરેરાશ ઉંમર ૧૮.૮૫ વર્ષ) લેવામાં આવેલ.

**સાધનો** : "A demographic questionnaire, the Residence Hall Climate Inventory (L.A. Kurdek and M.A. Fine, 1995) અને The Student Adaptation to Coege Questionnaire".

તારણો : ૧. પુરુષો અને સ્ત્રીઓ બંનેનો વ્યક્તિગત ટેકો અને જૂથસામૂહિકતા સમાયોજન બાબતે એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલ જણાયા. બંનેમાં સામાજિક

સમાયોજન બાબતે ઘર્ષણની નકારાત્મક ભૂમિકા જોવા મળી, જયારે, સ્ત્રીઓમાં, તો દરેક સમાયોજન વિસ્તારમાં સ્ત્રીઓમાં ઘર્ષણની ભૂમિકા નકારાત્મક જ જોવા મળી.

૨. નાગરીક વિકલાંગ વ્યકિતને મુકાબલે યુધ્ધજનીત વિકલાંગ વ્યકિતનું સ્વાસ્થય અને વ્યાવસાયિક સમાયોજન વધુ ખેદજનક હતું.

૩. એકંદરે, અપંગતા સમાયોજનની સમસ્યાઓ ઉભી કરે છે અને અપંગતાના પ્રકાર પ્રમાણે તેની તીવ્રતાની માત્રામાં તફાવત પડે છે.

### 2.5.6 સ્થુવા, કલ્યુડા જે., કેથલીના એમ. (૧૯૯૪) :

**હેતુ :** ઉત્કૃષ્ટ માનસિક શકિતવાળા બાળકોમાં સામાજિક અને આવેગિક સમાયોજન અંગે અભ્યાસ કરવાનો હેતુ હતો.

**નિદર્શ :** ૪ છોકરીઓ અને ૩ છોકરાઓ ૯ થી ૧૪ વર્ષની ઉંમરના દક્ષિણપૂર્વ અમેરીકાના હતા.

**સાધનો :** "Adult model that includes individual expectations, pressures and wants the achievement adjustment model of childhood."

**તારણો :** ૧. ઉત્કૃષ્ટ માનસિક શકિત ધરાવતા બાળકો તેમનાં જીવનમાં આવતા તનાવોનો પ્રત્યાઘાત આપવાથી ટેવાયેલા હતા.

૨. દરરોજની હતાશા વ્યકત કરવામાં કુટુંબ એક મહત્ત્યવનું સલામત કેન્દ્ર છે. વાતાવરણ, પણ એક ખૂબ જ મહત્ત્યવનો ભાગ ભજવે છે. ઉત્કૃષ્ટ માનસિક શકિત ધરાવતા બાળકોએ મોટેભાગે 'Childhood model' ઓળંગીને 'એડલ્ટ મોડેલ', જેવા કે, વ્યકિતગત મહત્ત્યવકાંક્ષા, દબાણો, તનાવો અને ઈચ્છાઓ પર વિજય પ્રાપ્ત કરેલો.

**2.5.1** : મુખ્ય હેતુ અનુસૂચિત અને બિનઅનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓનાં અનુકૂલન અને રસપ્રેરણા વિશે અભ્યાસ કરવાનો હતો.

**નિદર્શ** : કાનપુરની આજુબાજુની કોલેજમાં અભ્યાસ કરતા શહેરના ૨૦૦ તેમજ ગ્રામ્ય વિસ્તારનાં ૨૦૦ તેમ કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા.

**સાધનો** : ૧. રસ્તોગીની સ્વખ્યાલ કસોટી.

૨. સકસેનાની અનુકૂલન સંશોધનિકા

૩. ચેટરજીની પસંદગી ક્રમ સંશોધનિકા

૪. કુલ શ્રેયકનો સામાજિક આર્થિક માપદંડ

**તારણો** : ૧. શહેરનાં સવર્ણ વિદ્યાર્થીઓનાં સ્વ અંગેના ખ્યાલ અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ કરતાં ઉંચા હતા.

૨. શહેરનાં નિમ્ન સામાજિક, આર્થિક સ્થિતિવાળા અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની અુકૂલનની કક્ષા નિમ્ન હતી.

૩. ગ્રામ્ય અને શહેરી બંને કક્ષાએ સવર્ણ વિદ્યાર્થીઓ અનુકૂલનમાં સાર્થક રીતે જુદાં પડતા હતાં.

## 2.5.8 સંતોષકુમાર (૧૯૮૩)

**હેતુ** : વડોદરા શહેરની પસંદગી કરેલી શાળાઓનાં વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક સમાયોજનને લગતી સમસ્યાઓનો અભ્યાસ કરવાનો હેતુ હતો.

**નિદર્શ** : ચાર મિશ્ર માધ્યમિક શાળાના ૧૧૫ છોકરાઓ અને ૮૫ છોકરીઓ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ પસંદ કરેલ હતા.

**સાધનો** : એન. એન. ભાગીયાની શાળા સમાયોજન સંશોધનિકાનો પ્રયાગ કરેલ હતો.

**તારણો** : ૧. એકંદરે શાળાકીય સમાયોજનમાં સાર્થક જાતિભેદ પ્રવર્તે છે.

૨. શિક્ષક સાથેના સમાયોજન અંગે રંગીન જાતિભેદ જોવા મળે છે.

૩. ભિન્ન વય અને ભિન્ન કક્ષાવાળી બહેનોને એક જ રૂમમાં સાથે રહેવાનું થાય, ત્યારે અભ્યાસ અને સમાયોજનનાં પ્રશ્નો ઉભાં થાય છે.

૪. વોર્ડ તરફથી માર્ગદર્શન, સહકાર અને હૂંફ પર્યાપ્ત માત્રામાં પ્રાપ્ત થતાં નથી

**2.5.9** જે.એ. જારસણિયા

**"રાજકોટ શહેરના અંધ અને બિનઅંધ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો અભ્યાસ."**

**હેતુ** : વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન ઉપર વિદ્યાર્થીનો પ્રકાર, જાતિ, ઉંમર અને રહેઠાણની કેવી અસર થાય છે તે જાણવાનો હતો.

**નિદર્શ** : રાજકોટ જીલ્લાની આવેલી અંધશાળાઓ અને બિન અંધશાળા ઓમાં અભ્યાસ કરતાં કુલ ૨૪૦ વિદ્યાર્થીઓ પસંદકર્યા હતા. જેમાં ૧૨૦ છોકરાઓ અને ૧૨૦ છોકરીઓ હતી.

**સાધનો** :

૧. વ્યકિતગત માહિતી પત્રક

૨. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

૩. બેલ સમાયોજન સંશોધનિકા

**માહિતિ વિશ્લેષણ** : પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ 't' કસોટી અને સહસંબંધની પ્રયુકિતનો પ્રયોગ કરવામાંઆવ્યો હતો.

**તારણો** :

૧. વિદ્યાર્થીઓના (અંધ/બિનઅંધ) માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચે સાર્થક સહસબંધ છે.

૨. અંધ અને બિનઅંધ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

૩. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

૪. પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

## 2.5.10 એ.એમ.વસાણી

**હેતુ :** જેતપુર શહેરના સાડી ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીનાં સમાયોજનની માનસિક સ્વાસ્થ્ય અને કાર્ય સંતોષનો અભ્યાસ.

**નિદર્શ :** જેતપુર સાડી ઉદ્યોગમાં કામ કરતા ૬૬૦ કર્મચારીઓનો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

**સાધનો :** ૧. વ્યકિતગત માહિતીપત્રક

૨. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

૩. સમાયોજન સંશોધનિકા

૪. કાર્યસંતોષ સંશોધનિકા

**માહિતીનું વિશ્લેષણ :** પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ 't' કસોટી, F કસોટી અને સહસબંધની આંકડાશાસ્ત્રીય પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**તારણો :** કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચે ૦.૦૧ કક્ષાએ નિષેધક સહસબંધ જોવા મળ્યો હતો. તેમજ કર્મચારીની ઉંમર, અને નોકરીની બદલી બન્નેમાં તફાવતની સાર્થકતા જોવા મળે છે.

## 2.5.10 સ્ટીન અન્ના એફ

**લેખક :–** સ્ટીન અન્ના એફ, પ્રકાશ વર્ષ ૧૯૪૭, ભાષા : અંગ્રેજી.

સમકાલીન દક્ષિણ આફ્રિકાના પરિવારમાંના પરંપરાગત જાતિ આધારિત ભૂમિકા–પાત્ર રચનાની લેખક તપાસ કરે છે અને તેની પરીક્ષા કરે છે. રૂઢ શાણપણ તો એમ સુચવે છે કે પરણેલી સ્ત્રીની નોકરી અને દામ્પત્યભંગ કારણ કાર્યરૂપે સંલગ્ન છે અદ્યતન અભ્યાસો આ શાણપણને સમર્થન આપી શકતા નથી. આ કારણ કાર્ય શૃંખલામાં પરિણિતા પુરૂષનો સાથ હકક જેવા મધ્યસ્થી પરિવર્ત્યો ભાગ ભજવતા હોય એ શકય છે. અને એવા મધ્યસ્થી પરિવર્ત્યો નોકરી કરતી પત્ની અને તેના પરિવારનાં પારિવારિક અને નોકરીયાત મેળને વિદ્યાયક રીતે પ્રભાવિત કરે છે. આ પ્રકરણ આમ પત્નીમત નોકરી તેમજ કામસંબંધ પરિવતર્યોને પુરસ્કૃત કરી કૌટુંબિક જીવનમાં વિદ્યાયક ફાળો આપે છે. સંશોધકના તારણો જણાવે છે કે પુરૂષ સાથીની હુંફ અને ટેકો નોકરીયાત માતાનાં કાર્યસંતોષ સાથે વિધાયક રીતે સંલગ્ન છે. અને માતાની દામ્પત્ય સમન્વયની ભાવના તેના કાર્યસંતોષ સાથે વિદ્યાયક રીતે સંલગ્ન છે. આ તારણો ચક્ર કારણકાર્ય ઘટમાળનાં ખ્યાલોને સમર્થે છે. વિધાયક પારિવારિક પરિવર્ત્યો કામનાં ક્ષેત્રસંતોષને અસર કરે છે. અને આ સંતોષ પારિવારિક કામગીરીને વિધાયક રીતે પ્રભાવિત કરે છે. પત્નીની દામ્પત્ય અને કારકીર્દીની આકાંક્ષાના વિકાસ પ્રત્યેની નિષ્ઠા જેવા કામ અને પરિવાર સંબંધ ઈત્તર મધ્યસ્થી પરિવર્ત્યો પણ વ્યાવસાયિક તેમજ પારિવારિક મેળ સાથે વિધાયક રીતે સંબંધ્ય જોવા મળ્યા છે.ક

**2.5.11 મજબુદારનો ની તાડણ્યમાં સમાયોજનનો અભ્યાસ :–**

મજમુદારે તઢણાવસ્થાની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કર્યો જેનો હેતુ આ પ્રમાણે હતો.

**હેતુ** : ૧. અનુકૂલનવાળા તરૂણો કરતા કુમેળવાળા તરૂણો અનુકૂલનની બાબતમાં કોઈ ખાસ વ્યકિતગત તફાવત વાળા લક્ષણો ધરાવે છે કે કેમ? તેની જાણકારી પ્રાપ્ત કરવી.

૨. ભૂતકાળનાં વિકાસના પ્રસંગો અને વર્તમાનનાં મનોસામાજિક બળોને તેમના પર રહેલી અસર તેમના નકારાત્મક વર્તનનું કારણ છે કે નહીં તે જાણવું.

**સાધનો** : ૧. મનોવૈજ્ઞાનિક કસોટીની બેટરી

૨. ચેકલીસ્ટ

૩. નિદાનાત્મક અભ્યાસ માટેનું માહિતીપત્રક

**નિદર્શ** : ૫૦ અનૂકૂલનવાળા છોકરાઓ અને ૩૦ અપાનુકૂલનવાળી છોકરીઓ નિદર્શ તરીકે પસંદ કરેલી હતી.

**તારણો** : ૧. તઢણોની વર્તન વિકૃતિ માટે સામાજિક વાતાવરણ મહત્વનો ભાગ ભજવતુ નથી.

૨. અગવડતા કે અસંતુલન ઈ ગ્રુપનાં છોકરાઓનાં કિસ્સામાં શરૂઆતની અવસ્થામાં વધુમાં વધુ જોવા મળ્યા.

૩. અપાનુકૂલિત વાતાવરણમાંથી આવતા બાળકોમાં તાણ, સંઘર્ષ અને મહદઅંશે અસંતુલન જેવા લક્ષણો જોવા મળ્યા.

૪. સી ગ્રુપનાં વિદ્યાર્થી કરતાં ઈ ગ્રુપનાં વિદ્યાર્થીઓ વ્યકિતગત લક્ષણોની બાબતમાં વધુ જુદા તરી આવતા હતા. *21

## 2.5.12 પાંડેયનનો (૧૯૭૬) નો અભ્યાસ :

**હેતુ** : ૧. તઢણોમાં તંદુરસ્તી સામાજિક, સૌન્દર્યાત્મક, આવેગિક, અનુકૂલનની સમસ્યા જાણવી.

૨. અનુકૂલન અને મહત્વાકાંક્ષા વચ્ચેનો સંબંધ જાણવો.

**સાધનો** : પોતાના અભ્યાસ માટે પોતે અનૂકૂલન સંશોધનિકાની રચના કરી હતી.

**નિદર્શ** : ધોરણ ૧૧ નાં ૫૦૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**તારણો** : ૧. શહેરી વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિદ્યાર્થીઓની તુલનામાં આવેગિક તંદુરસ્ત, શૈક્ષણિક અનુકૂલનમાં સારી સ્થિતિ ધરાવતા હતા.

૨. શહેરી વિદ્યાર્થીઓ સૌદર્યાત્મક અનુકૂલનનાં ક્ષેત્રમાં સારી સ્થિતિ ધરાવતા હતા.

૩. શૈક્ષણિક સિદ્ધિ, મહત્વાકાંક્ષા, અનુકૂલન વચ્ચે સુખદ સંબંધ જોવા મળ્યો હતો.

૪. શહેરનાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક તંદુરસ્તી, આવેગિક શાળાક્ષેત્રમાં અનુકૂલનની સમસ્યા ધરાવતા હતા. *22

## 2.5.13 કમલેશનો અભ્યાસ :

કમલેશ (૧૯૮૧) માં વિદ્યાર્થીઓનાં સમાયોજનનો અભ્યાસ કર્યો હતો.

**હેતુ** : મુખ્ય હેતુ અનુસૂચિત અને બિન અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓનાં અનુકૂલન અને રસપ્રેરક વિષે અભ્યાસ કરવાનો હતો.

**નિદર્શ** : કાનપુરની આજુબાજુની કોલેજમાં અભ્યાસ કરતા શહેરમાં ૨૦૦ તેમજ ગ્રામ્ય ૨૦૦ તેમ કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને પસંદ કર્યો હતો.

**સાધનો** :
૧. સ્ત્રોતોની સ્વખ્યાલ કસોટી.
૨. સકસેનાની અનુકૂલન સંશોધનિકા
૩. ચેટરજીની પસંદગીક્રમ સંશોધનિકા
૪. કુલ શ્રેષ્ઠની સામાજિક આર્થિક માપદંડ

**તારણો** :
૧. શહેરનાં સવર્ણ વિદ્યાર્થીઓનાં સ્વઅંગેનાં ખ્યાલ અનુસૂચિત વિદ્યાર્થી કરતાં ઉંચા હતા.
૨. શહેરનાં નિમ્ન, સામાજિક, આર્થિક સ્થિતિ અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની અનુકૂલનની કક્ષા નિમ્ન હતી.
૩. ગ્રામ્ય અને શહેરી બન્ને કક્ષાએ સવર્ણ વિદ્યાર્થીઓ અનુકૂલનમાં સાર્થક રીતે જુદા પડતા હતા. *23

## 2.5.14 જયોર્જનો અભ્યાસ (૧૯૮૬)

**હેતુ** : પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ નિવૃત હોલોનો સામાજિક આર્થિક દરજજો અને તેમનાં સમાયોજન વચ્ચેનો સંબંધ તપાસવાનો હતો.

**સાધનો** : ૧. વૃધ્ધો માટેની સમાયોજના સંશોધનિકા

૨. સામાજિક આર્થિક દરજજા માપદંડ

**નિદર્શ** : મહારાષ્ટ્રનાં મુંબઈ, પુના, નાગપુર અને ઔરંગાબાદ શહેરનાં ૫૨ થી ૮૭ વર્ષથી ઉંમરના નિવૃત્ત લોકોનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત** :–

પ્રસ્તુત સંશોધનમાં માહિતી વિશ્લેષણ માટે વિચરણ પૃથકકરણ પધ્ધતિ ઉપયોગમાં લીધી હતી.

૧. ઉચ્ચ સામાજિક આર્થિક દરજજાનાં લોકો નિમ્ન સામાજિક–આર્થિક દરજજાનાં લોકો કરતા વધુ સારૂ સમાયોજન ધરાવતા હતા.

૨. સમાયોજનનાં વિવિધ ક્ષેત્રોમાં કૌટુંબિક સમાયોજન વધુ સારૂ જોવા મળ્યું હતુ જયારે સામાજિક સમાયોજન નબળુ જોવા મળ્યું હતું. *24

૨.૨.૮ રેડી અને પધ્મિનીનો અભ્યાસ (૧૯૮૮) :–

**હેતુ** : વૃધ્ધાશ્રમમાં રહેનારા લોકોની તંદુરસ્તી, આર્થિક સામાજિક અને માનસિક સમાયોજનની સમસ્યાઓની તુલના કુટુંબમાં રહેતા વૃધ્ધ લોકો સાથે કરવાનો મુખ્ય હેતુઓ.

**સાધનો** : ૧. વૃદ્ધોની સમાયોજન સમસ્યા સંશોધનિકા.

**નિદર્શ** : ૬૦ થી ૮૦ વર્ષ વચ્ચેની ઉંમર ધરાવતા કુલ ૧૨૦ વૃધ્ધ લોનોનો યદચ્છ નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો. તેમાં ૬૦ વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધો અને ૬૦ કુટુંબમાં રહેતા વૃધ્ધો હતા. નિદર્શમાં સ્ત્રીઓ તથા પુરૂષો બન્નેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમજ નિદર્શમાં સમાવેશ પામતા.

દરેક વૃધ્ધનો આર્થિક દરજ્જ નિમ્ન હતો.

**આંકડાશાસ્ત્રીય પ્રક્રિયાઓ :'ટી ટેસ્ટ'**

**તારણો** :

૧. વૃદ્ધાશ્રમમાં રહેતા કુટુંબમાં રહેતા લોકોની આર્થિક સમસ્યાનો તફાવત સાર્થક જોવા મળ્યો હતો. કુટુંબમાં રહેતા વૃદ્ધોની આર્થિક સમસ્યા વધુ હતી.

૨. વૃધ્ધાશ્રમમાં રહેતા અને કુટુંબમાં રહેતા લોકોની માનસિક સમસ્યાઓનો તફાવત સાર્થક જોવા મળ્યો હતો. વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોને માનસિક સમસ્યા વધુ હતી.

૩. વૃદ્ધાશ્રમમાં રહેતા અને કુટુંબમાં રહેતા લોકોની સામાજિક સમસ્યાઓનો તફાવત સાર્થક જોવા મળ્યો હતો. કુટુંબમાં રહેતા વૃધ્ધોની સામાજિક સમસ્યા વધુ હતી.

૪. સ્વાસ્થ્યની બાબતમાં વૃધ્ધાશ્રમમાં રહેનારા અને કુટુંબમાં રહેનારા વચ્ચે સાર્થક તફાવત ન હોતા.

૫. સ્ત્રીઓ અને પુરૂષોનાં દરેક ક્ષેત્રની સમસ્યાઓના તફાવત સાર્થક મળ્યા હતા. *25

**2.5.16 ભટ્ટનો અભ્યાસ**

હેતુ : ભટ્ટ સુષ્માદેવીએ પોતાના સંશોધન કાર્ય માટે ધોરણ–૯નાં વિદ્યાર્થીઓનાં સમાયોજનનાં અભ્યાસમાં તેની જાતિયતા અને સામાજિક, આર્થિક સ્થિતિનાં સંદર્ભમાં સંશોધન કાર્ય કર્યુ હતુ. તે તેનો મુખ્ય હેતુ હતો.

નિદર્શ : સુરેન્દ્રનગરની માધ્યમિક શાળાઓમાંથી છોકરીઓ ૧૬૧ તેમજ છોકરાઓ ૧૧૮ કુલ ૨૭૯ વિદ્યાર્થીને નમુના તરીકે પસંદ કર્યા હતા.

સાધનો : **AISS-Adjustment inventory for school students Hindi verasion\ Dr.A.K.P. Sindny, Dr.R.P.Sing.**

તારણો : ૧. વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓનાં અનુક્રમનાં ક્ષેત્રમાં જાતિયતાનો તફાવત જોવા મળે છે.

૨. સામાજિક આર્થિક સ્થિતિ અને આવેગીક અનૂકૂલન વચ્ચે ૦.૨૪ સહસંબંધ જોવા મળયો છે. જે સાર્થક છે.

૩. સામાજિક આર્થિક સ્થિતિ અને સામાજિક અનુકૂલન વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો છે. *26

## 2.5.17 સચિન કિકાણી (૧૯૯૩) નો અભ્યાસ :–

**હેતુ** : પ્રસ્તુત સંશોધનનો હેતુ અનાથાશ્રમનાં વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓનાં કુસમાયોજનનાં અભ્યાસ કરવાનો હતો.

**નિદર્શ** : અનાથાશ્રમનાં ૩૦ વિદ્યાર્થીઓ, અને ૬૪ વિદ્યાર્થીનીઓ ઘરમાં ઉછરેલા ૫૬ વિદ્યાર્થીઓ અને ૪૪ વિદ્યાર્થીઓની સંખ્યા લેવામાં આવી કુલ ૧૯૪ની સંખ્યા લીધી હતી.

**આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ :– ''ટી ટેસ્ટ''**

**તારણો** :

૧. કુટુંબમાં ઉછરેલા સામાન્ય વિદ્યાર્થીઓ અને કુટુંબ બહાર ઉછરેલા વિદ્યાર્થીઓનાં કુસમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

૨. અનાથાશ્રમમાં ઉછરેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓમાં કુસમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. *27

## 2.5.18 ડીર્ક્ષ જાન

સ્ત્રી પરિચારિકાનાં બે જૂથની બાબતમાં કામનાં દિવસો અને રજાનાં દિવસોએ કાયમી રાતપાળીની જાગૃત અવસ્થા પર શી અસર પડે છે તેનો અભ્યાસ આ અધ્યયનમાં કર્યો છે. ૪૨ જણાનાં એક જૂથનાં સભ્યો વારાફરતી રાતપાળી કરે છે. જયારે બીજા જુથની ૩૬ બહેનો એક હારમાં દિવસો સુધી એકધારી રાતપાળી કરે છે. દરેક પરિચારિકાની અલગ અંગત મુલાકાત લીધેલી છે. તેમજ તેની પાસે એક પ્રશ્નાવલી પણ ભરાવેલી છે. સમતુલક પરિવર્ત્યો પરાવર્તક ઉપર બન્ને જૂથને સમકક્ષ કર્યા હોય છે. પોતાના નિર્ધારિત સમયાનુસાર

એકધારા રાતપાળી કરનારા જૂથની પારિચારિકાઓને વધારે સઘન પ્રયાસ કરવો પડે છે. વધારે સીગારેટ પીવી પડે છે. વધારે સક્રિયપણે પોતાના કાર્યનો મેળ સાધવો પડે છે. વધારે રમતમાં રોકાવુ પડે છે. છેલ્લી રાતપાળી પછીની રાત્રે એક કલાક વધુ સુવુ પડે છે. એવું તારવ્યું છે કે, કામની બેમાંની એકપણ ઢબ કે ઢાંચો અંગત સુખાકારી માટે ધમકીરૂપ કે જોખમી નથી. કેમ કે, કાયમી રાતપાળીની પસંદગી સ્વગત કે સ્વીકૃત હતી અને તે માટેનું સામાજિક સમર્થન ઉચ્ચ કક્ષાનું હતું.*28

## 2.5.19 ફિશર સિંથિયા ડી., શો જેમ્સ બી.

બોન્ડ યુનિ. વ્યાપાર શાળા ગોલ્ડ કોસ્ટ RLD ઓસ્ટ્રેલિયા

માલિક સર્જિત આગામી પુનઃનિયુક્તિ સાથેનાં સંલગ્ન વલણો ઓળખી અને નિર્ધારિત કર્યા. ત્રણ મહિના પછી એ જ નિદર્શમાં ફેરબદલી પ્રત્યેનાં વલણો અને સમાયોજનની હાડમારીઓની આગાહી કરી નિદર્શ પાત્રોરૂપે હવાઈદળનાં ૯૯ બિનઅધિકારીઓ કે જેમને કાયમ માટે સ્થળફેર પર મૂકેલા તેઓ હતા. નિયુક્તિ ફેરનાં નિર્ણય પૂર્વેનાં વસ્તી વિષયક લક્ષણો અને વલણો નવા સ્થળ પ્રત્યેનાં વલણો કરતા ઓછા મહત્વનાં હતા. પણ એકવાર નિર્ણય લેવાયા પછી, ચાલ નકકી થઈ ગયા પછી નવા નિયુક્તિનાં અનુભૂત પાસા એવા ભૂમિકા સંદિગ્ધતા, બઢતીની કક્ષા સમૂદાય અને કાર્યસંતોષ અને પુર્નનિયુક્તિનાં વલણ અને સમાયોજન હાડમારીનાં સૌથી પ્રબળ વર્તારકો બની જાય છે. ઘણા કિસ્સામાંતો પુર્નનિયુકત પૂર્વનો નવનિયુક્તિ પ્રત્યેની અપેક્ષાઓ અનુગામી ઘટના સાથે જરાયે સંલગ્ન ન હોતા તે સૂચવે છે કે પૂર્વે અપેક્ષાઓ હકીકતે અચોકકસ જ હશે. *

# પ્રકરણ–3

# સંશોધન યોજના – પ્રક્રિયા અને પૃથ્થકરણની પદ્ધતિ

## 3.1 પ્રાસ્તાવિક :–

સંશોધન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં શરૂઆતથી માંડીને અંત સુધી વિવિધ પ્રવૃતિઓ કરવાની હોય છે. સંશોધન ક્ષેત્રે પ્રથમ પગથિયું વિષય પસંદગીનું છે. વિષય પસંદગી અને સમસ્યાની રચના – આ બન્ને પસંદગીને અવકાશ છે જ પરંતુ સાપેક્ષ રીતે કહેવું હોય તો જરૂર કહી શકાય કે વિષય પસંદગીમાં વ્યકિતના વૈયકિતક વલણો રસ, રૂચિ, આકાંક્ષા, મૂલ્ય વિષયની રસપ્રદતા કે ઉપર્યુકતતા ઉપરાંત ઉપલબ્ધ સમય શકિત નાણા અને પોતાના સામર્થ્યનો પણ વિચાર કરવો પડે છે.

વિજ્ઞાનની દ્રષ્ટિએ વિષય પસંદગીએ સારી પેઠે અનિશ્ચિત છે. **પી.વી.યંગ** વિષયની પસંદગીને વૈજ્ઞાનિક સંશોધનની પ્રાથમિક જરૂરિયાત તરીકે ઓળખાવે છે. કારણ કે તેના વગર કોઈપણ સંશોધન કાર્યનો પ્રારંભ થઈ શકે નહી **યંગે** કેટલીક બાબતો રજૂ કરી છે. જે નીચે પ્રમાણે છે.

1. વિષય ક્ષેત્રને સમજવાની સંશોધકની શકિત
2. સાધનોની મર્યાદા
3. પ્રયુકિતની ઉપલબ્ધતા
4. પ્રમાણભૂત અને વિશ્ર્વસનીય માહિતી મળવાની સંભાવના
5. સંશોધન ક્ષેત્રની મર્યાદા

આમ ઘણી બધી બાબતોને ધ્યાનમાં રાખી સંશોધનનું વિષય વસ્તુ નકકી કરવામાં આવે છે. વિષય પસંદગી અને તેને લગતી વિગતો અને માહિતી એકઠી કરીએ એટલે સંશોધન પુરૂ એમ માનવું એક ભૂલ છે. કારણ કે વિષયની પસંદગીને આધારે માહિતી એકઠી કરવી એ અધુરુ કાર્ય કે અધકચરા પ્રયત્નો છે. જયાં સુધી વિષયના અનુસંધાનમાં તેની યોજના ન કરવામાં આવે ત્યાં સુધી આંધળુકિયું કરવું તે યોગ્ય નથી. માત્ર આપણી પાસે જમીન

હોવાથી મકાન બની નથી જતું પરંતુ આર્કિટેક પાસે નકશો બનાવવો પડે તેનું વ્યવસ્થિત આયોજન કર્યા પછી જ વાસ્તવિક મકાન બનાવી શકાય છે. તેમ સંશોધનમાં પણ માત્ર વિષય પસંદગીને આધારે સંશોધન કાર્ય આગળ વધી શકતું નથી. વિષય પસંદગીને આધારે વ્યવસ્થિત આયોજન જ સંશોધન કાર્યને ગતિ આપે છે. સંશોધનના અનુસંધાનમાં ઘણી–ઘણી માહિતીઓ મેળવવી પડે છે. માહિતી મેળવવાની દિશાઓ ઘણી બધી છે. જો યોગ્ય દિશામાં ખેડાણ થાય તો જ સંતોષકારક કાર્ય કરી શકાય એટલે કે સૌથી પ્રથમ માહિતી કયા પ્રકારની રીતથી મેળવી તે નકકી કર્યા પછી તેનું આયોજન કરવું અને સંશોધન કાર્ય આગળ ધપાવવું જોઈએ.

વિષયના અનુસંધાનમાં લાયબ્રેરીઓ ફેંદી મારવી પાઠયપુસ્તકો વાંચવા કે લખવાએ સંશોધન નથી આવશ્યક રીતે એક વાસ્તવિક અને વ્યવસ્થિત પુછપરછ છે. જે બાહયલક્ષી પ્રતિપાદન યોગ્ય પદ્ધતિ મારફતે વિગતો શોધે છે. જેથી તેમની વચ્ચેનો સંબંધ શોધી શકાય છે અને એ સંબંધોમાંથી વ્યાખ્યા કે સિદ્ધાંતો અથવા નિયમોનું તારણ થઈ શકે છે. વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન.

## 3.2 સામાજીક સંશોધનનું વિવેચન :–

"સામાજિક સંશોધન એટલે સમુદાયોની સામાજિક ઘટનાઓનું અથવા સામાન્ય રીતે માનવવર્તનના સ્વરૂપ તથા પ્રવાહોનું પૃથ્થકરણ કરી વ્યાપક સિદ્ધાંતો–વૈજ્ઞાનિક પ્રત્યયોની રચના."

વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન. સંશોધન ત્રણ રીતનું હોઈ શકે છે.

1. જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન નવી હકીકતોની શોધ સ્વરૂપનું
2. જુની હકીકતોની ચકાસણી સ્વરૂપનું
3. હકીકતો વચ્ચેના કાર્યકારણની સમજૂતી આપનારૂ.

**પ્રો.કિલફોર્ડ મુડી** કહે છે કે, " આખરે સંશોધન સ્વતઃ સત્યની શોધ માટેની એક પદ્ધતિ છે. જે વાસ્તવમાં સમીક્ષાત્મક વિચારણાની પદ્ધતિ છે. એમાં સવાલોની વારંવાર વ્યાખ્યા કરવામાં આવે છે, કાલ્પનિક સિદ્ધાંતોની રચના કરવામાં આવે છે. અથવા સુચિત ઉકેલો શોધવામાં આવે છે. સામગ્રીનો સંગ્રહ, વ્યવસ્થા તથા મૂલ્યાંકન કરવામાં આવે છે. અને અનુમાનો તથા પરિણામો તારવવામાં આવે છે. અને છેવટે પરિણામો બધાં રચિત કાલ્પનિક સિદ્ધાંતની સાથે કેટલેક અંશે બંધબેસતા છે."

➢ નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન.

**– રેડમન અને થોરી**

➢ સંશોધનનો હેતું વૈજ્ઞાનિક પદ્ધતિનાં ઉપયોગ દ્વારા પ્રશ્નોનાં ઉતરો શોધવાનો છે.

**– જહોન**

➢ વસ્તુલક્ષી અને ચકાસણી જન્ય પદ્ધતિઓ દ્વારા હકિકતો શોધવા માટેની હકિકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેને આધારે સિદ્ધાંત કે નિયમો તારવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય છે.

**– પ્રો. ગોપાલ**

➢ સામાજિક સંશોધન નવી હકીકતોની શોધ કરવાની અથવા જૂની હકીકતોનું તેમના અનુક્રમ આંતરસંબંધ કારણાત્મક ખુલાસાઓ અને તેમને લગતા પ્રાકૃતિક નિયમો મારફત પ્રતિપાદન કરવાની વ્યવસ્થિત પદ્ધતિ છે.

**–પોલીન યંગ**

ઘણું ખરૂ સંશોધન પૃથ્થકરણાત્મક નવી હકીકતોની શોધ કરનારું તેમજ પદ્ધતિઓની ચકાસણી કરવા માટેની યોજનાનું હોવું જોઈએ. સંશોધન નવી વૈજ્ઞાનિક ક્ષિતિજો શોધે છે. વિજ્ઞાનની સીમાઓ વિસ્તૃત બનાવે છે. નવા વિશ્વાસો તથા સિદ્ધાંતો તરફ પ્રગતિ કરે

છે. અને નવાં પ્રત્યયો સૂચવે છે. સંશોધન વિદ્યમાન વૈજ્ઞાનિક સિદ્ધાંતના માળખાની વચ્ચે રહી સામગ્રી એકત્રિત કરે છે. અને તેનું વિશ્લેષણ કરે છે.

આમ ઉપર પ્રમાણે સંશોધન વિષય પસંદગી પછીનો તબકકો સંશોધન યોજના છે જે સંશોધન માટે રસ્તાઓ ખુલ્લા કરે છે. સંશોધન વિષય પસંદગીને અનુરૂપ યોગ્ય આયોજન કરવું પડે છે. સંશોધન વિષયનું આયોજન કરવું એ ધારીએ તેટલી સરળ બાબત નથી. તે માટે ખૂબ જ કાળજી રાખવી પડે છે. કેમ કે સંશોધનનું આયોજન એ સંશોધનનો કાર્ડિયોગ્રામ બતાવે છે. આમ સંશોધનનો હેતુ સિદ્ધ કરવા માટે તેના વિષયને અનુરૂપ વ્યવસ્થિત, કાળજીપૂર્વક તેનું આયોજન કરવું પડે છે. સંશોધન કાર્ય દિશાસૂચન આપવા માટેનું તાર્કિક અને આયોજિત સાધન છે.

## 3.3 સંશોધન યોજના :–

સંશોધન યોજનાએ સંશોધનનું બીજું સોપાન છે. તેથી સંશોધન યોજના એટલે શું તે જાણવું જરૂરી છે.

સંશોધન યોજના એ સામાન્ય વૈજ્ઞાનિક નમૂનાને આધારે સંશોધન પ્રક્રિયાની કાર્યવિધિનું જેમાં આલેખન કરવાનું હોય છે. સમસ્યાની પસંદગી બાદ સંશોધનની રચના નકકી કરવા માટે સંશોધકે સાવધ રહેવું પડે છે. જે વિષયની પરિસ્થિતિને માટે જે રચના લાગુ પડે તે જ લેવી પડે છે. જે વિષયમાં પરીક્ષાત્મક અથવા પ્રાયોગિક અધ્યયન રચનાની જરૂર જણાય ત્યાં આગળ અન્વેષણાત્મક અથવા નિરૂપણાત્મક અધ્યયન રચના નકામી લાગે છે. જો સમસ્યાની રચના સફળ રીતે થઈ જાય તો સંશોધનની યોજનાની પ્રક્રિયાનો આપમેળે આરંભ થાય છે. આનો અર્થ એ કે સામાજિક સંશોધન માટે એવો પ્રકાર નકકી કરવો જોઈએ કે જે તે સમસ્યાના અભ્યાસ માટે સારો ગણાય.

સામાજિક સંશોધનની યોજના ત્રણ પ્રકારની હોય છે.

1. રચનાત્મક અથવા અન્વેષણાત્મક અધ્યયન
2. વર્ણનાત્મક અને નિદાનાત્મક અધ્યયન
3. પરીક્ષણાત્મક અથવા પ્રાયોગિક અધ્યયન

**પોલીન યંગ** ના મતે સંશોધન કાર્યને દિશાસૂચન આપવાનો છે. સંશોધન યોજના એક કામચલાઉ યોજના છે. જેમ જેમ સંશોધન વિષયની પસંદગીથી માંડી સામગ્રી એકઠી કરવાની પ્રક્રિયામાં પસાર થઈ અહેવાલ લખવા તરફ અને પરિણામોના અમલ તરફ પ્રગતિ કરે છે, તેમ–તેમ સંશોધકની સામે નવી પરિસ્થિતિ ઉદભવતી જાય છે અને માહિતીની નવી કડીઓ પ્રકાશમાં આવતી જાય છે. તેમ તેમ સંશોધન યોજનામાં ફેરફાર કરતા રહેવાનું જરૂરી બને છે.

**" સંશોધન આયોજન એ સંશોધન કાર્ય પહેલાનું પૂર્વ આયોજન છે. જેમાં સમસ્યાને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ, અર્થઘટન અને કાળજીપૂર્વક ગોઠવણી છે."** સંશોધન યોજના એ પૂર્વ સંશોધન કરતા પહેલાનો પૂર્વ આયોજિત ઢાંચો કે નકશો છે. જેમાં સમસ્યાની પસંદગીને આધારે તેને અનુરૂપ વ્યૂહની રચના કરવામાં આવે છે અને કયા રસ્તે જવું યોગ્ય છે ? કયા રસ્તે જવું યોગ્ય નથી. એ બાબતોનું પહેલેથી જ આયોજન હોય છે. જેથી વ્યર્થ પ્રવૃતિમાં ખોટો સમય વેડફાતો નથી અને યોગ્ય જગ્યાએ જ તીર લાગે છે. જો પહેલેથી જ વ્યવસ્થિત આયોજન કરવામાં ન આવે તો આંધળુકિયા પ્રયત્ન કરવા પડે છે. આને કારણે યોગ્ય સફળતા મળતી નથી. વધારે મહેનત કરવા છતાં સફળતા દૂર રહી જાય છે. આને પરિણામે સંશોધકને કંટાળો આવતા અધવચ્ચે જ સંશોધન કાર્ય છોડી દે છે.

પરિણામે ખોટો સમય, શકિત અને નાણાનો વ્યય થાય છે. આમ આયોજન વિના કોઈપણ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે તો ખોટી વધારાની માહિતીનો પણ ભરાવો થઈ જાય છે. આને પરિણામે સંશોધનકર્તા વધારે ગુંચવણમાં મુકાય જાય છે. અને તેને માટે તેને એવું લાગે છે કે આગળ જવાનાં બધા રસ્તા બંધ થઈ ગયા છે. પરિણામે માનીસક રીતે હિંમત હારી જાય છે. અને સંશોધન કાર્ય અટકી જાય છે. આથી સંશોધનનું આયોજન ઓછા સમયે

વધુ સફળતા તરફ દોરી જાય છે. તેનાં કાર્યને વધુ વેગ, બળ, શકિત મળે છે. જે બાબત દિવામાં દિવેલ પૂર્યા બરાબર થાય છે.

સંશોધન યોજના ઘડવા માટે જે નિર્ણયો લેવાના હોય છે તેમાં શું ?, કયાંથી ?, કયારે ?, કેટલું ?, કયા સાધનથી ? વગેરે પ્રશ્નો વિચારી લેવાના હોય છે.

આ માટે નીચેના મુદા વિચારવા જરૂરી બને છે.

1. માહિતીના સ્ત્રોત
2. સંશોધન અભ્યાસના હેતુઓ
3. સંશોધન અભ્યાસનું સ્વરૂપ
4. ભૌગોલિક વિસ્તારની સ્પષ્ટતા
5. સામાજિક સાંસ્કૃતિક–ઐતિહાસિક સંદર્ભની સ્પષ્ટતા
6. સમયનો અંદાજ
7. માહિતી એકત્ર કરવા માટેની પ્રયુકિતઓ
8. અભ્યાસના પરિણામો
9. ગ્રંથાલયનો ઉપયોગ
10. સંશોધન એકમોની વ્યાખ્યા
11. સંદર્ભ સૂચિ

યંગના મતે આ બધી બાબતો ધ્યાનમાં લેવી જોઇએ તેની યોજનાનો પ્રોજેકટ બનાવવામાં આવે ત્યારે કઇ–કઇ ધ્યાનમાં રાખવી જરૂરી છે. જે સંશોધનના પ્રોજેકટને સફળતા તરફ લઈ જાય છે.

સંશોધન ગૂંથણી એ સંશોધનની સાચી કસોટી કરે છે કેમ કે સંશોધનનું આયોજન એ સંશોધન કાર્યની શરૂઆતથી અંત સુધીની તમામ બાબતોની ઝાંખી કરે છે તેનો પરિચય અપાવે છે. માટે જ સંશોધન ગૂંથણી સંશોધનનું હાર્દ છે.તેની ગુણવતા નકકી કરે છે. આમ સંશોધન ગૂંથણી દ્વારા સંશોધનમાં કઈ પદ્ધતિથી મેળવાશે, ઉદેશો, હેતુઓને સિદ્ધ કરવા માટે કઈ પ્રયુકિતઓનો ઉપયોગ કરાશે સમસ્યા ઉભી થતાં તેમાથી બહાર કેવી રીતે આવવું

વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આમ છતાં સંશોધનની ગૂંથણી એ જ સંશોધન કાર્ય માટે પૂર્ણ છે એવું માનવું ભૂલભરેલું છે. તેના પર અવલંબન રાખવું એ મૂર્ખતા છે. કારણ કોઈ બાબત સાવ પૂર્ણ હોતી નથી તેમાં કંઈક ખામી પણ હોય છે. જેવી રીતે સિકકાની બે બાજુ છે તેમ ફાયદા કારક પણ છે અને કયારેક પૂર્ણ વિગતો તેમાંથી ન પણ મળે એટલે આયોજનને સાવપૂર્ણ માની લેવું જોઈએ નહિ. તે કદી પૂર્ણ હોતુ નથી.

જેમ સંશોધનને પોતાના ક્રમ પ્રમાણે તબકકા છે. સોપાનો છે. તેમ સંશોધન આયોજનને પણ પોતાના સોપાનો છે, તબકકા છે. જેવા કે :–

1. સંશોધન વિષય અંગે વિચારણા અને પસંદગી
2. વિષયક્ષેત્રને સમજવાની સંશોધકની શકિત
3. સંશોધનની મર્યાદા
4. પ્રયુકિતની ઉપલબ્ધતા
5. પ્રમાણભૂત અને વિશ્વસનીય માહિતી મળવાની સંભાવના
6. સંશોધનની હદ મર્યાદા નકકી કરવી.

આમ, ઉપર પ્રમાણે સોપાનોને ધ્યાનમાં રાખી સંશોધનનું આયોજન કરવામાં આવે તો તેના દ્વારા પ્રાપ્ત થતી માહિતીની વિશ્વસનિયતા અને યથાર્થતાની કક્ષા પણ ત્રાંસી રહે છે. આમ અપૂરતી માહિતી સાચી હકિકત તરફ લઈ જતી નથી. આથી આયોજન કરતી વખતે કઈ પ્રયુકિત દ્વારા ? કેવી રીતે માહિતી મળશે ? તેનું પણ આયોજન કરવું જોઈએ જેથી માહિતી સાચી મળે અને અંત સફળદાયક બને.

બિનજરૂરી માહિતી એકઠી થઈ જાય છે. વિચાર, આયોજન વગરનું સંશોધન કાર્ય ઘણી વખત સંશોધકને ઝૂકાવી દે છે. આને પરિણામે ઘણી વખત એવું બને છે કે સંશોધનકાર્ય અધવચ્ચે જ છોડી દેવું પડે છે.

કહેવાય છે કે, " સારા કાર્યમાં સો વિઘ્નો આવે." આ વિઘ્નોનો સામનો પણ કરવો પડે છે. જો સંશોધનની ગૂંથણી કરીને આયોજન કરીને કાર્ય કરવામાં આવે તો આવતા રસ્તાના વિઘ્નો થોડા સરળ બને છે અને તેનો સામનો કરવાની હિંમતમાં વધારો થાય છે. આત્મવિશ્વાસ દ્રઢ બને છે. અને રસ્તામાં આવતા કાંટારૂપી વિઘ્નો દૂર કરી શકાય છે. પરંતુ જો આયોજન ન કરેલું હોય તો આવા વિઘ્નો, સંઘર્ષોને દૂર કરવા મુશ્કેલ બને છે.

- આયોજન દ્વારા માહિતી વધારે વિશ્વસનીય મેળવી શકાય છે.
- આયોજન દ્વારા આવતા સંઘર્ષો, અથડામણોનો સામનો કરવો સરળ બને છે.
- આયોજનથી અધકચરી કે ઉણી માહિતી મેળવવાથી દૂર કરી શકાય છે.
- સમય, શકિત અને નાણાંનો વ્યય, થતો અટકાવી શકાય છે.
- આયોજન દ્વારા રસ્તાઓ આપોઆપ ખુલ્લા થતાં જાય છે.
- સંશોધન કાર્ય વધુ સરળ, સુઘડ બને છે.

## 3.4 સંશોધન યોજનાના પ્રકારો :–

સંશોધન યોજનાના ત્રણ પ્રકારો હોય છે. જેના પ્રકારોની ચર્ચા નીચે મુજબ છે.

### 3.4.1 રચનાત્મક અથવા અન્વેષણાત્મક સંશોધન :–

સંશોધન યોજના સામગ્રીના એકત્રીકરણ અને પૃથ્થકરણ માટેની દિશાઓની વ્યવસ્થા છે. જે સંશોધનના પ્રયોજન સાથે સુસંગત હોય છે.

દરેક અધ્યયનનું પોતાનું ખાસ પ્રયોજન હોય છે. પણ આપણે સંશોધનનાં પ્રયોજનને અનેક સમૂહોમાં વહેંચી શકીએ છીએ.

1. ઘટના સાથે પરિચય પ્રાપ્ત કરવો જેથી સંશોધનની રચના વધારે ચોકકસ બની શકે અને પરિકલ્પનાનો ખ્યાલ વિકસાવી શકાય.

2. પરિકલ્પના સાથે અથવા પરિકલ્પના વિનાએ લાક્ષણિકતાઓના સ્વરૂપ વિશે કોઈ વિશષ્ટ વ્યકિત પરિસ્થિતિ અથવા સમૂહની લાક્ષણિાકતાઓ ચોકકસ રીતે આલેખી શકાય.

3. ઘટનાની વારંવારિતા નકકી કરવી મોટે ભાગે પણ હંમેશા નહી અમુક વિશિષ્ટ આરંભિક પરિકલ્પના વિશે વિચારી શકાય.

4. બે પરિવર્ત્યી વચ્ચે કારણાત્મક સંબંધ ધરાવતી પરિકલ્પનાની ચકાસણી કરવી નવી આંતરદ્રષ્ટિ મેળવવી જે અધ્યયનોમાં પહેલું પ્રયોજન હોય છે. તે સામાન્યરીતે રચનાત્મક અથવા અન્વેષણ અધ્યયનો કહેવાય છે. કારણ કે એમાં મોટે ભાગે વિચારો તથા આંતરદ્રષ્ટિઓની શોધખોળ ઉપર ભાર મૂકવામાં આવે છે. આમ રચનાત્મક અભ્યાસ એવા છે કે જેમાં અજ્ઞાત તત્વો અને હકીકતોની શોધ સાથે સંબંધ ધરાવે છે.

અન્વેષ્ણાત્મક અધ્યયનોની એક અસ્તિત્વ તરીકે ચર્ચા કરીએ છીએ છતાં એને સંશોધન પ્રક્રિયાના પ્રારંભિક સોપાન તરીકે માનવું ઉચિત છે. ખરું જોતા કોઇપણ પુછપરછનો સૌથી વધારે મુશ્કેલ ભાગ તેનો આરંભ છે. અન્વેષણની પાછળની કક્ષાઓમાં પુષ્કળ કાળજી પૂર્વકની પદ્ધતિઓનું ખાસ મૂલ્ય નથી.

અન્વેષણાત્મક અધ્યયન ગમે તે પ્રયોજન માટે આદરવામાં આવે એની ઉત્પાદકતા કે ઉપયોગિતામાં બુદ્ધિમતા અને સારા સંજોગોનો અનિવાર્ય ફાળો છે. તથાપી અગત્યના પરિવર્ત્યો અને સાર્થક પરિકલ્પિત ખ્યાલો માટે કેટલીક ઉપયોગી પદ્ધતિઓ સૂચવી શકાય છે.

1. સંબંધ ધરાવતા સામાજિક અને બીજા સાહિત્યનું અવલોકન
2. અધ્યયન યોગ્ય અવલોકનો વ્યવહારિક અનુભવ મેળવ્યો હોય એવી વ્યકિતઓની મોજણી
3. સવાલની અંતઃદ્રષ્ટિને ઉતેજન આપનાર ઉદાહરણનું પૃથ્થકરણ

ઘણાં અન્વેષણાત્મક અધ્યયનો આમાંથી એક અથવા એકથી વધુ પદ્ધતિનો ઉપયોગ કરે છે. આ ઉપયોગમાં ચુસ્તપણું હોવું જરૂરી છે.

## 3.4.2 વર્ણનાત્મક અને નિદાનાત્મક સંશોધન :–

### 3.4.2.1 વર્ણનાત્મક સંશોધન :–

વર્ણનાત્મક પદ્ધતિ પરિસ્થિતિઓનો અભ્યાસ કરવાની વિધાયક માપન પદ્ધતિ તરીકે ઓળખાય છે. એ જાણવું જેટલું જરૂરી છે તેટલું જ તે કયાં સુધી પહોંચ્યો છે એ જાણવાનું જેટલું જરૂરી છે. વર્ણનાત્મક અધ્યયનો આવી સમાજનાં વિકાસ માટે પણ અગત્યનો ભાગ ભજવે છે.

વર્ણનાત્મક સંશોધનમાં કોઈપણ વસ્તુના પ્રકાર અને દરજ્જાની વિગતો માણસોના સમુહોની અનેક પદાર્થોનો, પરિસ્થિતિઓના સમુહની વિગતોના વર્ગનો વિચાર શાખાઓનો અથવા બીજી કોઈ ઘટનાનો જેનું વ્યકિત અધ્યયન કરવા માંગે છે. તેનો સમાવેશ થાયે છે. કેટલીક વખત આ સંશોધનો દરજ્જાના અધ્યયનો તરીકે ઓળખાય છે.

### 3.4.2.2 નિદાનાત્મક સંશોધન :–

- ધંધાકીય નિર્ણયો કરવા માગે કિંમતી હકીકતો પૂરી પાડે છે.
- માણસ જે કોઈ બાબતોનું અધ્યયન કરવા માગે છે તેને માટે અંતઃદ્રષ્ટિ મળે છે.
- વર્ણનાત્મક નિરીક્ષણોનો અમુક બીજી પરિસ્થિતિઓની હાજરી કે ગેરહાજરી સાથે સંબંધ જોડવાથી આપને કારણાત્મક સંબંધોનું જ્ઞાન મળે છે.
- પદાર્થો અને માણસોનાં સ્વભાવનું અવશ્યક જ્ઞાન મેળવી શકાય છે.
- સંશોધનના ઘણા સાધનો પુરા પાડવામાં મદદ કરે છે.

### 3.4.2.3 વર્ણનાત્મક સંશોધનો :–

વર્ણનાત્મક અધ્યયનોની ખાસ કરીને સમાજમાં પ્રવર્તતા પ્રશ્નો સાથે છે જેનું લીસ્ટ બહુ જ લાંબુ છે. છતાં અમુક દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યે છે.

(1) સમાજની લાક્ષણિકતા જેમ કે સમાજના લોકોનો, વય વિસ્તારનો તેમની રાષ્ટ્રીયતા, શારીરિક, માનીસક સ્વાસ્થ્ય, શિક્ષણના પ્રમાણો, ગુનાઓનું અમુક વિસ્તારમાં પ્રમાણ ઘરોની દશાઓ વગેરે બાબતોનું અધ્યયન થઈ શકે.

(2) સંબંધિત પરિવર્ત્યોની ચકાસણી કે શોધમાં રસ છે.

### 3.4.2.4 નિદાનાત્મક અથવા ચિકિત્સાત્મક સંશોધન :–

આ સંશોધન યોજનામાં ચિકિત્સા વિષય, સમીક્ષા અને ચિકિત્સા પ્રક્રિયાઓ કાર્યની વિશિષ્ટતાઓ, પ્રક્રિયાઓ અને પ્રક્રિયાઓના સમીક્ષા અને ચિકિત્સા વિષય કાર્યમાં પાંચ મુખ્ય પાસાઓનું વિગતવાર પૃથકકરણ કરવાંમા આવ્યું છે જે નીચે મુજબ છે.

1. પરિસ્થિતિ દરજ્જો યા દરજ્જાનું એકમ
2. સામગ્રીનો સંગ્રહ, પરીક્ષા અને ઇતિહાસ
3. આકસ્મિક ઘટકોની ચિકિત્સા અને પરખ
4. સમાયોજન, ઇલાજ અને ઉપચાર
5. સમાયોજન કાર્યક્રમનું અનુસરણ

### 3.4.2.5 ઉપયોગ :–

- ધંધામાં પડેલા કાર્યકરોના સવાલોના પ્રકારોનો ખ્યાલ આપવા.
- કુટુંબ વર્ગોમાં શાળાઓમાં સમાજમાં મોજુદ પ્રશ્નોનું અધ્યયન.

- ધંધાકીય અભ્યાસક્રમો માટે શિક્ષણ આપવાના પ્રયોજનોથી.
- વિશિષ્ટ પ્રકારનાં ચિકિત્સા વિષયોના પ્રકાશિત અહેવાલના સંગ્રહથી પરિણમતા જ્ઞાન સમૂહનાં આધારે સામાન્યીકરણની રચના.
- સંખ્યાત્મક પરિણામોનું ઉદાહરણ રજૂ કરવું અને પ્રમાણિત કરવું

આમ ચિકિત્સા વિષય કાર્ય એટલે જેમાં વિકસાત્મક સમાયોજન અને ઉપચારાત્મક પ્રક્રિયાના કુમેળ યા સુમેળના કારણોનું વિશ્લેષણ કર્યા બાદ અનુસરણ કરવાંમા આવે છે.

### 3.4.2.6 પરિક્ષણાત્મક અથવા પ્રાયોગિક સંશોધન :–

આ પ્રકારની સંશોધન યોજનાના પ્રકારમાં પ્રયોગો કરવામાં ઓવે છે. પ્રયોગ એટલે હેતુપૂર્વક નકકી કરેલી શરતોને આધારે વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત કરવામાં આવે છે. અને આ વિશિષ્ટ પરિસ્થિતિનું નિયંત્રણ કરીને નિરીક્ષણ કરવામાં આવે છે. જેના પ્રકારો આ પ્રમાણે છે.

1. પ્રશ્ચાત પ્રયોગ
2. પૂર્વ અને પ્રશ્ચાત સંશોધન આયોજન
3. ચોકકસ (પોસ્ટ) હકીકત સંશોધન.

## 3.5 પ્રસ્તુત સંશોધન અંગેની સંશોધન યોજના :

પ્રસ્તુત સંશોધનના મુખ્ય અને ગૌણ હેતુઓને ઘ્યાનમાં રાખીને કેટલીક શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. તેની ચકાસણી કરવા માટે સમગ્ર સંશોધન યોજના નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવી હતી.

સંશોધન યોજના એ સમગ્ર સંશોધનનું મુખ્ય હાર્દ છે. સંશોધનનાં હેતુને સિદ્ધ કરવા માટે તેને અનુરૂપ સંશોધન યોજના ઘડવી પડે છે. જો સંશોધન યોજના વ્યવસ્થિત ન હોય તો મળેલી માહિતીની વિશ્વસનિયતા અને યર્થાથતા ઘટી જાય છે. બીજી રીતે સંશોધન યોજના ખામીયુકત હોય તો સંશોધનનાં હેતુ પ્રમાણે તેની યોજના ઘડવામાં આવે છે. વિવિધ સંશોધન યોજનામાં તફાવત પડે છે. અહિં અઘ્યયન હેતુને ઘ્યાનમાં રાખી સંશોધન યોજના નીચે પ્રમાણે રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ અનાથ આશ્રમમાં રહેતા તરુણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ. આ ત્રણ પરિવતિઓ ઉપર અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં (અનાથ તરૂણો અને અનાથ તરૂણીઓ) વૈવિધ વ્યકિતગત પરિબળો જેવા કે ઉંમર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર તેમજ ચિંતા વગેરે ઘટકોની અસર તપાસવાનો પ્રસ્તૃત સંશોધનો હેતુ હતો. આ સાથે કેટલાક હેતુ પણ નકકી કરવામાં આવ્યા હતા. માનસિક

આ અઘ્યયનનો હેતુ અનાથ આશ્રમમાં રહેતા તરુણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો અભ્યાસ કરવાનો છે. જેમાં મુખ્ય હેતુને ઘ્યાનમાં રાખીને સંશોધનની યોજના અંતર્ગત તરૂણોની જાતી (છોકરાઓ (A1) છોકરીઓ (A2) તરૂણોની ઉંમર (15 થી 18 વર્ષની ઉંમર (B1), 18 વર્ષ થી ઉપરની ઉંમર (B2), તરૂણોની શૈક્ષણીક લાયકાત (ઉચ્ચતર માઘ્યમિક અભ્યાસ (C1), ઉચ્ચતર માઘ્યમિક પછીનો અભ્યાસ (C2) ઉપરોકત ત્રણ બાબતો પર અસરો જોવા મળે છે કે કેમ તે જાણવાનો સમય પણ નિર્ધારીત કર્યો હતો. આ હેતુને સિદ્ધ કરવા માટે સમગ્ર આયોજન આંકડાકિય દ્રષ્ટિકોણ મુજબ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ માટે 2x2x2 ફેકટોરિયલ યોજના પસંદ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ઉપરોકત ત્રણ પરિવર્ત્યોની મુખ્ય આંતરક્રિયાત્મક અસરો જાણવાનો પ્રયાસ કર્યો હતો. આમ ત્રણ સ્વતંત્ર પરિવર્ત્યોની ત્રણ પરતંત્ર પરિવર્ત્યો પર અસર થાય છે કે નહી તે તપાસવા માટે આયોજન કરવામાં આવ્યું. હતું. આ ઉપરોકત

કક્ષાઓનો પ્રસ્તૃત સંશોધન માટે 2x2x2 ફેકટોરિયલ યોજનાની રજૂઆત કરવામાં આવી છે.

**કોષ્ટક 3.1**

2x2x2 ફેકટોરિયલ યોજના અંતર્ગત પરિવર્ત્યો અને તેની કક્ષાઓ

| પરિવર્ત્યોના નામ | સંજ્ઞા | સ્વરૂપ | કક્ષાની સંખ્યા | કક્ષાનું નામ |
|---|---|---|---|---|
| અનાથ આશ્રમમાં રહેતા તરૂણનો જાતિ | **A** | સ્વતંત્ર | 2 | છોકરા (**A1)**<br>છોકરીઓ (**A2)** |
| તરૂણો | **B** | સ્વતંત્ર | 2 | 15 થી 18 વર્ષની ઉંમરના (B1)<br>18 વર્ષથી ઉપરની ઉંમરના (B2) |
| શૈક્ષણિક લાયકાત | **C** | સ્વતંત્ર | 2 | ઉચ્ચતર માઘ્યમિકમાં અભ્યાસ (C1)<br>ઉચ્ચતર માઘ્યમિક પછીનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ (C2) |
| આવેગાત્મક પરિપકવતા | | આધારિત | | |
| માનસિક સ્વાસ્થ્ય | | આધારિત | | |
| સમાયોજન | | આધારિત | | |

## 3.6 પ્રસ્તુત સંશોધન અંગેની નિદર્શ પસંદગી :–

જયારે સંશોધન કરવાનું હોય ત્યારે મોટા સમૂહની તપાસ કરવાને બદલે નિયત સંખ્યામાં જુથ પસંદ કરી અઘ્યયન કરવામાં આવે તેને નિદર્શન પદ્ધતિ કહી શકાય.

વોકર અને લેવ નોંધે છે કે, " સ્મષ્ટિ વિષે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોના સમૂહને નિદર્શ કહેવાય."

જયારે " કોઇ સમષ્ટિમાંથી તેના પ્રતિનિધિ રૂપ કોઈપણ સંખ્યા કે અંશને પસંદ કરવાની પ્રક્રિયાને નિદર્શ કહે છે."

સાદા નિદર્શની બે લાક્ષણિકતાઓ મુખ્ય છે :

1. સમષ્ટિનું પ્રતિનિધિત્વ

2. પર્યાપ્ત કદ

નિદર્શના બે પ્રકાર પડે છે : યદચ્છ નિદર્શન અને બિન યદચ્છ નિદર્શન. જેમાંથી પ્રસ્તુત સંશોધનમાં સાદો યદચ્છ નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં કુલ 360 તરૂણોનેસાદા યદચ્છ નિદર્શ પસંદગી પદ્ધતિ વડે પસંદ કરવામાં આવ્યા હતા.

કુલ 360




$A^1$ છોકરાઓ     $A^2$ છોકરીઓ

$B^1$ 15 થી 18 વર્ષની ઉંમરના     $B^2$ 18 વર્ષથી ઉપરની ઉંમરના

$C^1$ ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ     $C^2$ ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ

## 3.7 સંશોધનમાં સમષ્ટિ અંગેનું વિવેચન

" સમષ્ટિ એટલે જે ક્ષેત્રની ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ક્ષેત્રમાં થતી બધી જ ઘટનાઓનો સમગ્ર જથ્થો."

" જે જૂથમાંથી નિદર્શનની પસંદગી કરવામાં આવી હોય તે સમગ્ર જુથને સમિષ્ટ કહેવામાં આવે છે. "

"સમિષ્ટના પર્યાપ્ત જથ્થો વ્યાપને વિશ્વ અંગ્રજીમાં UNIVERSE કહેવામાં આવે છે."

### 3.7.1 સમષ્ટિના પરિણામ :

#### 3.7.1.1 ભૌગોલિક પરિણામ :

સમિષ્ટનું પરિણામ એ એનું ભૌગોલિક પરિણામ છે. જે તે ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરવું એ તેનું ભૌગોલિક પરિણામ છે. દા:ત સંશોધિકાનો અભ્યાસ સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારના અનાથ આશ્રમનાં તરૂણોનો અભ્યાસ કરવાનો છે. સૌરાષ્ટ્ર–કચ્છ એ ભૌગોલિક પરિણામ છે. અને આ પરિણામ સંશોધન ક્ષેત્રની હદ મર્યાદા નકકી કરે છે.

#### 3.7.1.2 સમષ્ટિનુ એકમ :

સમિષ્ટનું બીજુ પરિણામ એ સમિષ્ટનુ એકમ છે. સમિષ્ટના એકમોનો કુલ જથ્થો છે. એટલે કે સમિષ્ટ એકમોનું બનેલું છે. તેમાં સમાવિષ્ટ થતાં બધા એકમોને નિદર્શન એમો કે સમિષ્ટના સભ્યો કહેવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારનાં અનાથ આશ્રમના તરૂણોનો અભ્યાસ એકમો છે.

### 3.7.1.3 સમિષ્ટનું લક્ષણ :

સમિષ્ટના એકમોનું લક્ષણ એ સમિષ્ટનું ત્રીજુ મહતવનુ પરિણામ છે. દા:ત પ્રસ્તૃત અનાથ આશ્રમમાં રહેતાં તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસે સમષ્ટીનું ત્રીજુ પરિમાણ છે. આ પરિમાણને લક્ષમાં રાખીને જોઈએ તો સમિષ્ટ વ્યકિતઓની બનેલી નથી. પરંતુ વ્યકિતઓ કે એકમોના લક્ષ્યની બનેલી છે.

આમ ઉપરના પરિમાણને જોતા અને વ્યાખ્યાઓને જાણતા એવું જોવા મળે છે કે, સમિષ્ટ એ જે તે ક્ષેત્રનો જથ્થો છે. જે બહુ વિશાળ હોય છે. દા:ત સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારના અનાથ આશ્રમનાં તરૂણો સમિષ્ટ છે. જે ખૂબ જ વિશાળ છે. આ સમગ્ર ઉપર ઘ્યાન આપવુ મુશ્કેલ બને છે. એ માટે તેના એકમો એટલે કે નિદર્શ નકકી કરી તેનો અભ્યાસ કરવામાં આવે છે. આમ સમષ્ટિનો એક–એક સભ્ય એ એનું એકમ છે. અને તેના લક્ષણ તરીકે તેના કુંટુંબ પ્રત્યેના વલણને ગણાવી શકાય.

આમ પૂર્ણ કામગીરીએ 'નિદર્શ' થી વિરૂદ્ધનો પર્યાય છે. સમષ્ટિના બધા એકમોની સંપૂર્ણ ગણતરી સૂચવવા માટે 'સેન્સસ' શબ્દ પ્રયોજવામાં આવે છે. સમિષ્ટના બધા એકમોની સંપૂર્ણ ગણતરી એટલે પૂર્ણ ગણતરી. અર્થાત જયારે અભ્યાસમાં બધા એકમોને આવરી લેવામાં આવે ત્યારે તેને પૂર્ણ ગણતરી કહેવામાં આવે છે. દા.ત વિશ્વમાં જુદા–જુદા દેશોમાં અમૂક વર્ષના અંતરગાળે જે વસ્તી ગણતરી કરવામાં આવે છે. તેઓનું સુંદર ઉદાહરણ છે.

## 3.7.2 સમષ્ટિના પ્રકારો :

### 3.7.2.1 ગુણાત્મક અને સંખ્યાત્મક સમિષ્ટ :

સમિષ્ટના એકમનું લક્ષણ ગુણાત્મક સ્વરૂપનું હોય તેવી સમિષ્ટને ગુણાત્મક સમિષ્ટ કહેવાય દા.ત. વલણ, અભિપ્રાય, વ્યવસાય વગેરે.

જે સમિષ્ટના એકમનું લક્ષણ સંખ્યાત્મક સ્વરૂપનું હોય તે સમિષ્ટને સંખ્યાત્મક સમિષ્ટ કહેવાય છે. દા.ત. ઉંમર, વય, બુદ્ધિઆંક વગેરે.

### 3.7.2.2 નિદર્શિત અને લક્ષ્ય સમિષ્ટ :

જે સમિષ્ટમાંથી નિદર્શ નકકી કરવામાં આવ્યુ હોય તે સમષ્ટિને નિદર્શ સમિષ્ટ કહેવાય છે. દાઃત કોલેજ, યુનિવર્સિટી.

જે પ્રદેશ વિશે સામાન્યીકરણ કરવાનું હોય તે પ્રદેશને સૂચિત કરે છે. તેને લક્ષ્ય સમિષ્ટ કહે છે. દાઃત ગુજરાત.

### 3.7.2.3 મર્યાદિત અને અમર્યાદિત સમષ્ટિ :–

સમિષ્ટના એકમોની સંખ્યા મર્યાદિત હોય, ગણી શકાય તેમ હોય, જાણી શકાય તેમ હોય ત્યારે તેવી સમિષ્ટને મર્યાદિત કહેવાય.

સમિષ્ટના એકમોની સંખ્યા મર્યાદિત હોય એટલે કે તેમાં અસંખ્ય એકમ હોય ત્યારે તેવી સમિષ્ટને અમર્યાદિત કહેવાય.

## 3.8 સંશોધન ગુંથણીમાં આયોજનની અગત્યતા :

સંશોધન સુંદર અને સુઘડ આયોજન માગે છે. સંશોધકે યોજનાનો સચોટ અને સ્પષ્ટ અમલ માંગે છે. આયોજન વગર સંશોધકને સંશોધનની દિશા સ્પષ્ટ દેખાતી નથી. વાસ્તવિકતા ઘણી જટીલ, ઘણી ગુંચવણભરી હોય છે. અને ઘણી અટપઠી હોય છે. આયોજન વગરનું સંશોધન અનેક તબક્કે અથડામણો વહોરી લેવાની શકયતાને વધારી દે છે. સંશોધનમાં આવનાર સંભવિત અડચણોનો વિચાર કર્યા વગર સંશોધનમાં ઝુકાવનાર ઘણીવાર સંશોધનની કામગીરી અધ વચ્ચેજ છોડી દેવી પડે છે. સમય શકિત અને નાણાંનો પુષ્કળ વ્યય કર્યા પછીએ કશી જ સાર્થક પ્રાપ્તિ ન કરી શકે તેવું બને સમાયોજન વગર માહિતી એકઠી કરવા નિકળો તો શકય છે કે એક તરફ બિનજરૂરી માહિતીનો પુષ્કળ ભરાવો થઈ થઈ જાય

અને બીજી તરફ આવશ્યક માહિતીનો સાવ દુકાળ પડે અથવા પ્રાપ્ત થયેલી આવશ્યક માહિતી એટલી બધી કંગાળ અને ઉણી હોય કે કોઈ સચોટ નિષ્કર્ષ જ ન તારવી શકાય માટે સંશોધન યોજના ઘણી પર્યાપ્ત માહિતી પ્રાપ્ત થાય તેવી રીતે કરવી જરૂરી છે. એટલુ જ નહી માહિતીની યર્થાથિત અને વિશ્વસનીયતા કક્ષા પણ ઉંચી હોય મળેલ માહિતી ખાત્રી પૂર્ણ ન હોય કે સારી પઠે શંકાસ્પદ હોય પતો પણ તારણો અર્થ વગરના બની રહે એટલે આ સંદર્ભમાં જ સંશોધનના બધા પાસા અને પગલાની યોગ્ય ગુંથવણી કરવી જરૂરી છે. આયોજન એ સંશોધન માટેની દિશા સુચન પુરુ પાડે છે. સંશોધન કાર્યનું આયોજન કરવુ પણ આવશ્યક છે. આયોજન વિના વધારાની બિનજરૂરી માહિતી એકઠી થઈ જાય છે. તેથી સંશોધનને સફળ બનાવવા માટે કેટલીક વિશિષ્ટ બાબતો માટે આયોજન કરવું આવશ્યક છે.

1. આયોજન દ્વારા માહિતી વધારે વિશ્વસનીય મેળવી શકાય છે.
2. આયોજન દ્વારા આવતા સંઘર્ષો અથડાણનો સામનો કરવો સરળ બને છે.
3. અધકરચી કે અધુરી માહિતી મળે તો તેને દૂર કરી શકાય છે.
4. સમય, શકિત અને નાણાનો વ્યય કે બગાડ થતો અટકાવી શકાય છે.
5. આયોજન દ્વારા સંશોધન માટે યોગ્ય રસ્તાઓનો ખ્યાલ આવે છે.
6. આયોજન દ્વારા સંશોધન કાર્યને વધુ સરળ, સુગમ, અને સુઘડ બને છે.

આયોજન એવુ હોવુ જોઈએ જેમાં પૂર્વાગ્રહને ઓછામાં ઓછુ સ્થાન હોય અને એકત્રિત કરેલા પ્રમાણો વધારેમાં વધારે વિશ્વસનીય હોય. અમુક ઘટનાના અનેક પાસાઓનો વિચાર કરી શકાય.

પ્રસ્તૃત સંશોધનના આયોજનમા સમિષ્ટ તરીકે ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તાર અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાંથી યદ્દચ્છ પદ્ધતિથી નિર્દેશ તરીકે 180 તરૂણો અને 180 તરૂણીઓને પસંદ કરવામાં આવેલ. ત્રણેય નિયંત્રિત પરિવર્ત્યો આવેગાત્મક પરિપકવતા, માનીસક સ્વાસ્થ્ય અને સમાયોજનની પ્રશ્નાવલીના જવાબ રૂબરૂ મુલાકાત લઈને મેળવેલા છે.

ત્યાબાદ સંશોધનની ગુંથણી કરીને આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા પરિણામો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે તેવી યોજના બનાવવામાં આવી છે.

ઉત્તરો મેળવવાના સંદર્ભમાં સંશોધન ગૂંથણીનું કામ ઉત્તરો યર્થાથ રીતે વસ્તુ લક્ષી રીતે ચોકસાઈ પૂર્વક તેમજ કરકસરથી મેળવાય તે જોવાનું છે.

**કોઠારી** જણાવે છેકે, "સંશોધન સમસ્યા આ તપાસની બાબતમાં શું, કયાં, કયારે, કેટલું અને કયા સાધન દ્વારા કેવી રીતે કરવામાં આવશે ? તે અંગેના નિર્ણય એ સંશોધનની ગૂંથણી છે."

સંશોધન ઉદ્દેશ સંબંધમાં **સેલ્ટીઝ જહોડા** વગેરે જણાવે છે કે માહિતીના એકત્રિકરણ અને પૃથ્થકરણ માટેની સંજોગોની ગોઠવણ એ સંશોધનની ગૂંથણી છે.

સંશોધનના ઉદ્દેશ સંબંધમાનાં **જહોડા** વગેરે જણાવે છે કે માહિતીના એકત્રિકરણ અને પૃથ્થકરણ માટેની સંજોગોની ગોઠવણ એ સંશોધન ગૂથણી છે. તેઓ જણાવે છે કે, સંશોધનની ગૂંથણી એટલે " સંજોગોની એવી કરકસર યુકત અને કુનેહ પૂર્વકની ગોઠવણ કે જેને લઈને સંશોધન સવાલને તથા આશયને અનુરૂપ હોય તેવી માહિતી પ્રાપ્ત થઈ શકે તેમજ સવાલ અને આશયને અનુરૂપ જ માહિતીનું વિશ્લેષણ થઈ શકે."

**કલીંજર** જણાવે છે કે, "સંશોધન ગૂંથણી એટલે પ્રાયાગિક ચૂકને નિયંત્રિત કરી નિવારી ભેદ દૂષિત વિચારણાને નિવારી સંશોધન સમસ્યાના ઉકેલ માટે તપાસનો નકશો બંધારણ(ઢાંચો) અને તપાસની આંટીઘૂટી વ્યૂહ બાધવો તે."

નકશો એકંદરે ચિતાર છે. કાર્યક્રમની ઝાંખી છે. રૂપરેખા છે. પહેલેથી છેલ્લે સુધી શું કરવાનુ છે તેની રજૂઆત છે.

## 3.9 સંશોધનમાં નિદર્શ પસંદગીનું વિવેચન :

સમગ્ર વિશ્વમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા પાત્રોનો નમૂનો પસંદ કરી તેના પર સંશોધન કરવામાં આવે છે. અને જે પરિણામ આવે તે સમગ્ર વ્યાપ વિશ્વને લાગુ પાડવામાં આવે છે. તે તેનો મુખ્ય હેતુ છે. આપણાં રોજિદાં જીવનમાં પણ જાણ્યે અજાણ્યે આપણે અનેક વખત નિદર્શનો ઉપયોગ કરતા હોઈએ છીએ. દા.ત. લોહીનું ગ્રુપ તપસાવામાં માત્ર ટીપુ લોહીનો ઉપયોગ, રાંધેલ ખીચડી, ચણા, બટેટા, વટાણા, તપાસવા અમૂક જ લઈને ચેક કરવા વગેરે નિદર્શ કે નમૂનાના ઉદાહરણો છે.

"સમષ્ટિના અમુક એકમનો ભાગ નિદર્શ પસંદ કરવાની સમગ્ર કાર્યપ્રણાલીને 'નિદર્શ' કહેવામાં આવે છે."

આખે આખી સમષ્ટિનો અભ્યાસ એના એકેએક એકમનો અભ્યાસ ઘણો જ મુશ્કેલ, ખર્ચાળ અને અગવડ ભર્યો છે. સમિષ્ટને અત્યંત મર્યાદિત બનાવીએ તો જ કદાચ પૂર્ણ અભ્યાસ સમગ્ર સમષ્ટિનો અભયાસ થઈ શકે એટલે કે જે વૈજ્ઞાનિક પૂર્ણ ગણતરીને બદલે (સમષ્ટિને બદલે) નિદર્શ અભ્યાસ કરે છે.

સામાન્ય ખ્યાલ મુજબ અને ભાષાના વપરાશની દષ્ટ્રિએ નમૂનો એટલે એકાદ નમૂનો ગણીએ છીએ પણ વિજ્ઞાનમાં નમૂનાનો અર્થ માત્ર એકાદ જ પ્રતિનિધિ રૂપ દાખલો એવો કરાતો નથી.

" વિશાળ સમુદાય કે વ્યાપક સમષ્ટિનું પ્રતિનિધિતવ કરતો નાનો પેટા સમુહ કે લઘુ સમુદાય એ નિદર્શ છે. "

**– ગુડ અને હટ**

" સમગ્ર સમુહની પસંદ કરાયેલી નાની આવૃતિ એ નિદર્શ છે સમૂહનુ લઘુચિત્ર રજૂ કરનાર સમૂહ એ નૂમનો છે. "

**– પી.વી. યંગ**

"વોકર અને લેવના મંતવ્ય મુજબ સમષ્ટિ વિશે માહિતી મેળવવાના આશયથી સમિષ્ટમાંથી પસંદ કરતા એકમોના લઘુસમૂહને નિદર્શ યા નમૂનો કહેવામાં આવે છે. અને જે રીતે આ પસંદગી કરવામાં આવી છે. તે રીતને નિદર્શનની પદ્ધતિ કહેવામાં આવે છે."

**– વોકર અને લેવ**

"સમષ્ટિનો ગમે તે ભાગ એ નિદર્શ નથી. પરંતુ સમષ્ટિના જે ભાગને લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તે ભાગને નિદર્શ કહેવાય છે."

**– મુલર અને શુસલર**

## 3.9.1 ઉત્તમ નિદર્શના લક્ષણો :

## 3.9.1.1 સમષ્ટિનું પ્રતિનિધિત્વ :

જે નિદર્શનમાં સમષ્ટિનું એકદંરે બધી લાક્ષણિકતાઓ આવરી લેવામાં આવી હોય તેવા નિદર્શને પ્રતિનિધિતવ ધરાવતો નિદર્શ કહેવાય છે.

સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતું હોવું જોઈએ તેનો અર્થ એ નહી કે તેમાં સમષ્ટિની જ લાક્ષણિકતાઓ પ્રતિબિંબત થવી જોઈએ. અહી કહેવાનું તાત્પર્ય એ છે કે સમષ્ટિના વિભિન્ન ભાગોને તેમાં યોગય રીતે પ્રતિનિધિત્વ મળે તે આવશ્યક છે. પક્ષપાતભર્યા નિદર્શનની પસંદગી યોગ્ય અને વિશ્વસનીય પરિણામ આપતું નથી. તે ભુલ ભરેલુ ગણાય છે. આવુ ન બને તે યોગ્ય નિદર્શની પસંદગી કહેવાય. જે પરિણામ સમગ્ર સમષ્ટી પર લાગુ પાડી શકાય છે.

## 3.9.1.2 પર્યાપ્ત કદ :

જે નિદર્શનમાં વિશ્વસનીય પરિણામ મેળવી શકાય તેટલા પૂરતા પ્રમાણમાં આવરી લેવાય હોય તો તેવા નિદર્શનને પર્યાપ્ત કદનું નિદર્શ કહેવાય.

પર્યાપ્ત કદ માટે કુલ સમષ્ટિના એકમના ટકાને આધારે તે ટકા સો, પાંચસો, દશ, પાંચ ટકા વગેરે હોઈ શકે છે.આમ છતા કદનો આધાર સમષ્ટિના કદ, સ્વરૂપ, પ્રકાર ઉપરાંત અન્ય

પરિબળો ઉપર રહેલો છે. જો સમષ્ટિ એકવિધતા ધરાવતી હોય તો નાના કદનું નિદર્શ વધુ વિશ્વસનીય પરિણામો આપી શકે છે. જયારે અનેકવિધતામાં મોટા કદનું નિદર્શ પસંદ કરવુ પડે છે. આમ છતા કદ માટે એકમની ચોકકસ સંખ્યા કે ટકાનો નિયમ આપી શકાય નહિં.

યંગના મતે વિવિધ પદ્ધતિઓથી ચકાસણી કરેલો નિદર્શ અમૂક સંજોગોમાં મોટા નિદર્શ કરતા વધુ ચોકકસ અને વધુ વિશ્વસનિય માહિતી પૂરી પાડી શકે છે. તપાસનો વિસ્તાર જેમ મોટો તેમ ટકાવારીની દષ્ટ્રિએ નિદર્શ ચાલી શકે તે કાળજીપૂર્વક પસંદ કરેલો હોવો જોઈએ.

## 3.9.2. નિદર્શની જરૂરિયાત :–

1. માહિતીનું પૃથ્થકરણ કરવામાં ઓછો સમય લાગે છે.
2. અભ્યાસ કરવા પાછળ પ્રમાણમાં ઓછો ખર્ચ થાય છે.
3. સમય અને ખર્ચની દ્રષ્ટિએ લાભપ્રદ છે.
4. આર્થિક રીતે તેમજ સમય અને શ્રમની દ્રષ્ટિએ નિદર્શન કરકસરભરી પદ્ધતિ છે.
5. ઉંડાણપૂર્વક દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવો શકય બને છે.
6. ઓછા એકમને લગતી માહિતી મેળવવાની હોવાથી પ્રત્યેક એકમને લગતી વિસ્તૃત માહિતી મેળવવી શકય બને છે.

**નિદર્શ પસંદ કરવાની ઘણી પ્રયુકિતઓ છે. જેનો ખ્યાલ નીચે પ્રમાણે આપ્યો છે.**

1. યોજનાબદ્ધ નમૂના પસંદગી (Systematic Sampling)
2. યાદૃચ્છિક નમૂના પસંદગી (Random Sampling)
3. ક્રમશઃ નમૂના પસંદગી (Sequential Sampling)
4. બેવડા નમૂના પસંદગી (Double Sampling)

5. ઝૂમખા નમૂના પસંદગી (Cluster Sampling)

6. સહેતુક નમૂના પસંદગી (Purposive Sampling)

7. સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી (Stratified Random Sampling)

8. આનુષંગિક નમૂના પસંદગી (Incidental of Accidental Sampling)

નમૂનો પસંદગીનો આધાર સંશોધનનો વિષય અને ક્ષેત્ર પર છે.

### 3.9.3. નિદર્શના પ્રકારો :–

નમૂનો પસંદગીની વિવિધ રીતો છે. તેમાંથી કોઈ પણ એક રીતે નમૂનો પસંદ કરી શકાય. નમૂના પસંદગીની કઈ રીત વધુ યોગ્ય છે તેનો આધાર સમસ્યાના પ્રકાર અને સ્વરૂપ ઉપર છે. નિદર્શ પસંદ કરવાની કાર્યપ્રણાલીના આધારે વિભિન્ન નિદર્શોના મુખ્યત્વે બિનયદૃચ્છ નિદર્શ અને યદૃચ્છ નિદર્શ એવા બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

### 3.9.3.1 બિનયદૃચ્છ નિદર્શ :–

1. આકસ્મિક નિદર્શ
2. ઉપલબ્ધ નિદર્શ
3. હેતુલક્ષી નિદર્શ
4. નિદ્રષ્ટાંત નિદર્શ

### 3.9.4.2 યદૃચ્છ નિદર્શ :–

1. યાદચ્છિક નમૂના પસંદગી
2. ક્રમશઃ નમૂના પસંદગી

3. બેવડા નમૂના પસંદગી

4. ઝૂમખા નમૂના પસંદગી

5. સહેતુક નમૂના પસંદગી

6. સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી

7. આનુષંગિક નમૂના પસંદગી

8. નમૂના પસંદગીનો આધાર સંશોધનમાં વિષયક્ષેત્ર ઉપર આધારિત છે.

## 1. યાદ્રચ્છિક નમૂના પસંદગી

સંશોધનની પરિભાષામાં યદચ્છ નિદર્શ એટલે જે નિદર્શમાં સમષ્ટિના દરેક એકમને પસંદ કરવાની સમાન સંભાવના મળી હોય તેવું નિદર્શન અને તેવા નિદર્શનને સાદો યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે. કોઈ પણ એકમની પસંદગીની વિધાયક–નિષેધક અસર બીજા એકમની પસંદગી આકસ્મિક રીતે થતી હોય તેને યદ્રચ્છ નિદર્શન કહેવામાં આવે છે.

## ❖ સાદુ યદચ્છ નિદર્શન :–

યદ્રચ્છ નિદર્શ પસંદ કરવા માટે કાગળના ટુકડા ઉપર નામ અથવા નંબર અથવા આંકડા લખવામાં આવે છે. અને તેની ચિઠ્ઠિઓ બનાવવામાં આવે છે અને બધી ચિઠ્ઠિઓ એક પાત્રમાં નાખવામાં આવે છે. અને બધી ભેગી કરેલી ચિઠ્ઠિઓમાંથી નક્કી કરેલી સંખ્યાની ચિઠ્ઠિઓ ઉપાડવામાં આવે છે આ રીતને લોટરીના ડ્રો સાથે સરખાવી શકાય. તેને સાદુ યદચ્છ કહે છે.

### ❖ નિયમિત આંક પદ્ધતિ :–

આ નિયમતિ આંકની પદ્ધતિમાં કોઈ એક નક્કી કરેલી સંખ્યાને નિદર્શ પસંદ કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. જેમ કે ૧૫૦ વસ્તુઓની એક સમષ્ટિમાંથી ૧૫ વસ્તુઓનો એક નિદર્શ પસંદ કરવાનો હોય તો તેમાંથી એક ચિઠ્ઠિ ઉપાડી તે ચિઠ્ઠિ નવ નંબરની નીકળે તો બાકીના નિદર્શ નવ સભ્યો માટે દસ દસ ઉમેરીને એટલે કે 9, 19, 29, 39, 49, 59, 69, 79, 89, 99, 119, 129, 139, 149 સુધીનાં નંબરવાળાને નિદર્શમાં પસંદ કરવામાં આવે છે. આને નિયમિત આંક પદ્ધતિ કહેવામાં આવે છે.

### ❖ અનિયમિત આંકની પદ્ધતિ ટિપેટની પદ્ધતિ :–

આ પદ્ધતિમાં યદૃચ્છ નંબરોની પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવે છે. ટિપેટ નામના આંકડાશાસ્ત્રીના કોષ્ટકોનાં ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થતો હોવાને લીધે આ પદ્ધતિને ટિપેટ પદ્ધતિ પણ કહે છે. ટિપેટના કોષ્ટકમાં 10,000 જેટલા ચાર આંકડાવાળા નંબરો છે. ધારો કે 7,000 ની વસ્તુઓની એક સમષ્ટિમાંથી 100 વસ્તુઓનો એક નિદર્શ સુધીના નંબરવાળાને નિદર્શમાં પસંદ કરવામાં આવે છે. આને અનિયમિત આંક પદ્ધતિ કહેવામાં આવે છે. હવે તો કોમ્પ્યુટર મારફત યદૃચ્છ નિદર્શન મેળવાય છે.

## 2. ક્રમાંક નમુના પસંદગી :–

ક્રમાક નમુનાની પદ્યતિથી સંશોધન ક્ષેત્રે એક નવીન પદ્ધતિનો ઉમેરો થયો છે. નમૂનામાં એક સાથે પાંચસો પાત્ર લેવાને બદલે સો–સો ના પાંચ નમૂના લઇ પાંચ તબકકે અભ્યાસ કરવાનું બને છે.

## 3. બેવડા નમૂના પસંદગી :–

મનોવિજ્ઞાન શિક્ષણશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના સંશોધનમાં ઘણીવાર એક કરતા વધુ પ્રકારના નમુન એક પછી એક પસંદ કરવા પડે છે. તેને બહુ તબકકા કે બેવડા નમૂના કહેવામાં આવે છે.

## 4. ઝૂમખા નમૂના પસંદગી :–

ઝૂમખા નિદર્શનનો ઉપયોગ ખુબ જ મોટી સમષ્ટી માટે વાપરવામાં આવે છે. જો સ્મષ્ટી ખુબ જ વિશાળ હોય તો સાદો નિર્દશ અને સ્તરીકૃત નિર્દશ ખૂબ જ ખર્ચાળ પડે તેથી ઝૂમખા નિર્દેશ લેવો પડે છે.

## 5. સહેતુક નમૂના પસંદગી:–

સહેતુક નિદર્શનને  હેતુલક્ષી નિર્દશન પદ્ધતિ પણ કહેવામાં આવે છે. સહેતૂક નિદર્શનમાં કોઈક ચોકકસ હેતુને ધ્યાનમાં રાખી નિદર્શન પસંદ કરવામાં આવે છે. આમ, હેતુને આધારે પસંદગીની તકો હોવાથી સ્મષ્ટીના તમામ ઘટકોને નિદર્શનમાં સમાવેશ થવાની સમાન તક મળતી નથી.

## 6. સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી :–

જયારે સમષ્ટિનાં એકમો સ્વરૂપ ન હોય અને તેમાં વિવિધાતાં હોય ત્યારેસ્તરીકૃત યદચ્છ નિદશન પદ્ધતી ઉપયોગ કરવામા આવે છે.

સ્તરીકૃત  નિદર્શન પરણીત સ્ત્રીઓનું કરવાનુ હોય ત્યારે જ્ઞાતિ ધર્મ વગેરે જુદી–જુદી દ્રષ્ટિએ સમગ્ર સૃષ્ટિને સ્તરમાં વહેંચીને સ્તરવાર સાદા યદચ્છ રીતે તેમાથી પસંદ કરવામાં આવે છે.

## 7. આનુસંગિક નમૂના પસંદગી :–

જયારે સમિષ્ટના હાથવગા એકમોનો અભ્યાસ માટે પસંદ કરવામાં આવે ત્યારે તેનું આનુસંગિક કે આકસ્મિક નિદર્શ તરીકે પણ ઓળખાય છે. આ પ્રકારના નિદર્શનમાં નિદર્શનનું કદ અગાઉ નકકી થયું હોતું નથી. ઉદાહરણ ૧૫૦ કોલેજીયનોનો અભ્યાસ કરવો હોય તો ૧૫૦ કોલેજીયનો સૌપ્રથમ મળી આવે તેનો અભ્યાસ કરાય.

## 8. નમૂના પસંદગીનો આધાર સંશોધનમાં વિષયક્ષેત્ર ઉપર આધારીત છે :

બધી જ નિદર્શન પદ્ધતિને ધ્યાનમાં રાખીને સંશોધકોએ સાદો યદચ્છની રીતથી નિદર્શ પસંદ કર્યા છે.

### ❖ યદચ્છ નિદર્શન મેળવવાની પ્રયુકિતઓ :–

1. નિશ્ચિત અંતરની પ્રયૂકિતઓ
2. યદચ્છ નંબરવાળા ટેબલનો ઉપયોગ
3. સમાન સ્વરૂપની ચિઠઠીઓનો ઉપયોગ

## 3.9.4 સંશોધનમાં નિદર્શ ભૂલ :–

સમષ્ટિના વિશાળ સમૂહ પર અભ્યાસ અશકય છે. માટે યદચ્છરીતે નમૂનો પસંદ કરી આંકડાશાસ્ત્રીય અનુમાનને આધારે મર્યાદિત કદ પર સામાની કરણો કરવાના હોય છે. પરિણામે માહિતી એકત્રીત કરવામાં થોડીઘણી ભૂલ ખામી કે ક્ષતિ રહી જાય તે સ્વાભાવિક છે. આને નિદર્શ ભૂલ તરીકે ઓળખવામાં આવે છે. નિદર્શ ભૂલ અને નિદર્શ કદ વચ્ચે નિષેધક સબંધ પ્રવર્તતો જોવા મળે છે. જેમ નિદર્શ મોટું તેમ નિદર્શન ભૂલનું પ્રમાણ ઘટે છે. તેથી વિરૂદ્ધ નિદર્શ કદ જેમ ઓછું તેમ નિદર્શન ભૂલ વધે છે. નિદર્શ ભૂલ બે વિભાગમાં વહેંચી શકાય.

### 3.9.4.1 નિદર્શ ભૂલના પ્રકારો :–

1. પૂર્વગ્રહિત ભૂલ
2. પૂર્વગ્રહ રહિત ભૂલ

બીજી રીતના પ્રકાર :–

1. નિદર્શન ભૂલો
2. બિન નિદર્શન ભૂલો.

## 3.10 પ્રસ્તૃત સંશોધનમાં નમૂનાની પ્રક્રિયાનું પૃથ્થકરણ :

પ્રસ્તૃત સંશોધનનો નમૂનાઓ ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર–કચ્છમાં આવેલા અનાથ આશ્રમમાં રહેતા તરૂણો (છોકરા–છોકરીઓ) નમૂનાનાં રૂપમાં લેવામાં આવ્યા છે. જેમાં કુલ 360 અનાથ તરૂણો 180 તરૂણ છોકરાઓ અને 180 તરૂણ છોકરીઓ યદચ્છ રીતે લેવામાં આવ્યા છે. આ માટે સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારના જિલ્લા તેમજ તાલુકા મથક ઉપરાંત ગ્રામ્ય સ્થળોના અનાથ આશ્રમની છોકરા–છોકરીઓની વિગત સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારની સંલગ્ન કચેરીઓમાંથી મેળવી જેમાં અનાથ આશ્રમનાં નામ સરનામા તેમજ બાળકોની સંખ્યા, સ્થાપના અને કેટલાકની ઉંમર સંદર્ભની માહિતી મેળવી તેઓની વ્યકિતગત મુલાકાત જેમાં સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારના ભુજ, ગાંધીધામ, અંજાર, માંડવી, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જુનાગઢ વિસ્તારના અનાથ આશ્રમની મુલાકાત કર્યા બાદ તેઓને વ્યકિતગત માહિતીપત્રકની વિગતો તેની પાસે લખાવી હતી. જેમાં વીસ જેટલી વિગતોની નોંધ કરાવી હતી. જે સંશોધન કાર્યમાં સ્વતંત્ર પરિવર્ત્ય તરીકે ગણતરીમાં લેવામાં આવ્યા છે. અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સંશોધનમાં નિયંત્રિત પરિવર્ત્યો તરીકે આવેગાત્મક પરિપકવતા, માનીસક સ્વાસ્થ્ય, સમાયોજન ઉપર સ્વતંત્ર પરિવર્ત્યો તરીકે તરૂણોનો જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનાથ આશ્રમની રહેવાનો સમય નકકી કરેલા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર શું થાય છે તે તપાસવામાં અસામેલ છે.

## 3.11 પ્રસ્તુત સંશોધનનાં સાધનો :

પ્રસ્તુત સંશોધન માટે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો માટે જે સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેને અહીં પ્રસ્તુત કરીને જે માટે ત્રણ કસોટી વિશ્વસનીય અને પ્રમાણિત થયેલી કસોટીઓ પસંદ કરવામાં આવી છે. આ ઉપરાંત અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની અંગત માહિતી પણ એટલી જ જરૂરી છે. આ માટે નીચેના ચાર સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1. વ્યકિતગત માહિતી પત્રક
2. આવેગાત્મક પરિપકવતા
3. માનિસક સ્વાસ્થ્ય
4. સમાયોજન તુલા

### 3.11.1 વ્યકિતગત માહિતી પત્રક :

વ્યકિતગત માહિતી પત્રકમાં વીસ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સંરક્ષણ કર્મચારીઓની અંગત માહિતી ચરિતાર્થ કરે છે. જે માહિતી સંશોધન માટે કિંમતી અને મહત્વની છે. મૂળભૂત રીતે આ માહિતી પત્રક હેતુઓ ઉપરથી તૈયાર કરવામાં આવ્યુ છે. આથી જરૂરી સ્વતંત્ર પરિવર્ત્યો તેનો અભ્યાસ કરવાની સંશોધનની આશા હોય છે. આમ વીસ બાબતોમાંથી સ્વતંત્ર અને બાકીના ગૌણ પરિવત્યોના ઉલ્લેખ આમાં કરે છે. જેમાં વ્યકિતગત માહિતી પત્રકમાંથી જે માહિતી એકઠી થાય છે તેના વર્ગીકરણ માટે કસોટી દ્વારા ચકાસણી કરવામાં આવી છે.

### 3.11.2 આવેગાત્મક પરિપકવતા તુલા :

રોમાપાલ(1988) રચિત આવેગાત્મક પરિપકવતા તુલાનો આવેગાત્મક પરિપકવતા માપન માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તુલામાં કુલ 40 આઈટમ છે. તે વિધાનો 5 ઘટકોમાં વર્ગીકૃત થયેલા છે. પ્રત્યેક ઘટકમાં કુલ 8 વિધાનોનો સમાવેશ થાય છે. આ પાંચેય ઘટકો અને તેમાં સમાવિષ્ટ વિધાનોનો ક્રમ નીચે દર્શાવવામાં આવ્યા છે.

(1) આવેગાત્મક અસ્થિરતા (Emotional Unstability)

(2) આવેગાત્મક પીછેહઠ (Emotional Regression)

(3) સામાજિક કુસુમાયોજન (Faulty Social Adjustment)

(4) સ્વતંત્રતાનો અભાવ (Lack of Independency)

(5) લવચીકતા અને અનુકૂલશીલતા (Flexibility and Adaptability)

આ તુલા ઉપર ઉપરોકત પાંચેય ઘટકો મુજબ જુદા જુદા આવેગાત્મક પરિપકવતાના ગુણાંક મળે છે. તેમજ સમગ્ર આવેગિક પરિપકવતા ગુણાંક મળે છે. આ તુલાના 'સહમત', 'સામાન્ય સહમત', 'તટસ્થ', 'સામાન્ય અસહમત' અને 'અસહમત' આવા કુલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક ઉપર ખરાની નિશાની કરાવીને ઉત્તરો મેળવી શકાય. અહીં બધા જ વિધાનો માટે સમાન ગુણાંક છે. એટલે કે સંપૂર્ણ સહમત માટે : 5, સહમત : 4, તટસ્થ : 3, સામાન્ય અસહમત : 2, સંપૂર્ણ અસહમત : 1 એમ મૂલ્યાંકન આપવામાં આવે છે. આ તુલા ઉપર જેમ ગુણાંકન ઓછા તેમ પ્રત્યુતરદાતાની આવેગાત્મક પરિપકવતા વધુ અને જેમ ગુણાંકન વધુ તેમ આવેગાત્મક પરિપકવતા ઓછી છે તેવું ગુણાંકનનું અર્થઘટન કરવામાં આવે છે. પ્રત્યેક પેટા વિભાગમાં લઘુત્તમ ગુણાંક 8 અને મહત્તમ ગુણાંક 40 મળે છે. કોલેજમાં ભણતાં 200 વિદ્યાર્થી ઓના નમુના ઉપર કસોટીની વિશ્વનીયતા માપવામાં આવી હતી. જેમાં 100 વિદ્યાર્થી હિન્દીના તથા 100 વિદ્યાર્થી ઈંગ્લીશનાને આ કસોટી આપવામાં આવી હતી.

બંને ભાષાના વિદ્યાર્થીને કસોટીના વિષય વસ્તુની સમજ હતી. બંને ગ્રુપ વચ્ચે 0.84 જેટલો સહસંબંધ જોવા મળ્યો હતો. 200 વિદ્યાથી વિદ્યાર્થિનીઓ ઉપર અર્ધવિભાજન પદ્ધતિથી તથા કસોટી પુનઃકસોટી પદ્ધતિથી શોધવામાં આવેલ આ તુલાનો વિશ્વસનીયતા આંક નીચે મુજબ હતો.

| ક્રમ | વિસ્તાર (આવેગાત્મક પરિપકવતા) | અર્ધવિભાજન વિશ્વસનીયતા આંક | કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા આંક |
|---|---|---|---|
| 1 | આવેગાત્મક અસ્થિરતા | 0.81 | 0.72 |
| 2 | આવેગાત્મક પીછેહઠ | 0.73 | 0.79 |
| 3 | સામાજીક કુસુમાયોજન | 0.79 | 0.82 |
| 4 | સ્વતંત્રતાનો અભાવ | 0.76 | 0.70 |
| 5 | લવચીકતા અને અનુકૂલનશીલતા | 0.80 | 0.86 |
| | | 0.74 | 0.77 |

આ કસોટી (Scale) ની યથાર્થતા Singh અને Bhargava ના આવેગાત્મક પરિપકવતાના સ્કેલ સાથે સરખાવતા 0.84 જેટલી યથાર્થતા જોવા મળી હતી. અને શ્રીવાસ્તવ તથા તિવારીના સામાઝિક કુસુમાયોજનના scale સાથે સરખાવતા 0.80 જેટલી યથાર્થતા જોવા મળી હતી. આ કસોટીની કોઈ સમય મર્યાદા નથી. પરંતુ 15 થી 20 મિનિટ જેટલો સમય લે છે.

## કોષ્ટક નં. 3.4

### આવેગિક પરિપકવતાના પેટા ઘટકો અને તેની વિગતોનો ક્રમ તથા વિગત સંખ્યા

| ક્રમ | આવેગિક પરિપકવતાના ઘટકો | વિગતોનો ક્રમ | વિગતોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | આવેગિક અસ્થિરતા | 1,8,12,16,22,27,36,37 | 8 |
| 2 | આવેગાત્મક પીછેહઠ | 2,6,13,17,23,28,35,38 | 8 |
| 3 | સામાજીક કુસુમાયોજન | 3,7,14,19,24,29,34,39 | 8 |
| 4 | સ્વતંત્રતાનો અભાવ | 4,9,15,18,21,26,31,40 | 8 |
| 5 | લવચીકતા અને અનુકૂલનશીલતા | 5,10,11,20,25,30,32,33 | 8 |
| | કુલ આવેગિક પરિપકવતા | 1થી 40 વિધાનો | 40 |

### 3.11.3 માનસિક સ્વાસ્થય સંશોધનિકા :–

માનસિક સ્વાસ્થ્ય સંશોધિનીકા સૌરાષ્ટ્ર યુનિર્વસીટીના મનોવિજ્ઞાન ભવનમાં અધ્યક્ષ ડો. ડી.જે. ભટ્ટ અને કુ.ગીતા ગિડાએ 1992 માં બનાવેલી હતી. આ સંશોધનિકામાં કુલ ચાલીસ વિધાનો છે. જેમાં મુખ્ય પાંચ ઘટકોનો સમાવેશ કરવાંમાં આવ્યો છે.

1. વાસ્તવિકતા નું પ્રત્યક્ષિકરણ
2. સુગ્રથિત વ્યકિતત્વ
3. વિદ્યાયક સ્વ–મુલ્યાંકન
4. જુથ આત્મમુખ વલણો
5. પર્યાવરણ પર પ્રભુત્વ

ઉપરોક્ત પાંચેય ઘટકોનું વર્ગીકરણ (40) વિધાનો દ્વારા કરવામાં આવ્યુ છે. આ સંશોધનિકા બે મુલ્યની તુલા (TWO - POINT SCALE) છે. જેમાં દરેક કલમને અંતે સંમત કે અસંમત બે પ્રતિચારની ભાત છે. પ્રત્યુતર દાતાએ દરેક કલમ વાચીને તેના સંદર્ભમાં પોતાનો પ્રતિભાવ હોય તે રીતે બે માંથી કોઈપણ એક સામે ખરાનું ચિહ્ન કરવાનું હોય છે. ગુણાંકન –ચાવીને આધારે ઘટક પ્રાપ્તાંકો (2) કુલ પ્રાપ્તાંકો, દરેક કલમના ગુણોનો સરવાળો કરીને માનસિક–સ્વાસ્થય પ્રાપતાંકો મળે છે. જયારે દરેક ઘટકની કેલ (8) કલમોનો સરવાળો કરીને ઘટક પ્રમાણે પ્રાપ્તાંકો મળે છે. આ રીતે પાંચેય ઘટકો અંગે અલગ–અલગ પ્રાપ્તાંકો મળે છે.

પ્રસ્તૃત સંશોધનિકામાં દરેક ઘટક નાં સાચા ઉત્તરને (1) ગુણ આપવામાં આવે છે. જયારે ખોટા ઉત્તરને (0) ગુણ આપવામાં આવે છે. તેમજ સંશોધનિકા માં વધુમાં વધુ (50) ગુણ અને ઓછામાં ઓછા (0) ગુણનો પ્રાપ્તાંક મેળવી શકાય છે.

## MENTEL HEALTH - SCORING KEY :

**(1) વાસ્તવિકતાનું પ્રત્યક્ષિકરણ :** ગુણ

પ્રશ્ન નં : 1, 6, 11, 16, 21, 26, 31, 36 **(8)**

જવાબ : ના, હા, હા, હા, હા, ના, હા, હા,

**(2) સુગ્રથિત વ્યકિતત્વ :**

પ્રશ્ન નં : 2, 7, 12, 17, 22, 27, 32, 37 **(8)**

જવાબ : હા, ના, હા, હા, ના, હા, હા, ના.

**(3) વિધાયક સ્વમુલ્યાંકન :** **(8)**

પ્રશ્ન નં : 3, 8, 13, 18, 23, 28, 33, 38

જવાબ : ના, હા, હા, હા, હા, ના, ના, ના.

**(4) જુથ અભિમુખ વલણો :** **(8)**

પ્રશ્ન નં : 4, 9, 14, 19, 24, 29, 34, 39

જવાબ : હા, ના, ના, ના, ના, હા, હા, હા,

**(5) પર્યાવરણ પર પ્રભુત્વ :** **(8)**

પ્રશ્ન નં : 5, 10, 15, 30, 25, 30, 35, 40

જવાબ : હા, હા, હા, ના, ના, હા, ના, હા,

## વિશ્વસનીયતા :

પ્રસ્તૃત માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકામાં તેની વિશ્વસનિયતા નું માપન કરવા માટે "સ્પિરમેન બાઉન" સુત્રનો ઉપયોગ કરીને દ્વિ–વિભાજન વિશ્વસનિયતા ગણતરી કરવામાં આવી હતી. આ સંશોધનિકાની વિશ્વસનિયતા નીચેના કોષ્ટકમાં જણાવેલ છે.

### ☞ કોષ્ટક નં. 3.4 ☜

### માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા ની વિશ્વસનિયતા

| ક્રમ | વિશ્વસનિયતા પદ્ધતિ | સંખ્યા | $ Value | વિશ્વસનિયતા આંક |
|---|---|---|---|---|
| 1 | દ્વિનવિભાજનની પદ્ધતિ (સ્પિરપરમેન બાઉન સુત્ર) | 100 | 0.90** | 0.94 |
| 2 | કસોટી પુનઃ કસોટી પદ્ધતિ | 100 | 0.75** | 0.87 |
| 3 | તાર્કિક સમાનતા પદ્ધતિ | 100 | 0.65** | 0.81 |

**(* * $-value સાર્થક 0.01 કક્ષાએ)**

કસોટી પુનઃ કસોટીનો સમયગાળો (1) મહિનો છે.

કોષ્ટકના વિશ્વસનિયતા આંકો સુચવે છે કે કસોટી–આંતરિક સુસંગતાથી દ્રષ્ટ્રિએ સંતોષકારક છે.

આ ઉપરાંત સંશોધનિકા ઘટકો પ્રમાણે કસોટી પુનઃ કસોટી વિશ્વસનિયતા શોધવામાં આવી જે અંગે માહિતી નીચે કોષ્ટકમાં છે.

### ☞ કોષ્ટક નં. 3.5 ☜

### " માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા માં ઘટકોમાં કસોટી પુનઃ કસોટી "

| ક્રમ | કસોટીના ઘટકો | સંખ્યા | $ Value | વિશ્વસનિયતા આંક |
|---|---|---|---|---|
| 1 | વાસ્તવિકતાનું પ્રત્યક્ષિકરણ | 100 | 0.93** | 0.96 |
| 2 | સુગ્રથિત વ્યકિતત્વ | 100 | 0.83** | 0.91 |
| 3 | વિધાયક સ્વ–મુલ્યાંકન | 100 | 0.64** | 0.80 |
| 4 | જુથ અભિમુખ વલણ | 100 | 0.94** | 0.97 |
| 5 | પર્યાવરણ પર પ્રભુત્વ | 100 | 0.76** | 0.87 |

**વિશ્વસનિયતા**

**(* * $ - value સાર્થક 0.01 કક્ષા એ છે.)**

કસોટી પુનઃ કસોટીનો સમયગાળો 1 મહિનો છે.

## ☞ કોષ્ટક નં. 3.6 ☜

### "માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા ઘટકો વચ્ચે આંતર સહસંબધ "

| ક્રમ | ઘટક | વાસ્તવિક પ્રત્યક્ષિકરણ | સુગ્રથિત વ્યકિતત્વ | વિધાયક સ્વમુલ્યાંકન | જુથ અભિમુખ વલણો | પર્યાવરણ પર પ્રભુત્વ |
|---|---|---|---|---|---|---|
| 1 | વાસ્તવિક પ્રત્યક્ષિકરણ | 1.00 | 0.27 | 0.22 | 0.36 | 0.20 |
| 2 | સુગ્રથિત વયકિતત્વ | 0.27 | 1.00 | 0.32 | 0.04 | 0.28 |
| 3 | વિધાયક સ્વ મુલ્યાંકન | 0.22 | 0.32 | 1.00 | 0.21 | 0.48 |
| 4 | જુથ અભિમુખ વલણો | 0.36 | 0.04 | 0.21 | 1.00 | 0.44 |
| 5 | પર્યાવરણ પર પ્રભુત્વ | 0.20 | 0.28 | 0.48 | 0.44 | 1.00 |

કોષ્ટકનું નિરિક્ષણ કરતા જોવા મળે છે કે સંશોધનિકા ઘટકદ વચ્ચે સહસંબધોનો વિસ્તાર 0.04 થી 0.48 છે સુચવે છે કે ઘટકો વ્યકિતગત અને અંગત રીતે માનસિક સ્વાસ્થ્ય નું સંતોષ પ્રદ માપન કરે છે.

**યર્થાથતા :**

સંશોધનિકા ની યર્થાથતા નકકી કરવા માટે નીચેની પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ આ યર્થાથતા ઉંચી માલુમ પડી હતી.

1. પ્રતયક્ષ યર્થાથતા (Face Validity )
2. અવયવ યર્થાથતા (Factoriai Validity )
3. વિષયવસ્તુ યર્થાથતા (Content Validity )
4. સહ સામયિક યર્થાથતા (Con- Current Validity )

સહ–સામિયીક યર્થાથતા નકકી કરવા માટે ડો. ડિ.જે.ભટ્ટ (1984) માં બનાવેલી 13 P.F. (તેર ઘટકો) ની વ્યકિતત્વ સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ બંન્ને સંશોધનિકા ના (75) શિક્ષકોને આપવામાં આવી હતી જે અંગેની જરૂરી માહિતી નીચેના કોષ્ટક માં મુકવામાં આવી છે.

### ☞ કોષ્ટક નં. 3.7 ☜

### " માનીસક – સ્વાસ્થ્ય સંશોધનિકા સહ–સામિયક યર્થાથતા "

| ક્રમ | વિગત | N- સંખ્યા | $- Value | સાર્થકતા ની કક્ષા |
|---|---|---|---|---|
| 1 | 13 વ્યકિતતવ ઘટકો વ્યકિતત્વ | 75 | 0.63** | 0.01 |
| 2 | માનીસક સ્વાસ્થ્ય–સંશોધનિકા | 75 | | |

** 4 Value - 0.01 કક્ષાએ સાર્થક છે.

કોષ્ટકની માહિતી મુજબ પ્રાપ્ત થયેલ "4" કિંમત 0.63 એ 0.01 ની કક્ષાએ ઉંચી સાર્થકતા ધરાવે છે. જેનો અર્થ એ થાય છે કે બંન્ને સંશોધનિકા વચ્ચે સહસંબંધ છે. એટલે કે નવી સંશોધનિકા સંતોષપ્રદ યર્થાથતા ધરાવે છે.

## 3.12 આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ :

કોઈપણ બાબતને લગતી ગુણાત્મક માહિતી કરતા સંખ્યાંત્મક વધુ અસરકારક અને ચટાકેદાર સાબિત થાય છે. તેથી ગુણાત્મક માહિતીનું સંખ્યાત્મક રૂપાંતર કરવાનું હોય તેવા અભ્યાસમાં આંકડાશાસ્ત્રીય પ્રયુકિતથી પરિમાર્જિત કરીને તારવેલા તારણો કેટલા પ્રમાણમાં વિશ્વસનીય છે તે નકકી કરી શકાય છે.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી વિશ્લેષણ માટે મુખ્યત્વે નીચે દર્શાવેલ આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1. ટકાવારી
2. મઘ્યક (M)
3. પ્રમાણ વિચલન (SD)
4. ટી–મૂલ્ય
5. વિચરણ પૃથ્થકરણ (F)
6. સહસંબંધ (R)

## 3.13 પ્રસ્તૃત સંશોધનની માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધન એ અનાથ આશ્રમમાં રહેતા તરૂણો પર કેન્દ્રીત હોવાથી ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારમાં આવેલા અનાથ આશ્રમમાં રહેતા તરૂણો (છોકરા–છોકરીઓ) માહિતી મેળવી જેમા તરૂણોની ઉંમર, જાતી, શૈક્ષણિક લાયકાત, અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે વગેરે સ્વતંત્ર પરિવર્ત્ય સંદર્ભની માહિતી મેળવ્યા બાદ સૌરાષ્ટ્ર–કચ્છનાં SOS, ચિલ્ડ્રન વિલેજ, માધાપર કચ્છ, આર્યસમાજ, ગાંધીધામ, જમીયતઉલમા એ હિન્દ – અંજાર, કાઠીયાવાળ બાલાશ્રમ – રાજકોટ, અનૂપમ–મિશન શિયાણ– ગાંધીધામ, શિશુ–મંગલ અનાથ આશ્રમ – જુનાગઢ, સંપર્ક – બાલાશ્રમ અંજાર, બ્રહ્મચર્ય અનાથ આશ્રમ – સુરેન્દ્રનગર, વિકાસ વિદ્યાલય વઢવાણ સિટીની મુલાકાત લઈ તેની પ્રસ્તુત અધ્યપનના હેતુઓ સંદભ  તેનો સંપર્ક કરી તેમાંથી જરૂરી તરૂણ (છોકરા–છોકરીઓ) યદચ્છ પદ્ધતિથી પસંદ કયા  પછી આમ કુલ 360 તરૂણો પાસે યોગ્ય સુચનો આપી તેને તુલા (પ્રશ્નાવલીની સમજ પડયા બાદ દર્શાવેલી માહિતી મેળવવા માટે તૂલા આપવામાં આવી હતી. આમ યોગ્ય સુચન તેમજ તરૂણોની સાનૂકુળ પરિસ્થીતિ મુજબ તેમનો સંપર્ક કરી યદચ્છ નિર્દશ પસંદગી વડે તરૂણ (છોકરા–છોકરીઓ) પાસેથી સંશોધનના હેતુને અનુલક્ષીને માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

# પ્રકરણ–4

# સંશોધનનું પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

## 4.1 પ્રાસ્તાવિક

પરિણામનું પૃથક્કરણ અને અર્થઘટન એ એક અતિ આવશ્યક બાબત છે. પ્રાપ્ત માહિતીમાં પ્રથમ દષ્ટિ એ દેખાતા આંકડા અને તથ્યોમાં ઘણા મહત્વના સિદ્ધાંતો છુપાયેલા હોય છે. આવા સિદ્ધાંતો કે અર્થઘટનને પકડવા માટે જ માહિતીને ચકાસવી પડે છે. ઘણી વખત માહિતીના સ્વરૂપ પ્રમાણે કોઠાનો પ્રકાર નકકી થાય છે. અને રીતે મળેલ પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન ન થાય તો જે તે માહિતીનો જથ્થો એ કેવળ નિરર્થક બોજ બની રહે છે. એ ઉપરાંત વ્યાપ્તિકરણ કે સામાન્યીકરણ કે કોઈપણ પ્રકારનો સાર તારવવો એ પૃથક્કરણ વિના શકય જ નથી માહિતીના વિવિધ એકમોને યથાયોગ્ય સ્થાને ગોઠવવા અને તેમની વચ્ચેનાં તાર્કિક સંબંધને સ્વાભાવિક સ્વરૂપમાં વ્યકત કરવા એજ માહિતીનું પૃથક્કરણ એક અગત્યનું કાર્ય બની રહે છે. સાથે પૃથક્કરણ એટલે શું ? તે સમજવું જરૂરી છે.

પૃથક્કરણ એટલે આપણને ઉપરથી દેખાય છે તેની નીચે શું છે તે જાણવું. એવી જ રીતે સંશોધક માહિતી મેળવી સરખી રીતે નોંધી અને ગોઠવી દીધા પછી તેનું સમસ્યા અને અટકળના સંદર્ભમાં પૃથક્કરણ કરાય છે. પૃથક્કરણ એટલે મેળવેલી માહિતીમાં છુપાયેલી સામાન્ય બાબતો, ભેદવાળી બાબતોને અલગ પાડવી, પૃથક્કરણ એટલે ગુણાત્મક બાબતોનું સંખ્યાત્મક રૂપાંતર, પૃથ્થકરણ એટલે આંકડાશાસ્ત્રની જુદી જુદી પદ્ધતિઓ દ્વારા માહિતીમાં છુપાયેલી વિગતોનું ચોકકસ રીતે વર્ગીકરણ કરવું.

પ્રસ્તુત સંશોધનનો હેતુ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો છે. અહી સાદા યદચ્છ પદ્ધતિથી નિર્દેશ પસંદ કરીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમાં કુલ 360 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અહીં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સ્વતંત્ર પરિવર્ત્યો તરીકે તરૂણોની જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, આશ્રમનો વિસ્તાર, તરૂણો સામાજિક સંકોચનો અનુભવ, એકલતાપણાનો અનુભવ, તરૂણોનાં સ્વ પ્રત્યેનું વલણ, તરૂણોની વિકલાંગતા, અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે, તરૂણોનું વડીલ વ્યકિતઓને અધિકારીઓ પ્રત્યેનું વલણ, તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહાર પ્રત્યેનું વલણ વિગેરે કક્ષાઓ નકકી કરવામાં આવી હતી. જયારે પરતંત્ર પરિવર્ત્યો પ્રમાણે આવેગાત્મક પરિકલ્પના, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન સંશોધનમાં લેવામાં આવ્યા હતાં.

સંશોધનમાં માહિતી એકત્રિત કર્યા પછી તેનું વર્ગીકરણ પૃથ્થકરણ માટે અર્થઘટન પણ એટલું જ મહત્વ રહેલું છે. માટે અહીં વ્યકિતગત માહિતીપત્રક, આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન તુલા દ્વારા અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની પ્રાપ્ત થયેલી માહિતીનું ગુણાત્મક અને સંખ્યાત્મક બાબતોને ધ્યાનમાં રાખીને તેનું વર્ગીકરણ કરીને આંકડાશાસ્ત્રીય સમજુતિ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 4.1 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં વ્યકિતગત પરીબળોનો કક્ષાવાર પૃથ્થકરણ કોષ્ટક

| ક્રમ | ઘટક | કક્ષાનું નામ | સંજ્ઞાઓ | સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ | છોકરાઓ | A1 | 180 |
| | | છોકરીઓ | A2 | 180 |
| 2 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર | ૧૫ થી ૧૮વર્ષની ઉંમર | B2 | 180 |
| | | ૧૮ વર્ષથી ઉપરની ઉંમર | B2 | 180 |
| 3 | અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત | ઉચ્તર માધ્યમિક અભ્યાસ. | C1 | 180 |
| | | ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ | C2 | 180 |
| 4 | અનાથ આશ્રમનો વિસ્તાર | ગ્રામ્ય | D1 | 91 |
| | | શહેરી | D2 | 269 |
| 5 | તરૂણો સામાજિક સંકોચ અનુભવે પ્રત્યે વલણ | અનુભવે છે. | E1 | 219 |
| | | અનુભવતા નથી. | E2 | 141 |
| 6 | તરૂણો એકલપણાનો અનુભવ પ્રત્યે વલણ. | અનુભવે છે. | F1 | 234 |
| | | અનુભવતા નથી. | F2 | 120 |
| 7 | તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે. | પાંચ વર્ષથી નીચે | G1 | 143 |
| | | પાંચ વર્ષથી ઉપર | G2 | 217 |
| 8 | તરૂણોની વિકલાંગતા | વિકલાંગતા | H1 | 26 |
| | | બિન વિકલાંગતા | H2 | 334 |
| 9 | તરૂણોને અનાથ આશ્રમની સગવડતો પ્રત્યે વલણ. | સારી | I1 | 247 |
| | | સામાન્ય | I2 | 113 |
| 10 | તરૂણોને અનાથ આશ્રમના વડિલ વ્યકિતઓ કે અધિકારી પ્રત્યેનું વલણ | સારૂં | J1 | 241 |
| | | સામાન્ય | J2 | 119 |
| 11 | તરૂણોને પોતાને મળતી સિધ્ધી પ્રત્યે પોતના સ્વપ્રત્યેનું વલણ. | સંતોષ કારક | K1 | 297 |
| | | અસંતોષકારક | K2 | 63 |
| 12 | તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતા માનવાનું વલણ. | ચઢિયાતા ગણે. | L1 | 51 |
| | | ચઢિયાતા ગણતા નથી. | L2 | 309 |
| 13 | તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભનું વલણ | પસંદ કરે છે. | M1 | 294 |
| | | પસંદ કરતા નથી. | M2 | 66 |
| 14 | તરૂણોને સંસ્થાન અન્ય તરૂણો કે તરૂણોનો વ્યવહાર પ્રત્યેનું વલણ | સંતોષ કારક | N1 | 282 |
| | | અસંતોષ કારક. | N2 | 78 |

## 4.2 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં વ્યકિતગત પરીબળોનું ટકાવારી મુજબ પૃથ્થકરણ

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં વ્યકિતગત પરીબળો અને આવેગાત્મક પરિકપકવતા, માનસિક સ્વાસ્થ્ય તેમજ સમાયોજન અંગેનાં જુદા જુદા પરિવર્ત્યોની માહિતીનું સંખ્યા અને ટકાવારીમાં પૃથ્થકરણ કરવામાં આવ્યું છે. જે નીચે પ્રમાણે દર્શાવવામાં આવેલ છે.

4.2.1 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની નીતિનું ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની નીતિને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. છોકરાઓ
2. છોકરીઓ

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

### કોષ્ટક 4.2
### અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ પ્રમાણે ટકાવારી

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | છોકરાઓ | 180 | 50.00% |
| 2 | છોકરીઓ | 180 | 50.00% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.2 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 180 છોકરીઓ અને 180 છોકરાઓ છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 50% છોકરાઓ અને 50% છોકરીઓ છે. અહી અનાથ આશ્રમનાં તરૂણોનું પ્રમાણ પચાસ – પચાસ ટકા જોવા મળે છે.

4.2.2 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમરી ટકાવારી મુજબનું પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમરને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી જે નીચે પ્રમાણે છે.

1. 15 થી 18 વર્ષની ઉંમર
2. 18 વર્ષથી ઉપરની ઉંમર

કુલ અનાથ આશ્રમના તરૂણોમાં તેનું પ્રમાણ નીચે મુજબ રહેલ છે.

**કોષ્ટક 4.3**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર પ્રમાણે ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | 15 થી 18 વર્ષની ઉંમર | 180 | 50.00% |
| 2 | 18 વર્ષથી ઉપરની ઉંમર | 180 | 50.00% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.3 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 180, 15 થી 18 વર્ષની ઉંમર અને 180, 18 વર્ષથી ઉપરની ઉંમર છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિ એ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમરને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 50% 15 થી 18 વર્ષની ઉંમરના છે અને 18 વર્ષથી ઉપરની ઉંમરના છે. અહીં અનાથ આશ્રમમાં તરૂણોની ઉંમર પચાસ – પચાસ ટકામાં વિભાજીત કરેલ જોવા મળે છે.

### 4.2.3 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાતની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાતને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ
2. ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

## કોષ્ટક 4.4

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત પ્રમાણે ટકાવારી

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ | 180 | 50.00% |
| 2 | ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ | 180 | 50.00% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.4 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 180 ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને 180 ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ કરનાર તરૂણો છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાતને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 50% ઉચ્ચતર માધ્યમિક અભ્યાસવાળા તરૂણો છે અને 50% ઉચ્ચતર માધ્યમિક પછીનો અભ્યાસવાળા તરૂણો છે. અહી અનાથ આશ્રમનાં તરૂણોમાં શૈક્ષણિક લાયકાતનું પ્રમાણ પચાસ – પચાસ ટકા જોવા મળે છે.

### 4.2.4 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વિસ્તારની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના વિસ્તારને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. ગ્રામ્ય
2. શહેરી

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.5**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિસ્તાર પ્રમાણે ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ગ્રામ્ય | 91 | 25.28% |
| 2 | શહેરી | 269 | 74.72% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.4 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 91 તરૂણો ગ્રામ્ય વિસ્તારમાંથી અને 269 તરૂણો શહેરી વિસ્તારમાં છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.



ઉપરોકત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના રહેઠાંણ વિસ્તારને દર્શાવે છે. એ પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 25.28 ટકાતરૂણો ગ્રામ્ય વિસ્તારના છે અને 74.72 ટકા તરૂણો શહેરી વિસ્તારના છે. અહીં અનાથ આશ્રમના તરૂણોનું વિસ્તારનું પ્રમાણ 25.28% અને 74.72% જોવા મળે છે.

### 4.2.5 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનું સામાજિક સંકોચ અનુભવ પ્રત્યે વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનું સામાજિક સંકોચ અનુભવ પ્રત્યેના વલણને  બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. અનુભવે છે
2. અનુભવતા નથી

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.6**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનું સામાજિક સંકોચ અનુભવ પ્રત્યેની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | અનુભવે છે | 219 | 60.84% |
| 2 | અનુભવતા નથી | 141 | 39.16% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.5 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 219 તરૂણો સામાજિક સંકોચ અનુભવે છે અને 141 તરૂણો સામાજિક સંકોચ અનુભવતા નથી.  આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનું સામાજિક સંકોચ અનુભવ પ્રત્યેનું વલણ દર્શાવે છે. એ પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 60.84 ટકા તરૂણો સામાજિક સંકોચ અનુભવે છે અને 39.16 ટકા તરૂણો સામાજિક સંકોચ અનુભવતા નથી.  અહીં અનાથ આશ્રમના તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવ પ્રત્યેનું વલણ 60.84% અને 39.16% જોવા મળે છે.

### 4.2.6 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણાના અનુભવ પ્રત્યેના વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણાના અનુભવ પ્રત્યેના વલણને  બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. અનુભવે છે
2. અનુભવતા નથી

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

## કોષ્ટક 4.7

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણાના અનુભવ પ્રત્યેની ટકાવારી

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | અનુભવે છે | 234 | 65.00% |
| 2 | અનુભવતા નથી | 126 | 35.00% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.5 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 234 તરૂણો એકલતાપણાને અનુભવે છે અને 126 તરૂણો એકલતાપણાને અનુભવતા નથી. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોકત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનું સામાજિક સંકોચ અનુભવ પ્રત્યેનું વલણ દર્શાવે છે. એ પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 65.00 ટકા તરૂણો એકલતાપણાને અનુભવે છે અને 35.00 ટકા તરૂણો એકલતાપણાને અનુભવતા નથી. અહીં અનાથ આશ્રમના તરૂણોમાં એકલતાપણાના અનુભવ પ્રત્યેના વલણનું પ્રમાણ 65.00% અને 35.00% જોવા મળે છે.

### 4.2.7 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે તેની વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણો ત્યાં કેટલા સમયથી રહે છે તેને બેવિભાગમાં વહેંચવામાં આવ્યા હતા. જે નીચે પ્રમાણે છે.

1. પાંચ વર્ષથી નીચે
2. પાંચ વર્ષથી ઉપર

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.8**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે તે પ્રમાણેની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | પાંચ વર્ષથી નીચે | 143 | 39.72% |
| 2 | પાંચ વર્ષથી ઉપર | 217 | 60.28% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.8 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 143 તરૂણો પાંચ વર્ષથી નીચેના સમયગાળા સુધી અનાથ આશ્રમમાં રહેતા હતા અને 217 તરૂણો પાંચ વર્ષથી ઉપરના સમયગાળાથી અનાથ આશ્રમમાં રહે છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.



ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણો કેટલા સમયગાળાથી આશ્રમમાં રહે છે તે દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 39.72 ટકા તરૂણો પાંચ વર્ષથી નીચેના સમયગાળા સુધી આશ્રમમાં રહે છે અને 60.28 ટકા તરૂણો પાંચ વર્ષથી ઉપરના સમયગાળા સુધી આશ્રમમાં રહે છે. અહી અનાથ આશ્રમના તરૂણોમાં તેનું પ્રમાણ 39.72% અને 60.28% જોવા મળે છે.

### 4.2.8 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતાની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતાને. બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. વિકલાંગતા
2. બિન વિકલાંગતા

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.9**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતા પ્રમાણેની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | વિકલાંગતા | 26 | 7.23% |
| 2 | બિન વિકલાંગતા | 334 | 92.77% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.9 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 26 તરૂણો વિકલાંગ છે અને 334 તરૂણો બિનવિકલાંગ છે. આ બાબતને આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતાને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 7.23 ટકા અનાથ આશ્રમમાં રહેતા ત૧ણો એ વિકલાંગતા ધરાવે છે. જ્યારે 92.77 ટકા અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ બિનવિકલાંત છે. એ ઉપરોક્ત આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે.

### 4.2.9 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સગવડતાની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની અનાથ આશ્રમની સગવડતાને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. સારી
2. સામાન્ય

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.10**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમની સગવડતા પ્રમાણેની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સારી | 247 | 68.61% |
| 2 | સામાન્ય | 113 | 31.39% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.10 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 247 તરૂણોને અનાથ આશ્રમમમાં સગવડતાનું પ્રમાણ સારુ હતું અને 113 તરૂણોને અનાથ આશ્રમમાં સગવડતાનું પ્રમાણ સામાન્ય હતું. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં તરૂણોની સગવડતાને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 68.61 ટકા તરૂણોને અનાથ આશ્રમમાં સારી સગવડતા મળે છે અને 31.30 ટકા તરૂણોને સામાન્ય સગવડતા અનાથ આશ્રમમાં મળે છે. અહીં સગવડતાનું પ્રમાણ 68.61% અને 31.38% જોવા મળે છે.

### 4.2.10 તરૂણોનું અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેના વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં તરૂણોનું અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેના વલણને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. સારી
2. સામાન્ય

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

## કોષ્ટક 4.11

## તરૂણોનું અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેના વલણ પ્રમાણેની ટકાવારી

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સારું | 241 | 66.94% |
| 2 | સામાન્ય | 119 | 33.06% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.11 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 241 તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ સારુ છે અને 119 તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ સામાન્ય હતું. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોકત આકૃતિએ અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ દશા વે છે કે જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાંથી 66.94 ટકા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ સારુ છે અને 33.06 ટકા તરૂણોનું અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારી પ્રત્યેનું વલણ સામાન્ય છે. અહી તરૂણોનું અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારી પ્રત્યેનું વલણ 66.94% અને 33.06% જોવા મળે છે.

### 4.2.11 અનાથ આશ્રમના તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. સંતોષકારક 2. અસંતોષકારક

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.12**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણ પ્રમાણેની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સંતોષકારક | 297 | 82.50% |
| 2 | અસંતોષકારક | 63 | 17.50% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.12 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાંરહેતા તરૂણોમાંથી 297 તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેનું વલણ સંતોષકારક છે અને 63 તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેનું વલણ અસંતોષકારક છે. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.



ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં તરૂણોમાં પોતાને મળતી સિદ્ધિ પ્રત્યેના પોતાના સ્વ પ્રત્યેના વલણને દર્શાવે છે. જે પરથી જણાય છે કે કુલ તરૂણોમાં 82.50 ટકા સંતોષકારક છે અને 17.50 ટકા અસંતોષકારક છે. અહીં અનાથ આશ્રમના તરૂણોમાં પોતાને મળતી સિદ્ધિ પ્રત્યેના પોતાના સ્વ પ્રત્યેના વલણનું પ્રમાણ 82.50% અને 17.50% જોવા મળે છે.

### 4.2.12 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચઢિયાતી માનવાની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચઢિયાતું માનવાના વલણને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. ચઢિયાતા ગણે 2. ચઢિયાતા ગણતા નથી

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.12**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની પોતાની જાતને અન્ય કરતા ચઢિયાતી માનવાના વલણની ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ચઢિયાતા ગણે | 51 | 14.02% |
| 2 | ચઢિયાતા ગણતા નથી | 309 | 85.08% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.13 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાંથી 51 તરૂણો પોતાની જાતને અન્ય કરતાં ચઢિયાતી ગણે છે અને 309 તરૂણો પોતાની જાતને અન્ય કરતાં ચઢિયાતી ગણતા નથી. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં તરૂણોને પોતાની જાતને અન્ય કરતાં ચઢિયાતી માનવાના વલણને દર્શાવે છે. જે પરથ જણાય છે કે તરૂણોમાંથી 14.02 ટકા તરૂણો પોતાને ચઢિયાતા ગણે છે અને 85.08 ટકા તરૂણો પોતાને ચઢિયાતા ગણતા નથી. અહી અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાની જાત કરતાં ચઢિયાતુ માનવાના વલણનું પ્રમાણ 14.02% અને 85.08% જોવા મળે છે.

### 4.2.13 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભનું વલણનું ટકાવારી મુજબનું પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભના વલણને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. પસંદ કરે છે.
2. પસંદ કરતા નથી

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

## કોષ્ટક 4.14

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભના વલણની ટકાવારી

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | પસંદ કરે છે | 294 | 81.66% |
| 2 | પસંદ કરતા નથી | 66 | 18.34% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક 4.14 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાંથી 294 અન્ય લોકોને મળવાનું પસંદ કરે અને 66 તરૂણો અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં નથી. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં તરૂણોએ અન્ય લોકોને મળવાના પસંદ સંદર્ભના વલણને દર્શાવે છે. જે પરથી જણાયછે કે કુલ તરૂણોમાંથી 81.66 ટકા અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે અને 18.34 ટકા તરૂણો અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં નથી. અહીં અનાથ આશ્રમના તરૂણોનું પ્રમાણ 81.66% અને 18.34% જોવા મળે છે.

### 4.2.14 અનાથ આશ્રમના તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીનો વ્યવહાર પ્રત્યેના વલણની ટકાવારી મુજબ પૃથ્થકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહાર ને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

1. સંતોષકારક  2. અસંતોષકારક

કુલ અનાથ આશ્રમનાં તરૂણોમાં તેનું પ્રમાણ નીચે રહેલું છે.

**કોષ્ટક 4.12**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની સંસ્થાના અનાથ તરૂણો કે તરૂણીના વ્યવસાય સંદર્ભે ટકાવારી**

| ક્રમાંક | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સંતોષકારક | 282 | 78.03% |
| 2 | અસંતોષકારક | 78 | 21.07% |
| | કુલ.. | 360 | 100.00 |

ઉપરોકત કોષ્ટક 4.15 પરથી જણાય છે કે કુલ 360 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીનો વ્યવહાર સંદર્ભ અંગે 78 અસંતોષકારક અને 282 સંતોષકારક વલણ ધરાવે છે. આ બાબતને આ આકૃતિ દ્વારા નીચે મુજબ સમજાવી શકાય.



ઉપરોક્ત આકૃતિએ અનાથ આશ્રમમાં તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓ સાથેના વ્યવહાર અંગેના વલણને દર્શાવે છે. જે પરથી જણાય છે કુલ 21.7% ટકા સંતોષકારક અને 78.3% ટકા અસંતોષકારક વલણ ધરાવતા તરૂણોનો સમાવેશ થાય છે.

## 4.3 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં વ્યકિતગત પરીબળો અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય.

### 4.3.1 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ (છોકરાઓ અને છોકરીઓ) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-1 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓમાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનાં મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

કોષ્ટક **4.16**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓનાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મઘ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | છોકરાઓ | 180 | 122.61 | 17.44 | 1.06 | NS |
| 2 | છોકરીઓ | 180 | 124.06 | 16.96 | | |

ઉપરોકત કોષ્ટક 4.16 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓમાં આવેગાત્મક પરિપકવતાનાં

મધ્યક અનુક્રમ નં. 122.61 અને 124.96 છે તેનું ટી–મૂલ્ય 1.06 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 1 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં જાતિ સંદર્ભે આવેગાત્મક પરીપકવતામાં કોઈ તફાવત નથી

## 4.3.2 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર (15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-2 **અનાથ અશ્રમમાં રહેતા થી 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમરના તરૂણોનાં અનવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.**

### કોષ્ટક 4.17

### અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમરના સંદર્ભે આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | 15 થી 18 વર્ષની ઉંમર | 180 | 126.42 | 18.42 | 3.07 | 0.01 |
| 2 | 18 વર્ષથી ઉપરની ઉંમર | 180 | 121.37 | 16.96 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.17 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમરે આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમે 126.42 અને 121.37 છે તેનું ટી–મૂલ્ય 3.07 છે. જે 0.01 ની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 2 નો અસ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે.

### 4.3.3 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત (ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-3 **અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં આવેગાત્મક પરિપકવતા નાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.**

**કોષ્ટક 4.18**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ | 180 | 123.39 | 17.09 | 4.42 | 0.01 |
| 2 | ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ | 180 | 128.42 | 21.44 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.18 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો શૈક્ષણિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 123.39 અને 128.42 છે તેનું ટી–મૂલ્ય 4.42 છે. જે 0.01 ની સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 3 નો અસ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં શૈક્ષણિક લાયકાતના સંદર્ભે આવેગાત્મક પરીપકવતામાં તફાવત જોવા મળે છે.

### 4.4.4 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર અને આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર (ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-4 **ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના આવેગાત્મક પરિપકવતાનાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહીં**

## કોષ્ટક 4.19

### અનાથ આશ્રમમાં રહેતા તરૂણના અનાથ આશ્રમનો વિસ્તારના સંદર્ભે આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ગ્રામ્ય વિસ્તાર | 91 | 126.44 | 15.02 | 1.09 | NS |
| 2 | શહેરી વિસ્તાર | 269 | 128.42 | 16.37 | | |

ઉપરોકત કોષ્ટક 4.19 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 126.44 અને 128.42 છે તેનું ટી–મૂલ્ય 1.09 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 4 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં અનાથ આશ્રમનો વિસ્તાર સંદર્ભે આવેગાત્મક પરીપકવતામાં કોઈ તફાવત નથી.

### 4.3.5 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-5 અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજીક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.

### કોષ્ટક **4.20**

### અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણના સંદર્ભે આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | અનુભવે છે | 219 | 127.04 | 14.16 | 1.12 | NS |
| 2 | અનુભવતા નથી | 141 | 126.42 | 13.39 | | |

ઉપરોકત કોષ્ટક 4.20 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમે 127.04 અને 126.42 છે તેનું ટી–મૂલ્ય 1.12 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 5 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

## 4.3.6 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાનો અનુભવ પ્રત્યેનું વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાનો અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની

બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-5 **અનાથ આશ્રમમાં રહેતા તરુણો એકલતાપણા અનુભવે છે. અને એકલતાપણા અનુભવતા નથી તેવા વલણો ધરાવતા આવેગા ત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મઘ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

## કોષ્ટક 4.21

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાના અનુભવ પ્રત્યેનું વલણના સંદર્ભે આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મઘ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | અનુભવે છે | 234 | 126.04 | 17.39 | 1.07 | NS |
| 2 | અનુભવતા નથી | 126 | 123.48 | 15.42 | | |

ઉપરોકત કોષ્ટક 4.21 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના આવેગાત્મક પરિપકવતાનાં મઘ્યક અનુક્રમે 126.04 અને 123.48 છે તેનું ટી–મૂલ્ય 1.07 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 6 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

### 4.3.7 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે તે અંગે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે (5 વર્ષથી નીચે અને 5 વર્ષથી ઉપર) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-7 અનાથ આશ્રમમાં પાંચ વર્ષથી નીચેના સમયગાળાથી રહેતા અને પાંચ વર્ષથી વધુ સમયગાળાથી રહેતા તરૂણોના આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.**

**કોષ્ટક 4.22**

**અનાથ આશ્રમમાં તરૂણ કેટલા સમયથી રહે છે તે અંગેના આવેગિક પરીપકવતાના પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | 5 વર્ષથી નીચે | 143 | 123.40 | 13.06 | 3.18 | 0.01 |
| 2 | 5 વર્ષથી ઉપર | 217 | 129.44 | 17.52 | | |

ઉપરોકત કોષ્ટક 4.22 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે તે અંગેના (5 વર્ષથી નીચે અને 5 વર્ષથી ઉપર)ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 123.40 અને 129.44 છે તેનું ટી–મૂલ્ય 3.18 છે. જે 0.01 ની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહી ઉત્કલ્પના નં. 7 નો અસ્વીકાર કરવામાં આવે છે કે અનાથ

આશ્રમમાં રહેતા તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે (5 વર્ષથી નીચે અને 5 વર્ષથી ઉપર) ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે.

### 4.3.8 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતા સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતા (વિકલાંગતા અને બિનવિકલાંગતા) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-8 **અનાથઆશ્રમમાં રહેતા વિકલાંગ અને બિનવિકલાંગ તરૂણોના આવેગાત્મક પરિપકવતાનાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

**કોષ્ટક 4.23**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની વિકલાંગતા સંદર્ભે આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | વિકલાંગતા | 26 | 121.43 | 12.44 | 1.12 | NS |
| 2 | બિન વિકલાંગતા | 334 | 129.39 | 19.04 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.23 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણની વિકલાંગતા અને બિનવિકલાંગતાના સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ નં. 121.43 અને 129.39 છે તેનું ટી–મૂલ્ય 1.12 છે.

જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 8 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિકલાંગતા અને બિનવિકલાંગતાના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં વિકલાંગતાના સંદર્ભે આવેગાત્મક પરીપકવતામાં કોઈ તફાવત નથી.

### 4.3.9 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથા આશ્રમની સગવડતાઓ પ્રત્યેનું વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સગવડતાઓ પ્રત્યેનું વલણ (સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતા)નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-9 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ પ્રત્યેના તરૂણોના વલણનનાં આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**કોષ્ટક 4.24**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણને અનાથ આશ્રમની સગવડતાઓ પ્રત્યેનું વલણ સંદર્ભે આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | સારી સગવડતાઓ | 247 | 124.42 | 17.44 | 1.06 | NS |
| 2 | સામાન્ય સગવડતાઓ | 113 | 121.13 | 16.96 | | |

ઉપરોકત કોષ્ટક 4.24 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સગવડતા પ્રત્યે સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 124.42 અને 121.13 છે તેનું ટી–મૂલ્ય 1.06 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 9 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમની સગવડતા પ્રત્યે સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ સંદર્ભે આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં અનાથ આશ્રમની સગવડતા સંદર્ભે આવેગાત્મક પરીપકવતામાં કોઈ તફાવત નથી.

### 4.3.10 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ (સારુ વલણ અને સામાન્ય વલણ) નાં સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-10 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમમાં વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારૂ વલણ અને સામાન્ય વલણના આવેગાત્મક પરિપકવાતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

## કોષ્ટક 4.25

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | સારુ વલણ | 241 | 124.61 | 17.44 | 1.06 | NS |
| 2 | સામાન્ય વલણ | 141 | 121.06 | 16.96 | | |

ઉપરોકત કોષ્ટક 4.25 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ (સારુ વલણ અને સામાન્ય વલણ)ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમે 124.61 અને 121.06 છે તેનું ટી–મૂલ્ય 1.06 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 10 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું વલણ (સારુ વલણ અને સામાન્ય વલણ)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

### 4.3.11 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિઓ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિઓ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણનાં (સંતોષકારક અને અસંતોષકારક)ના સંદર્ભમાં આવેગાત્મક

પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-10 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાને મળતી સિધ્ધી પ્રત્યે સંતોષ એ અસંતોષ પ્રત્યેના વલણનો આવેગાત્મક પરિપકવાતાના પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

## કોષ્ટક 4.26

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાની સિદ્ધિ પ્રત્યેના પોતાના સ્વ પ્રત્યેનું વલણના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | સંતોષકારક | 297 | 129.42 | 19.37 | 3.06 | 0.01 |
| 2 | અસંતોષકારક | 63 | 122.04 | 14.02 | | |

ઉપરોકત કોષ્ટક 4.26 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિઓ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણનાં (સંતોષકારક અને અસંતોષકારક)ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 129.42 અને 122.04 છે તેનું ટી–મૂલ્ય 3.06 છે. જે 0.01 સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 11 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિઓ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેના વલણનાં (સંતોષકારક અને અસંતોષકારક)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. જેમાં તરૂણોએ સંતોષકારક વલણ ધરાવતા કરતાં અસંતોષકારક વલણ ધરાવતા તેમના પ્રાપ્તાંકો નિમ્ન જોવા મળે છે.

### 4.3.12 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ સંદર્ભે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-12 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણાતા નથી તેવા વલણના આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.**

**કોષ્ટક 4.27**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતે અન્ય કરતાં ચડીયાતા માનવાનું વલણ સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ચડીયાતા ગણે છે | 51 | 124.12 | 17.37 | 1.06 | NS |
| 2 | ચડીયાતા ગણતા નથી | 309 | 127.23 | 14.02 | | |

ઉપરોકત કોષ્ટક 4.27 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના આવેગાત્મક પરિપકવતાનાં

મધ્યક અનુક્રમ 124.12 અને 127.23 છે તેનું ટી–મૂલ્ય 1.06 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 12 નો સ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

### 4.3.13 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ અંગે આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી)ના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-13 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ કરતા નથી તેવા વલણને આવગાત્મક પરિપકવાતાના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

**કોષ્ટક 4.28**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ અંગેના આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | પસંદ કરે છે | 294 | 127.13 | 18.32 | 3.56 | 0.01 |
| 2 | પસંદ કરતાં નથી | 66 | 122.04 | 15.04 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.28 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી) ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 127.13 અને 122.04 છે તેનું ટી–મૂલ્ય 3.56 છે. જે 0.01 સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 13 નો અસ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી) ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આમ, અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં તરૂણો કરતાં અન્ય લોકોને મળવાનું ન પસંદ કરતાં તરૂણોમાં આવેગાત્મક પરીપકવતાનુ પ્રમાણ નિમ્ન જોવા મળે છે.

### 4.3.14 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યેનું વલણ અંગેનું આવેગાત્મક પરિપકવતાનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યગેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર)ના સંદર્ભમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-14 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના વ્યવહારથી સંતોષ છે અને અસંતોષ છે. તેવા વલણના આવેગાત્મક પરિપકવાતના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક જોવા મળશે નહી.**

## કોષ્ટક 4.29

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓ વ્યવહાર પ્રત્યેનું વલણ અંગેના આવેગાત્મક પરીપકવતાનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | સંતોષકારક | 282 | 127.13 | 17.42 | 1.04 | NS |
| 2 | અસંતોષકારક | 78 | 124.06 | 14.02 | | |

ઉપરોકત કોષ્ટક 4.29 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યગેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર) ના આવેગાત્મક પરિપકવતાનાં મધ્યક અનુક્રમ 127.13 અને 124.06 છે તેનું ટી–મૂલ્ય 1.04 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 14 નો સ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યગેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર)ના આવેગાત્મક પરીપકવતાના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

## 4.4 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં વ્યકિતગત પરીબળો અને માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય.

### 4.4.1 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ (છોકરાઓ અને છોકરીઓ) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-15 અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓમાં માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહી.

**કોષ્ટક 4.30**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓનાં માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | છોકરાઓ | 180 | 22.78 | 4.56 | 2.37 | 0.05 |
| 2 | છોકરીઓ | 180 | 24.56 | 3.84 | | |

ઉપરોકત કોષ્ટક 4.30 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરાઓ અને છોકરીઓમાં માનસિક સ્વાસ્થ્યનાં મધ્યક અનુક્રમ 22.78 અને 22.56 છે તેનું ટી–મૂલ્ય 2.37 છે. જે 0.05 સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 15 નો અસ્વીકાર કરવામાં આવે છે

કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણ છોકરા અને છોકરીઓમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં જાતિ સંદર્ભે માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં છોકરા અને છોકરીઓની બાબતમાં ભિન્નતા છે.

## 4.4.2 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર (15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-16 **અનાથ અશ્રમમાં રહેતા થી 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમરના તરૂણોનાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.**

### કોષ્ટક 4.31
### અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમરના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | 15 થી 18 વર્ષની ઉંમર | 180 | 21.83 | 3.42 | 1.07 | NS |
| 2 | 18 વર્ષથી ઉપરની ઉંમર | 180 | 23.42 | 4.06 | | |

ઉપરોકત કોષ્ટક 4.31 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમરે

માનસિક સ્વાસ્થ્યનાં મધ્યક અનુક્રમે 21.83 અને 23.42 છે તેનું ટી–મૂલ્ય 1.07 છે. જે સાર્થકતાની કક્ષાએ બીન સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 16 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

### 4.4.3 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત અને માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત (ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-17 **અનાથ આશ્રમમાં રહેતા ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા તરૂણોનાં માનસિક સ્વાસ્થ્ય નાં પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.**

**કોષ્ટક 4.32**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ | 180 | 24.56 | 4.56 | 3.42 | 0.01 |
| 2 | ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસ | 180 | 21.13 | 3.41 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.32 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો શૈક્ષણિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસના માનસિક સ્વાસ્થ્યનાં મધ્યક અનુક્રમ 24.56 અને 21.13 છે તેનું ટી–મૂલ્ય 3.42 છે. જે 0.01 ની સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 17 નો અસ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની શૈક્ષણિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો ઉચ્ચ અભ્યાસના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં શૈક્ષણિક લાયકાતના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે.

### 4.4.4 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર અને માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર (ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-18 **ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનાથ આશ્રમના તરૂણોના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનો મધ્યકો વચ્ચે કોઈ સાર્થિક તફાવત જોવા મળશે નહીં**

## કોષ્ટક 4.33

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણના અનાથ આશ્રમનો વિસ્તારના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ગ્રામ્ય વિસ્તાર | 91 | 22.73 | 4.56 | 1.09 | NS |
| 2 | શહેરી વિસ્તાર | 269 | 25.42 | 5.80 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.33 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના માનસિક સ્વાસ્થ્યનાં મધ્યક અનુક્રમ 22.73 અને 25.42 છે તેનું ટી–મૂલ્ય 1.09 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહીં ઉત્કલ્પના નં. 18 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આમ, પરીણામનાં કહી શકાય કે અનાથ આશ્રમમાં તરૂણોમાં અનાથ આશ્રમનો વિસ્તાર સંદર્ભે માનસિક સ્વાસ્થ્યમાં કોઈ તફાવત નથી.

### 4.4.5 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ સંદર્ભે માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-19 અનાથ આશ્રમમાં રહેતા તરુણો સામાજિક સંકોચ અનુભવે છે. અને સામાજીક સંકોચ અનુભવતા નથી તેવા વલણો ધરાવતા માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

**કોષ્ટક 4.34**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | અનુભવે છે | 219 | 24.56 | 4.16 | 1.12 | NS |
| 2 | અનુભવતા નથી | 141 | 21.42 | 3.39 | | |

ઉપરોકત કોષ્ટક 4.34 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના માનસિક સ્વાસ્થ્યનાં મધ્યક અનુક્રમે 24.56 અને 21.42 છે તેનું ટી–મૂલ્ય 1.12 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 19 નો સ્વીકાર કરવામાં આવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણો સામાજિક સંકોચના અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી)ના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

## 4.4.6 અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાનો અનુભવ પ્રત્યેનું વલણ સંદર્ભે માનસિક સ્વાસ્થ્યનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો એકલતાપણાનો અનુભવ પ્રત્યેનું વલણ (અનુભવે છે અને અનુભવતા નથી) નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં કંઈ

### 4.6.12 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ સંદર્ભે સામાજિક સમાયોજનનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના સંદર્ભમાં સામાજિક સમાયોજનની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**HO-54 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતા ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણાતા નથી તેવા વલણના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.**

**કોષ્ટક 4.68**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતે અન્ય કરતાં ચડીયાતા માનવાનું વલણ સંદર્ભમાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | ચડીયાતા ગણે છે | 51 | 34.62 | 5.42 | 3.89 | 0.01 |
| 2 | ચડીયાતા ગણતા નથી | 309 | 38.73 | 7.13 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.68 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના સામાજિક સમાયોજનનાં મધ્યક

અનુક્રમ 34.62 અને 38.73 છે તેનું ટી–મૂલ્ય 3.89 છે. જે 0.01 સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 54 નો અસ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાના વલણ (ચડીયાતા ગણે છે અને ચડીયાતા ગણતા નથી)ના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે.

### 4.6.13 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ અંગે સામાજિક સમાયોજનનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી)ના સંદર્ભમાં સામાજિક સમાયોજનની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-55 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને પસંદ કરતા નથી તેવા વલણને સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહીં.**

**કોષ્ટક 4.69**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ અંગેના સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય**

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | પસંદ કરે છે | 294 | 38.05 | 6.31 | 3.46 | 0.01 |
| 2 | પસંદ કરતાં નથી | 66 | 34.14 | 4.04 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.69 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી) ના સામાજિક સમાયોજનનાં મધ્યક અનુક્રમ 38.05 અને 34.14 છે તેનું ટી–મૂલ્ય 3.46 છે. જે 0.01 સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી અહીં ઉત્કલ્પના નં. 55 નો અસ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભેનું વલણ (પસંદ કરે છે અને પસંદ કરતાં નથી) ના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આમ, અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં તરૂણો કરતાં અન્ય લોકોને મળવાનું  ન પસંદ કરતાં તરૂણોમાં સામાજિક સમાયોજનનુ પ્રમાણ નિમ્ન જોવા મળે છે.

### 4.6.14 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યેનું વલણ અંગેનું સામાજિક સમાયોજનનું ટી–મૂલ્ય

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યગેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર)ના સંદર્ભમાં સામાજિક સમાયોજનની બાબતમાં કંઈ તફાવત ધરાવે છે કે કેમ ? તે જાણવા ટી–મૂલ્યનાં ઉપયોગ દ્વારા નીચેની ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

HO-56 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોએ અનાથ આશ્રમના અન્ય તરૂણ કે તરૂણીઓના વ્યવહારથી સંતોષ છે અને અસંતોષ છે. તેવા વલણના સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક જોવા મળશે નહી.**

## કોષ્ટક 4.70

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓ વ્યવહાર પ્રત્યેનું વલણ અંગેના સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોનું ટી–મૂલ્ય

**[N=360]**

| ક્રમાંક | વિગત | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | સંતોષકારક | 282 | 38.38 | 7.60 | 1.54 | NS |
| 2 | અસંતોષકારક | 78 | 35.16 | 4.02 | | |

ઉપરોક્ત કોષ્ટક 4.70 માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યગેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર) ના સામાજિક સમાયોજનનાં મધ્યક અનુક્રમ 38.38 અને 35.16 છે તેનું ટી–મૂલ્ય 1.54 છે. જે સાર્થકતાની કક્ષાએ સાર્થક જોવા મળતું નથી. તેથી અહી ઉત્કલ્પના નં. 56 નો સ્વીકાર કરવામાં આવે છે. કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓના વ્યવહાર પ્રત્યેનું વલણ (સંતોષકાર અને અસંતોષકાર)ના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી.

## 4.7 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના જાતિ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચેના સહસંબંધનું કાર્લ પિયર્સન r કસોટી વડે પૃથ્થકરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધનનો હેતુના સંદર્ભે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના જાતિ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનો સહસંબંધ તપાસવાનો હતો. તેથી કાર્લ પર્યસન 'r'

પરીબળ ગુણાકાર સહસંબંધની પધ્ધતિ દ્વારા અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ, ઉંમર અને શૈક્ષણિક લાયકાતનાં પ્રાપ્તાંકો પરથી સહસંબંધ શોધવામાં આવ્યો હતો.

(57) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચે કોઈ સાર્થક સહ સંબંધ નથી.

(58) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

(59) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

### 4.7.1 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચેનો સાર્થક સહ સંબંધ

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં જાતિના કુલ તરૂણો અને અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની કુલ ઉંમરના તરૂણોનો કેટલો સહસંબંધ છે તે જાણવા માટે બધા જ કર્મચારીઓનાં જાતિ અને ઉંમરનાં પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ શોધ્યો છે.

H.O.57 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચે કોઈ સાર્થક સહ સંબંધ નથી.**

કોષ્ટક –**4.70**

**અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચેનો સહસંબંધ (N=360)**

| ક્રમ | વિગત | નિદર્શની સંખ્યા | સ્વતંત્ર સંખ્યા | r કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | તરૂણોની જાતિ | 360 | 358 | 3.97 | 0.01 |
| 2 | તરૂણોની ઉંમર | 360 | 358 | | |

કોષ્ટક નં. 4.70 ને આધારે શુન્ય ઉત્કલ્પના 57 ની ચકાસણી કાર્લ પિર્યસનની 'r' ની પ્રયુકિત વડે ચકાસણી કરતા સહસંબંધ મૂલ્ય **3.97** એ **0.01** કક્ષાએ સાર્થક છે બંને પરિવર્ત્યો વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે કારણ કે 'r' મૂલ્ય એ સ્વતંત્ર સંખ્યા 358 હોય ત્યારે 0.01 કક્ષાએ સાર્થક છે માટે અહી શુન્ય ઉત્કલ્પના નં. 57 નો અસ્વિકાર કરવામાં ઓ છે. તેથી ઉપરોકત પરિણામનાં સંદર્ભમાં કહી શકાય કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

## 4.7.2 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનો સહસંબંધ

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં કુલ ઉંમરના તરૂણો અને કુલ શૈક્ષણિક લાયકાતના તરૂણો વચ્ચે કેટલો સહસંબંધ છે તે જાણવા માટે બધા જ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના ઉંમર અને શૈક્ષણિક લાયકાતના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ શોધ્યો છે.

H.O.58 **અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહ સંબંધ નથી.**

## કોષ્ટક – **4.71**

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનો સહસંબંધ

**(N=480)**

| ક્રમ | વિગત | નિદર્શની સંખ્યા | સ્વતંત્ર સંખ્યા | **r** કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | તરૂણોની ઉંમર | 360 | 358 | 3.55 | 0.01 |
| 2 | તરૂણોની શૈક્ષણિક લાયકાત | 360 | 358 | | |

કોષ્ટક નં. 4.71 ને આધારે શુન્ય ઉત્કલ્પના 58 ની ચકાસણી કાર્લ પિર્યસનની 'r' ની પ્રયુકિત વડે ચકાસણી કરતા સહસંબંધ મૂલ્ય **3.55** એ **0.01** કક્ષાએ સાર્થક છે બંને પરિવર્ત્યો વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે કારણ કે 'r' મૂલ્ય એ સ્વતંત્ર સંખ્યા 358 હોય ત્યારે 0.01 કક્ષાએ સાર્થક છે માટે અહી શુન્ય ઉત્કલ્પના નં. 58 નો અસ્વિકાર કરવામાં આવે છે. તેથી ઉપરોકત પરિણામનાં સંદર્ભમાં કહી શકાય કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 4.7.3 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનો સહસંબંધ

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની કુલ જાતિના તરૂણો અને કુલ શૈક્ષણિક લાયકાતના તરૂણો વચ્ચે કેટલો સહસંબંધ છે તે જાણવા માટે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાતનાં પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ શોધ્યો છે.

HO-59 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

## કોષ્ટક – **4.72**

## અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનો સહસંબંધ

**(N=480)**

| ક્રમ | વિગત | નિદર્શની સંખ્યા | સ્વતંત્ર સંખ્યા | **r** કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | તરૂણોની જાતિ | 360 | 358 | 3.72 | 0.01 |
| 2 | તરૂણોની શૈક્ષણિક લાયકાત | 360 | 358 | | |

કોષ્ટક નં. 4.72 ને આધારે શુન્ય ઉત્કલ્પના 59 ની ચકાસણી કાર્લ પિર્યસનની 'r' ની પ્રયુકિત વડે ચકાસણી કરતા સહસંબંધ મૂલ્ય **3.72** એ **0.01** કક્ષાએ સાર્થક છે બંને પરિવર્ત્યો વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે કારણ કે 'r' મૂલ્ય એ સ્વતંત્ર સંખ્યા 358 હોય ત્યારે 0.01 કક્ષાએ સાર્થક છે માટે અહી શુન્ય ઉત્કલ્પના નં. 59 નો અસ્વિકાર કરવામાં આવે છે. તેથી ઉપરોકત પરિણામનાં સંદર્ભમાં કહી શકાય કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

# પ્રકરણ-5

# સંશોધનનાં તારણો અને સૂચનો

## 5.1 પ્રસ્તાવિક :

સંશોધન અહેવાલ લેખનમાં બધા જ પ્રકરણોનું આગવું મહત્વ હોય છે. તેનાં સમગ્ર અધ્યયનમાં સમાવિષ્ટ પાસાઓમાં સંશોધન સમસ્યાથી માંડીને તારણો સુધીનો સ્પષ્ટ અને ટૂંકો ચિતાર સારાંશરૂપે આપવામાં આવે છે. સમગ્ર સંશોધન અહેવાલમાં તેના અંતિમ પ્રકરણનું જ મહત્વ છે. કારણ કે તેમાં સમગ્ર સંશોધનનાં તારણો રજૂ કરવામાં આવ્યા હોય છે.

સંશોધન પ્રક્રિયાનાં છેલ્લા સોપાનમાં સંશોધક પોતાના સંશોધનને આધારે અમુક તારણો ઉપર પહોંચે છે અને તે તારણો અન્ય લોકો સુધી પહોંચાડીને સંશોધનનો ખ્યાલ આપે છે. તેથી આ પ્રકરણનું ઘણું જ મહત્વ છે. સામાન્ય રીતે મોટાભાગનાં સંશોધન અહેવાલોના અંતમાં ટૂંકો સારાંશ આપવાની પ્રથા પ્રચલીત છે. સારાંશમાં સંશોધનની સમસ્યાનો ખ્યાલ સંશોધનની કાર્યવાહી, નિદર્શ પસંદગી, માહિતી એકત્રીકરણ અને આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ વગેરે બાબતો ખુબ જ ટૂંકમાં રજૂ કરવામાં આવે છે. વધુમાં આ પ્રકરણમાં મુખ્યત્વે સંશોધનનાં તારણો તેના સુચિતાર્થો અને ભાવિ સંશોધન માટેના માર્ગદર્શક સૂચનો ઉપર સવિશેષ ભાર મુકવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ હતો. પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ અને સંશોધનની સમગ્ર પ્રક્રિયાનો સારાંશ તથા તેમાંથી ફલિત થતાં નિષ્કર્ષો, ફલિતાર્થો અને મર્યાદાની રજૂઆત આ પ્રકરણમાં હવે પછી રજૂઆત કરવામાં આવી છે.

## 5.2 સંશોધનનસારાંશ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય આશય એ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેનો અભ્યાસ કરવાનો હતો. ઉપરાંત અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ (છોકરાઓ અને છોકરીઓ) અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર ( 15 વર્ષથી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર) તેમજ તરૂણોની શૈક્ષણિક લાયકાત (ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસ) ની આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય, તંદુરસ્તી સમાયોજન અને સામાજિક સમાયોજન પર અસર થાય છે કે નહીં તે ઉપરાંત સંશોધનનાં હેતુનાં સંદર્ભમાં નકકી કરેલા અન્ય સ્વતંત્ર પરિવર્ત્યોની અસર પણ આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય, તંદુરસ્તી સમાયોજન અને સામાજિક સમાયોજન પર થાય છે કે નહીં તે ચકાસણીનો આશય હતો.

જેમાં પ્રસ્તુત સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા ગાંધીધામ, અંજાર, મોરબી, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, ભુજ જેવા શહેરોનાં અનાથ આશ્રમોમાંથી નિયમ અનુસાર અનુમતિ મેળવીને અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની પ્રાથમિક માહિતી એકત્રિત કરીને યદચ્છ નિદર્શ પસંદગી દ્વારા સંશોધનનાં હેતુના સંદર્ભમાં કુલ 360 અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાંથી 180 તરૂણ છોકરાઓ અને 180 તરૂણ છોકરીઓ જેમાં 180 તરૂણ છોકરાઓની અને છોકરીઓની ઉંમર 15 થી 18 વર્ષની ઉંમર અને 180 તરૂણ છોકરાઓની અને છોકરીઓની ઉંમર 18 વર્ષથી ઉપરની છોકરાઓની ઉંમર શૈક્ષણિક લાયકાત ઉચ્ચત્તર માધ્યમિકનો અભ્યાસ અને 180 તરૂણ છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક લાયકાત ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસ ધરાવતા અનાથ આશ્રમનાં તરૂણોનો સમાવેશ દરેક જૂથમાં સમાન રીતે લેવામાં આવ્યો એમ પ્રત્યેક જૂથમાં 180 એમ પ્રત્યેક જૂથને ગણીને કુલ 360 અનાથ આશ્રમનાં તરૂણોને યદચ્છ નિદર્શ પસંદગી દ્વારા હેતુ સંદર્ભ પસંદ કર્યા હતા. આ ઉપરોકત કક્ષાઓ મુજબ અનાથ આશ્રમનાં તરૂણો પર આ સંશોધન આધારીત હતું.

અનાથ આશ્રમમાં રહેતા તરૂણો (છોકરાઓ અને છોકરીઓ) ને હેતુઓને અનુરૂપ જરૂરી માહિતી મેળવવા માટે વ્યકિતગત માહિતીપત્રક, આવેગાત્મક પરિપકવતા તુલા, માનસિક સ્વાસ્થ્ય તુલા અને સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ માહિતી એકત્રીકરણમાં કરવામાં આવ્યો હતો. તેમની વિશ્વસનિયતા અને યર્થાથતા કરવામાં આવી હતી. સંશોધનનાં હેતુઓને ઘ્યાનમાં રાખીને કુલ 59 ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

જેમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિવિધ વ્યકિતગત પરીબળો અસરને ચકાસતા આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન પર અસર તપાસવા માટે શુન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ફેકટોરીયલ યોજના નકકી કરવામાં આવી હતી. 2x2x2 ફેકટોરીયલ યોજના અંતર્ગત T મૂલ્ય શોધવામાં આવ્યા હતા. જેમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોનાં જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનાથ આશ્રમને વિસ્તાર, અનાથ આશ્રમનાં તરૂણોનાં તરૂણો સામાજિક સંકોચ અનુભવ, પ્રત્યેનું વલણ, તરૂણો એકતાપણાનો અનુભવ, તરૂણો અનાથ આશ્રમમાં કેટલા સમયથી રહે છે. તરૂણોની વિકલાંગતા, તરૂણોને અનાથ આશ્રમની સગવડતાઓ પ્રત્યેનું વલણ, તરૂણોને અનાથ આશ્રમનાં વડીલ વ્યકિતઓ કે અધિકારી પ્રત્યેનું વલણ, તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ પ્રત્યેનું વલણ, તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચઢીયાતા માનવાનું વલણ, તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ સંદર્ભનું વલણ અને તરૂણોને સંસ્થાના અન્ય તરૂણ કે તરૂણીઓ સાથેના વ્યવહાર પ્રત્યેનું વલણની કક્ષાઓમાં આવેગાત્મક પરીપકવતા, માનસિક સ્વાસ્થ્ય, તંદુરસ્તી સમાયોજન અને સામાજિક સમાયોજનની અસર તપાસવા 'T' મૂલ્ય શોધવામાં આવેલું હતું. ઉપરાંત અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત વચ્ચે. કોઈ સાર્થક સહસંબંધ છે કે નહી તે જાણવા માટે કાર્લ પિર્યસન સહસંબંધાંક પદ્ધતિ દ્વારા 'r' શોધવામાં આવ્યા હતા. ઉપરાંત અનાથ આશ્રમનાં તરૂણોની વિવિધ વ્યકિતગત પરીબળોનાં સંદર્ભમાં તેમનું ટકાવારી મુજબ પૃથ્થકરણ પણ કરવામાં આવેલું છે.

આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિની મદદથી પ્રાપ્ત થયેલા બધા જ પરિણામોનું અર્થઘટન અને ચર્ચા પ્રકરણ– 4 માં કરવામાં આવ્યું છે. સમગ્ર પરિણામો પરથી તારણો નીચે મુજબ તારવી શકાય છે.

## 5.3 સંશોધનના તારણો :

1. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 50% તરૂણ છોકરાઓ અને 50% તરૂણ છોકરીઓનો સમાવેશ થાય છે.

2. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતાં તરૂણોમાં 50% તરૂણોની ઉંમર 15 થી 18 વર્ષની અને 50% તરૂણોની ઉંમર 18 વર્ષથી ઉપરની સમાવેશ થાય છે.

3. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 50% તરૂણોની શૈક્ષણિક લાયકાત ઉચ્ચત્તર માધ્યમિકનો અભ્યાસ અને 50% તરૂણોની શૈક્ષણિક લાયકાત ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસનો સમાવેશ થાય છે.

4. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 25.28% તરૂણોનો અનાથ આશ્રમ ગ્રામ્ય વિસ્તારનો અને 74.72% તરૂણોનો અનાથ આશ્રમએ શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે.

5. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 60.84% તરૂણો એ સામાજિક સંકોચ અનુભવે છે અને 39.16% તરૂણોએ સામાજિક સંકોચ અનુભવતા નથી જેનો સમાવેશ થાય છે.

6. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 65.00% તરૂણોએ એકલાપણાનો અનુભવે છે. અને 35.00% તરૂણો એ એકલતા નથી અનુભવતા જેનો સમાવેશ થાય છે.

7. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણો 39.72% તરૂણો એ પાંચ વર્ષથી નીચેના સમયથી અનાથ આશ્રમમાં રહે છે. અને 60.28% તરૂણોએ પાંચ વર્ષથી ઉપરનાં સમયથી અનાથ આશ્રમમાં રહે છે.

8. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 7.23% તરૂણો એ વિકલાંગતા ધરાવે છે અને 92.77% તરૂણોએ બિન વિકલાંગતા ધરાવે છે.

9. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 68.6% તરૂણોએ અનાથ આશ્રમની સારી સગવડતાનું વલણ ધરાવે છે અને 31.39% તરૂણોએ અનાથ આશ્રમની સામાન્ય સગવડતાનું વલણ ધરાવે છે.

10. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 66.94% તરૂણોએ અનાથ આશ્રમનાં વડીલ વ્યકિતઓ કે અધિકારી પ્રત્યે સારુ વલણ ધરાવે છે અને 33.06% તરૂણોએ અનાથ આશ્રમના વડીલ કે અધિકારી પ્રત્યે સામાન્ય વલણ ધરાવે છે.

11. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 82.50% તરૂણોએ પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે સંતોષકારક વલણ ધરાવે છે અને 17.50% તરૂણો એ પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે સંતોષકારક વલણ ધરાવે છે.

12. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 14.2% તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચઢીયાતા માનવાનું વલણ ધરાવે છે અને 85.8% તરૂણો એ પોતાની જાતને અન્ય કરતાં ચઢીયાતા માનવાનું વલણ ધરાવતા નથી.

13. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 81.66% તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરે છે. અને 18.34% તરૂણોએ અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં નથી.

14. સંશોધનમાં અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 78.3% તરૂણોએ સંસ્થાના તરૂણો કે તરૂણીઓના વ્યવહારથી સંતોષ ધરાવે છે અને 21.7% તરૂણોએ સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહારથી અસંતોષનું વલણ ધરાવે છે.

15. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં છોકરાઓ અને છોકરીઓની આવેગાત્મક પરિપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

16. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 18 વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા તરૂણો કરતાં 15 થી 18 વર્ષથી ઉંમર ધરાવતા તરૂણોની આવેગાત્મક પરિપકવતા સારી જોવા મળે છે.

17. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ ધરાવતા કરતાં ઉચ્ચતર માધ્યમિક પછીનો અભ્યાસ ધરાવતા તરૂણોની આવેગાત્મક પરીપકવતા સારી જોવા મળે છે.

18. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ગ્રામ્ય વિસ્તારનો અનાથ આશ્રમ અને શહેરી વિસ્તારનાં અનાથ આશ્રમની સંદર્ભે આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

19. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવતા હોય અને સામાજિક સંકોચ અનુભવતા ન હોય તેવા તરૂણોનાં આવેગાત્મક પરિપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

20. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણા અનુભવતા હોય અને એકલતાપણા ન અનુભવતા હોય તેવા તરૂણોનાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

21. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 5 વર્ષથી નીચેના સમયથી રહેતા કરતાં 5 વર્ષથી ઉપરથી રહેતા તરૂણોનાં આવેગાત્મક પરીપકવતા સારી જોવા મળે છે.

22. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિકલાગતા ધરાવતા અને બિન વિકલાંગતા તરૂણોની આવેગાત્મક પરિપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

23. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અનાથ આશ્રમની સારી સગવડતાઓ અને સામાન્ય સગવડતાઓ તરૂણોના વલણની આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

24. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારુ વલણ અને સામાન્ય વલણ ધરાવતા તરૂણોનાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

25. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સંતોષકારક વલણ ધરાવતા તરૂણો કરતાં સંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં આવેગાત્મક પરીપકવતા સારી જોવા મળે છે.

26. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં પોતાની જાતને અન્ય કરતાં ચડિયાતુ ગણતા અને ચડિયાતુ ન ગણતાનું વલણ ધરાવતા તરૂણોમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

27. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અન્ય લોકોને મળવાનું પસંદ કરતાં અને અન્ય લોકોને મળવાનું પસંદ ન કરતાં વલણ ધરાવતા તરૂણોમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં તફાવત જોવા મળે છે.

28. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહારથી સંતોષકારક અને અસંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં આવેગાત્મક પરીપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

29. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં છોકરાઓ કરતાં  છોકરીઓનું માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

30. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 18 વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા તરૂણો અને 15 થી 18 વર્ષથી ઉંમર ધરાવતા તરૂણોની માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

31. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસ ધરાવતા કરતાં ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ ધરાવતા તરૂણોની માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

32. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ગ્રામ્ય વિસ્તારનો અનાથ આશ્રમ અને શહેરી વિસ્તારનાં અનાથ આશ્રમની સંદર્ભે માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

33. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવતા હોય અને સામાજિક સંકોચ અનુભવતા ન હોય તેવા તરૂણોનાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

34. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણા ન અનુભવતા હોય  તેવા તરૂણો કરતાં  એકલતાપણા અનુભવતા હોય તેવા તરૂણોનાં માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

35. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 5 વર્ષથી નીચેના સમયથી રહેતા કરતાં 5 વર્ષથી ઉપરથી રહેતા તરૂણોનાં માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

36. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિકલાગતા ધરાવતા અને બિન વિકલાંગતા તરૂણોની માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

37. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અનાથ આશ્રમની સામાન્ય સગવડતાઓ કરતાં સારી સગવડતાઓનું વલણ ધરાવતા તરૂણોનું માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

38. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારુ વલણ અને સામાન્ય વલણ ધરાવતા તરૂણોનાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

39. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના અસંતોષકારક વલણ ધરાવતા તરૂણો કરતાં સંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં માનસિક સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

40. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં પોતાની જાતને અન્ય કરતાં ચડિયાતુ ગણતા કરતાં ચડિયાતુ ન ગણતાનું વલણ ધરાવતા તરૂણોનું માનસિક સ્વાસ્થ્ય સારુ જોવામળે છે.

41. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અન્ય લોકોને મળવાનું પસંદ ન કરતાં તેમજ અન્ય લોકોને પસંદ કરતાં વલણ ધરાવતા તરૂણોમાં માનસિક સ્વાસ્થ્ય સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

42. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહારથી સંતોષકારક કરતાં અસંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં માનસિક સ્વાસ્થ્યની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

43. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં છોકરાઓ કરતાં છોકરીઓનું તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

44. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 18 વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા તરૂણો અને 15 થી 18 વર્ષથી ઉંમર ધરાવતા તરૂણોની તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

45. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ ધરાવતા કરતાં ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસ ધરાવતા તરૂણોની તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

46. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ગ્રામ્ય વિસ્તારનો અનાથ આશ્રમ અને શહેરી વિસ્તારનાં અનાથ આશ્રમની સંદર્ભે તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

47. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવતા હોય અને સામાજિક સંકોચ અનુભવતા ન હોય તેવા તરૂણોનાં તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

48. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણા અનુભવતા હોય તેવા તરૂણો કરતાં એકલતાપણા ન અનુભવતા હોય તેવા તરૂણોનાં તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

49. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 5 વર્ષથી નીચેના સમયથી રહેતા કરતાં 5 વર્ષથી ઉપરથી રહેતા તરૂણોનાં તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

50. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિકલાગતા ધરાવતા અને બિન વિકલાંગતા તરૂણોની તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

51. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અનાથ આશ્રમની સામાન્ય સગવડતાઓ કરતાં સારી સગવડતાઓનું વલણ ધરાવતા તરૂણોનું તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

52. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારુ વલણ અને સામાન્ય વલણ ધરાવતા તરૂણોનાં તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

53. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના અસંતોષકારક વલણ ધરાવતા તરૂણો કરતાં સંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

54. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં પોતાની જાતને અન્ય કરતાં ચડિયાતુ ગણતા કરતાં ચડિયાતુ ન ગણતાનું વલણ ધરાવતા તરૂણોનું તંદુરસ્તી સમાયોજન સારુ જોવા મળે છે.

55. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અન્ય લોકોને મળવાનું પસંદ ન કરતાં તેમજ અન્ય લોકોને પસંદ કરતાં વલણ ધરાવતા તરૂણોમાં તંદુરસ્તી સમાયોજન સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

56. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહારથી સંતોષકારક કરતાં અસંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં તંદુરસ્તી સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

57. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં છોકરાઓ કરતાં છોકરીઓનું સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

58. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 18 વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા તરૂણો અને 15 થી 18 વર્ષથી ઉંમર ધરાવતા તરૂણોની સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

59. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ ધરાવતા કરતાં ઉચ્ચત્તર માધ્યમિક પછીનો અભ્યાસ ધરાવતા તરૂણોની સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

60. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં ગ્રામ્ય વિસ્તારનો અનાથ આશ્રમ અને શહેરી વિસ્તારનાં અનાથ આશ્રમની સંદર્ભે સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

61. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવતા હોય અને સામાજિક સંકોચ અનુભવતા ન હોય તેવા તરૂણોનાં સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

62. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં એકલતાપણા  અનુભવતા ન હોય  તેવા તરૂણો કરતાં  એકલતાપણા અનુભવતા હોય તેવા તરૂણોનાં સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

63. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં 5 વર્ષથી નીચેના સમયથી રહેતા કરતાં 5 વર્ષથી ઉપરના સમયથી રહેતા તરૂણોનાં સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

64. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં વિકલાગતા ધરાવતા અને બિન વિકલાંગતા તરૂણોની સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

65. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અનાથ આશ્રમની સામાન્ય સગવડતાઓ કરતાં સારી સગવડતાઓનું વલણ ધરાવતા તરૂણોનું સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

66. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને અનાથ આશ્રમના વડીલ વ્યકિતઓ કે અધિકારીઓ પ્રત્યેનું સારુ વલણ અને સામાન્ય વલણ ધરાવતા તરૂણોનાં સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

67. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના અસંતોષકારક વલણ ધરાવતા તરૂણો કરતાં સંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

68. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં પોતાની જાતને અન્ય કરતાં ચડિયાતુ ગણતા કરતાં ચડિયાતુ ન ગણતાનું વલણ ધરાવતા તરૂણોનું સામાજિક સમાયોજન સારુ જોવા મળે છે.

69. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અન્ય લોકોને મળવાનું પસંદ ન કરતાં તેમજ અન્ય લોકોને પસંદ કરતાં વલણ ધરાવતા તરૂણોમાં સામાજિક સમાયોજન સ્વાસ્થ્ય સારુ જોવા મળે છે.

70. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં સંસ્થાના અન્ય તરૂણો કે તરૂણીઓનાં વ્યવહારથી સંતોષકારક કરતાં અસંતોષકારક વલણ ધરાવતા તરૂણોમાં સામાજિક સમાયોજનની બાબતમાં ભિન્નતા જોવા મળતી નથી.

71. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને ઉંમર એ બન્ને વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

72. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત એ બન્ને વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

73. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની જાતિ અને શૈક્ષણિક લાયકાત એ બન્ને વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

## 5.4 પ્રસ્તુત સંશોધનની મર્યાદા :

સંશોધનની શરૂઆત હંમેશા પ્રશ્ન થાય છે. અને સમગ્ર સંશોધન પ્રક્રિયા આ પ્રશ્નનો વૈજ્ઞાનિક ઢબે ઉત્તર મેળવવાનો પ્રયાસ કરે છે, આમ છતાં કોઈપણ સંશોધન કયારેય પણ સંપૂર્ણ અને મર્યાદા રહિત ભાગ્યેજ સંભવી શકે છે. આમેય વાર્તનિક વૈજ્ઞાનિકોને સંશોધનમાં ભૌતિક વિજ્ઞાનો જેટલી વસ્તુલક્ષીતા સંભવી શકતી નથી. પ્રત્યેક સંશોધનના તારણો અને અભ્યાસના અંતે સંશોધકે બતાવેલ સંશોધનની મર્યાદાઓ બીજા સંશોધનની પૂર્વ ભૂમિકા બનતા હોય છે. પ્રસ્તૃત સંશોધનમાં સંશોધકની દ્રષ્ટિએ જે કેટલીક મર્યાદાઓ રહી છે તે નીચ રજૂ કરવામાં આવી છે.

1. પ્રસ્તૃત સંશોધનમાં પસંદ કરેલ અનાથ આશ્રમના તરૂણો પૂરતો સમાવેશ પ્રસ્તૃત સંશોધનમાં કરવામાં આવ્યો છે.

2. પ્રસ્તૃત સંશોધનમાં પસંદ કરેલ નિદર્શ માત્ર ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર પૂરતો સિમિત હતો તેથી પ્રાપ્ત થયેલા પરિણામોનું વ્યાપક સામાન્યકરણ કહી શકાય નહી.

3. પ્રસ્તૃત સંશોધનમાં જે તરૂણોમાં છોકરા અને છોકરીઓ, શૈક્ષણિક લાયકાત અને ઉંમર જેવા મુખ્ય ઘટકો પૂરતો સમાવેશ કરવામાં આવ્યો છે.

4. પ્રસ્તૃત સંશોધન માટે નિદર્શની સંખ્યા એ કુલ 360 અનાથ આશ્રમના તરૂણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

5. પ્રસ્તૃત સંશોધન માટે જરૂરી માહિતી માટે માહિતી પ્રશ્નાવલી પધ્ધતિ દ્વારા મેળવવામાં આવેલી છે. પ્રશ્નોના ઉત્તરો કે વિધાનોના વિકલ્પોની પસંદગી બીજુ કાઈ નથી પરંતુ વ્યકિતના અંતર નિરીક્ષણો છે. અહીં અન્ય રીતે માહિતી મેળવવી નથી તેથી પરિણામોનો વ્યાપક વ્યવહારિક અને સામાજિક ક્ષેત્રે ઉપયોગ કરતી વખતે આ બાબતને સતત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

## 5.5 ભવિષ્યમાં આગળ સંશોધન માટેના સૂચનો :

પ્રસ્તુત સંશોધન અંગેના તારણો વિગતવાર આગળનાં મુદ્દામાં દર્શાવવામાં આવ્યા છે. આ કારણોને પશ્ચાત ભૂમિકામાં રાખીને વિચારીએ તો અનાથ આશ્રમના તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન બીજા અન્ય પરિવર્ત્યો પણ હોઈ શકે, કે જેને ધ્યાનમાં લઈને પણ અભ્યાસ થવો જોઈએ. તેથી જ પ્રસ્તુત અધ્યયનની મર્યાદાઓનો યોગ્ય ઉકેલ મેળવવા આ દિશામાં સંશોધન કરવા ઈચ્છુક ભાવિ સંશોધકોને ઉપયોગી પુરવાર થાય તેવા કેટલાક સૂચનો અહી કરવામાં આવ્યા છે.

1. પ્રાપ્ત થયેલા પરિણામોનું વ્યાપક સામાન્યીકરણ કરી શકાય તે માટે વ્યાપક સમષ્ટીમાંથી મોટા પાયા પર નિદર્શની પસંદગી કરીને હજુ વધારે ઠોર પરિણામો મેળવી શકાય છે.

2. અનાથ આશ્રમના તરૂણોમાં છોકરાઓ અને છોકરીઓ ઉપરાંત અન્ય વ્યકિતગત અને સામાજિક ઘટકોના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

3. અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં પરણિત તરૂણો અને બિન પરણિત તરૂણો તેમજ તરછોડાયેલા તરૂણોના સંદર્ભમાં પણ તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

4. અનાથ આશ્રમના ક્ષેત્રના અને જાહેર સરકારી સ્વયંસેવી સંસ્થાઓનાં કર્મચારીઓનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

5. અનાથ આશ્રમનાં ઉપરોકત બીજા અન્ય સ્કુલ કોલેજના લઈને પણ અભ્યાસ થઈ શકે.

6. આવેગાત્મક પરિપકવતાની સાથે માનસિક સ્વાસ્થ્ય, જીવન સંતોષ, આંતરીક પ્રેરણા, વ્યવસાયિક સામેલગીરી, સંવેદનશીલતા જેવા પરીબળોને લઈને અભ્યાસ કરવો જોઈએ.

7. આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય, સમાયોજન અને અભ્યાસની સાથે સાથે તરૂણોના કેટલાક વ્યકિતગત પરિવર્ત્યો જેવા કે સામાજિક જવાબદારી, સામાજિક આધાર, આવક, સામાજિક વાતાવરણ, આધારીતોની સંખ્યા, કુટુંબમાં કમાનાર વ્યકિતઓની સંખ્યા વગેરે બાબતોને આવરી લેવી જોઈએ.

8. સામાજિક સમાયોજન, આવેગિક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અસર કરતાં અન્ય પરીબળોને લઈને અભ્યાસ થઈ શકે.

## 5.6 સંશોધનના સુચિતાર્થો :

પ્રસ્તુત સંશોધનનો હેતુ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન અંગેના મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાના હકકો તેમજ વ્યકિતગત પરિવર્ત્યો જેવા કે તરૂણોની જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત વગેરે પર આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજનની શી અસર થાય છે તે તપાસવાનો હતો. સંશોધનના તારણો બતાવે છે કે અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં છોકરાઓ અને છોકરીઓની જાતિના સંદર્ભમાં આવેતાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય, તંદુરસ્તી સમાયોજન અને સામાજિક સમાયોજનની બાબતમાં દરેક ઘટકમાં અંશત ભિન્નતા જોવા મળે છે. તેમજ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોની ઉંમર 15 થી 18 વર્ષની ઉંમર અને 18 વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતાની બાબતમાં ભિન્નતા જોવા મળે છે. તેમજ માનસિક સ્વાસ્થ્ય, તંદુરસ્તી સમાયોજન અને સામાજિક સમાયોજનની બાબતમાં તરૂણોની ઉંમર સંદર્ભે કોઈ સાર્થક ભેદ જોવા મળતો નથી. તદઉપરાંત તરૂણોની શૈક્ષણિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ અને ઉચ્ચતર માધ્યમિક પછીનો અભ્યાસના સંદર્ભમાં આવેગાત્મક પરિપકવતામાં સાર્થક તફાવત જોવા મળે છે. અને માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સમાયોજનમાં પણ શૈક્ષણિક લાયકાતના ઘટકના સંદર્ભે ભિન્નતા જોવા મળે છે. તેમજ તંદુરસ્તીના સમાયોજન પરત્વે કોઈ ભેદ જોવા મળતો નથી.

અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના અનાથ આશ્રમનો વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સંદર્ભમાં આવેગાત્મક પરિપકવતા, માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સમાયોજન અને તંદુરસ્તી સમાયોજનની બાબતમાં તરૂણોમાં અનાથ આશ્રમનો વિસ્તાર એ મહદ અંશે કોઈ વિશેષ ભિન્નતા ઉત્પન્ન કરતું નથી. તેમજ તરૂણોમાં સામાજિક સંકોચ અનુભવની બાબતમાં આવેગાત્મક પરિપકવતા સંદર્ભે ભિન્નતા જોવા મળે છે. તેમજ તરૂણોને એકલતાપણાનો અનુભવની બાબતે માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સમાયોજન અને તંદુરસ્તી સમાયોજન પરત્વે કોઈ ભિન્નતા જોવા

મળતી નથી. પરંતુ અનાથ આશ્રમમાં 5 વર્ષથી ઉપર અને 5 વર્ષથી નીચેના સમયથી અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં આવેગાત્મક પરિપકવતા તેમજ માનસિક સ્વાસ્થ્ય બાબતે ભિન્નતા જોવા મળે છે. તેમજ વિકલાંગતા અને બિન વિકલાંગતા ધરાવતા તરૂણોમાં સામાજિક સમાયોજન અને તંદુરસ્તી સમાયોજનની બાબતમાં સાર્થક ભેદ જોવા મળતો નથી. તેમજ અનાથ આશ્રમમાં રહેતા તરૂણોમાં અનાથ આશ્રમના વડીલ વ્યકિત કે અધિકારીઓ પ્રત્યેનું સારુ વલણ અને સામાન્ય વલણ બાબતે આવેગાત્મક પરીપકવતા, સામાજિક સમાયોજન અને માનસિક સ્વાસ્થ્ય અમુક કક્ષાવાર ભેદ ઉત્પન્ન જોઈ શકાય છે.

ઉપરાંત અનાથ આશ્રમમાં રહેતા તરૂણોને પોતાને મળતી સિદ્ધિ પ્રત્યે પોતાના સ્વ મૂલ્યાંકન અંગેનું સંતોષકારક વલણ અને અસંતોષકારક વલણ તેમજ તરૂણોએ પોતાની જાતને અન્ય કરતાં ચડીયાતા માનવાનું પરત્વે આવેગાત્મક પરીપકવતાની બાબતથી સામાન્ય ભેદ જોઈ શકાય છે. અને માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સમાયોજન અને તંદુરસ્તીના સમાયોજન બાબતે તરૂણોમાં કોઈ ભેદ જોવા મળતો નથી. તંદઉપરાંત તરૂણોને સંસ્થા સિવાયના અન્ય લોકોને મળવાનું પસંદ પ્રત્યેના વલણ અંગેનું આવેગાત્મક પરીપકવતા અને સામાજિક પરીપકવતા બાબતમાં સાર્થક ઉત્પન્ન થતો જોવા મળે છે. આમ, અનાથ આશ્રમમાં રહેતા તરૂણોના સંશોધનના હેતુ સંદર્ભે વ્યકિતગત પરીબળોના મૂલ્યાંકન સંદર્ભે મહદ અંશે ઘટકોમાં આંશિક તફાવત જોવા મળે છે.

# B I B L O I G R A P H Y


1. Atwator, E. (Eds.F ) 1995, "Psychology for Livingadjustment Growth and Behaviour Today" New Delhi Practice Hall Inc. P.99

2. An Introcution to psychology - Gardner Murphy - Reprint 1977

3. Abnormal Psychology and Modern life-James C. Coleman 5th Edition

4. Abnormal Psychology -Hans Raj Bhatia

5. An introduction to Personality Study-Rauymond B. Cattell

6. Abnormal Psychology-carney Landis, M.Marjorie Bolies

7. An outline of abnormal Psychology - Gradner Murphy, and Arthur J. Bachrach Copyright 1945

8. Bammor, K. & Newberry, B.H. (eds.) 1982, "Stress & cancer" : HogrTafe Toronta.

9. Body language - Julius Fast, Copyright - 1970

10. Caplan, R.d. 1979, "Social Support," Person Environment Fit and Coping,p.p. 89-138.

11. Caplan,R.D. & Jones,R.W. 1975. "Effects of Workload,Roal Ambiguity and Type of Personality on Anxiety, Depression and Heart Rate," Journal of Applied Psychology, 60.

12. Clincal Psychology Theory - Therapy Dougal Muckay

13. Cofer, C.N. &. M.H. Apply (eds), 1980, "Motivation : Theory and Research," New York : John Willay.

14. Coleman,J.C. 1979. "Contemporary Psychology and Effective Behavior." 4th Edition.

15. Cooper, C.L.& J. Marshall, 1978. "Understanding Executive Stress," London, Mcmillan Press.

16. Cooper, C.L. & Roden, J.1965, "Mental health & Satisfaction among Tax Officers Social Science Medicine." 21 (7).

17. Current Research in motivation - Ralph Norman Haber

18. Dwivedi, C.B. 1978. "anxiety and Human Stress," Indian Jr. of Psychology. 42,51-55.

19. Fundamental statistics in Psychology and Education- J.P.Guliford Benjamin Fruchter.

20. Gopikumar, K.& Act.3 Achamamba, B. 1993, "A Comparative Study of Job Satisfaction and Job Involvement among Pubilc and Private Sector Employees. "Psychology Studies. Vol. 38, No.-2.

21. General Psychology - W.Porter Swift

22. General Psychology - W. Porter Swift

23. Health of mind and soul - Lghace Lepp

24. House, J.S. 1981. "Work Stress and Social Support" (Reading) Mass, Addision Wesley.

25. House, J.S. Michal, A.J. Raplan, B.M., Landarman, L. R. 1979, Health and Social Behaviour, 20, 139-160.

26. Ivancevich, J.M.,Matteson, M.T. 1987, "Organizational Behaviour and Management." p.13.

27. Introlduction to pyschology - Norman L. Munn, Li Dodge fernald jr. Peter s. Fernald, Leonard Carmichel-Reprint -1976

28. Jomal, M. 1990, "Relationship of Job Stress and Type - A Behaviour Employees job Satisfaction, Organizational

Commitment, Psychology Health Problem, Turnover and Motivation." Human Relation, August, pp. 27-38.

29. Khan, R.L Wolfe, D.M., Quinn. J. E., & Rosenthal, r.A. 1966, "Organizational Stress" : Studies in Role Conflict and Ambiguity, New York, Wiley.

30. Lodhal, T.M. & Kejner,M.M. 1965 "The Definition and Measurement Job - Involvement ", Jr. of Applied psychology, 49,24-33

31. Luthans, f. 1986."Organizational Behaviour ". 4th Edition.

32. Mcgrath, J.E. 1970, "Social psychological Factors in Stress," New York, Holt Rinchart and Voinston.

33. Miles, M.B. 1973, "Organizational Health of Training Institution in Lynten," R.P. and Parkeek, U, (eds) U.S. Training for Development (Bombay Taraporewala).

34. Mishra, P.C. 1987, "Effect of Occupational Stress and Job Satisfaction on the Job Involvement of First-line Industrial Supervisors, "Psychological Studies, 32,1-4

35. Mishra, P.C. & Maniktala, N.1993,"Impact of Occupational Stress and Egostrength on the Job Satisfaction of Female Degree College Teachers." Proceedings of Eighteenth Senssion Indian Science Congress Goa.

36. Megrath, J.E. : 1970 : "Social Psychology Factors in stress" : New Yourk, Holt Rinchart and Voinston.

37. Mental Health and Hindu Psychology-Swami Achilananda Copyright 1951

38. Mowday, R.T., Steer, R.M. & Porter.L.w. 1982."The Measurement of Organizational Commitment" Journal of Vocational Behavior 14,224-247.

39. `Palmore, E. 1969,"Predicting Longetivity : A Follow-up Controlling for age ," The Gerentologist,9. pp. 247-250.

40. Paree, U. 1983."role Stress Scale Manual "Ahmedabad Navin Publication.

41. Patel, K.R. 1983, "An Investigation in to Teachers Effectiveness of the Secondary School in the Context of Organizational Health and Certain Other Variables." Unpublished Ph.D,. thesis, S.P.Uni.1983.

42. Patel, M.K 1983, "A Study of Organizational Health, Job Satisfaction and work Values among Bank Employees," Unpublished Ph.D.Thesis, S.P. Uni, Vallabha Vidhyanagar, 1993.

43. Patel, V.F. 1987 "An Inquiry in to Job Satisfaction Occupational Stress and Personality Traits in Relation to Employees of Textile Organization.",M.phil. dissertation., S.P. Uni.

44. Patel, V.F. 1993, "A Study of Job Satisfaction and Job Stress in Relation to Some Psycho-socio Variables of Bank Employees.", Unpulished Ph.D. Thesis, S.P. Uni.,Vallabh Vidyanagar.

45. Pattenayak,B.,Mishra ,S.K. &Mishra,P.K.1993, "Psychological Well Being and Organizational Commitment," A Study of Public Sector Unit, Indian Jr. of Applied psychology, (30), 2,24-31.

46. Pestonjee, D.M.1992, "Stress and Coping " : The Indian Experience.

47. Pestonjee, D.M (eds) 1996. " Stress and Coping " The Indian Experience. Third Printing, New Delhi; Sage Publication, p. 10.

48. Pinneau,S,R. Jr. 1976, "Effects of Social Support on Occupational Stresses and Strains.

49. Proter, C. W. Steer R.M. & Mowday, R.T. 1974, " Organizational Commitment, Job Satisfaction and Turnover among Psychiatric Technincians" : Journal of Applied psychology, 59 (5) pp.603-609.

50. Psychology in use - J. Stanley Iray - Reprint-1967

51. Psychology of Personal - Adjustment - R. Fred Mckineey

52. Personality an Experimental Approach Robert W. Lundin

53. Psychological research - William a scoot and michael Wertheimer

54. Psychological testing-Theory and Practice, copyright 1962

55. Psychology of Adjustment - Eastwood atwater

56. Psychology for Living - Garlie a forehand, Ailhea J. Horner Herbert Soprenson, Margyerite Marm - Copyrith 1948

57. Rane, S.S. 1993, "A Study of Correlate of Organizational Climate, Job Involvement and Mental Health Among Industrial Employees," Unpublished Ph.D. Thesis, S.P. Uni., Vallabh Vidyanagar.

58. Raval, N.D. 1994. "A Study of Organizational Commitment and Job Satisfaction Among Industrial Employees." M.A. Dissertation Saurashtrauni. Rajkot.

59. Readings in to psychology of Adjustment - Leon Gorlow, Walter Katkovsky- copyright 1968.

60. Sayeed O.B. 1991, "Internal Assesment of Organizational Health and Effectiveness " : An Empirical Study, Indian Journal of Industrial Relations, 26(3), 227-239.

61. Selye, H. 1976. "The Stress of Life," New York, Mcgrawhill.

62. Scinetists a Social Psycholoical study - sri Chandra

63. Sharma, D.K. 1982, "A Study of Management of Education Systems with Special Reference to Decision Making and Organizational Health. Ph.D. Edu. M.J.U., Page,957,Education Management Abstract.

64. Sharma, R. & Sen, S.1990. "Organizational Stress and Job Satisfaction " A Comparative Study : Indian Psychological Reviw,35 (11-12, 8-10.

65. Singh, A. P.& Mishra. P.C. 1984, "Ego-Strength as a Moderator Variable of the Job Involvement, Job Satisfaction Relationship." Psychological Studies, Vol.29, No.1.

66. Sood, J.K. &Balaji, c, 1991, "Why the Concern About Organizational Commitment Linking Organizations with Behaviour Intentions."

67. Srivastva, A. K.& M.M.Sinha, 1977. "Job anxiety Scale." Varanasi, Rupa Psycholigical Center.

68. Srivastva, & Jagdish, 1987, "Buffering of Job Satisfaction on Preceived Occupational Stress, Mental ealth Relationship" The Twenty Fourth Annual Conference Indian Academy of Applied Psychology.

69. Srivastva, A.K. & Krishana A.1981. "Effect of Employees Anxities Concerning Various Constituents or Life on their Relations and Adjustment in Social Life." Indian Journal of Industrial Relations , 26,(3) 436-472.

70. Srivastva, S.K. 1985, "a Comparative of Job Satisfaction among Private and Public Sector. Employees with Special Reference to Achievement Motivation, "Indian Journal of Applied Psychology, 20,10-15.

71. Srivastva, S.K.1997, "developing Human Relation and Ethnic Understanding." Proceeding of the 2nd ASIAN and 33rd IAAP International Conference 26-28 February.

72. The Hand book of Social Psychology-Gardner lindzey and Eliot Aronson.

73. Todd, D.,Jick & Linda, Mitz, 1985. "Sex Diffrences in work Stress," Academy of Management Review, July, 408-420.

74. Tosi, H.1971, "Organizational Stress as a Moderator of the Relationship Between Influence and Role Response", Academy of Management Jr. 14,7-22.

75. Verma, O.P.Upadhyaya, S,N.1986, "Organizational Commitment, Job Satisfaction, Job Involvement." Indian Journal of Current Psychological Research, -1, pp24-31.

76. Warr, P. 1990, "The Measurement of Well-being and other Aspects of Mental Health," Journal of Occupational Psychology 63,193-210.

77. Weels, J. 1978, "Social Support -a Buffer of Stressful Job Conditions."

78. Weissenbery & Grunfield, L.D. 1968, "Relationship Between Job Satisfaction and Job Involvement ." Jr. of Psychological Research, 52 (6),469-473.

79. Wolpin J. Barke R.J. & Greenglass, E.R. 1991. "Job Satisfaction an antecedent or a Consequence of Psychological Burnout. "human Relation, February,pp.193-209

80. એચ. સી. કાનાવાલા : "માનવ સંબંધોનું ગતિશાસ્ત્ર", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ (1973)

81. ડો. ચંદ્રકાન્ત ત્રિવેદીઃ"માનસિક ખેંચ એક આધુનિક યમદૂત" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ (1989)

82. ડો. કુસુમબેન ભટ્ટ : "ચિકિત્સા મનોવિજ્ઞાન યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ 1975

83. ડો. મફતલાલ પટેલ : " અસાધારણ મનોવિજ્ઞાન"
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ 1978

84. ડો.પ્રજ્ઞા પરિચય પુસ્તિકા "માનસિક તણાવમાંથી મુકિત" 1034

85. દેસાઈ એચ.જી અને કે.જી.દેસાઈ : "સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, છઠી આવૃતિ 1997

86. દિનેશચંદ્ર એ. ઉચાટ : "સંશોધન સમસ્યા, પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારિક આધારો"

87. પ્રો. બાલમુકુંદ શેઠ : "વ્યવહારલક્ષી મનોવિજ્ઞાન, ભાગ–૨" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ 1973

88. ડો. મધુભાઈ કોઠારી : "ડિપ્રેશન", પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ પ્રથમ આવૃતિ 2000

89. પ્રો. વિમલ બી. શાહ : "સંશોધન અહેવાલ લેખન"
– યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પ્રથમ આવૃતિ1973

90. સુરેશ પારેખ : "અપ્રાચલીય આંકડાશાસ્ત્ર"
–પ્રકાશક : એલ.સી. પારેખ : પ્રથમ આવૃતિ 1998

91. ઉચાટ, જોષી, દોગા, અંબાસણા : "સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો? "શિક્ષણ શાસ્ત્ર ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ 1973

92. ત્રિવેદી એમ. ડી. અને બી.યુ.પારેખ : "શિક્ષણમાં આંકડાશાસ્ત્ર" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય,અમદાવાદ.

93. અધ્યયન મનોવિજ્ઞાન
–નનુભાઈ દોંગા પ્રથમ આવૃતિ 1995

94. આધુનિક મનોવિજ્ઞાનનો ઐતિહાસિક પરિચય
– ડો. કેશવલાલ બી. વ્યાસ પ્રથમ આવૃતિ 1993

95. આવી હોય વાટાઘાટની કુશળતા વનરાજ માલવી
– પ્રથમ આવૃતિ 1994 ઓળખ કરો તમારા વ્યકિતત્વની – નિરવ રાજ

96. અનુકુલનાત્મક વર્તનનો શારીરિક આધાર
– બી.એમ. શેઠ પ્રથમ આવૃતિ 1973 અઘ્યયન મીમાંશા – શ્રી ગુણવંત બી. શાહ પ્રથમ આવૃતિ 1972 આદર્શ માનવનું નિર્માણ – સ્વામી વિવેકાનંદ, છટા સંસ્કરણ 2000

97. અસાધારણ મનોવિજ્ઞાન – ડો. મફતલાલ પટેલ પ્રથમ આવૃતિ–1979 આવેગો અને લાગણીઓ – સ્વામી સચ્ચીદાનંદ

98. અસાધારણ મનોવિજ્ઞાન
–પ્રો. રજનીકાન્ત એલ.પટેલ, પ્રો. સી.બી.દવે

99. આધુનિક મનોવિજ્ઞાન – પ્રો. બાલમુકુંદ મ. શેઠ બીજી આવૃતિ

100. અસાધારણ બાળકોનું માર્ગ દર્શન – ડો.એન.એસ.દોંગા

101. આપણા વ્યકિતત્વની શકયતાઓનો વિસ્તારતી અને સીમાઓને અજવાળતી આરસી હું કેવો છું? – હરિલાલ ફોકલીયા.

102. બિનપ્રાચલિય આંકડાશાસ્ત્રીય પરિક્ષણ પદ્ધતિઓ
– ડો.અભય ત્રિવેદી પ્રથમ આવૃતિ 1986

103. લોકોના મનોભાવો કેમ ઉકેલશો? – રૂપ ઘર દ્વિતિય આવૃતિ–1990

104. મનોવિજ્ઞાન અને અસરકારક વર્તન – પ્રા.ડો.બી.એમ. કોન્ટ્રાકટર, પ્રા. દિપક આર. શાહે નવમી આવૃતિ – 1998-99

105. મનો વિજ્ઞાન અને અસરકારક વર્તન
– ડો. સી. ટી. ભોપટકર, જમસી એ. કાપડીયા, વગેરે.

106. માનસ શાસ્ત્ર પરિચય
– ડો.બી.એ. પરીખ, પ્રા.એ.એચ.આઈ. વોરા, પ્રા.એન.જી.શાહ

107. મનોવિશ્લેષણ શાસ્ત્ર – ડો. એમ.એસ.ત્રિવેદી બીજી આવૃતિ 1998

108. મનોવૈજ્ઞાનિક માપન – કૃષ્ણકાંત દેસાઈ, સ્વ.હરીભાઈ દેસાઈ

109. મનોવૈજ્ઞાનના મૂળાક્ષર – ચંદ્રકાન્તભાઈ ભટ્ટ

110. સામાન્ય મનોવિજ્ઞાન – પ્રા. કે. સી. શારડા, પ્રા.આર.ડી.ભટ્ટ, વગેરે અગ્યારમી આવૃતિ 1997-98

111. મનોવૈજ્ઞાતિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પરિક્ષણ
– સુરેશ સી. પારેખ, પ્રા. ડો. એસ. કે. દિક્ષિત

112. મનો વિજ્ઞાન પ્રયોગો અને આંકડાશાસ્ત્ર – પ્રા. સી.બી.દવે,
–પ્રા.ભરતકુમાર બી. ગાંધી, વગેરે છઠી આવૃતિ 2000-01

113. મનોવૈજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ – પ્રા. એમ. અમીન મલીક,
–પ્રા.દિપક આર. શાહ, વગેરે છટી આવૃતિ 2000-01

114. મૂલ્ય શિક્ષણ – હરિપ્રસાદ જોષી, પ્રથમ આવૃતિ 1998

115. મનોવિજ્ઞાનમાં આંકડાશાસ્ત્ર
– પ્રા.બી.એમ.શેઠ, પ્રા.જે.સી.શાહ, બીજી આવૃતિ 1998-1999

116. પ્રાયોગિક મનો વિજ્ઞાન–પ્રયોગ અને આંકડાશાસ્ત્ર
– યુતિ. ગ્રંથ નિર્માણ બોર્ડ – પ્રથમ આવૃતિ – 1996

117. પ્રાયોગિક મનોવિજ્ઞાન – પ્રયોગ અને કસોટી પરીક્ષણ
–પ્રા.એસ. સી. કાનાવાલા, પ્રથમ આવૃતિ – 2000

118. પ્રાયોગિક મનો વિજ્ઞાન–પ્રયોગ અને આંકડાશાસ્ત્ર
– યુતિ. ગ્રંથ નિર્માણ બોર્ડ – પ્રથમ આવૃતિ – 1996

119. સંશોધનની પ્રવિધિઓ – ડો.વિનોદ જી. પટેલ

120. સંશોધન પદ્ધતિઓ – એ.જી.શાહ, જે.કે.દવે અધતન આવૃતિ – 94-95

121. સમાયોજન પુસ્તિકા–શ્રેણી પુસ્તિકા **1W5** પ્રા. શશીકાન્ત ડી. પાઠક

122. સામાન્ય મનોવિજ્ઞાન– પ્રા.કે.સી.શારડા, પ્રા.આર.પી.ભટ્ટ, વગેરે અગ્યારમી આવૃતિ 1997-98

123. વ્યવહારિક મનોવિજ્ઞાન – કાપડિયા, ગાંધી વિકૃત મનોવિજ્ઞાન અને આધુનિક જીવન – ડો.ધિરેન્દ્ર દ. મહ

124. એ. આર. દેસાઈ અને અન્ય. "ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ." પોપ્યુલર પ્રકાશન, સુરત. નવમી આવૃતિ–1997.

125. ડી.એ. ઉચાટ."વિવરણ પૃથ્થકરણ " યુનિવર્સિટી ગંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ –1992.

126. જગદિશ બી. પટેલ. "સંગઠનના સિધ્ધાંતો" યુનિવસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય, અમદાવાદ–પ્રથમ આવૃતિ, 1994.

127. કે. જી. દેસાઈ અને એચ. જીઈ દેસાઈ "મનોવૈજ્ઞાનિક માપન " યુનિવસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય, અમદાવાદ–બીજી આવૃતિ, 1989.

128. એમ. જી. દેસાઈ અને કે.જી. દુસાઈ "સંશોધન પ્રવિધિઓ" યુનિવસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય, અમદાવાદ–ચતૃથૃ આવૃતિ,1981.

129. એમ. ડી. ત્રિવેદી અને બી.યુ. પારેખ "શિક્ષણમાં આંકડાશાસ્ત્ર" યુનિવસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય, અમદાવાદ–બીજી આવૃતિ 1981.

130. પી.એમ.નાળીયેરવાલા અને અન્ય "ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ "બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ, પંદરમી આવૃતિ, 1995-96.

131. આર.બી. શાસ્ત્રી અને અન્ય "ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ" રચના પ્રકાશન, અમદાવાદ, 1974.

132. સોમાભાઈ ટી પટેલ અને અન્ય "મનોવૈજ્ઞાનિક અને અસરકારક વર્તન" લિબર્ટી પબ્લીકેશન્સ અમદાવાદ, પ્રથમ આવૃતિ 1992.

133. સુરેશ સી. પારેખ અને એચ. કે દિક્ષિત "મનવૈજ્ઞાનિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પરિક્ષણ" ચંપા પ્રકાશન, જુનાગઢ, પ્રથમ આવૃતિ–1995.

134. ઉજમશી કાપડીયા, દીપક ભટ્ટ અને અન્ય "સમાયોજન મનોવિજ્ઞાન" લિબર્ટી પબ્લીકેશન્સ –અમદાવાદ પ્રથમ આવૃતિ 1995.